અશ્લીલતાથી દૂર રહી,
સ્વચ્છતા અને સંસ્કારિતાને
અપનાવી પ્રસિદ્ધ થતાં
'ગુજરાત ટુડે'
દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને
વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા. ૨૨-૯-૨૦૨૧ બુધવાર AHMEDABAD SINCE-1991

કરન્સી માર્કેટ

US.ડોલર	૭૩.૭૯
પાઉન્ડ	૧૦૦.૬૭
યુરો	૮૬.૪૮
સઉદી રિયાલ	૧૯.૬૮
સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ)	૪૭,૯૫૫
ચાંદી (૧ કિલો)	૬૯,૮૦૦

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com ● gujarattodayadmin@gmail.com
For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૩૧ અંક-૫૫ ● ૧૪ સફર હિજરી ૧૪૪૩ ● 22 SEPTEMBER- 2021 ● PAGES 12 ● ₹ ૫.૦૦

પારસ્પરિક પગલાં અમારો અધિકાર : બ્રિટન દ્વારા કોવિશિલ્ડને માન્યતા ન આપતાં ભારતે ભેદભાવપૂર્ણ નીતિ ગણાવી

વેક્સિન ભેદભાવ મુદ્દે ભારતની બ્રિટનને સ્પષ્ટ ચેતવણી

બ્રિટન જતાં ભારતીયોએ વેક્સિનેશન કરાવ્યું હોવા છતાં ૧૦ દિવસ ક્વોરન્ટાઈન નિયમ સામે ભારત સરકારનુ આકરું વલણ

ભારતે બ્રિટનને કોવિશિલ્ડના પાંચ મિલિયન ડોઝ આપ્યા તેમ છતાં તેમને સંતોષ ન હોય તો અમે પરસ્પર પગલાં લઈ શકીએ : વિદેશ સચિવ હર્ષવર્ધન શૃંગલા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

વિદેશ સચિવ હર્ષવર્ધન શૃંગલાએ મંગળવારે જણાવ્યું હતું કે યુકેએ કહ્યું છે કે ત્યાં આવનારા ભારતીયોને સંપૂર્ણ રસી આપવામાં આવી હોય તો પણ તેઓને ૧૦ દિવસ સુધી ક્વોરન્ટાઈનમાં રહેવાની જરૂર છે. કોવિશિલ્ડને માન્યતા ન આપવી એ ભેદભાવપૂર્ણ નીતિ છે અને યુકેની મુસાફરી કરતા અમારા નાગરિકોને આ નિયમ અસર કરે છે. વિદેશ મંત્રી એસ જયશંકરે યુકેના નવા વિદેશ સચિવ સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો છે. જો કે શૃંગલાએ એક પત્રકાર પરિષદમાં કહ્યું કે "મને કહેવામાં આવ્યું છે અને ચોક્કસ ખાતરી આપવામાં આવી છે કે આ મુદ્દો ઉકેલાઈ જશે," શૃંગલા અને જયશંકર ન્યૂયોર્કમાં તેમના બ્રિટિશ સમકક્ષ લિઝ ટ્રસ સાથેની મુલાકાતનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જ્યાં બંને સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)માં હાજરી આપી રહ્યા હતા. ટ્રસને મળ્યા પછી જયશંકરે ટ્વિટ કર્યું કે, "બંને દેશોના પરસ્પર હિતમાં ક્વોરન્ટાઈનનો મુદ્દો વહેલો ઉકેલવો જોઈએ". જયશંકર અને ટ્રસ વચ્ચેની બેઠક યુકેએ નવા કોવિડ સંબંધિત મુસાફરી પ્રતિબંધોની જાહેરાત કરી ત્યારે થઈ હતી. ઘણા ભારતીયોએ આ નિર્ણયને ભેદભાવપૂર્ણ ગણાવીને તીવ્ર ટીકા કરી હતી. શૃંગલાએ યુકેને ચેતવણી પણ આપી હતી કે તેના નાગરિકો તેના નવા કોવિડ-૧૯ નિયમો માટે પારસ્પરિક પગલાંનો સામનો કરી શકે છે. શૃંગલાએ પત્રકારોને

જણાવ્યું હતું કે, મૂળ મુદ્દો એ છે કે, ભારતમાં એક રસી છે 'કોવિશિલ્ડ' જે ભારતમાં ઉત્પાદિત યુકેની કંપનીનું લાઈસન્સ પ્રાપ્ત ઉત્પાદન છે, જેમાંથી અમે સરકારની વિનંતી પર યુકેને પાંચ મિલિયન ડોઝ પૂરા પાડ્યા છે. પરંતુ જો અમને સંતોષ ન મળે તો અમે પારસ્પરિક પગલાં લાદવાના અમારા અધિકારોનો ઉપયોગ કરીશું".

નવા નિયમો અનુસાર, કોવિશિલ્ડના બંને ડોઝ મેળવનાર ભારતીય મુસાફરોને રસીકરણ વિનાના ગણવામાં આવશે અને તેમને ૧૦ દિવસ માટે ક્વોરન્ટાઈનમાંથી પસાર થવું પડશે. કોવિશિલ્ડ એસ્ટ્રાઝેનેકા દ્વારા વિકસાવવામાં આવી છે અને પુણે સ્થિત સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા દ્વારા ભારતમાં ઉત્પાદિત કરવામાં આવી છે, લાખો બ્રિટનવાસીઓને આપવામાં આવેલા ડોઝ સમાન હોવા છતાં નવા નિયમો હેઠળ બ્રિટન દ્વારા તેને માન્યતા આપવામાં આવી નથી. યુકેએ કહ્યું છે કે, કોવિડ-૧૯ જોખમના સ્તર પર આધારિત લાલ, એમ્બર, લીલા દેશોની વર્તમાન "ટ્રાફિક લાઈટ સિસ્ટમ" ૪ ઓક્ટોબરથી દેશોની એક લાલ સૂચિ દ્વારા બદલવામાં આવશે. ભારત હાલમાં એમ્બર યાદી અને વિસ્તૃત સૂચિમાં છે. જે દેશોની રસીઓ યુકેમાં માન્ય છે તેમાં ભારતનો સમાવેશ થતો નથી. યુકેના નવા નિયમો મોટે ભાગે વિદ્યાર્થીઓને અસર કરે તેવી અપેક્ષા છે, જેઓ બ્રિટીશ યુનિવર્સિટીઓમાં પાછા ફરશે, અને વધુ પરીક્ષણો અને ક્વોરન્ટાઈન માટે વધારાના પૈસા ચૂકવવા પડશે.

નવી દિલ્હીમાં બ્રિટિશ હાઈ કમિશને કહ્યું છે કે યુકે ભારત સાથે સત્તાધીશો દ્વારા જારી કરવામાં આવેલા કોવિડ-૧૯ રસી પ્રમાણપત્રના મુદ્દાને ઉકેલવા માટે કામ કરી રહ્યું છે. બ્રિટિશ ઉચ્ચ આયોગના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, અમે ભારત સરકાર સાથે સંલગ્ન છીએ કે કેવી રીતે અમે ભારતમાં સંબંધિત જાહેર આરોગ્ય સંસ્થા દ્વારા રસીકરણ કરાયેલા લોકોને રસી પ્રમાણપત્રની યુકેમાં માન્યતા વિસ્તૃત કરી શકીએ. પ્રવક્તાએ ઉમેર્યું કે, "યુકે વ્યવહારિક રીતે બને તેટલી વહેલી તકે આંતરરાષ્ટ્રીય મુસાફરી માટે પોતાની સરહદો ખોલવા માટે પ્રતિબદ્ધ છે અને જાહેર આરોગ્યની સુરક્ષા કરતી વખતે લોકોને સલામત અને મુક્તપણે મુસાફરી કરવા સક્ષમ બનાવવા માટે આ જાહેરાત એક વધારાનું પગલું છે.".

કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશી થરૂરે સોમવારે કહ્યું છે કે તેમણે નિયમોના વિરોધમાં બ્રિટનનો આયોજિત પુસ્તક પ્રવાસ રદ કર્યો છે. તેમણે કહ્યું કે, સંપૂર્ણ રસીવાળા ભારતીયોને ક્વોરન્ટાઈન કરવા કહેવું અપમાનજનક છે. કોંગ્રેસના અન્ય એક નેતા જયરામ રમેશે કહ્યું કે આ નિર્ણય જાતિવાદના આધારે લેવામાં આવ્યો છે.

UKએ કોવિશિલ્ડના બંને ડોઝવાળા ભારતીયોને 'રસીકરણ વિનાના' મુસાફરો તરીકે શા માટે અલગ તારવ્યા ?

(એજન્સી) તા.૨૧

૪ ઓક્ટોબર ૨૦૨૧થી યુનાઈટેડ કિંગડમે વિદેશી પ્રવાસીઓને દેશમાં પ્રવેશવા માટે સરહદી પ્રતિબંધો હળવા કર્યા છે. તેમાં કહેવામાં આવ્યું છે કે૪ કોવિશિલ્ડના બંને ડોઝ મેળવનારા ભારતીયોને 'રસીકરણ વિનાના' માનવામાં આવશે અને તેમને '૧૦-દિવસ સ્વ-અલગતા' (આઈસોલેશન) માંથી પસાર થવું પડશે. 'કોવિશિલ્ડ' બ્રાન્ડ નામ હેઠળ સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (SII) દ્વારા ઉત્પાદિત કોવિડ-૧૯ રસી એ ઓક્સફર્ડ-એસ્ટ્રાઝેનેકા રસીની બાયો-સમકક્ષ છે જેનો ઉપયોગ યુકેની મોટાભાગની વસ્તીને રસી આપવા માટે થાય છે. તો પછી યુકેએ 'વેક્સઝેવરિયા'નો ડબલ ડોઝ લેનારાઓને રસીકરણ સાથેના અને 'કોવિશિલ્ડ'ના બે ડોઝ લેનારને રસી લીધા વિનાના ગણવાનું પાછળનું કારણ શું છે ?

નવા નિયમ હેઠળ, જેમને એસ્ટ્રાઝેનેકા, ફાઈઝર, અથવા મોર્ડેના જેવી ડબલ ડોઝ રસી મળી છે અથવા સિંગલ ડોઝ જેન્સન રસી જે "યુકે, યુરોપ, યુએસ અથવા યુકેમાં માન્ય રસીકરણ કાર્યક્રમ હેઠળ" મળી છે તેને સંપૂર્ણ રસીકરણ માનવામાં આવે છે.

Covishield-Vaxzevria : આ બંને સમાન રસીઓ છે તો અલગ મંજૂરીઓ શા માટે ?

ન્યૂઝ એજન્સી સાથે વાત કરતા, ભારતમાં બ્રિટિશ હાઈ કમિશનના એક અધિકારીએ નવી માર્ગદર્શિકા અંગે સંબોધિત કરતા કહ્યું કે, "અમે ભારતની સંબંધિત જાહેર આરોગ્ય સંસ્થા દ્વારા રસીકરણ કરાયેલા લોકોને રસી પ્રમાણપત્રની યુકે માન્યતા કેવી રીતે વિસ્તૃત કરી શકીએ તે શોધવા માટે અમે ભારત સરકાર સાથે સંકળાયેલા છીએ. જો કે કોવિશિલ્ડના ડબલ શોટ ધરાવતા લોકોને 'રસીકરણ' લીધેલા તરીકે ન ઓળખવા માટેનું સ્પષ્ટ કારણ યુકે સરકાર દ્વારા આપવામાં આવ્યું નથી. આ આશ્ચર્યજનક છે કારણ કે યુકેની મેડિસિન એન્ડ હેલ્થકેર પ્રોડક્ટ્સ રેગ્યુલેટરી એજન્સી (એમએચએરએ)એ એસઆઈઆઈ દ્વારા ઉત્પાદિત રસીઓને મંજૂરી આપી હતી, તેમ છતાં યુરોપિયન મેડિસિન એજન્સી (ઈએમએ) એ હજી સુધી તેની મંજૂરી આપી નથી. નોંધનીય છે કે, SII સાથે યુકેના ૧૦ મિલિયન ડોઝના એસ્ટ્રાઝેનેકા ઓર્ડરના ભાગરૂપે આ વર્ષની શરૂઆતમાં ભારતમાંથી ઓછામાં ઓછા પાંચ મિલિયન કોવિશિલ્ડ ડોઝ મોકલવામાં આવ્યા હતા. જુલાઈમાં, યુકેના પીએમ બોરિસ જ્હોન્સને પણ આગ્રહ કર્યો હતો કે એમએચઆર એ દ્વારા માન્ય રસીનો ઉપયોગ રસી પાસપોર્ટ માટે કેમ ન કરવો જોઈએ, જ્યારે ઈએમએ દ્વારા મંજૂરીમાં વિલંબ અંગે ચિંતા પણ વ્યક્ત કરવામાં આવી હતી.

મહારાષ્ટ્ર : કિસાન મોરચા દ્વારા ૨૭ સપ્ટેમ્બરના 'ભારત બંધ' માટે બિન-ભાજપી જૂથોની તૈયારી

(એજન્સી) મુંબઈ, તા. ૨૧

સંયુક્ત કિસાન મોરચા દ્વારા આગામી ૨૭મી સપ્ટેમ્બરના રોજ બોલાવાયેલા 'ભારત બંધ'ના આહવાનમાં સામેલ થવા માટે આશરે ૧૦૦થી વધુ રાજકીય પાર્ટીઓ, કિસાન સંગઠનો, ટ્રેડ યુનિયનો, મહિલાઓ, યુવાઓ, કામદારો અનએ અન્ય સંગઠનો સાથે સંકળાયેલા લોકો કમર કસી છે તેમ ટોચના આયોજકોએ જણાવ્યું છે. ઓલ કિસાન સભાના અધ્યક્ષ ડો. અશોક ધાવલેએ જણાવ્યું કે, આશરે ૧૦૦ સંગઠનોના ૨૦૦થી વધુ નેતાઓની હાજરીમાં સોમવારે યોજાયેલી બેઠકમાં એઆઈયુટીસીના રાષ્ટ્રીય વર્કિંગ કમિટીના સભ્ય ડો. ભાલચંદ્ર કાંગોની અધ્યક્ષતામાં તમામ જૂથોની રાજ્ય સ્તરની બેઠકમાં નિર્ણય લેવાયો હતો. વક્તાઓએ કિસાનોના ચાલી રહેલા સંઘર્ષ, કામદારોના મુદ્દા અને અન્ય મહત્વના મુદ્દાઓ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળા ભાજપ-આરએસએસ દેવાણિયા શાસન વિરૂદ્ધ ચર્ચા કરી હતી.

મહારાષ્ટ્રમાં ભારત બંધ સફળ રહે તે સુનિશ્ચિત કરવા માટે લોકોને ભેગા કરવા અને તમામ પ્રયાસો કરવા માટે રાજ્ય અને કોઈપણ સ્થળે તમામ સંગઠનોને એક કરવા માટે બેઠક બોલાવાઈ હતી. આ પ્રતિનિધિમંડળને કોંગ્રેસના પ્રમુખ નાના પટોલે, એનસીપીના પ્રમુખ અને મંત્રી જયંત પાટિલ, ડેપ્યુટી મુખ્યમંત્રી અજીત પવાર અને સિનિયર એનસીપી મંત્રી ડો. જીતેન્દ્ર અવહદે આગામી સોમવારે રાષ્ટ્રવ્યાપી દેખાવ માટે મહારાષ્ટ્ર વિકાસ અઘાડીના સંપૂર્ણ સમર્થનનું આશ્વાસન આપ્યું હતું. આ બેઠકમાં ટોચના વક્તાઓમાં વિદ્યા ચવાણ(એનસીપી), રાજુ કોરડેપીડબલ્યુપી, મેરાજ સિદ્દીકી((એસપી), ધનંજય શિંદે(આપ), પ્રભાકર નારકર(જેડીએસ), ડો. એસકે રેગે(સીપીએમ), પ્રકાશ રેડ્ડી(સીપીઆઈ), ઉલકા મહાજન(સર્વહારા જન આંદોલન), તીસ્તા સેતલવાડ(સબરંગ ઈન્ડિયા), ફીરોઝ મીઠીબોરવાલા (એચબીકેએલ), અનિલ ત્યાગી (એસયુસીઆઈ), કિશોર ધામલે (એસસીપી), સુભાષ કાકુસ્તે(એલએનપી), ડો. વિવેક મોન્ટેરો (સીઆઈટીયુ), પ્રો. તમી મુખોપાધ્યાય(એમએફયુસીટીઓ), મિલિંગ રનાડે(એનટીયુઆઈ), યુવરાજ ઘટકલ(એનએપીએમ), પ્રાચી હાટીવલેકર(એઆઈડીડબલ્યુએ) અને અન્ય સંગઠનોના નેતાઓ હાજર રહ્યા હતા. અન્ય મોટા જૂથોમાં જન આંદોલનચી સંઘર્ષ સમિતી, સંયુક્ત શેટકારી કામગાર મોરચા, ઓલ ઈન્ડિયા કિસાન સંઘર્ષ કોઓર્ડિનેશન કમિટી, ટ્રેડ યુનિય જોઈન્ટ એક્શન કમિટી, બિન સંગઠિત કામદાર સંઘર્ષ કમિટી, હમ ભારત કે લોગ, નેશન ફોર ફાર્મર્સ વગેરે સામે રહ્યા હતા.

કેનેડા ચૂંટણી : વધુ એક અલ્પસંખ્યક સરકાર સાથે ટ્રુડોની વાપસી, ભાવિ અનિશ્ચિત

૨૦૨૧ના ચૂંટણી પરિણામો ૨૦૧૯ના પરિણામો જેવા જ : જો લિબરલ પાર્ટી વહેલી ચૂંટણી યોજવાની જાહેરાત કરે તો, તે પાર્ટી માટે ઘાતક નિર્ણય પુરવાર થઈ શકે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

કેનેડાના જાહેર થયેલા ચૂંટણી પરિણામો લગભગ ૨૦૧૯ની ચૂંટણી જેવા જ હતા. કોરોના મહામારી વચ્ચે યોજાયેલી ચૂંટણીમાં જસ્ટિન ટ્રુડો બહુમતી મેળવવામાં નિષ્ફળ નિવડ્યા હતા. ફરી ચૂંટાયેલી લિબ્રલ લઘુમતી સરકાર માટે આ અનુકૂળ સમય નથી. લિબ્રલ પાર્ટી પરત ફરતાં સંકટો બમણાં થયા છે. પાર્ટીને ક્લાઈમેટ ચેન્જ, સસ્તા ઘર, ઓપીઈયોઈડનો દુરપયોગ અને ખાદ્ય તથા દેવા સંચાલન જેવા આર્થિક મુદ્દાનો સામનો કરવો પડશે. હવે આગામી ચૂંટણી વર્ષ ૨૦૨૫માં યોજવી પડે તેવી સ્થિતિ છે. સિવાય કે, જો અવિશ્વાસ પ્રસ્તાવમાં લિબ્રલ પાર્ટી સરકારનો પરાજય થાય. જો ટ્રુડો નેતા રહેશે તો એવું લાગી રહ્યું છે કે, મતદારો તેમને બદલવાના પ્રયાસો કરશે. જો લિબ્રલ વહેલી ચૂંટણી યોજવાની જાહેરાત કરશે તો, તે પાર્ટી માટે ઘાતક નિવડી શકે છે. ઉપરાંત ૧૯૯૩માં જેવી પ્રોગેસિવ કન્ઝર્વેટિવ પાર્ટીની હાલત થઈ હતી, તેવી હાલત થઈ શકે છે, તે સમયે પ્રોગેસિવ પાર્ટીને બહુમતી મેળવ્યા બાદ ફરી યોજાયેલી ચૂંટણીમાં માત્ર બે જ બેઠકો મળી હતી. શું પાર્ટીના નેતાઓ ધાર્યા મુજબના પરિણામો નહીં આવવાથી પદ પરથી ઉતરી જશે કે, પરિણામોથી હતાશ થયા છે, તે દરેક ચૂંટણી પછીનો મહત્વપૂર્ણ પ્રશ્ન હોય છે. કેટલાક લોકો એવી દલીલ કરે છે કે, જીત તો જીત જ હોય છે પછી ભલે તે પાતળી સરસાઈથી વિજય થયા હોય. લિબ્રલ પાર્ટીનો મત એવો હોઈ શકે છે કે, તેઓ બહુમતીના લક્ષ્યાંક સુધી નહીં પહોંચી શકતા પરિણામો હાર જેવા જ છે. ટ્રુડો ઘણાં લાંબા સમયથી સત્તા પર છે માટે લિબ્રલ પાર્ટી પોતાના નેતાઓ બદલી નવા ચહેરા સાથે આગામી ચૂંટણી લડવાનો વ્યૂહ બનાવી શકે છે. આ ચૂંટણીમાં કન્ઝર્વેટિવ પાર્ટી પણ ધાર્યા મુજબનું પ્રદર્શન કરી શકી નથી. ચૂંટણી પરિણામો એ વાત તરફ ઈશારો કરે છે કે, પાર્ટી લઘુમતી સરકાર બનાવવાની દિશામાં જીત મેળવી શકે છે.

કેનેડા દ્વારા પાંચ માસ બાદ ભારતની સીધી વિમાન સેવા ફરી શરૂ કરવામાં આવી

કોરોના અંગે વિશ્વ આરોગ્ય સંગઠન માન્ય નવા નિયમો સાથે એરલાઈન્સ દ્વારા દિલ્હીથી ટોરન્ટોની પોતાની સીધી ફ્લાઈટ શરૂ કરવામાં આવી : યાત્રીઓએ જાણવા જેવી તમામ વિગતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

કેનેડા દ્વારા પાંચ માસ બાદ ભારતની સીધી વિમાન સેવા ફરી શરૂ કરવામાં આવી હતી. કેનેડાની સૌથી મોટી વિમાન કંપની એર કેનેડા દ્વારા ભારત ખાતેની પોતાની વિમાન સેવાઓ શરૂ કરવામાં આવી હતી. કોરોના અંગે વિશ્વ આરોગ્ય સંગઠન માન્ય નવા નિયમો સાથે એરલાઈન્સ દ્વારા દિલ્હીથી ટોરન્ટોની પોતાની સીધી ફ્લાઈટ શરૂ કરવામાં આવી હતી. જેમાં વિશ્વ આરોગ્ય સંગઠન માન્ય રસીકરણ કરેલા યાત્રીઓ અને આરટી-પીસીઆર અથવા રેપિડ પીસીઆર સાથેના મુસાફરોને યાત્રાની પરવાનગી આપવામાં આવી હતી. યાત્રીઓએ મુસાફરીના ૧૮ કલાક પહેલાં કોરોના ટેસ્ટિંગ કેન્દ્ર ખાતેથી આ ટેસ્ટ કરાવવા ફરજિયાત છે. ટેસ્ટિંગ માટે દિલ્હી એરપોર્ટના ટર્મિનલ ત્રણનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. એરલાઈન્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, કેનેડા ખાતેની ફ્લાઈટ ઉપડવાના ૧૮ કલાક પહેલાં દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાન મથક ખાતેના ટર્મિનલ ત્રણ ખાતેથી અથવા કોરોના ટેસ્ટિંગ કેન્દ્ર ખાતેથી આરટી-પીસીઆર અથવા રેપિડ પીસીઆર ટેસ્ટ કરાવવો ફરજિયાત છે. એર કેનેડા દ્વારા આ બે સ્થળેથી કરાયેલા ટેસ્ટ જ માન્ય રાખવામાં આવે છે. અન્ય ક્લિનિક કે અન્ય સ્થળેથી કરાયેલા ટેસ્ટને માન્યતા આપવામાં આવતી નથી. જો યાત્રી અન્ય શહેરના હોય તો પણ એર કેનેડાએ નક્કી કરેલા સ્થળ પરથી જ ટેસ્ટ કરાવવો ફરજિયાત છે.

કેનેડા દ્વારા માન્ય કોરોના રસીકરણની યાદી નીચે મુજબ છે

૧. ફાઈઝર-બાયાએનેટેક કોમિરનેટી (ટોઝીનારમેરન, બીએનટી ૧૬૨બી૨)
૨. મોડેર્ના સ્પિકેવેક્સ (એમઆરએનએ-૧૨૭૩)
૩. એસ્ટ્રાઝેનેકા વેક્સઝેવરિયા-કોવિશિલ્ડ (સીએચએડીઓએક્સ૧-એસ, એઝેડડી૧૨૨૨)
૪. જહોન્સ એન્ડ જહોન્સન

એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, ઉડાનના નિર્ધારિત સમય પહેલાં તમામ દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરવાનું જણાવાયું હતું. ઉપરાંત યાત્રીઓને સતત કેનેડા સરકારની સત્તાવાર વેબસાઈટ પરની અપડેટ માહિતી ચેક કરતાં રહેવાનું પણ જણાવવામાં આવ્યું છે. યાત્રીઓને ડબ્લ્યુડબ્લ્યુડબ્લ્યુ.કેનેડા.સીએ વેબસાઈટ પરથી તાજા માહિતી તપાસતા રહેવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

લદ્દાખ નજીક ચીનના એરબેઝથી રાતે યુદ્ધ અભ્યાસની તૈયારીઓનો ખુલાસો : રાહુલની 'નવા યુદ્ધના પ્રકાર' અંગે ચેતવણી

ભારત સાથેની સરહદો પર ૫૦૦૦ મીટર સુધીના ઊંચાઈવાળા વિસ્તારોમાં ચીને ૧૦થી વધુ એરબેઝ બનાવી ચોરીછૂપીથી રાત્રી દરમિયાન સૈન્ય અભ્યાસ શરૂ કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૦

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સતત લદ્દાખ મુદ્દે ચીન સાથેની મડાગાંઠને ઉકેલવામાં નરેન્દ્ર મોદી સરકારની ઝાટકણી કાઢી રહ્યા છે તેઓ જ્યારથી ગત વર્ષે મે માસમાં ઘર્ષણની શરૂઆત થઈ ત્યારથી જ સરકાર પર પ્રહાર કરી રહ્યા છે. રાહુલ ગાંધી આરોપ મુકે છે કે, ચીનની ઘૂસણખોરી વિશે મોદી સરકાર ક્યારેય પારદર્શી રહી નથી અને આરોપ લગાવ્યો હતો કે, તે જોખમની ગંભીરતાને હંમેશા છૂપાવી રહી છે. મંગળવારે રાહુલ ગાંધીએ બે મીડિયા અહેવાલોના સ્ક્રીનશોટ્સ શેર કરતાં આ મડાગાંઠ વિશે ચેતવણી આપી હતી. જેમાં લખ્યું હતું કે, 'આપણે આપણી સરહદો પર યુદ્ધના નવા પ્રકારનો સામનો કરી રહ્યા છીએ. જેને આપણે સતત તે કામ નહીં કરે તેવી અવગણના કરી રહ્યા છીએ.'

યુદ્ધ અભ્યાસનો હેતુ સૈનિકોને નવી પેઢીના હથિયારો તથા ઉપકરણોની તાલીમ આપવાનો છે : ચીનનું સરકારી મીડિયા

ટોચની સમાચાર એજન્સીના અહેવાલમાં દાવો કરાયો છે કે, ચીને એલએસી ફરતે આશરે ૧૦ એરબેઝ બનાવ્યા છે અને અન્ય સમાચાર એજન્સીએ અહેવાલમાં જણાવ્યું છે કે, પીએલએ લદ્દાખ નજીક રાતના અંધારામાં ઉચ્ચ પર્વતીય વિસ્તારોમાં યુદ્ધ અભ્યાસ કરે છે. ટેલિગ્રાફે સોમવારે અહેવાલમાં જણાવ્યું હતું કે, ચીને લદ્દાખ, ઉત્તરાખંડ અને અરૂણાચલ પ્રદેશમાં એલએસી ફરતે ઓછામાં ઓછા ૧૦ એરબેઝ બનાવ્યા છે ઉપરાંત ભારતીય મોરચાઓની નજીક બનાવેલા એરબેઝ પર માળખાકીય સુવિધાઓ વધારી રહ્યું છે. ટેલિગ્રાફે સૂત્રોના હવાલાથી જણાવ્યું હતું કે, લદ્દાખમાં પોતાની સ્થિતિને મજબૂત કરવા માટે સૈનિકો પાછા ખેંચવાની ચાલી રહેલી પ્રક્રિયાના સમયનો ઉપયોગ કરીને ચીન સુરક્ષા વ્યવસ્થા વધારી રહ્યું છે. આ પ્રાંતોમાં પીપલ્સ લિબરેશન આર્મી એરફોર્સની નબળાઈઓને દૂર કરવા માટે નવા એરબેઝ બનાવવામાં આવી રહ્યા છે. આ મોટા એરબેઝ લદ્દાખથી આશરે ૪૦૦ કિલોમીટર દૂર છે જેનાથી કેન્દ્રશાસિત પ્રદેશ મુદ્દે વિવાદ દરમિયાન લશ્કર માટે મુશ્કેલી ઉભી કરવા અને સંપૂર્ણ હથિયારોથી સજ્જ એરક્રાફ્ટ ગોઠવાયા છે. આ પ્રાંતોમાં ભારતીય દળો ઊંચાઈ પર હોવાથી તેને ફાયદો મળતો હતો. દરમિયાન રવિવારે ચીનના સ્ટેટ મીડિયાએ કહ્યું હતું કે, પીએલએની પશ્ચિમી કમાન્ડે ભારત નજીક આવેલા દળો માટે રાત્રી અભ્યાસ વધાર્યો છે. આ રાત્રી અભ્યાસ ૫૦૦૦ મીટરની ઊંચાઈવાળા પર્વતો પર કરવામાં આવે છે. આ અભ્યાસમાં યંત્રસજ્જ દળો અનએ રોકેડ સિસ્ટમનો ઉપયોગ થઈ રહ્યો છે.

અદાણીના બંદર ખાતેથી ત્રણ હજાર કિ.ગ્રા. હેરોઈન કબજે કરાયા બાદ સુબ્રમણ્યમ સ્વામીની કોર્ટમાં જવાની તૈયારી, સોશિયલ મીડિયા પર ગુજરાતના ઉદ્યોગપતિ અદાણી વિરૂદ્ધ ટિપ્પણીઓનો મારો

અદાણીના મુન્દ્રા પોર્ટ ખાતેથી વિશ્વનો હેરોઈનનો સૌથી મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો, વૈશ્વિક બજારમાં આ નશીલા પદાર્થની કિંમત રૂા.૨૧ હજાર કરોડ જેટલી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

ભાજપના રાજ્યસભાના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ ગુજરાતમાં અદાણી જૂથના મુન્દ્રા પોર્ટ ખાતેથી ત્રણ હજાર કિ.ગ્રા. હેરોઈન કબજે કરાયા બાદ કોર્ટમાં જવાની દરખાસ્ત કરી હતી. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઈન્ટેલિજન્સ દ્વારા હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં એવું માનવામાં આવી રહ્યું છે કે, વિશ્વનો હેરોઈનનો સૌથી મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. વૈશ્વિક બજારમાં આ નશીલા પદાર્થની કિંમત રૂા.૨૧ હજાર કરોડ જેટલી છે. બે કન્ટેનરોમાં આ જંગી જથ્થો સંતાડવામાં આવ્યો હતો. ડીઆરઆઈ દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહી અંગે ટ્વિટ કરતાં સ્વામીએ જણાવ્યું હતું કે, મે તમામ દસ્તાવેજો તૈયાર કરી લીધા છે અને હું કોર્ટમાં જઈશ. એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, વિજયવાડા સ્થિત આશી ટ્રેડિંગ કંપની કેટલીક સામગ્રી આયાત કરી રહી હોવા અંગે એજન્સીને જાણ થતાં તેઓ એલર્ટ થયા હતા. કંપની દ્વારા એક ખાસ પ્રકારના પથ્થર આયાત કરવામાં આવી રહ્યા હતા, જે મૂળ અફઘાનિસ્તાનના છે પણ તેની આયાત ઈરાનથી થઈ હતી. આ જથ્થો ઈરાનના અબ્બાસ બંદરેથી મુન્દ્રા પોર્ટ ખાતે પહોંચ્યો હતો. ડીઆરઆઈએ પ્રથમ કન્ટેનરમાંથી ૧૯૯૯.૫૮ કિ.ગ્રા. જ્યારે અન્ય કન્ટેનરમાંથી ૯૮૮.૬૪ કિ.ગ્રા. જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. બંને કન્ટેનરમાંથી એજન્સીને નશીલા પદાર્થનો કુલ ૨૯૮૮.૨૨ કિ.ગ્રા. જથ્થો મળ્યો હતો. દિલ્હી, ચેન્નઈ, ગુજરાતના અમદાવાદ, ગાંધીધામ અને માંડવી ખાતે પણ એજન્સી દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. બે અફઘાની નાગરિકોની પણ ધરપકડ કરવામાં આવી હતી. ગુજરાતના મુન્દ્રા બંદરેથી નશીલા પદાર્થનો આટલો મોટો જથ્થો મળતાં સોશિયલ મીડિયા ઉપયોગ કરનારા લોકોએ અદાણી જૂથ વિરૂદ્ધ ટિપ્પણીઓનો મારો ચલાવ્યો હતો.

SC/ST પંચના અધ્યક્ષે કહ્યું; દલિતો-આદિવાસીઓથી સંબંધીત ૮૦ ટકા કેસમાં પોલીસની બેદરકારી

(એજન્સી) તા.૨૧

અનુસૂચિત જાતિ-જનજાતિ પંચના અધ્યક્ષ ડો. રામબાબુ હરિતે જણાવ્યું કે અનુસૂચિત જાતિ જનજાતિ પંચમાં આવતા કેસમાં ૮૦ ટકા કેસ પોલીસની બેદરકારીના સામે આવી છે. તેમણે આગળ જણાવ્યું કે તે આ મામલામાં મુખ્યમંત્રી, મુખ્ય સચિવ અને અપર મુખ્ય સચિવ સાથે વાત કરશે જેથી પોલીસ વિભાગને યોગ્ય નિર્દેશ આપવામાં આવે. આ પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન અનુસૂચિત જાતિ જનજાતિ પંચના અધ્યક્ષ ડો. રામબાબુ હરિતે અનેક વાત કરી. તેમણે જણાવ્યું કે પોલીસની બેદરકારી કેસમાં એકમોને યોગ્ય દિશા નિર્દેશ આપવામાં આવે. સાથે જ તે તેના મોટે મુખ્યમંત્રી, મુખ્ય સચિવ અને અપર મુખ્ય સચિવ સુધી પણ પોતાની વાત રજુ કરશે. પાછલા દિવસો દરમ્યાન અનુસૂચિત જાતિ જનજાતિ પંચના અધ્યક્ષ ડો. રામબાબુ હરિતે ટુંડલાના ગામ ચુલ્હાવલીનું નિરીક્ષણ કર્યું હતું. ત્યાર પછી તેમણે એસસી એસટી સાથે સંબંધીત મામલાઓની સમીક્ષા કરી.

જમ્મુ-કાશ્મીરના ઉધમપુરમાં હેલિકોપ્ટર અકસ્માતમાં સેનાના બે પાયલોટનાં મોત

(એજન્સી) તા.૨૧

જમ્મુ-કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં આજે પટનીટોપ પાસે પર્વતોમાં સેનાનું એક હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થતા બે પાયલોટનાં મોત થયા છે. અધિકારીઓએ જણાવ્યું કે આર્મી એવીએશન હેલિકોપ્ટરના પાયલટ, બન્ને મેજર ગંભીર રીતે ઘાયલ થયા. મેજર રોહિતકુમાર અને મેજર અનુજ રાજપુતને હેલિકોપ્ટરમાંથી ખેંચીને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. સેનાના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે અમે તેમને હોસ્પિટલ પહોંચાડયા દુર્ભાગ્યથી બન્નેના જીવ જતા રહ્યા. સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા દશ્યોમાં એક ક્ષતિગ્રસ્ત ચિતા હેલિકોપ્ટર, એક પર્વત અને સ્થાનિક લોકોએ પાયલોટોને બહાર કાઢવાનો પ્રયાસ કરતા જોઈ શકાય છે. અધિકારીઓએ જણાવ્યું કે ઘટના સવારે ૧૦.૩૦ વાગે થઈ હતી.

ચીનની કંપનીઓએ ભારતના ધોરીમાર્ગોમાં રોકાણ કર્યું નથીઃ ગડકરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું હતું કે, ચીનની કંપનીઓએ હાલના નજીકના સમયમાં ભારતના હાઈવેઓમાં રોકાણો નથી કર્યા.

ચીન સાથે જ્યારે જુલાઈ ૨૦૨૦માં બોર્ડર ઉપર સંઘર્ષ ઊભું થયું હતું ત્યારે ગડકરીએ કહ્યું હતું કે, ભારત ચીનની કંપનીઓને જોઈન્ટ વેન્ચર સહિત કોઈપણ હાઈવે પ્રોજેક્ટોમાં ભાગીદારી કરવા મંજૂરી નહીં આપશે. એમને એક પ્રશ્ન પૂછાયો કે, શું ચીનની કંપનીઓએ ભારતના નેશનલ હાઈવે પ્રોજેક્ટોમાં હાલના સમયમાં રોકાણો કર્યા છે? એનો જવાબ એમણે નકારમાં આપ્યો હતો. જો કે, એમણે કોઈ પણ વિગતો આપી ન હતી. હાલમાં આપેલ એક ઈન્ટરવ્યુમાં ગડકરીએ જણાવ્યું હતું કે, ભારતને નિકાસ વધારવાની અને આયાત ઘટાડવાની જરૂર છે. એમને એક અન્ય પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે, શું તેઓ ઈલેક્ટ્રિક કાર નિર્માતા ટેસ્લાની માગણી સ્વીકારશે જેમાં એમણે સરકારને ડ્યુટી ઘટાડવા કહ્યું હતું. આ પ્રશ્ન બાબત ગડકરીએ કહ્યું કે, આ મામલો નાણા મંત્રાલયનો છે, આ અંગે તેઓ નિર્ણય લઈ શકે.

બિહારના અરરિયામાં કાર ખાડામાં પડતાં પાંચ મિત્રોનાં મોત

(એજન્સી) તા.૨૧

બિહારના અરરિયા જિલ્લામાં મંગળવારે એક કાર અકસ્માતમાં પાંચ લોકોનાં મોત થયા છે. કારમાં બેઠેલા લોકો અનંત મેળામાંથી પરત ફરી રહ્યા હતા કે વરસાદના કારણે તેમની કાર લપસીને પાણી ભરેલા ખાડામાં પડી ગઈ. મૃતકોની ઓળખ લોખડાના કલાનંદ મંડલ, ગેરારીના સુનીલ કારદાર, મઝવાના સુનીલ મંડલ, ચૌરીના ધનંજય શાહ અને ચિકનીના નવીન શાહ તરીકે થઈ છે. કાર સહિત મૃતદેહોને ખાડામાંથી બહાર કાઢ્યા પછી સ્થાનિક પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે અરરિયા સદર હોસ્પિટલ મોકલવામાં આવ્યા. પોલીસ મુજબ તમામ પાંચ મૃતક અનંત મેળામાંથી ઘર પરત ફરી રહ્યા હતા. પલાસી પોલીસ સ્ટેશનના એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે કારના ડ્રાઈવરે એક વળાંક પર પોતાનું નિયંત્રણ ગુમાવી દીધું અને રસ્તાના છેડે પાણીના ખાડામાં પડી ગઈ. સ્થાનિક લોકો પાણીના ખાડામાં પહોંચ્યા અને કારમાં સવાર છ લોકોને બહાર કાઢ્યા. ઘટનાસ્થળે જ પાંચ લોકોના મોત નિપજ્યા જ્યારે એકને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો. ઘાયલની સ્થિતિ ગંભીર છે.

પોલીસ મુજબ પ્રથમ દૃષ્ટિએ યુવકોનું ડૂબવાના કારણે મોત થયું કારણ કે તેમના શરીર પર કોઈ બાહ્ય ઈજા ન હતી. પાણીના ખાડામાં પડતા સંભવત યુવકો કારમાંથી નીકળી શકયા નહીં અને કારમાં પાણી ભરાઈ ગયું. મૃતકોના પરિવારના સભ્યોને જાણ કરવામાં આવી છે. પોસ્ટમોર્ટમ પછી મૃતદેહોને સોંપી દેવામાં આવશે.

મૂળ કોવિડ વાયરસના સ્ટ્રેન એન્ટિબોડી વેરિઅન્ટ સાથે નથી બંધાતા : અભ્યાસ

(એજન્સી) વોશિંગટન, તા.૨૧

કોવિડ-૧૯એ અત્યારે સમગ્ર દુનિયાને પોતાના સકંજામાં લીધી છે, તેના અનેક વેરિઅન્ટ જોવા મળ્યા છે. મોટાભાગના જે લોકો કોવિડ-૧૯ શરૂ થયા બાદ સંક્રમિત થયા હોય ત્યાર બાદ તેમનામાં રહેલ એન્ટિબોડી નવા વેરિઅન્ટને પકડી લેતા નથી તેવું એક અભ્યાસમાં જોવા મળ્યું.

નેચર કોમ્યુનિકેશન્સ જર્નલમાં પ્રકાશિત થયેલ આ શોધમાં વાયરસના અગાઉના સંસ્કરણોને કારણે સંક્રમિત થનારા લોકો પર ફરીથી વાયરસના નવા વેરિઅન્ટની અસર ઓછી જોવા મળી રહી છે તેનું કારણ રસીઓની સતત અસરકારકતા અને બૂસ્ટર શોટ્સની ઉપલબ્ધતાની સંભાવના જણાવી.

સંશોધકોએ તેમના દ્વારા ઉત્પન્ન એન્ટિબોડીના અનુક્રમ વિશેના ડેટા માટે કોવિડ-૧૯ દર્દીઓની માહિતી મેળવવા પેપરમાં પ્રકાશિત થયેલ માહિતીઓ પર તેમણે સંશોધન કર્યું.

તેના પરથી તેમણે સ્પાઈક એન્ટિબોડીઝ પર ધ્યાન કેન્દ્રીત કર્યું. વાયરસનો તે ભાગ જે માનવ કોષો પરના રિસેપ્ટર્સને સંક્રમિત કરવા માટે તેમને જોડે છે. કોવિડની મોટાભાગની રસીઓમાં સ્પાઈક પ્રોટિન લક્ષ્ય રહ્યું છે.

સંશોધન કરનાર ટીમને જાણવા મળ્યું કે, ઘણા એન્ટિબોડી સિકવન્સ બે મુખ્ય જૂથોમાં વહેંચાઈ જાય છે જે વાયરસનો સામનો કરવા સતત રોગપ્રતિકારનો સંકેત આપે છે.

અભ્યાસના પ્રથમ લેખક અમેરિકાના ઈલોનોઈસ અર્બના-ચેમ્પેઈન યુનિવર્સિટીના સ્નાતક ટીમોથી ટેને જણાવ્યું કે, અમે ખરેખર વાયરસના મૂળ પ્રકારથી સંક્રમિત થયા બાદ એન્ટિબોડી બનેલ તેના મૂળ પ્રકાર પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

ટેને જણાવ્યું કે, આ પહેલાં અમે અભ્યાસ શરૂ કર્યો તેમાં વાયરસના વેરિઅન્ટ મોટી સમસ્યા નહોતી. પરંતુ જેવા તે વિકસવા લાગ્યા ત્યારે અમે જોવા માંગતા હતા કે અમે જે સામાન્ય એન્ટિબોડીની ઓળખ કરી છે તેમાં તે નવા વેરિઅન્ટ સાથે જોડાઈ શકશે કે નહીં.

આ શોધમાં જૂના પ્રકારથી સંક્રમિત થયેલ લોકોને ફરીથી સંક્રમિત કરવા માટે નવા વેરિઅન્ટમાં ઓછો પ્રભાવ જોવા મળી રહેવાનું કારણ વેક્સિન અને બૂસ્ટર ડોઝ હોઈ શકે.

જ્યારે લોકો ચોક્કસ વાયરસ માટે તદ્દન સમાન એન્ટિબોડીઝ બનાવે છે ત્યારે તેને કન્વર્ઝન્ટ એન્ટિબોડી રિસ્પોન્સ કહેવાય છે.

ઈલિનોઈસ યુનિવર્સિટીના પ્રોફેસર સ્ટડી લીડર નીકોલસ વુએ કહ્યું, ભલે આ એન્ટિબોડી પ્રતિક્રિયા મૂળ સ્ટ્રેન સાથે સામાન્ય હોય પરંતુ તે ખરેખર નવા વેરિઅન્ટ સાથે જોડાતું નથી.

કેટલાક એન્ટિબોડીઝ હજુ પણ અસરકારક હોવા જોઈએ શરીર વાયરસના ઘણા ભાગો માટે એન્ટિબોડીઝ બનાવે છે માત્ર સ્પાઈક પ્રોટિન જ નહીં પરંતુ અભ્યાસમાં જોવા મળતા એન્ટિબોડીઝના ચોક્કસ જૂથો અભ્યાસ મુજબ એટલા અસરકારક રહેશે નહીં તેમ તેઓએ જણાવ્યું. સંશોધકોએ જણાવ્યું કે, તેઓ ડેલ્ટા અને અન્ય પ્રકારો માટે એન્ટિબોડી પ્રતિક્રિયા અંગે સમાન અભ્યાસ કરવા માંગે છે, તેઓ એ જોવા માંગે છે કે, તે એકસરખો પ્રતિભાવ આપે છે કે, કેમ અને તે તેના મૂળ વાયરસથી કઈ રીતે અલગ છે.

કોવિડ : ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૨૬,૧૧૫ કેસો નોંધાયા, સોમવાર કરતાં ૧૩.૬ ટકાનો ઘટાડો

ભારતમાં રસીકરણ અભિયાન હેઠળ ૮૧ કરોડ ૮૫ લાખથી વધુ ડોઝ અપાયા, એક દિનમાં ૯૬ લાખ લોકોને રસી અપાઈ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

દેશમાં કોરોના વાયરસ સંક્રમણના નવા કેસોમાં ફરી ઘટાડો નોંધાયો છે. સૌથી વધુ સંક્રમણના કેસ કેરળમાં નોંધાયા છે. અહીં એક દિવસમાં ૧૫ હજારથી વધુ લોકો સંક્રમિત થયા છે. મહારાષ્ટ્રમાં અઢી હજારથી વધુ લોકો સંક્રમિત થયા છે. ગુજરાતમાં કોવિડ-૧૯ની સ્થિતિ ઘણે અંશે કાબૂમાં છે. ગુજરાતમાં છેલ્લા ચોવીસ કલાકમાં માત્ર ૧૪ લોકો સંક્રમિત થયા છે. કેન્દ્રીય આરોગ્ય વિભાગે મંગળવાર સવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨૬,૧૧૫ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. જે સોમવારના આંકડા કરતા ૧૩.૬ ટકા જેટલા ઓછા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૨૫૨ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૩૫,૦૪,૫૩૪ થઈ ગઈ છે. આ ઉપરાંત, દેશમાં કુલ ૮૧,૮૫,૧૩,૮૨૭ કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૯૬,૪૬,૭૭૮ કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. કોરોના વાયરસ મહામારી સામે લડીને ભારતમાં ૩ કરોડ ૨૭ લાખ ૪૯ હજાર ૫૭૪ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૩૪,૪૬૯ દર્દીઓ સાજા થયા છે. હાલમાં ૩,૦૯,૫૭૫ એક્ટિવ કેસ છે. અત્યાર સુધીમાં કુલ ૪,૪૫,૩૮૫ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૧ સુધીમાં કુલ ૫૫,૫૦,૩૫,૭૧૭ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. સોમવારના ૨૪ કલાકમાં ૧૪,૧૩,૯૫૧ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં કોરોના સંક્રમણની વાત કરીએ તો, છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૪ કેસ નોંધાયા છે, જ્યારે ૧૭ દર્દી રિકવર થયા છે. અમદાવાદ કોર્પોરેશન ૫, સુરત કોર્પોરેશન ૩, વડોદરા કોર્પોરેશન ૩, પોરબંદર ૧, સુરત ૧ અને વડોદરામાં ૧ કેસ નોંધાયો છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૫,૫૨૨ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં કોવિડ રિકવરી રેટ પણ ૯૮.૭૬ ટકા છે. રાજ્યમાં કોરોના સંક્રમણથી એકપણ વ્યક્તિનું મોત થયું નથી. ગુજરાતમાં હાલ ૧૩૩ એક્ટિવ કેસ છે, જે પૈકી ૪ વેન્ટીલેટર પર છે, જ્યારે ૧૨૯ સ્ટેબલ છે. ૮,૧૫,૫૨૨ નાગરિકોને ડીસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ૧૦૦૮૨ નાગરિકોનાં અત્યાર સુધીમાં કુલ મોત નીપજ્યાં છે. ગુજરાતમાં રસીકરણની વાત કરવામાં આવે તો ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૪૫૭૫૭ લોકોને રસીનો પ્રથમ અને ૫૬૨૪૯ લોકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે.

અભિષેક બેનરજી, પત્ની રૂજીરાને કોઈ રાહત નહીં, કોલસા કૌભાંડ કેસમાં EDના સમન્સ સામે સ્ટે આપવા દિલ્હી હાઈકોર્ટનો ઈન્કાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

દિલ્હી હાઈકોર્ટે તૃણમૂલ કોંગ્રેસના જનરલ સેક્રેટરી અભિષેક બેનરજી અને એમની પત્ની રૂજીરા બેનરજીને ઈડી દ્વારા મોકલાવાયેલ સમન્સ ઉપર સ્ટે આપવા ઈન્કાર કર્યો. ઈડીએ બંનેને બંગાળમાં આચરાયેલ કોલસા કૌભાંડ કેસના મની લોન્ડરિંગ કેસ સંદર્ભે નવી દિલ્હીમાં પૂછપરછ માટે હાજર રહેવા સમન્સ મોકલાવ્યો હતો.

કોર્ટે આગામી સુનાવણી તા.૨૭મી સપ્ટેમ્બરે રાખી હતી અને ઈડીને કહ્યું હતું કે, તેઓ ત્રણ દિવસમાં અભિષેકની અરજી સંદર્ભે જવાબ રજૂ કરે. અભિષેક બેનરજી અને રૂજીરા બેનરજીને એજન્સીએ મોટામસ દસ્તાવેજો સાથે દિલ્હીમાં એમની ઓફિસમાં હાજર રહેવા જણાવ્યું હતું. અભિષેકે પોતાની અરજીમાં જણાવ્યું હતું કે, તેઓ કોલકાતાના નિવાસીઓ છે અને એમને દિલ્હીમાં હાજર રહેવા માટે ફરજ પાડી નહીં શકાય. ઈડીએ પોતાની તરફે રજૂઆત કરતા જણાવ્યું હતું કે, મની લોન્ડરિંગનો ગુનો દેશવ્યાપી ગુનો છે એના માટે કોઈ સ્થાનિક અથવા અન્ય પોલીસ સ્ટેશન વિસ્તારનો બાધ હોઈ શકે નહીં. ઈડીના અધિકારીઓના જણાવ્યા મુજબ રૂજીરા સાથે સંકળાયેલ ફર્મે ગેરકાયદેસર રીતે નાણાં મેળવ્યા હતા. તપાસ અધિકારીઓને શંકા છે કે, આ રકમો ગુનાઓ આચરી ગેરકાયદેસર રીતે મેળવેલ રકમો હોઈ શકે છે. એમણે કાળા નાણાં પોતાના બે વિદેશી બેંક ખાતાઓ દ્વારા મેળવ્યા હતા, જેમાંથી એક થાઈલેન્ડ અને બીજો લંડનમાં છે. અભિષેક બેનરજી બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીના ભત્રીજા છે.

'કેન્દ્રીય મંત્રી ગેરકાયદેસર બાંધકામ બચાવવા ઈચ્છતા હતા' : થાણેના મેયરે કહ્યું

(એજન્સી) થાણે, તા.૨૧

થાણેના મેયર નરેશ મ્હાસ્કેએ દાવો કર્યો હતો કે, એમને કેન્દ્રીય મંત્રી પાસેથી ફોન આવ્યો હતો, જેમાં એમણે મને કહ્યું હતું કે, હાલમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જે ગેરકાયદેસર બાંધકામ તોડવાની કામગીરી ચાલી રહી છે એ ગેરકાયદેસર બાંધકામને બચાવવામાં આવે.

થાણેની સામાન્ય સભાની મીટિંગમાં કરાયેલ આ પ્રકારની જાહેરાતથી હોબાળો મચી ગયો હતો. મ્હાસ્કેએ મંત્રીનું નામ જાહેર કરવા ઈન્કાર કર્યો હતો. એમણે કહ્યું કે, ગેરકાયદેસર બાંધકામ અને ફેરિયાઓને દૂર કરવાની કામગીરી ચાલુ જ રહેશે.

મ્હાસ્કેએ મીટિંગમાં કહ્યું હતું કે, એક કેન્દ્રીય મંત્રીએ ગેરકાયદેસર બાંધકામ તોડવાની જે કામગીરી થઈ રહી છે એને અટકાવવામાં આવે.

આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર કલ્પિતા પિમ્પલ ઉપર ગત મહિને ફેરિયાઓને હટાવવા બાબત થયેલ સંઘર્ષ દરમિયાન એમની ઉપર ફેરિયાઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, જેમાંથી તેઓ બચી ગયા હતા.

આ ઘટનાના લીધે વિવિધ રાજકીય પક્ષોએ હોબાળો મચાવ્યો હતો, તેઓ ફેરિયાઓ સામે કડક કાર્યવાહીની માગણી કરી રહ્યા હતા.

બોમ્માઈ સરકારે વોટબેંકને ધ્યાનમાં રાખી ધાર્મિક માળખાઓ અંગેનો ખરડો તૈયાર કર્યો છે : કોંગ્રેસ

(એજન્સી) તા.૨૧

કોંગ્રેસે બોમ્બાઈ સરકારના બિલ પર આકરા પ્રહાર કરી તેને વોટબેંક મેળવવાનું બિલ ગણાવ્યું. મંગળવારે કોંગ્રેસે કર્ણાટક ધાર્મિક સંરક્ષણ બિલ ૨૦૨૧ રજૂ કરવા માટે બસવરાજ બોમ્બાઈની આગેવાનીવાળી સરકાર પર પ્રહાર કર્યા હતા. જેણે જાહેર સ્થળે બંધાયેલા ગેરકાયદે ધાર્મિક બાંધકામોને સુરક્ષિત રાખવાની માંગ કરી હતી.

કોંગ્રેસના ધારાસભ્ય એને હેરિસે જણાવ્યું હતું કે શાસક ભારતીય જનતા પાર્ટી (બીજેપી) દ્વારા વોટબેંકની રાજનીતિના ભાગરૂપે આ બિલ વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. તેઓએ મંદિરો તોડી નાખ્યા બાદ હવે તેઓ કહી રહ્યા છે કે તેઓ તેમનું રક્ષણ કરશે. આ બધી હરકતો કરી તેઓ લોકોને મૂર્ખ બનાવી રહ્યા છે. તેઓએ કોઈપણ ધાર્મિક બાંધકામને સ્પર્શ કરવો જોઈએ નહિ એટલે કે દખલ ના કરવી જોઈએ. આ બધુ વોટબેંક મેળવવા કરવામાં આવી રહ્યું છે. દરેક વસ્તુને કાયદેસર બનાવી શકાતી નથી. હેરિસે એએનઆઈ સમાચાર એજન્સીને ટાંકીને કહ્યું કે આ મુદ્દે તેઓએ તમામ સાથે ચર્ચા કરવી જોઈએ.

અનેકવિધ રિપોર્ટના આધાર પર, તમામ માળખાના બાંધકામને તોડી પાડવાના કોર્ટના નિર્દેશના પગલે આ બિલ ઘડવામાં આવ્યું હતું, કાયદાના અધિકાર વિના જાહેર બાંધકામોને તોડી પડાય નહિ. ભવિષ્યમાં આ પ્રકારના બાંધકામો ન આવે તેનો આદેશ પણ આપ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું હતું કે આ કાયદો અમલમાં આવે તેની શરૂઆતની તારિખ પહેલા જાહેર સ્થળોએ ધાર્મિક બાંધકામોની સુરક્ષા પૂરી પાડવી જરૂરી માનવામાં આવે છે જેથી કોમી સંવાદિતાનું રક્ષણ થાય અને લોકોની ધાર્મિક લાગણીઓને ઠેસ ન પહોંચે. આ બિલ તમામ ધર્મની તમામ સંસ્થાઓને આવરી લેશે જેમાં મંદિરો, મસ્જિદો, ચર્ચો, ગુરૂદ્વારાઓ વગેરેનો સમાવેશ કરશે. મહેસૂલ મંત્રી આર અશોકે કહ્યું કે, સરકારે મંદિરોની સુરક્ષા માટે બિલ રજૂ કર્યું છે. ઉપરાંત અન્ય ધર્મોને માન આપતા આપણે તમામ ધર્મોની સંસ્થાઓનું રક્ષણ કરવું પડશે તેમ જણાવ્યું. બીજેપી નેતા સીટી રવિએ જણાવ્યું હતું કે, જો બિલ અગાઉ લાવવામાં આવ્યું હોત તો કેટલાક મુદ્દાઓને ટાળી શકાયા હોત. તેમણે કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું કે, કોંગ્રેસ આ બિલ પર ખોટો ઉહાપોહ કરી રહી છે. જો કે તેમણે એમ પણ કહ્યું કે, અમે કર્ણાટક સરકારના આ નિર્ણયનું સ્વાગત કરીએ છીએ.

પુત્રના મંદિરમાં પ્રવેશ કર્યા પછી દલિત કુટુંબ ઉપર ૨૩ હજાર દંડ ફટકારાયો

કર્ણાટકમાં દલિતોને મંદિરમાં પ્રવેશ ઉપર પ્રતિબંધ છે, તેઓ મંદિરની બહાર ઊભા રહી પૂજા કરે છે

(એજન્સી) કોપ્પલ, તા.૨૧

કર્ણાટકમાં કોપ્પલ જિલ્લાના હનુમાન સાગર પાસે આવેલ મીયાપુરા ગામમાં આવેલ હનુમાન મંદિરમાં એક બે વર્ષીય દલિત બાળકે પ્રવેશ કરતા એના માતા-પિતાને ગામના લોકોએ ૨૩ હજાર રૂપિયા દંડ ફટકાર્યો.

બાળકને એના પિતા બાળકનો જન્મદિવસ હોવાથી ભગવાનના આશીર્વાદ અપાવવા હનુમાન મંદિર લઈ ગયા હતા અને મંદિરની બહાર ઊભા રહી પ્રાર્થના કરી રહ્યા હતા. કારણ કે દલિતોને મંદિરની અંદર પ્રવેશ કરવાની મનાઈ છે એ માટે તેઓ બહાર ઊભા રહી પ્રાર્થના કરે છે. જોત જોતામાં કુતૂહલવશ બાળક મંદિરની અંદર જતો રહ્યો અને પ્રાર્થના કરી પાછો આવી ગયો હતો. આ ઘટના ૪થી સેપ્ટેમ્બરે બની હતી.

ગામમાં આ મોટો મુદ્દો બની ગયો હતો. ઉચ્ચ જ્ઞાતિના લોકો ખૂબ રોષે ભરાયા હતા અને એમનું માનવું હતું કે, મંદિર અપવિત્ર થઈ ગયું છે. એમણે ૧૧મી સેપ્ટેમ્બરે મીટિંગ યોજી હતી અને દલિત કુટુંબને ૨૩ હજાર રૂપિયા દંડ ચૂકવવા જણાવ્યું હતું. જેથી મંદિરનું શુદ્ધિકરણ કરી શકાય. જો કે આ સમાચારો જિલ્લા વહીવટ તંત્રને મળતા તેઓએ પોલીસ મોકલી આપી હતી. અધિકારીઓએ લોકોમાં જાગૃતિ ફેલાવવા કામગીરી શરૂ કરી હતી જે દરમિયાન એમણે દંડનો આદેશ આપનાર લોકોની ધરપકડ કરી હતી. પણ દલિત કુટુંબે કોઈ ફરિયાદ નહીં કરતા એમને ચેતવણી આપી છોડી મૂકાયા હતા. જિલ્લાના એસ.પી.એ કોપ્પલની મુલાકાત લીધી હતી અને ગુનેગારોને ફટકાર્યા હતા. તેમણે દલિત દંપતી પાસેથી માફી લીધી હતી. એસ.પી.એ દલિત કુટુંબને ફરિયાદ દાખલ કરવા કહ્યું હતું પણ ગામમાં દુશ્મની થશે એ વિચારી દલિતોએ ફરિયાદ નોંધાવી ન હતી. જો કે ઉચ્ચ જ્ઞાતિના આગેવાનોએ પણ દંડ ફટકારનારાઓની ટીકા કરી હતી અને દલિત કુટુંબની માફી માંગી હતી.

ભારત યાત્રા સમયે CIAના અધિકારી હવાના સિન્ડ્રોમથી ગ્રસ્ત થયાના સ્ફોટક અહેવાલ

● CIA પર હવાના સિન્ડ્રોમની પનોતી બેઠી, પડછાયાની જેમ પાછળ, અમેરિકા લાચાર : ભારતમાં હવાના સિન્ડ્રોમની દસ્તક ● અત્યાર સુધી અમેરિકાના ૨૦૦થી વધુ કર્મી, અધિકારીઓ અને એમના પરિવારો હવાના સિન્ડ્રોમનો શિકાર બની ચૂક્યા છે

નવી દિલ્હી, તા.૨૧

દુનિયાના સૌથી રહસ્યમય હુમલાઓમાં સામેલ હવાના સિન્ડ્રોમ ભારતમાં પણ દસ્તક આપી ચૂક્યું છે. હવાના સિન્ડ્રોમ પડછાયાની જેમ અમેરિકા અને એના અધિકારીઓનો પીછો કરી રહ્યું છે, જેની સામે મહા શક્તિશાળી અમેરિકા પણ લાચાર જોવા મળી રહી રહ્યું છે. અમેરિકાની ગુપ્ત એજન્સી CIAના પ્રમુખ વિલિયમ બર્ન્સ આ મહિને ભારત આવ્યા હતા. બર્ન્સ તાલિબાની સત્તા પર ભારત સાથે ચર્ચાના હેતુસર આવ્યા હતા, પરંતુ અહીં એમણે એક મોટી મુસીબતનો સામનો કરવો પડ્યો હતો. સીઆઈએ પ્રમુખની ટૂકડીના એક સભ્ય પર હવાના સિન્ડ્રોમની જેમ રહસ્યમય હુમલો થયો અને તેણે અમેરિકા સારવાર કરાવવી પડી હતી. એક મીડિયા રિપોર્ટ મુજબ સીઆઈએના અધિકારીને સતત હવાના સિન્ડ્રોમના લક્ષણ દેખાઈ રહ્યા છે. જેના ખુલાસા પછી વિલિયમ બર્ન્સ ગુસ્સે ભરાયા હતા. રહસ્યમય હવાના સિન્ડ્રોમથી અત્યાર સુધી અમેરિકાના ૨૦૦ની આસપાસ અધિકારીઓ અને એમના પરિવાર બીમાર થઈ ચૂક્યા છે. હવાના સિન્ડ્રોમથી પીડિત લોકોમાં માથાનો દુખાવો, ઉલટી, યાદશક્તિ ગુમાવવી, ચક્કર આવવા જેવા લક્ષણો સામેલ છે. આ બિમારી વિશે સૌથી પહેલો ખુલાસો ૨૦૧૬માં ક્યૂબાની રાજધાની હવાનાથી સામે આવ્યો હતો. હવાનામાં અમેરિકાના દૂતાવાસના અનેક અધિકારીઓ હવાના સિન્ડ્રોમનો શિકાર બન્યા હતા. હવાના સિન્ડ્રોમથી હવે અમેરિકા અને કેનેડાના જાસૂસ અને દૂતાવાસના કર્મચારીઓ આખી દુનિયામાં સામનો કરી રહ્યા છે. ગત ઓગસ્ટમાં અમેરિકાની વાઈસ પ્રેસિડન્ટ કમલા હેરિસે વિયતનામની રાજધાની હનોઈમાં હવાના સિન્ડ્રોમના શંકાસ્પદ કેસ પછી પોતાની મુલાકાત રદ કરી હતી. અમેરિકાએ લાંબી તપાસ પછી લેઝર હથિયારોના ઉપયોગને લઈને મોટો ખુલાસો કર્યો છે. ૨૦૧૬માં ક્યૂબામાં અમેકિરા દૂતાવાસના અધિકારીઓ અને સીઆઈએના જાસૂસોમાં હવાના સિન્ડ્રોમના લક્ષણો જોવા મળ્યા હતા. તપાસમાં પીડિતોના મગજના ટિશ્યૂને પહોંચેલુ નુકસાન બોમ્બ વિસફોટ કે કાર એક્સિડેન્ટમાં થયેલા નુકસાનની બરાબર હતું. જે પછી અમેરિકાએ અડધાથી વધારે પોતાના કર્મચારીઓને દેશ પરત બોલાવી લીધા હતા. માનવામાં આવે છે કે અમેરિકાના અધિકારીઓ વિરૂદ્ધ સોનિક વેપનનો ઉપયોગ થઈ રહ્યો છે. આવા હુમલાની ફરિયાદ અમેરિકાએ ચીન અને રશિયામાં પણ કરી છે. હાલમાં અમેરિકા આ રહસ્યમય હવાના સિન્ડ્રોમની તપાસ કરી રહ્યું છે, માનવામાં આવે છે કે આ વર્ષે ડિસેમ્બર સુધી રિપોર્ટ આવી જશે.

રવિવારે ઓણમ બંપર લોટરીના વિજેતાનું નામ જાહેર

કેરળના રિક્ષાચાલકને ૧૨ કરોડ રૂપિયાની લોટરી લાગી

૫૬ વર્ષીય જયપાલન, ૯૫ વર્ષીય માતા, પત્ની અને બે બાળકો સાથે રહે છે, ટીવી પરથી લોટરીના વિજેતા થયા

(એજન્સી) કોચિ, તા.૨૧

૫૬ વર્ષીય જયપાલન પીઆરે વિચાર્યુ પણ નહી હોય કે તેઓ એક દિવસ ૧૨ કરોડ રૂપિયાના માલિક બની જશે. ગરીબ અને મધ્યમ પરિવારના લોકો માટે આટલી મોટી રકમ પ્રાપ્ત કરવીએ કોઈ સ્વપ્ન સમાન જ હોય છે. અને જયપાલનતો વ્યવસાયે રીક્ષાચાલક છે, તેમના માટે રીક્ષા ચલાવીને આટલી મોટી રકમ ભેગી કરવી લગભગ અશક્ય હતી. લોકો તેમને ઓટો વાળા ભાઈ કહીને બોલાવતા હતા પરંતુ આજે આખું કેરળ તેમના વિષે જાણવા ઉત્સુક છે. જયપાલન કોચિ પાસે મરાડુમાં પોતાના ૯૫ વર્ષીય માતા, પત્ની અને બે બાળકો સાથે રહે છે. તેમણે પોતાના બાળકોના સુવર્ણ ભવિષ્ય માટે ખૂબ મહેનત કરી. જો કે, હવે તેમનું જીવન સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. હવે તે કરોડો રૂપિયાના માલિક બની ગયા છે અને તેઓ પોતાના સપના સાકાર કરશે. જયપાલન રીક્ષા ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. રવિવારના રોજ ઓણમ બંપર લોટરીના વિજેતાનું નામ જાહેર કરવામાં આવ્યુ હતું. આ જાહેરાત પછી જયપાલનના દિવસો બદલાઈ ગયા છે કારણકે તેમણે ૧૨ કરોડની લોટરી જીતી છે. આ પરિણામ જાહેર થયા પછી લોકો જાણવાનો પ્રયત્ન કરી રહ્યા છે કે આખરે ૧૨ કરોડના વિજેતા જયપાલન કોણ છે. જયપાલન જણાવે છે કે, તેમને ટીવીના માધ્યમથી બંપર પ્રાઈઝ જીતનારા લોટરીના નંબર વિષે જાણવા મળ્યું. જ્યારે તેમણે ટીવીમાં પોતાનો નંબર જોયો તો તેમની ખુશીનું કોઈ ઠેકાણુ નહોતું. રિપોર્ટ અનુસાર, સોમવારે સવારે જયપાલને કેનરા બેન્કની પલ્લીનાડા બ્રાન્ચમાં ટિકિટ જમા કરાવી છે. ત્યારપછી જ તેઓ બંપર લોટરી જીત્યા હોવાની ખબર વાયરલ થઈ છે. ઉલ્લેખનીય છે કે જયપાલન દર વર્ષે જ ઓણમ બંપર ટિકિટ ખરીદતા હતા. તેઓ જણાવે છે કે, હું લગભગ દરેક સીઝનમાં માત્ર એક જ બંપર ટિકિટ ખરીદુ છું. અને આ વર્ષે નસીબે મારો સાથ આપ્યો. પરિવાર આ રકમનો ઉપયોગ ઘર બનાવવામાં અને દેવું ચૂકતે કરવા માટે કરશે. રવિવારના રોજ જાહેર કરવામાં આવેલા વિજેતા જયપાલનની લોટરીનો નંબર ટીઈ-૬૪૫૪૬૫ છે. તેમણે ૧૦ સપ્ટેમ્બરના રોજ ત્રિપુનિથુરામાં મીનાક્ષી લોટરી પાસેથી ટિકિટ ખરીદી હતી. કુલ ૧૨ કરોડ રુપિયામાંથી ૧૦ ટકા પૈસા એજન્સી કમિશન તરીકે લેશે. ટેક્સ કપાયા પછી જયપાલનને લગભગ ૭.૩૯ કરોડ રૂપિયા મળશે.

'આઘાતજનક', કેસો 'સામૂહિક રીતે' CBIને ટ્રાન્સફર કરવામાં આવ્યા : સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

પશ્ચિમ બંગાળ સરકારે આજે સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂઆત કરતા જણાવ્યું હતું કે, રાજ્યમાં જે થઈ રહ્યું છે એ આઘાતજનક છે અને કેસો સામૂહિક રીતે સીબીઆઈને ટ્રાન્સફર કરવામાં આવી રહ્યા છે, જેમાં ડકૈતીના કેસો પણ સામેલ છે. રાજ્ય સરકાર તરફે રજૂઆત કરવા વકીલ કપિલ સિબ્બલે સુપ્રીમ કોર્ટની જજ વિનીત સરન અને અનિરૂદ્ધ બોસની બેંચ સમક્ષ જણાવ્યું હતું કે, જ્યારે કોઈ કેસમાં શંકા હોય છે કે, એ કેસમાં તપાસ નિષ્પક્ષ નહીં થાય ત્યારે જ કેસ સીબીઆઈને તપાસ માટે સોંપવામાં આવે છે. કોર્ટ પ્રથમ દર્શનીય રીતે નિર્ણય કરે છે અને પછીથી સીબીઆઈને કેસ સોંપવા આદેશ આપે છે. પણ આ કેસોમાં સામૂહિક રીતે કેસોની તપાસ સીબીઆઈને સોંપવામાં આવી છે. એમાં અમુક આઘાતજનક ઘટનાઓ જોવા મળી રહી છે. એક કેસમાં વ્યક્તિ જીવિત છે અને સીબીઆઈ ડકૈતીના કેસોની પણ તપાસ કર રહી છે. આ પ્રકારની વસ્તુઓ થઈ રહી છે. સુપ્રીમ કોર્ટ રાજ્ય સરકાર દ્વારા દાખલ કરાયેલ સ્પે. લીવ પિટિશનની સુનાવણી કરી રહી હતી જેમાં એમણે આક્ષેપો મૂક્યા હતા કે, તેમને અપેક્ષા નથી કે, સીબીઆઈ નિષ્પક્ષ તપાસ કરશે કારણ કે, તેઓ શાસકપક્ષ ટીએમસીના હોદ્દેદારોના કેસો ઉકેલવામાં વ્યસ્ત છે. સુનાવણીની શરૂઆત થતાં સિબ્બલે રજૂઆત કરી હતી કે, મને દલીલો કરવા માટે ત્રણ-ચાર કલાકનું સમય જોઈએ પણ બેન્ચે કહ્યું કે, અત્યારે અમે આટલો સમય નહીં ફાળવી શકીએ એ માટે આગામી અઠવાડિયે સુનાવણી રાખો. બેન્ચે કહ્યું કે, બંને પક્ષકારોની સંમતિ સાથે કેસની સુનાવણી ૨૮મી સપ્ટેમ્બરે પ્રથમ કેસ તરીકે રાખવામાં આવે છે. પક્ષકારો જો વધુ દસ્તાવેજો રજૂ કરવા ઈચ્છતા હોય તો તેઓ રજૂ કરી શકે છે જેની નકલો ૨૪મી સપ્ટેમ્બર સુધી સામાવાળાઓને અને કોર્ટને આપવાની રહેશે.

નસીબદાર શ્વાન : એર ઈન્ડિયાના પ્રવાસીએ પોતાના કૂતરાને ચેન્નાઈ લઈ જવા માટે બિઝનેસ કલાસની સમગ્ર કેબિન બુક કરાવી નાખી

(એજન્સી) તા.૨૧

જેવું કે જુની કહેવત છે, કૂતરો માણસોનો સૌથી સારો મિત્ર હોય છે. મુંબઈના આ પાલતું માતા-પિતાએ માત્ર પોતાના અને પોતાના ચાર પગવાળા બાળક માટે સંપૂર્ણ બિઝનેસ કલાસ કેબિન બુક કરી તેને સાબિત કરી દીધું. આ પ્રથમ એવું ઉદાહરણ છે. જ્યારે કોઈ પાલતુ પ્રાણી માટે સંપૂર્ણ બિઝનેસ કલાસની કેબિનને બુક કરવામાં આવી હતી. કૂતરો એક માલ્ટીજે શૈલીમાં પ્રવાસ કર્યો. જ્યારે તેના માલિકે ચેન્નાઈ જતી એર ઈન્ડિયાની ફલાઈટમાં બિઝનેસ કલાસ કેબિન બુક કરવા માટે ૨.૫ લાખ રૂપિયાથી વધુ ખર્ચ કર્યો. ફલાઈટમાં સિંગલ બિઝનેસ કલાસની સીટનું એક તરફનું ભાડું ૨૦,૦૦૦ રૂપિયા છે. કુતરૂ પાછલા બુધવારે સવારે ૯ વાગે મુંબઈથી રવાના થયેલી એર ઈન્ડિયાની ફલાઈટ એઆઈ-૬૭૧ લઈને સવારે ૧૦:૫૫ વાગે ચેન્નાઈ પહોંચી. એઆઈએ ૩૨૦ વિમાનમાં લાગેલા જે કલાસ કેબિનમાં ૧૨ સીટો છે. એર ઈન્ડિયા એક માત્ર ઘરેલુ વાહક છે જે પાલતુ પ્રાણીઓને પ્રવાસી કેબિનમાં જવા દે છે. રિપોર્ટ મુજબ પાછલા વર્ષે એર ઈન્ડિયા પર પાલતુ પ્રાણીઓની અવરજવર વધુ હતી. જૂન અને સપ્ટેમ્બરની વચ્ચે એર ઈન્ડિયાએ પોતાની ઘરેલુ ફલાઈટમાં ૨૦૦૦ પાલતુ પ્રાણીઓને ઉડાવ્યા હતા.

દિલીપ ઘોષની ભાજપના ઉપપ્રમુખ પદે પસંદગી : બાલુરઘાટના સાંસદ સુકાન્તા મજુમદારને બંગાળના પાર્ટી પ્રમુખ બનાવાયા

ઘોષની કાર્યપદ્ધતિ સામે ભાજપમાં જ આંતરિક નારાજગી હતી : અહેવાલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

બંગાળના ભાજપના પ્રમુખ દિલીપ ઘોષને સોમવારે તેમના પદેથી દૂર કરી પાર્ટીના રાષ્ટ્રીય ઉપપ્રમુખ બનાવવામાં આવ્યા હતા. દરમ્યાન બાલુરઘાટના સાંસદ સુકાન્તા મજુમદારને બંગાળના પાર્ટી પ્રમુખ બનાવાયા હતા. ભાજપ સૂત્રોના જણાવ્યા મુજબ, પાર્ટીએ ઉત્તર બંગાળના સાંસદને પક્ષના નવા પ્રમુખ બનાવ્યા હતા. છેલ્લા કેટલાક સમયથી બંગાળમાં ભાજપના નેતા તૃણમૂલ કોંગ્રેસમાં સામેલ થઈ રહ્યા હતા. ઉપરાંત ભાજપના જ કેટલાક નેતાઓએ દિલીપ ઘોષ સામે ફરિયાદ કરી હતી. કેસરિયા પાર્ટીના નેતાઓએ રજૂઆત કરી હતી કે, બંગાળમાં ઘોષને કારણે પાર્ટીને નુકસાન થઈ રહ્યું છે. તાજેતરમાં ટીએમસીમાં સામેલ થયેલા બાબુલ સુપ્રિયોએ બંગાળમાં ભાજપની હાર માટે ઘોષને જવાબદરા ઠેરવ્યા હતા. બંગાળના નવા ભાજપ પ્રમુખ સુકાન્તા મજુમદારે જણાવ્યું હતું કે, તેઓ પોતાને પ્રમુખ બનાવવા બદલ પાર્ટીની કેન્દ્રીય નેતાગિરીના આભારી છે. તેઓ બંગાળમાં ભાજપને મજબૂત બનાવવા માટે કામ કરશે. તેઓ બંગાળમાં પાર્ટીને થઈ રહેલા નુકસાનને કેવી રીતે અટકાવશે તેવું પૂછાતાં સુકાન્તા મજુમદારે જણાવ્યું હતું કે, જમીન પરના કાર્યકરો ભાજપનો પાયો છે. તેમણે દાવો કર્યો હતો કે, ૨૦૨૪ની ચૂંટણીમાં બંગાળમાંથી ભાજપના સાંસદોની સંખ્યા ૧૮થી વધી જશે. જે લોકો ખરેખર ભાજપના સિદ્ધાંતોને અનુસરે છે તેઓ પાર્ટીથી વિમુખ નહીં થાય. દિલીપ ઘોષે ટ્વિટ કરી બંગાળ ભાજપના નવા પ્રમુખને શુભેચ્છા પાઠવી હતી.

આસામ : બોડોલેન્ડ પ્રાદેશિક ક્ષેત્રમાં બે વ્યક્તિની હત્યા વિરૂદ્ધ દેખાવો ફાટી નીકળ્યા

ત્રાસવાદીઓ સાથે થયેલી અથડામણ દરમ્યાન બે યુવાનો માર્યા ગયાનો પોલીસનો દાવો પણ પરિવારે ઠંડા કલેજે થયેલી હત્યા ગણાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

આસામના કોકરાજહર જિલ્લામાં પોલીસ દ્વારા બોડોલેન્ડ પ્રાદેશિક ક્ષેત્રમાં બે વ્યક્તિની હત્યા વિરૂદ્ધ દેખાવો ફાટી નીકળ્યા હતા, એમ એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. પોલીસે દાવો કર્યો હતો કે, ત્રાસવાદીઓ સાથે થયેલી અથડામણ દરમ્યાન બે યુવાનો માર્યા ગયા હતા. જો કે મૃતકોના પરિવારે ઠંડા કલેજે થયેલી હત્યા ગણાવી હતી. મૃતકોની ઓળખ જનક બ્રહ્મા અને જોનગસર મુશાહેરી તરીકે કરવામાં આવી હતી. પોલીસે પીડિત પરિવારના આ આરોપોને ફગાવ્યા હતા. પોલીસે દાવો કર્યો હતો કે, બંને મૃતકો નવા રચાયેલા ઉગ્રવાદી સંગઠન યુનાઈટેડ લિબ્રેશન ઓફ બોડોલેન્ડના સભ્યો હતા. તેઓ ખંડણી જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલા હતા. પોલીસે જણાવ્યું હતું કે, ગત ૧૭ સપ્ટેમ્બરના રોજ બંને મૃતકોની હથિયારો સાથે ધરપકડ કરવામાં આવી હતી. તેમણે પોલીસને બોડોલેન્ડના યુનાઈટેડ લિબ્રેશનના કેમ્પ અંગે માહિતી આપી હતી. જે કોકરાજહર ઉલ્ટાપાની અભયારણ્યમાં સ્થિત છે. પોલીસે દાવો કર્યો હતો કે, બીજા દિવસે તેઓએ આ કેમ્પ ખાતે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. પોલીસ જ્યારે બન્ને સંદિગ્ધ ત્રાસવાદીઓને લઈ કેમ્પ ખાતે પહોંચી ત્યારે સામેથી અચાનક ગોળીબાર શરૂ થઈ

ગયો હતો. પોલીસ પાર્ટી પર અચાનક થયેલા હુમલાથી તેઓ ડઘાઈ ગયા હતા. પોલીસે વળતો ગોળીબાર કર્યો હતો. પોલીસે સ્થિતિ પર નિયંત્રણ મેળવવા પ્રયાસ કર્યો હતો. ૩૦ મિનિટ સુધી સામ-સામે ગોળીબારની રમઝટ ચાલી હતી. આ ગોળીબાર દરમ્યાન બંને ત્રાસવાદીઓએ ફરાર થવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ તે બંને મૃત હાલતમાં મળી આવ્યા હતા, એમ સ્થાનિક અધિક એસપી સુરજીત સિંહ પાનસરે જણાવ્યું હતું. સ્થાનિકોએ દાવો કર્યો હતો કે, બન્ને મૃતકો કોઈ ઉગ્રવાદી સંગઠનો સાથે જોડાયેલા ન હતા. પોલીસે ઠંડા કલેજે તેમની હત્યા કરી હતી.

નરેન્દ્ર ગિરિ મૃત્યુ કેસ : કથિત મુખ્ય આરોપી આનંદ ગિરીની ધરપકડ, તપાસ માટે SITની રચના : ADG પોલીસ

(એજન્સી) તા.૨૧

નરેન્દ્ર ગિરીના મોતના કેસમાં કથિત મુખ્ય આરોપી આનંદ ગિરીની ધરપકડ કરવામાં આવી છે. ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં અધિક પોલીસ મહાનિર્દેશકે ઈન્ડિયા ટુડેને જણાવ્યું છે કે, નરેન્દ્ર ગિરીના મોતના કેસમાં મુખ્ય આરોપી આનંદ ગિરીની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત આ કેસની તપાસ માટે વિશેષ તપાસ ટીમની રચના કરવામાં આવી છે. અખિલ ભારતીય અખાડા પરિષદના પ્રમુખ મહંત નરેન્દ્ર ગિરી સોમવારે સાંજે ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં બાગમબારી મઠમાં તેમના રૂમમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, એક હસ્તલિખિત આત્મહત્યા પત્ર જેમાં તેમણે પોતાની ઈચ્છા લખી હતી અને કથિત રીતે તેમને પરેશાન કરનારા સંખ્યાબંધ

લોકોના નામ આ પત્રમાં મળી આવ્યા હતા. આ પત્ર તેમના રૂમમાંથી મળી આવ્યો હતો અને આ નામોમાં એક નામ તેમના શિષ્ય આનંદ ગિરીનું હતું. જો કે, આનંદ ગિરીએ કહ્યું છે કે, આ બધું તેમની વિરૂદ્ધ કરવામાં આવેલું એક 'વિશાળ ષડ્યંત્ર' છે અને નરેન્દ્ર ગિરીને 'પૈસા માટે ત્રાસ' આપવામાં આવ્યો હતો અને તેમની હત્યા કરવામાં આવી હતી. આનંદ ગિરીની સોમવારે રાત્રે હરિદ્વારમાં અટકાયત કરવામાં આવી હતી અને ત્યારબાદ પોલીસે તેની ધરપકડ કરી હતી. યુપીના પ્રયાગરાજમાં જ્યોર્જ ટાઉન પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬ (આત્મહત્યા માટે ઉશ્કેરવું) હેઠળ તેમના નામ સાથે એફઆઈઆર નોંધવામાં આવી હતી. પ્રયાગરાજમાં વરિષ્ઠ પોલીસ અધિક્ષકે કહ્યું કે, પ્રત્યક્ષદર્શીઓના નિવેદન નોંધવામાં આવી રહ્યા છે અને કેસના દરેક પાસાની તપાસ કરવામાં આવી રહી છે. દરમિયાન ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી કે.પી. મૌર્યએ કહ્યું છે કે, જરૂર પડયે સીબીઆઈ તપાસનો આદેશ આપવામાં આવશે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે નરેન્દ્ર ગિરીને અંતિમ શ્રદ્ધાંજલિ આપી હતી અને કહ્યું છે કે, ગુનેગારોને છોડવામાં આવશે નહીં.

અમેરિકાના ઉપપ્રમુખ કમલા હેરિસ ૨ ઉમી સપ્ટેમ્બરે પીએમ મોદીને મળશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકાના પ્રવાસ દરમિયાન રાષ્ટ્રપ્રમુખ જો બાઈડેન અને વ્હાઈટ હાઉસમાં ક્વાડ સમિટના એક દિવસ પહેલાં ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ સાથે મુલાકાત થશે તેમ વોશિંગ્ટનમાં ટોચના અધિકારીઓએ જણાવ્યું હતું. ૨૪મી સપ્ટેમ્બરે વ્હાઈટ હાઉસ ખાતે બાઈડેન વડાપ્રધાન મોદી સાથે દ્વીપક્ષીય બેઠક કરશે. ત્યારબાદ એજ દિવસે બાઈડેન પીએમ મોદી, જાપાનના પીએમ યોશિહીડે સુગા અને ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન સ્કોટ મોરિસન સાથે વ્હાઈટ હાઉસમાં ક્વાડ નેતાઓની બેઠકમાં પ્રથમવાર ફિઝિકલી ભાગ લેશે. વ્હાઈટ હાઉસના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઉપરાષ્ટ્રપતિ રિપબ્લિક ઓફ ઈન્ડિયાના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે. બંને નેતાઓની આ પ્રથમ બેઠક હશે. હેરિસે આ પહેલાં મોદી સાથે કોરોના કાળ દરમિયાન ફોન પર કેટલીકવાર વાત કરી છે. હેરિસ

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ બનનારા સૌપ્રથમ ભારતીય મૂળના વ્યક્તિ છે. આ અઠવાડિયા દરમિયાન સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના વાર્ષિક સત્રમાં સામેલ થવા માટે ન્યૂયોર્કમાં વિશ્વ નેતાઓ હાજર રહેશે ત્યારે વ્હાઈટ હાઉસ અનુસાર હેરિસ બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસન સાથે પણ સૌપ્રથમ મુલાકાત કરશે. આ ઉપરાંત ઝિમ્બાબ્વેના પ્રમુખ હકાઈન્ડે હિચીલેમા સાથે બુધવારે અને ગુરૂવારે ઘાનાના પ્રમુખ અકુફો અડો સાથે પણ મુલાકાત કરશે. વ્હાઈટ હાઉસના અધિકારી અનુસાર બુધવારે કમલા હેરિસ કોરોના મહામારીને રોકવા માટે સારી તૈયારીઓ કરવા માટે વર્ચ્યુઅલ સમિટમાં રાષ્ટ્રપતિના સંબોધનની પણ આગેવાની કરશે.

અખિલ ભારતીય અખાડા પરિષદના અધ્યક્ષ મહંત નરેન્દ્ર ગિરિની રહસ્યમય આત્મહત્યાની CBI તપાસની માંગ

(એજન્સી) તા.૨૧

અખિલ ભારતીય અખાડા પરિષદ (ABAP)ના પ્રમુખ મહંત નરેન્દ્ર ગિરીના રહસ્યમય મોતની સીબીઆઈ તપાસની માગણી કરવા માટે અલ્હાબાદ હાઈકોર્ટમાં એક પિટિશન દાખલ કરવામાં આવી છે. એડવોકેટ સુનિલ ચૌધરી દ્વારા આ અરજી દાખલ કરવામાં આવી છે. અરજદારે જણાવ્યું છે કે, સોમવારે સાંજે જે સંજોગોમાં મહંત મૃત હાલતમાં મળી આવ્યા હતા, તે અત્યંત શંકાસ્પદ અને રહસ્યમય છે. અખાડાના કેટલાક સભ્યોએ મહંત નરેન્દ્ર ગિરી દ્વારા કથિત રીતે લખેલા પાંચ પાનાના આત્મહત્યા પત્ર પર શંકા વ્યક્ત કરી છે. મહંત આનંદ ગિરી જેઓ તેમના શિષ્યો પૈકી એક છે,અને તે મુખ્ય શંકાસ્પદ છે અને હરિદ્વારથી કસ્ટડીમાં લેવામાં આવ્યા છે, તેમણે એમ પણ કહ્યું કે, મહંતે ક્યારેય એક કે બે વાક્યથી આગળ કશું લખ્યું નથી અને એ અસંભવ છે તેઓ આટલો લાંબો આત્મઘાતી પત્ર લખી શકે. સંતો પણ કહી રહ્યા છે કે, નરેન્દ્ર ગિરી ક્યારેય આત્મહત્યા કરી ન શકે. પોલીસે અત્યાર સુધી પૂછપરછ માટે ત્રણ વ્યક્તિઓની અટકાયત કરી છે આનંદગિરી, હનુમાન મંદિરના પૂજારી આદ્યા તિવારી અને તેમના પુત્ર સંદીપ તિવારી. સ્યુસાઈડ નોટમાં

તેમના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ અરજીમાં શંકાસ્પદ પૈકીના એક મહંત આનંદગિરી દ્વારા આપવામાં આવેલા નિવેદનનો પણ ઉલ્લેખ છે, જે પ્રયાગરાજના કેટલાક પોલીસ અધિકારીઓની ભૂમિકા પર સવાલ ઊઠાવે છે. ભાજપના પૂર્વ સાંસદ વિનય કટિયારે પણ મહંતના મોતની સીબીઆઈ તપાસની માંગ કરી છે, તેમણે કહ્યું છે કે, નિષ્પક્ષ તપાસની ખાતરી કરવાનો આ એકમાત્ર માર્ગ છે.

અખિલ ભારતીય અખાડા પરિષદના અધ્યક્ષ મહંત નરેન્દ્ર ગિરિની રહસ્યમય આત્મહત્યા; તેઓ જાતિ વ્યવસ્થાના વિરોધી હતા અને કુટુંબ નિયોજનની તરફેણ કરતાં હતા

(એજન્સી) તા.૨૧

અખિલ ભારતીય અખાડા પરિષદના અધ્યક્ષ મહંત નરેન્દ્ર ગિરી એક અત્યંત આદરણીય વ્યક્તિ હતા અને તેઓને જાણીતા લોકો તેમજ સામાન્ય લોકો દ્વારા આદર આપવામાં આવતો હતો. તેમનું જીવન મિશન જ્ઞાતિ પ્રથા વિરૂદ્ધ આંદોલન હતું. તેમનું માનવું હતું કે, જાતિઓને સનાતન ધર્મમાં કોઈ સ્થાન નથી અને તેમની રચના તેને બદનામ કરવાનું એક ષડ્યંત્ર છે. હિન્દુ ધર્મની નિયત પ્રથાઓને શુદ્ધ કરવાની આ નિષ્ઠા તેમના માટે એટલી કિંમતી હતી કે, તેઓ ધાર્મિક વ્યક્તિઓના ટીકાકાર અને વિરોધી હતા, જેમને એવું લાગતું હતું કે, તેઓ તેમને બદનામ કરી રહ્યા છે. મે ૨૦૨૧માં તેમણે તેમના એક શિષ્ય આનંદગિરી (જેઓ તેમના રહસ્યમય મૃત્યુમાં મુખ્ય શંકાસ્પદ છે) વિરૂદ્ધ તેમના પરિવાર સાથે સતત સંપર્કમાં રહેવા અને સંન્યાસ અથવા ત્યાગના મૂળભૂત સિદ્ધાંતનો અનાદર કરવા બદલ ફરિયાદ કરી હતી, તે સમયે તેમણે આ શિષ્ય વિરૂદ્ધ નાણાકીય અનિયમિતતાના આરોપો પણ લગાવ્યા હતા અને તે સાચા હોવાનું જણાયું હતું. તાજેતરમાં જ જૂન મહિનામાં મહંત નરેન્દ્ર ગિરીએ તમામ માન્યતા પ્રાપ્ત મઠના

આગેવાનોને કોઈ પણ હિંદુ પર દમન કે ઉપેક્ષા ન થાય તે સુનિશ્ચિત કરીને ધાર્મિક ધર્માંતરણ રોકવા આહ્વાન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, એવા સંજોગો ન બનાવો જેના લીધે કોઈ પોતાનો ધર્મ બદલવા માટે તૈયાર થઈ જાય. તેમની આ માન્યતા કટ્ટર હિન્દુ સંગઠનો દ્વારા આપવામાં આવેલી શુદ્ધિ (શુદ્ધતા)ની દલીલથી અલગ છે, જે લોકોને હિન્દુ ધર્મમાં પુનઃ સ્થાપિત કરવા માંગે છે. તેમણે કહ્યું હતું કે, 'સાધુની કોઈ જાતિ હોતી નથી. સંન્યાસ લીધા પછી બધા સમાન છે. તેમનો વિરોધ જાતિ આધારિત આરક્ષણો સુધી પણ વિસ્તૃત હતો, જેને તેમણે રાષ્ટ્રીય વિકાસ માટે હાનિકારક ગણાવ્યો હતો. ભારતીય સમાજમાં વિવાદો સામે મહંતનો કટ્ટર વિરોધ માત્ર સૈદ્ધાંતિક ન હતો. અયોધ્યાની મુલાકાત વખતે રામજન્મભૂમિ ટાઈટલ સૂટમાં મુખ્ય વકીલ હાશિમ અન્સારીની તબિયત ખરાબ હોવાનું સાંભળીને નરેન્દ્ર ગિરી ફળોની ભેટ સાથે તેમની મુલાકાત લેવા ગયા હતા. બાદમાં તેમણે કહ્યું કે, તે અન્સારીના આશીર્વાદ લેવા માટે ગયા હતા. સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી તેમણે કહ્યું હતું કે, રામ મંદિરના નિર્માણની દેખરેખ માટે રચાયેલા ટ્રસ્ટમાં અખાડાઓનું પણ પ્રતિનિધિત્વ આપવામાં આવવું જોઈએ. મહંતના કેટલાક વિચારો કટ્ટરવાદી હતા. દાખલા તરીકે બે બાળકોની સંખ્યાને મર્યાદિત કરવાના કારણને સમર્થન આપતી વખતે તેમણે કહ્યું હતું કે, બેથી વધુ બાળકો ધરાવતા લોકોના મતદાન અધિકાર છીનવી લેવા જોઈએ, જેમ કે તેમના ચૂંટણી લડવાના અધિકારો છીનવી લેવા જોઈએ. તેમને આધાર નંબર પણ જારી ન કરવો જોઈએ. તેમની લોકપ્રિયતા સોમવારે સાંજે તેમનો મૃતદેહ ત્યારથી તેમને શ્રદ્ધાંજલિ આપવા માટે લોકોની સંખ્યા પરથી સ્પષ્ટ થાય છે.

પાકિસ્તાનમાં હિંદુ યુવતીએ ઈતિહાસ રચ્યો

પાક.માં હિંદુ યુવતીને ટોચના અધિકારી તરીકે નિમણૂંક મળી

નવી દિલ્હી, તા.૨૧

પાકિસ્તાનના ઈતિહાસમાં પહેલી વખત હિન્દુ યુવતીએ પાકિસ્તાનની સૌથી મુશ્કેલ ગણાતી સિવિલ સર્વિસની પરીક્ષા પાસ કરી છે. ૨૭ વર્ષની ડોકટર સના રામચંદ ગુલવાનીએ આમ તો સેન્ટ્રલ સુપિરિયર સર્વિસની પરીક્ષા માં મહિનામાં જ પાસ કરી લીધી હતી પણ સોમવારે તેની એપોઈન્ટમેન્ટ પર પણ મહોર વાગી ગઈ છે. પાકિસ્તાનમાં આ પરીક્ષા ભારતની યુપીએસસીની પરીક્ષા જેવી ગણાય છે. આ

પરીક્ષા પાસ કરનારા ઉમેદવારોની પાકિસ્તાનની સરકારમાં ટોચના હોદ્દાઓ પર નિયુક્તિ થતી હોય છે. સનાએ કહ્યુ હતુ કે, વાહે ગુરુજી કા ખાલસા અને વાહે ગુરુજી કી ફતેહ, અલ્લાહનો આભાર કે મેં સેન્ટ્રલ સુપિરિયર સર્વિસની પરીક્ષાને પાસ કરી લીધી છે. પરીક્ષામાં મારો પહેલો પ્રયાસ હતો અને હું ખુશ છું. હું જે ઈચ્છતી હતી તે મેં મેળવ્યુ છે. આ પરીક્ષા ક્લીયર કરવાનુ મેં નક્કી કર્યું હતુ અને તેના માટે હું ભારે મહેનત કરી રહી હતી.

ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્ષ-૨૦૨૧માં ભારત હવે ૪૬મા સ્થાને પહોંચ્યું

ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેક્ષ એ લેટેસ્ટ એડિશન છે. વાસ્તવમાં ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્ષ દુનિયાભરની સરકારો માટે પોતપોતાના દેશોમાં સામાજિક અને આર્થિક પરિવર્તનનું મૂલ્યાંકન કરવાના આધારસમાન છે

(એજન્સી) તા.૨૧

વિશ્વ બૌદ્ધિક સંપદા સંગઠનના ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્ષ ૨૦૨૧ના રેંકિંગમાં ભારત બે સ્થાન ઉપર વધીને હવે ૪૬માં સ્થાને પહોચી ગયું છે એવું નીતિ આયોગ દ્વારા એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું હતું. આ નિવેદન અનુસાર ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્ષની (જીઆઈઆઈ) બાબતમાં ભારતની સ્થિતિમાં છેલ્લા કેટલાક વર્ષોથી સુધારો જારી છે. વર્ષ ૨૦૧૫માં ભારત આ બાબતમાં ૮૧મા સ્થાને હતું જ્યારે ૨૦૨૧માં તે હવે ૪૬માં સ્થાને આવી ગયું છે. મહામારી દ્વારા સર્જાયેલ અભૂતપૂર્વ કટોકટી સામેની આપણી લડતમાં ઈનોવેશન એટલે કે નવીનીકરણ એ મોખરે હતું અને વડાપ્રધાને આત્મનિર્ભર ભારત માટે કરેલી હાકલ અનુસાર દેશની સ્થિતિસ્થાપકતા અને આત્મનિર્ભરતાને વેગ આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે એવું આયોગ

દ્વારા એક નિવેદનમાં જણાવાયું હતું. નિવેદનમાં વધુમાં જણાવાયું હતું કે જીઆઈઆઈ રેંકિંગમાં સતત સુધારાનું કારણ જ્ઞાનની સમૃદ્ધ મૂડી, જીવંત સ્ટાર્ટઅપ માહોલ, બાયોટેકનોલોજી વિભાગ અને અંતરીક્ષ વિભાગ જેવા વૈજ્ઞાનિક સંસ્થાનોએ રાષ્ટ્રીય નવોન્મેષ પરિવેશને સમૃદ્ધ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. ગઈ સાલ નીતિ આયોગ દ્વારા જારી કરવામાં આવેલ ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેક્ષને ભારતના તમામ રાજ્યોમાં ઈનોવેશનના વિકેન્દ્રીકરણની દિશામાં એક મહત્વના પગલાં તરીકે સ્વીકારવામાં આવ્યું હતું. આ વર્ષોમાં જીઆઈઆઈએ સ્વયંને વિવિધ સરકારો માટે એક નીતિ ઉપકરણના સ્વરૂપમાં સ્થાપિત કરેલ છે અને તેમને વર્તમાન યથાસ્થિતિને તેને પ્રતિબિંબિત કરવામાં મદદ કરી છે. ધ કોન્ફેડ્રેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (સીઆઈઆઈ) પણ ઈનોવેશન સંચાલિત અર્થતંત્રની દિશામાં ભારતની યાત્રાના પથ પ્રદર્શક તરીકે આગળ વધી રહી છે. આ વર્ષે નીતિ આયોગ, સીઆઈઆઈ અને વિશ્વ બૌદ્ધિક સંપદા સંગઠન (ડબ્લ્યુઆઈપીઓ)ની સાથે ભાગીદારીમાં જીઆઈઆઈના ભારત લોંચ અને ગ્લોબલ ઈનોવેશન કોન્ક્લેવની મેજબાની કરી રહ્યું છે. ગ્લોબલ ઈનોવેશન કોન્ક્લેવ અને ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્ષ ૨૦૨૧ના ભારત લોંચમાં સામેલ થવા માટે રજીસ્ટ્રેશન જરુરી છે. આ કોન્ક્લેવ ૨૧-૨૨ સપ્ટે.૨૦૨૧ના રોજ યોજાનાર છે.

મહંત નરેન્દ્ર ગિરિ 'આત્મહત્યા' : સંતો હત્યા થઈ હોવાની શંકા વ્યક્ત કરે છે, હત્યાનું કારણ નાણાકીય વિવાદ હોઈ શકે છે, ઉત્તરપ્રદેશ સરકારે સઘન તપાસ કરવાની ખાતરી આપી : આ ઘટનાના ૧૦ મુખ્ય મુદ્દા

(એજન્સી) તા.૨૧

સોમવારે અખિલ ભારતિય અખાડા પરિષદના પ્રમુખ મહંત નરેન્દ્ર ગિરીના નિધન બાદ ઘણા સંતોએ તેમના મૃત્યુની પ્રકૃતિ પર શંકા વ્યક્ત કરી છે અને સ્યુસાઈડ નોટની સત્યતા પર પણ સવાલ ઊઠાવ્યા છે. પોલીસ મહા નિરીક્ષક કે.પી. સિંહના જણાવ્યા અનુસાર, મહંતગિરીનો મૃતદેહ તેના શિષ્યોને છત પર લટકતો મળી આવ્યો હતો. સાત-આઠ પાનાની એક કથિત સુસાઈડ નોટ પણ તે સ્થળે મળી આવી હતી જેમાં તેમણે લખ્યું હતું કે, તેઓ માનસિક રીતે વ્યગ્ર અને દુઃખી છે અને પોતાનું જીવન સમાપ્ત કરી રહ્યા છે. તેમણે લખ્યું હતું કે, તે તેના એક શિષ્યથી નારાજ છે. પોલીસના જણાવ્યા અનુસાર પ્રાથમિક દ્રષ્ટિએ તે આત્મહત્યાનો કેસ હોવાનું જણાય છે પરંતુ પોસ્ટમોર્ટમ અને ફોરેન્સિક ટેસ્ટ બાદ વસ્તુઓ સ્પષ્ટ થશે. સિંહે કહ્યું કે, અખાડા પરિષદના પદાધિકારીઓના આગમન બાદ તેમના અંતિમ સંસ્કાર અંગે નિર્ણય લેવામાં આવશે. દરમિયાન ઘણા સંતો અને ધાર્મિક સંસ્થાઓ મૃત્યુની પ્રકૃતિ પર સવાલ ઊઠાવી રહ્યા છે અને ગિરીના મૃત્યુને લગતા કાવતરાના સિદ્ધાંતો કહી રહ્યા છે. અહીં કેટલાક મુદ્દાઓ આપવામાં આવ્યા છે.

- મહંત નરેન્દ્ર ગિરીનું મૃત્યુ તેમના શિષ્ય યોગ ગુરૂ આનંદગિરી સાથેના કથિત વિવાદ સાથે જોડાયેલું છે. પોલીસે આ કેસમાં આનંદગિરિની અટકાયત કરી છે, જેનું નામ તેમની સ્યુસાઈડ નોટમાં આપ્યું હતું. સ્યુસાઈડ નોટમાં નરેન્દ્ર ગિરીએ આનંદગીરી પર માનસિક ત્રાસનો આરોપ લગાવ્યો છે.
- જો કે, અખિલ ભારતીય સંત સમિતિના જનરલ સેક્રેટરી જીતેન્દ્રાનંદ સરસ્વતીએ આ આત્મહત્યાની નોટની સત્યતા પર સવાલ ઊઠાવ્યા છે અને કહ્યું છે કે, મહંત નરેન્દ્ર ગિરી ભાગ્યે જ સહી કરી શકે છે, તો તે આટલી લાંબી સુસાઈડ નોટ કેવી રીતે લખી શકે.
- યુપીના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યએ કહ્યું છે કે, આ મામલાની તપાસ કરવામાં આવશે અને દોષિતોને કડક સજા આપવામાં આવશે. સરકાર તમામ પ્રકારની તપાસની સુવિધા આપવા માટે તૈયાર છે. જો જરૂર હોય તો, અમે સીબીઆઈ તપાસ માટે પણ તૈયાર છીએ. સરકાર અખાડા પરિષદની માગણીઓ સ્વીકારવા તૈયાર છે.
- અલ્હાબાદ હાઈકોર્ટમાં મહંતગિરીના મોતની સીબીઆઈ તપાસ માટે અરજી પણ દાખલ કરવામાં આવી છે.

- અટકાયત બાદ આનંદગિરીએ કહ્યું છે કે, મહંત નરેન્દ્ર ગિરી ક્યારેય આત્મહત્યા કરી શકે નહીં. આનંદગિરીએ કહ્યું કે, તેમની હત્યા કરવામાં આવી છે અને મોટી રકમનો વિવાદ સામેલ છે. તેમણે ઉમેર્યું હતું કે, 'મઠ'ના કેટલાક સભ્યો તેમાં સામેલ હોય શકે છે.
- અહેવાલોમાં કહેવામાં આવ્યું છે કે, પોલીસને મહંતગિરીની કોલ ડિટેલ્સ દ્વારા મૃત્યુ સાથે સંબંધિત કેટલાક પુરાવા મળ્યા છે.
- પોલીસ ગિરીના મૃત્યુના ૫-૬ કલાક પહેલાં કરવામાં આવેલી કોલ ડિટેલ્સની તપાસ કરી રહી છે અને સંપર્ક વિગતોના આધારે શંકાસ્પદોની વધુ પૂછપરછ કરશે.
- સૂત્રોના જણાવ્યા અનુસાર, પોલીસને મૃત્યુ સાથે સંબંધિત વીડિયો પણ મળ્યો છે અને આ મામલે વધુ તપાસ ચાલી રહી છે.
- આઈજીપીએ કહ્યું કે, પોલીસને મઠ તરફથી સાંજે ૫:૩૦ વાગ્યે ફોન આવ્યો હતો કે, તેમણે ફાંસી લગાવી લીધી છે અને ઉમેર્યું છે કે, તેમનો મૃતદેહ ગેસ્ટ હાઉસમાં મળ્યો હતો જ્યાં તે દિવસ દરમિયાન રહેતા હતા.
- ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ મંગળવારે સવારે પ્રયાગરાજની મુલાકાત લેશે અને સોમવારે શંકાસ્પદ સંજોગોમાં મૃત હાલતમાં મળી આવેલા મહંત નરેન્દ્ર ગિરીને અંતિમ શ્રદ્ધાંજલિ આપશે. મઠ પર સાંજે ૬ વાગ્યાથી ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને આસપાસના વિસ્તારોમાં બેરિકેડ્સ ગોઠવવામાં આવ્યા હતા. વિભાગીય કમિશનર, જિલ્લા મેજિસ્ટ્રેટ, આઈજી, એસએસપી સહિત તમામ ઉચ્ચ અધિકારીઓ મઠ પર હાજર હતા.

વડોદરામાં મિલકતમાં ભાગ મામલે સાવકા પુત્રએ માતાના ઘરમાં તોડફોડ કરી એક્ટિવા સળગાવી

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૧
વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં પિતાના અવસાન બાદ મિલ્કતમાં ભાગ લેવાના મુદ્દે પુત્ર સાવકી બહેન અને માતા પર ત્રાસ ગુજરાતો હતો. અને ગત તા.૧૮ સપ્ટેબરના રોજ તેણે સાવકી બહેનની મોપેડ જવલનશીલ પદાર્થ છાંટી સળગાવી દીધી હતી.

વડોદરા શહેરના તાંદલજા વિસ્તારના તાઈફ નગરમાં રહેતા ૬૪ વર્ષીય આરઝુબેન ગુલામકાદર વ્હોરાએ તેમની ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના લગ્ન ગુલામકાદર વ્હોરા સાથે ૧૯૯૩ની સાલમાં થયા હતા. અને તેઓ તેના બીજા પત્ની હતા. ગુલામકાદરને પહેલી પત્ની સાથેના લગ્ન જીવન દરમિયાન બે સંતાનની પ્રાપ્તિ થઇ હતી. જેમાં એક પુત્રી તરન્નુમ અને એક પુત્ર અસ્ફાક હતો. આરઝૂબેનને પણ ગુલામકાદર સાથેના લગ્ન જીવન દરમિયાન એક પુત્રી સિમ્મીની પ્રાપ્તિ થઇ હતી. ગુલામકાદરની પહેલી પત્નીના સંતાન જે તે સમયે નાના હોવાના કારણે આરઝુબેન અને ગુલામકાદર સાથે જ રહેતા હતા.

થોડા વર્ષો બાદ તરન્નુમના લગ્ન થઇ ગયા હતા. અને સાલ ૨૦૧૫માં પતિ ગુલામકાદરનું અવસાન થયું હતું. પતિના અવસાન બાદ સૌતેલો પુત્ર અસ્ફાક રાજકોટ ઉઘરાણી કરવા જવાનું કહી ઘરેથી નીકળી ગયો હતો. અને ચાર વર્ષ બાદ જાન્યુઆરી ૨૦૨૧માં કાકા સસરાના ઘરે આવ્યો હતો. આરઝુબેનને પુત્રી હોવાના કારણે અસ્ફાક કોઈ કામ ધંધો ન કરતો હોવાથી સાથે રહેવા દીધો ન હતો. જો કે અસ્ફાકે તેને રહેવા માટે ભાગની માંગણી કરી હતી. જેથી આરઝુબેને તેને તેણી બહેનના નામે ઉપર પાદરા હાજી પાર્ક ખાતેનું મકાન હોવાથી ત્યાં અલગ રહેવા જવાનું જણાવ્યું હતું.

ગત તા.૨૨ જૂનના રોજ અસ્ફાક તાંદલજા વાળા ઘરે આવ્યો હતો. અને તેને અહીંયા જ રહેવાની માંગણી કરી ઝઘડો કર્યો હતો. એન સાથે જ ઘરમાં તોડ ફોડ પણ કરી હતી. જોકે આ મામલે આરઝુબેને પોલીસ મથકે અરજી પણ આપી હતી. જોકે આ મામલે સગા સંબંધીના કહેવાથી સમાધાન થઇ ગયું હતું. ત્યારબાદ અસ્ફાક તેની સાવકી બહેન સિમ્મીને વૉટ્સએપ પર મેસેજ કરીને પરેશાન કરતો હતો. સિમ્મીએ તેને બ્લોક કરી દીધો હતો.

સિમ્મી BHMSની ઈન્ટર્નશિપ કરતી હતી અને આવા જવા માટે એક્ટીવાનો ઉપયોગ કરતી હતી. સિમ્મીએ ગત તા.૧૭ સપ્ટેમ્બરના રોજ તેનું મોપેડ ઘરની બહાર જ પાર્ક કર્યું હતું. અને તેના બીજા જ દિવસે સિમ્મીને હોસ્પિટલ જવાનું હતું. ત્યારે તેને તેનું મોપેડ જોવા મળ્યું ન હતું. હોસ્પિટલ જવા માટે મોડું થતું હોવાથી સિમ્મી રીક્ષામાં જવા માટે સોસાયટીના નાકે પહોંચી હતી. જ્યાં તેને રબાના હોટેલ પાસે તેની મોપેડ સળગેલી હાલતના જોવા મળી હતી. ત્યારે સિમ્મીએ ઘરે આવીને આરઝુબેનને મોપેડ વિશે જાણ કરી હતી. અને સાથે જ પોલીસને પણ જાણ કરી દીધી હતી. જોકે તે સમયે મોપેડનો વીમો ન હોવાના કારણે આરઝુબેને મોપેડ કેવી રીતના સળગી છે અને કોને સળગાવી છે તે જાણી ફરિયાદ કરવાનું વિચાર્યું હતું.

મોપેડ સળગી હોવાના સ્થળની સામે અલ-મક્કા નામના એપાર્ટમેન્ટમાં સીસીટીવી લાગ્યા હોવાથી આરઝુબેને તેની ફૂટેજ ચકાસી હતી જેમાં તેમને જોવા મળ્યું હતું કે બનાવના દિવસે મોટર સાયકલ ઉપર રાત્રીના બે વાગ્યાની આસપાસ કોઈ ઈસમ ટોપી પહેરીને શમીમ પાર્ક તરફથી આવે છે. અને તાઈફ નગર પાસે તેની સાયકલ પાર્ક કરી મોપેડ લઈને જાય છે. અને જવલનશીલ પદાર્થ છાંટી મોપેડને સળગાવી દે છે. આ ફૂટેજ ધ્યાનથી જોતા આરઝુબેનને આ કામ અસ્ફાકે જ કર્યું હોવાનું જાણવા મળે છે. સમગ્ર મામલે આરજુબેને જેપી પોલીસ મથકે ફરિયાદ આપી હતી. પોલીસે ફરિયાદના આધારે ગુનો દાખલ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સૌથી વધુ દેડિયાપાડા તાલુકામાં ૫૫ મીમી અને સૌથી ઓછો ગરૂડેશ્વરમાં ૪ મીમી વરસાદ નોંધાયો

ભરૂચ, તા.૨૧
નર્મદા જિલ્લોમાં આજરોજ સૌથી વધુ દેડીયાપાડા તાલુકામાં-૫૫ મીમી અને સૌથી ઓછો ગરૂડેશ્વર તાલુકામાં ૪ મીમી વરસાદ નોંધાયો છે. જયારે તિલકવાડા તાલુકામાં ૩૪ મીમી, નાંદોદ તાલુકામાં ૨૯ મીમી અને સાગબારા તાલુકામાં ૧૨ મીમી વરસાદ નોંધાયો હોવાના અહેવાલ નર્મદા જિલ્લા પૂર નિયંત્રણ કક્ષ તરફથી પ્રાપ્ત થયાં છે. જિલ્લામાં આજદિન સુધી સરેરાશ કુલ-૮૪૬ મીમી વરસાદ નોંધાયો છે. જિલ્લામાં ચાલુ વર્ષના મોસમના કુલ વરસાદની આજદિન સુધીની પરિસ્થિતિ જોઇએ તો દેડીયાપાડા તાલુકો-૧૧૭૦ મીમી વરસાદ સાથે જિલ્લામાં મોખરાનાં સ્થાને રહ્યો છે. જ્યારે તિલકવાડા તાલુકો-૯૮૯ મીમી સાથે દ્વિતિય સ્થાને, નાંદોદ તાલુકો-૮૦૨ મીમી સાથે તૃતિય સ્થાને, સાગબારા તાલુકો-૭૦૩ મીમી સાથે ચોથા સ્થાને અને ગરૂડેશ્વર તાલુકો-૫૬૬ મીમી વરસાદ સાથે પાંચમા સ્થાને રહેવા પામ્યો છે. જિલ્લાના વિવિધ ડેમોની સપાટીની પરિસ્થિતિ જોઇએ તો નર્મદા ડેમ તેની ભયજનક સપાટી-૧૩૮.૬૮ મીટરની સામે-૧૨૧.૯૯ મીટર, કરજણ ડેમ તેની ભયજનક સપાટી-૧૧૬.૧૧ મીટરની સામે-૧૧૩.૧૯ મીટર, નાના કાકડીઆંબા ડેમ તેની ભયજનક સપાટી-૧૮૭.૭૮ મીટરની સામે-૧૮૪.૭૫ મીટર અને ચોપડવાવ ડેમ તેની ભયજનક સપાટી-૧૮૭.૪૧ મીટરની સામે-૧૮૪.૭૦ મીટરની સપાટી રહેવા પામી છે, જ્યારે નર્મદા નદીનું ગરૂડેશ્વર પાસેના ગેજ લેવલની ભયજનક સપાટી-૩૧.૦૯ મીટરની સામે ૧૪.૦૭ મીટર હોવાના અહેવાલ નર્મદા જિલ્લા પૂર નિયંત્રણ કક્ષ તરફથી પ્રાપ્ત થયાં છે.

કરજણ નદીકાંઠાના વિસ્તારોને એલર્ટ રહેવા સૂચના

નર્મદા જિલ્લામાં ઉપરવાસમાં ભારે વરસાદ થવાથી આજે કરજણ જળાશયના ૪ દરવાજા ૧.૨ મીટર ખોલવામાં આવેલ છે, જેમાંથી ૨૬,૨૧૦ ક્યુસેક પાણી છોડવામાં આવેલ છે. જ્યારે કરજણ જળાશયમાં પાણીની આવક ૩૩,૦૯૦ ક્યુસેક છે. કરજણ જળાશયમાંથી પાણી છોડાતા કરજણ નદી કાંઠાના નિચાણવાળા વિસ્તારો/ગામોના લોકોને સાવચેતીરૂપે સાવધ રહેવા જિલ્લા પૂર નિયંત્રણ કક્ષ તરફથી સૂચના અપાઇ છે.

નડિયાદમાં ૧ ૨ કલાકમાં ૫ ઈંચ વરસાદ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

નડિયાદ નવા ગાજીપુરમાંથી ૫૦ પરિવારને ખસવું પડ્યું

નડિયાદમાં નવા ગાજીપુર વિસ્તારમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ વરસાદી પાણી ભરાઇ જતા ૫૦ જેટલા પરિવારજનોએ ત્યાંથી ખસી જઈ વરીયાળી માર્કેટમાં લેવો પડ્યો હતો. દર વર્ષે આ વિસ્તારમાં આ પરિસ્થિતિ સર્જાઈ છે પરંતુ વરસાદી પાણીનો પાલિકા દ્વારા યોગ્ય નિકાલ થતો હોવાની બૂમો ઉઠવા પામી છે.

નડિયાદ, તા.૨૧
ગઈકાલ રાતે ભારે ગાજવીજ સાથે ખેડા જિલ્લાના મોટાભાગના તાલુકામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો નડિયાદમાં માત્ર ૧૨ કલાકમાં પાચ ઈંચ વરસાદથી નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયાં હતાં જિલ્લાના મહેમદાવાદ વસો માતર મહુધા વગેરે માં પણ ધોધમાર મેઘા જોવા મળ્યો હતો.

નડિયાદના રબારીવાડ, વી.કે.વી રોડ, નાના કુંભનાથ રોડ, કોલેજ રોડ પણ પાણી ભરાયા હતા જેના કારણે જન જીવન પર અસર જોવા મળી હતી નડિયાદના શ્રેયસ ગરનાળુ, ખોડિયાર ગરનાળા, માઈ મંદિર ગરનાળા, વૈશાલી ગરનાળામાં પાણી ભરાતા નડિયાદ બે ભાગમાં વહેંચાયું હતું. વરસાદના કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. નડિયાદ ઉપરાંત જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ મેઘરાજા મન મૂકીને વરસ્યા હતા. કઠલાલમાં ૧૮મીમી, કપડવંજમાં ૭ મીમી, ખેડામાં ૩૨મીમી, ગળતેશ્વર માત્ર ૩૦ મીમી, ઠાસરામાં ૧૬મીમી, નડિયાદમાં ૧૨૬ મીમી, મહુધામાં ૫૬ મીમી, મહેમદાવાદમાં ૩૩ મીમી, માતરમાં ૮૨ મીમી અને વસોમાં ૧૦૦ મીમી વરસાદ પડ્યો હતો. ભારે વરસાદના કારણે ખેડા જિલ્લાનું તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે.

આજવા સરોવર વિસ્તારમાં ત્રણ ઈંચ મેઘમહેર

વડોદરામાં ભરબપોરે અંધારપટ જેવો માહોલ, ભારે પવન સાથે વરસાદ ખાબક્યો

ભારે વરસાદની આગાહીને પગલે જિલ્લા કલેક્ટર દ્વારા એલર્ટ અપાયું

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૧
વડોદરામાં સવારથી વાતાવરણમાં પલટો આવતા જ આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયા હતા અને જોરદાર પવન સાથે ગાજવીજ વરસાદ આવ્યો હતો. વિઝીબીલીટી ખોરવાતા હાઈવે પર દોડતા વાહનોના પૈડાં થભી ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે વડોદરા જિલ્લા કલેક્ટર દ્વારા ગઈકાલે ૨૪ કલાકમાં અતિભારે વરસાદની આગાહી કરવાની સાથે તંત્રને સાબદું કરી એલર્ટ આપ્યું છે.

વડોદરા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ગઈકાલ રાતથી વીજળીના કડાકા અને ગાજવીજનો અવાજ ધરાને ધ્રુજાવી રહ્યા હતા ત્યારે આજે વહેલી સવારથી કાળા ડિંબાગ વાદળોની ફોજ સાથે મેઘરાજાની ધોધમાર એન્ટ્રી જોવા મળી હતી. વડોદરા શહેર અને ગ્રામ્ય વિસ્તાર સહિત અનેક અનેક જગ્યાએ વીજળી પડવાના બનાવ બન્યા છે. હવામાન વિભાગ દ્વારા વડોદરા જિલ્લામાં ભારે વરસાદની આગાહીના પગલે વહીવટી તંત્ર સાબદુ કરવામાં આવ્યું છે. જિલ્લા કલેકટર આર.બી.બારડની સૂચનાથી નિવાસી અધિક કલેકટરએ જિલ્લામાં વરસાદની શકયતાઓને ધ્યાને લઈ તમામ અધિકારીઓને મુખ્ય મથક પર હાજર રહી, જિલ્લા અને તાલુકા કન્ટ્રોલ રૂમ સાથે સતત સંપર્કમાં રહેવા જણાવ્યું છે. કોઈ પણ બનાવ બને તેવા સંજોગોમાં તાત્કાલિક બચાવ રાહતના પગલાં લેવાની પણ સુચનાઓ આપવામાં આવી છે. વડોદરાને પાણી પૂરૂં પાડતા આજવા સરોવર વિસ્તારમાં સવારે સવા ત્રણ ઈંચ જેટલો વરસાદ ખાબકતા સપાટીમાં વધારો થવાની ઝડપ વધી છે. આજે સવારે ૯ વાગ્યા સુધી આજવાની સપાટી ૨૦૭.૯૫ ફૂટ હતી, પરંતુ ધોધમાર વરસાદના કારણે બપોરે ૧૨ વાગ્યે સપાટી વધીને ૨૦૮.૧૦ ફૂટ થઈ ગઈ હતી. આજવા સરોવરના ઉપર વાસ હાલોલમાં સવારે ૭થી ૧૦ સુધીમાં ૩૪ મિ.મી, પ્રતાપપુરામાં ૪૨ મી.મી, ધનસર વાવમાં ૫૪ મી.મી વરસાદ નોંધાયો હતો. આજવામાં પાણી લાવતી ફીડર ૨.૯૦ ફૂટે ચાલુ હતી. વરસાદને લીધે આજવામાં સપાટીમાં હજી વધારો નોંધાશે. આજવામાં મોસમનો કુલ વરસાદ ૫૭૫ મીમી થયો છે, જયારે પ્રતાપપુરામાં ૭૦૮ મી.મી કુલ વરસાદ નોંધાયો છે. પ્રતાપપુરા સરોવરનું લેવલ હાલ ઝીરો છે.

સૌરાષ્ટ્રના ખેડૂતો કિસાન આંદોલનમાં ભાગ લેવા દિલ્હી પહોંચ્યા

સુરેન્દ્રનગર, તા.૨૧
છેલ્લા દશ માસથી ખેડૂતો દિલ્હી મૂકામે આંદોલન ત્રણ કાળા કૃષિ કાયદા સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ત્યારે સૌરાષ્ટ્રમાંથી ચોટીલાથી સાયકલ યાત્રા ઉપર હરેશભાઈ પુજારા રાષ્ટ્રપતિ ભવન ખાતે આવેદનપત્ર આપવા માટે ગયેલ હોય તેઓ ટૂંક સમયમાં દિલ્હી મૂકામે પહોંચવામાં હોય તેમનાં સમર્થનમાં અને દિલ્હી આંદોલનના સમર્થનમાં સૌરાષ્ટ્રમાંથી ખેડૂત આગેવાનો સુરેશભાઈ વિંછીયા વાળા અને ભરતભાઈ કમેજળીયા પાણશીણાની આગેવાની હેઠળ આશરે ૧૦૦-૧૨૫ ખેડૂતો દિલ્હી બોર્ડર ઉપર આંદોલનમાં જોડાયાં છે અને ત્યાં કિસાન આગેવાનો રાકેશ ટિકૈત સાથે મુલાકાત કરી આગળની રણનીતિ નક્કી કરશે ગુજરાતમાં પણ મોટીસંખ્યામાં ખેડૂતો હવે આંદોલનમાં જોડાશે અને ગુજરાતમાં પણ આંદોલનનાં મંડાણ થશે તેમ ભરતભાઇએ જણાવ્યું હતું સાઈકલ યાત્રી હરેશભાઈ પુજારા સાથે તેઓ દિલ્હી રાષ્ટ્રપતિ ભવન ખાતે આવેદનપત્ર આપશે તેમાં તેઓની સાથે રહેશે.

બરોડા ડેરી વિવાદ પ્રદેશકક્ષાએ પહોંચ્યો ધારાસભ્યોને સી.આર. પાટીલનું તેડું

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૧
વડોદરાની બરોડા ડેરીમાં પશુપાલકોને વધુ ભાવફેર આપવા મામલે ડેરીના શાસકો અને ભાજપના ધારાસભ્યો સામ-સામે આવી ગયા છે. આજે રાત્રે ડેરીના તમામ ડિરેકટરો સાથે સાંસદ, જિલ્લા ભાજપ પ્રમુખ, જિલ્લા ભાજપ પ્રભારી મુલાકાત કરશે. ત્યારે વડોદરાના દૂધ ઉત્પાદકોના આંદોલનના પ્રત્યાઘાત હવે છેક ગાંધીનગર જઈને પહોંચ્યા છે. બરોડા ડેરીના વિવાદને લઈ પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલ એક્શનમાં આવ્યા છે. સી. આર. પાટીલે કેતન ઈનામદારને ફોન કરી વાતચીત કરી છે. આવતીકાલ સુધીમાં ભાવફેરને લઈને મોટો નિર્ણય લેવાઈ શકે છે. બરોડા ડેરીના વિવાદને લઈ હવે કેતન ઈનામદાર સહિતના ધારાસભ્યોને ગાંધીનગરનું તેડું આવ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ધારાસભ્ય કેતન ઈનામદાર સહિત જિલ્લા ભાજપના ધારાસભ્યો સી.આર. પાટીલ સાથે મુલાકાત કરશે. આ વાતને કેતન ઈનામદારે સમર્થન આપ્યું છે. ઉલ્લેખનીય છે કે, બરોડા ડેરી સામે બાયો ચડાવવા ધારાસભ્યોની બેઠક સર્કિટ હાઉસ ખાતે મળવા પામી હતી. જે અંગે મંજૂરી ન હોવા છતા ૫૦થી વધુ પશુપાલકો સમર્થન માટે સર્કિટ હાઉસ પહોંચ્યા હતા. જ્યાં ડેરી વિરૂદ્ધ લડત ચલાવવા રણનીતિ નક્કી કરવા ચર્ચા વિચારણા કરવામાં આવી હતી તો બીજી તરફ પક્ષમાં વિરોધનો વંટોળના ફૂંકાય તે માટે સમાધાનના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. આ અંગે વાત કરતાં કેતન ઈનામદારે મીડિયાને જણાવ્યું હતું કે, અમારી વાત વિસ્તૃતવાર પ્રદેશ અધ્યક્ષ સુધી પહોંચી છે. જેથી હવે સારા પરિણામ આવે તેવી આશા છે. મને વિશ્વાસ છે કે દૂધ ઉત્પાદકોને ભાવફેર આપવાની અમારી માંગણી પર ગાંધીનગરમાં બેઠકથી અમને સારૂ પરિણામ મળશે. કેતન ઈનામદારે વધુમાં જણાવ્યું હતું કે, ડેરીના સત્તાધીશો જાડી ચામડીના માણસો છે. પ્રદેશ અધ્યક્ષ સાથેની બેઠક પછી પણ જો દૂધ ઉત્પાદકોને ભાવફેર નહીં મળે તો અમારી આ લડત અવિરત ચાલું જ રહેશે. સમગ્ર મામલો મોવડીમંડળ સુધી પહોંચતા આવતીકાલે પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ બેઠક યોજી શકે છે. હાલ કેતન ઈનામદારને સી.આર.પાટીલ તરફથી આશ્વાસન મળ્યું હોવાનું જાણવા મળ્યું છે.

વાઘોડિયા પોલીસની શી ટીમની કાર્યવાહી

મેડિકલની વિદ્યાર્થિનીની છેડતી કરનાર જીમ ટ્રેનરની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૧
વાઘોડિયા તાલુકાની મેડિકલ કોલેજમાં એમબીબીએસના ચોથા વર્ષમાં અભ્યાસ કરતી તેમજ ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થીની વાઘોડિયા રોડ પર આવેલ વૃંદાવન ચાર રસ્તા પાસેના હાડે જીમમાં જતી હતી આ વખતે હાંડે જીમના ટ્રેનર બબલુ અજીત સિંગ લાંબા (રહે. કલ્પના સોસાયટી, ઉમા ચાર રસ્તા) સાથે ઓળખાણ થઈ હતી. બબલુએ મેડીકલ સ્ટુડન્ટનો મોબાઈલ નંબર માગ્યો હતો અને બાદમાં તેની સાથે વાતચીત શરૂ કરી હતી બબલુની હેરાનગતિ વધી જતા ત્રણ માસ બાદ વિદ્યાર્થિનીએ જીમ જવાનું બંધ કરી દઈ બબલુનો ફોન નંબર બ્લેકલિસ્ટમાં મૂકી દીધો હતો. એક મહિના પહેલા બબલુ ગર્લ્સ હોસ્ટેલમાં મળવા પહોંચી ગયો હતો અને વિદ્યાર્થિનીને ફોન પર વાત કરવા જણાવ્યું હતું. ત્યારબાદ પણ બબલુ અવાર-નવાર વિદ્યાર્થીનીને હેરાન કરતો હતો. ત્રણ દિવસ પહેલા બબલુ ફરી ગર્લ્સ હોસ્ટેલ પહોંચી ગયો હતો અને તું મારી સાથે વાત કેમ નથી કરતી તેમ કહી છેડતી કરી હતી તેમજ જો વાત નહીં કરે તો તારા મા-બાપ ને જાણ કરીશ તેવી ધમકી પણ આપી હતી. આ અંગે આખરે વાઘોડિયા દોડી આવ્યા હતા વાઘોડિયા પોલીસની શી ટીમે કાર્યવાહી હાથ ધરી બબલુને ઝડપી પાડ્યો છે.

ધારીમાં સગીરા સાથે પાડોશી યુવકે વારંવાર દુષ્કર્મ આચરતા ફરિયાદ

અમરેલી, તા.૨૧
ધારીમાં ૧૫ વર્ષીય સગીરાને પાડોશી યુવકે બાઈકમાં બેસાડી સરસિયા ગામની વાડીમાં લઇ જઈ વાડીના રૂમમાં સગીરાને કહેલ કે હું જેમ કહું તેમ નહીં કરે તો તારા ભાઈને મારી નાખીશ. તેવી ધમકી આપી સગીરાની મરજી વિરૂદ્ધ બળાત્કાર ગુજારેલ હતો. ત્યારબાદ આરોપીએ યુવાને પોતાના ઘરે તેમજ અલગ જગ્યાએ ધમકી આપી વારંવાર દુષ્કર્મ આચરેલ હતું. છ મહિના પહેલા શરૂ થયેલ બનાવની વાત સગીરાએ માતાને કરતા ધારી પોલીસમાં યુવક સામે સગીરાની માતા એ ફરિયાદ નોંધાવેલ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ધારીમાં જૂની ટેલિફોન ઑફિસ પાસે રહેતી એક ૧૫ વર્ષીય સગીરા છ માસ પહેલા બજારમાં કામ અર્થે જઈ રહી હતી ત્યારે પાડોશમાં રહેતો આકાશ ધીરૂભાઇ ડાભી નામનો શખ્સ બાઈક લઈને સગીરા પાસે આવી કહેલ કે હુ ગામમાં જાવ છું તને મૂકી જાવ તેમ કહી આકાશ સરસીયા ગામની વાડીમાં એક રૂમમાં લઇ ગયેલ અને ત્યાં સગીરાને તેના ભાઈને મારી નાખવાની ધમકી આપી મરજી વિરૂદ્ધ બળાત્કાર ગુજારેલ હતો અને ત્યાંથી પરત ઘરે નજીક મૂકી ચાલ્યો ગયેલ હતો અને ત્યારબાદ ૧૫ દિવસ પછી આરોપી આકાશે સગીરાને તેના ઘરે બોલાવી ધમકી આપી દુષ્કર્મ ગુજાર્યું હતું અને ત્યારબાદ વારંવાર અલગ અલગ જગ્યાએ દુષ્કર્મ આચરતા સગીરાએ માતાને વાત કરતા માતાએ આરોપી આકાશ ધીરૂ ડાભી સામે ધારી પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી.

સ્ટેટ હાઈવે પર પાણી ફરી વળતા વાહન વ્યવહારને અસર

જાંબુઘોડા પંથકમાં પાંચ ઈંચ વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

રિસોર્ટમાં ફસાયેલા ત્રણ વ્યક્તિનું રેસ્ક્યુ કરાયું



(તસવીર : કાદીર દાઢી, હાલોલ)

હાલોલ, તા.૨૧
પંચમહાલ જિલ્લાના દક્ષિણ વિસ્તારમાં આવેલા જાંબુઘોડા, ઘોઘંબા પંથકમાં મેઘરાજા મંગળવાર સવારથી જ મનમૂકીને વરસ્યા હતા. હવામાન વિભાગની આગાહીને પગલે મધ્ય દક્ષિણ પંચમહાલને મેઘરાજાએ ધમરોળ્યું હતું. પ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢના ડુંગર વિસ્તાર સહિત આસપાસ ભારે વરસાદ પડતા માટે મંદિર સુધી જવાના ચઢવાના પગથિયા પર પાણી વહેવા લાગ્યુ છે. ઘોઘંબા તાલુકામાં આવેલા પ્રાકૃતિક પર્યટન સ્થળ ગણાતા હાથણીમાતાનો નયનરમ્ય ધોધ ખીલી ઉઠ્યો હતો. શિવરાજપુર પંથકમાં પણ વરસાદ થતા સ્ટેટ હાઇવે પર પાણી ફરી વળતા વાહનવ્યહારને અસર પહોંચી હતી. અહીં આવેલા એક ખાનગી રિસોર્ટમાં પણ પાણી ભરાઈ જવા પામ્યું હતું.

પંચમહાલ જિલ્લામાં આવેલા હાલોલ, ઘોંઘબા, જાંબુઘોડા સહિતના તાલુકાઓમાં સવારથી જ વરસાદી માહોલ છવાયો હતો. આકાશમાં છવાઈ ગયેલા કાળા ડિબાંગ વાદળ ઘેરાતા થોડીવારમાં વરસાદ તૂટી પડ્યો હતો. વરસાદને કારણે પાવાગઢ ડુંગર પણ ઢંકાઈ ગયો હતો. વરસાદને કારણે આસપાસના પર્વતીય વિસ્તારોનું વાતાવરણ સોળે કળાએ ખીલી ઉઠ્યુ હતુ. વરસાદી માહોલમાં ભક્તોએ માતાજીના દર્શન કરીને કુદરતી સૌંદર્ય મજા માણતા નજરે પડ્યા હતા. વરસાદને કારણે અહીં આવેલા ખાનગી રિસોર્ટમાં પાણી ભરાઇ જતા અંદર ફસાયેલા ત્રણ માણસોને રેસ્ક્યુ કરીને બચાવાયા હતા. આ વિસ્તારમાં જાંબુઘોડા વન્યપ્રાણી અભયારણ્ય આવેલુ છે. આ વિસ્તારમાં આવેલા નદી અને કોતરોમાં ભરપુર પાણી આવતા બે કાંઠે વહેતા જોવા મળ્યા હતા. ઘોંઘબા તાલૂકામાં પોયણી ગામ ખાતે હાથણીમાતાનો ધોધ આવેલો છે. જે પર્યટક સ્થળ તરીકે જાણીતું છે. સવારના ૬થી બપોરના ૧૨ વાગ્યાના સમય સુધી જિલ્લાનો સૌથી વધારે ૧૬૨ MM વરસાદ જાંબુઘોડામાં ખાબક્યો છે. જાબૂંઘોડા પંથકમાં વરસાદને પગલે ખેતરોમાં પણ પાણીથી ભરાયેલા જોવા મળ્યા હતા.

તાલીમ કાર્યક્રમ પણ યોજાયો

જન શિક્ષણ સંસ્થાન ભરૂચના ટ્રેનર્સ કૌશલ્યાચાર્યનું સન્માન કરાયું



ભરૂચ, તા.૨૧
જન શિક્ષણ સંસ્થાન ભરૂચ દ્વારા જિલ્લામાં કાર્યરત વિવિધ અભ્યાસક્રમોનાં તાલીમ ઈન્સ્ટ્રકટરો કૌશલ્યાચાર્યોને શિક્ષકદિન નિમિત્તે સન્માનવાનો તથા તાલીમબદ્ધ કરવાનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. વિવિધ તાલીમ કાર્યક્રમોમાં તાલીમ આપતા રિસોર્સ પર્સન કૌશલ્યાચાર્યોને તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો. નિયામક ઝયનુલ આબેદીન સૈયદે તાલીમમાં ભાગ લેનાર તમામનો કૌશલ્યાચાર્ય તાલીમનું મહત્ત્વ ટૂંકમાં રજૂ કરી પોત પોતાનાં તાલીમ અભ્યાસક્રમોમાં પદ્ધતિસર કેવી રીતે થીયરી અને પ્રાયોગિક તાલીમ આપે છે તેની સાથે સાથે અન્ય રાષ્ટ્રીય કાર્યક્રમો કે વિવિધ પ્રકારનાં દિવસોની ઉજવણી લાભાર્થીઓ સાથે કરવામાં આવે છે તેની ઝાંખી રજૂ કરી હતી. તાલીમ માટે કે જે પોલીટેકનીક ભરૂચના વ્યાખ્યાતા પ્રોફેસર ભાવિકાબેન એમ.પટેલ, પ્રોફેસર દિલીપકુમાર પટેલ, અંકલેશ્વર ફર્સ્ટ લેડી સલુન એન્ડ એકેડેમીનાં રશ્મિબેન જોષી તથા કોર્પોરેટ ટ્રેનર પ્રોફે. નીતુ વર્માએ સ્ટેસ મેનેજમેન્ટ અને કાર્યક્ષમતા સુધારણા અંગે પોતાના વિચારો રજૂ કરી તાલીમાર્થીઓને વિશેષ કૌશલ્ય પ્રદાન કર્યું હતું. આ તાલીમમાં ખાસ કરીને સેલ્ફ એમ્પ્લોઈડ ટેલર, બ્યુટી એન્ડ વેલનેશ, કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટર માટે નવી ટેકનોલોજી સ્ટાઈલ, કામ કરવાની ઢબ, સચોટતા અને સંકલિત વિષયોનો સમાવેશ કેવી રીતે કરવામાં આવે છે તેનાં ઉપર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે લાઈવલીહુડ ફિલ્ડ કો.ઓર્ડિનેટર શિતલબેન ભરૂચાએ આભાર દર્શન કરી કાર્યક્રમની સમાપ્તી કરી હતી.

પાલેજમાં ગાજવીજ સાથે વરસાદ પડતા થ્રી ફેઝ વીજળી ડૂલ

પાલેજ, તા.૨૧
પાલેજમાં ગત મોડી રાત્રીએ ગાજવીજ અને પવન સાથે ભારે વરસાદ પડ્યો હતો. દરમ્યાન પાલેજમાં વીજળી વેરણ થઈ ગઈ હતી. રાત્રી સમયે પાલેજ જૂની પોલીસ લાઈન પાછળના ભાગે ટીસી ઉડી જતાં અને વરસાદ આજે સવારે પણ ચાલુ રહેતાં ટીસી બદલવાની કામગીરી વિક્ષેપ પડતાં સાંજ સુધી થ્રી ફેઝ વીજળીના અભાવે અનાજ દળવાની ઘંટીથી માંડી તમામ મશીનરી બંધ રહેતાં લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. સાંજે ૫ વાગ્યા સુધી થ્રી ફેઝ વીજળી પાલેજમાં મળી નહોતી. સતત વરસાદના પગલે વીજળી સમારકામમાં વિક્ષેપ પડ્યો હતો.

ઉપરવાસમાં ભારે વરસાદને પગલે

ભિલોડાની હાથમતી અને બુઢેલી નદીમાં નવા નીર આવતા ખેડૂતોમાં આનંદ

ભિલોડા, તા.૨૧
અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં ઉપરવાસમાં ભારે વરસાદને કારણે બુઢેલી અને હાથમતી નદીમાં નવા નીર આવ્યા હતા.

ભિલોડા તાલુકામાં રાત્રે વરસાદ મન મૂકીને વરસ્યો હતો અને તે પગલે રાજસ્થાન ઝાંઝરી બોર્ડર તેમજ પાલીસોડા બોર્ડર વિસ્તારમાં ઢાળવાળા વિસ્તારમાં વધારે વરસાદને પગલે આજે વહેલી સવારે ભિલોડા હાથમતી અને બુઢેલી નદીમાં નવા નીર આવ્યા હતાં જેને માનવ મહેરામણ જોવા માટે ઉમટ્યા હતા. ભિલોડા ખાતે વીજળી ના કડાકાભડાકા સાથે વરસાદ વરસ્યો હતો અને અમુક ગામડાઓમાં તો વીજળીનો પુરવઠો પણ ખોરવાયો હતો. તેમજ બોલુન્દરા, વિરપુર, ઉબસલ વગેરે ગામડાંનો સંપર્ક પણ તુટી જવા પામ્યો હતો. ઠેર ઠેર નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં. જયારે ખેડૂતોમાં ચોતરફ આનંદનું મોજું ફરી વળ્યુ હતુ.

ડીસામાં નશીલા પદાર્થોનું ધૂમ વેચાણ : રૂા.૭.૯૬ લાખના મુદ્દામાલ સાથે વેપારી ઝડપાયો

ડીસા, તા.૨૧
ડીસા શહેરની શિવગંગા સોસાયટીમાંથી પોલીસે એમડી ડ્રગ્સ, ગાંજો અને સ્મેંક જેવી નશીલી ચીજ-વસ્તુઓનો વેપાર કરતાં શખ્સની અટકાયત કરી છે. પોલીસે તેના ઘરેથી કુલ રૂા.૭,૯૬,૭૩૬નો મુદ્દામાલ ઝડપી લઈ તેને જેલ હવાલે કર્યો છે. આ અંગેની વિગત એવી છે કે ડીસા શહેરમાં હાઇવે પર મોઢેશ્વરી સોસાયટી નજીક આવેલી શિવગંગા સોસાયટીમાં રહેતા શુભમ ઉર્ફે પાબ્લો કનૈયાલાલ પટેલ પોતાના ઘરે અલગ-અલગ નશીલી ચીજવસ્તુઓનો વેપાર કરતો હોવાની માહિતી ડીસા શહેર દક્ષિણ પોલીસને મળી હતી. તેથી પોલીસે વહેલી પરોઢે શુભમના ઘરે આકસ્મિક રેડ કરતા તેના ઘરેથી ૧૮.૨૫ ગ્રામ એમડી ડ્રગ્સ, ૫૯.૭૬૦ ગ્રામ સ્મેક તેમજ ૩૩૮.૬૦ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. એકસાથે નશીલા પદાર્થોની આટલી અલગ-અલગ વેરાઈટી મળતા ખુદ પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસે તેના ઘરેથી બે વજન કાંટા, ૩ મોબાઈલ તેમજ રોકડ રૂપિયા ૬,૩૫૦ મળી કુલ રૂપિયા ૭,૯૬,૭૩૯નો મુદ્દામાલ જપ્ત કરી શુભમ પટેલની અટકાયત કરી હતી.

વિધાનસભા સત્રને અનુલક્ષીને કોંગ્રેસના ધારાસભ્યોની બેઠક મળી

જાતિ અને ધર્મ આધારિત કટ્ટરવાદીઓ પર આક્રમકતાથી નિયંત્રિત કરવા કોંગ્રેસનો સંકલ્પ

સત્રમાં કોરોના મૃતકોને સામૂહિક શ્રદ્ધાંજલિ, અસરગ્રસ્ત ખેડૂતો, પ્રજાને વળતર સહિતના ઠરાવો કરાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

આગામી તા.૨૭-૨૮ સપ્ટેમ્બરના રોજ ગુજરાત વિધાનસભાનું સત્ર મળી રહ્યું છે તેને અનુલક્ષીને વિવિધ મુદ્દે ભાજપ સરકારને ઘેરવા વિધાનસભા કોંગ્રેસપક્ષના ધારાસભ્યોની બેઠક પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણીની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં વાવાઝોડા અને પૂરથી અસરગ્રસ્ત ખેડૂતો, લોકોને થયેલ નુકસાનીનું સરકાર વળતર ચૂકવે, કોરોના વોરિયર્સ મોતને ભેટ્યા છે તેમના પરિવારજનોને નોકરી સહિતના અનેક ઠરાવો કરી જાતિ અને ધર્મ આધારિત કોઈપણ કટ્ટરવાદીઓ પર આક્રમક વલણથી નિયંત્રણ કરવાનો સંકલ્પ કર્યો હતો.

વિધાનસભા વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, માત્ર બે દિવસ માટે વિધાનસભાના ટૂંકા સત્રનું આયોજન થયું છે ત્યારે વિધાનસભા સત્રના દિવસો વધારવા તેમજ વિધાનસભા સત્રમાં કોરોના કાળમાં અકારણ શહીદ થયેલા કેટલાય કોરોના મૃતકને સામુહિક શ્રદ્ધાંજલિનો ઠરાવ લાવવાની પણ કોંગ્રેસ પક્ષે લાગણી અને માંગણી વ્યક્ત કરી છે. આ ઉપરાંત તૌકતે વાવાઝોડામાં સહાયમાં વિસંગતતા અને વિલંબતાને નિવારવા માટે તાજેતરમાં દેવભૂમિ-દ્વારકા, જામનગર અને રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં અતિવૃષ્ટિથી જે મોટી તારાજી સર્જાઈ છે તેનાથી લોકોના જાન-માલ, પશુધન, ઘરવખરી, ઉભા પાક, ખેતીની જમીનોને થયેલ નુકસાનનું રાજ્ય સરકાર સત્વરે પારદર્શી રીતે વળતર ચૂકવે તે માટે કોરોના કાળમાં તમામ સરકારી તથા ખાનગી શાળા-કોલેજોમાં છ માસની ફી માફ કરવા ઠરાવ કર્યો છે. પ્રાથમિક શિક્ષકોને સમાન ધોરણે જૂની પેન્શન યોજના મુજબ પેન્શન ચૂકવવામાં આવે તેવી માંગણી કરી છે અને સ્કુલ ઓફ એક્સલન્સના બહાને સરકારી તિજોરીને લૂંટાવવા માટે સરકારે જે ષડયંત્ર રચ્યું છે તેમાંથી ગુજરાતના ભવિષ્યને બચાવવાની ચિંતા વ્યક્ત કરી છે. કોવિડ ન્યાય અભિયાન અંતર્ગત કોંગ્રેસ પક્ષનો દરેક કાર્યકર્તા કોવિડ વોરીયર બની આગામી ત્રીજી-ચોથી કે પાંચમી લહેરમાં સામાન્ય માણસના જાનમાલના રક્ષણ માટે જાગૃતિ અભિયાનને આગળ વધારે, કોવિડ મૃતક પરિવારને ચાર લાખ રૂપિયાનું વળતર મળે, કોવિડના દર્દીઓને ખાનગી હોસ્પિટલોમાં લૂંટાવું પડયું તેનું સંપૂર્ણ વળતર મળે, સરકારની ગુનાહિત બેદરકારીના કારણે ભારે મોટી જાનહાનિનો ભોગ ગુજરાતના સામાન્ય લોકો બન્યા છે. અંદાજે ત્રણ લાખ કરતાં વધુ લોકોએ કોરોના મહામારીમાં આરોગ્ય સુવિધાના અભાવે શહીદી વહોરવી પડી છે ત્યારે સરકારની આ ગુનાહિત બેદરકારીની નિષ્પક્ષ તપાસ થાય તે અંગે પણ વિધાનસભા કોંગ્રેસ પક્ષે ઠરાવ પસાર કર્યો છે. વિધાનસભા કોંગ્રેસ પક્ષ દ્વારા બેઠકમાં સાંપ્રત સમસ્યાઓના નિવારણ માટે બૃહદ ચર્ચા કરવામાં આવી હતી.

ફાયર NOC મુદ્દે શહેરની ૨૧૨ સ્કૂલોને ક્લોઝર નોટિસ

- ફાયર વિભાગે નોટિસ ફટકારી ૭ દિવસમાં NOC રજૂ કરવા આદેશ કર્યો
- નિયત સમયમર્યાદામાં NOC રજૂ નહીં કરે તો સ્કૂલો બંધ કરવી પડશે
- NOC વગર સ્કૂલો ચાલુ રાખવામાં આવશે તો સ્કૂલો સામે કાર્યવાહી કરાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના ફાયર વિભાગ દ્વારા શહેરની ૨૧૨ સ્કૂલોને ફાયર એનઓસી મુદ્દે ક્લોઝર નોટિસ ફટકારતા ચકચાર મચી ગઈ છે. ફાયર વિભાગ દ્વારા અનેક વાર જાણ કરી હોવા છતાં સ્કૂલોને ફાયર એનઓસી લીધું ન હોઈ હવે તેમને ક્લોઝર નોટીસ ઈશ્યુ કરવામાં આવી છે. આ સ્કૂલોને ફાયરનું એનઓસી રજૂ કરવા માટે ૭ દિવસનો સમય આપવામાં આવ્યો છે. જો, તેઓ ૭ દિવસમાં એનઓસી રજૂ નહીં કરી શકે તો તેમણે સ્કૂલો બંધ કરવી પડશે. ફાયર વિભાગ દ્વારા અગાઉ શહેરની ૩૭ સ્કૂલોને ક્લોઝરની નોટિસ ફટકારી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ શહેરમાં આવેલી સ્કૂલોને ફાયર વિભાગનું એનઓસી મેળવવા માટે સુચના આપવામાં આવી હતી. આ મુદ્દે ફાયર વિભાગ દ્વારા અને અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સ્કૂલોને પરિપત્ર મોકલી તાકીદે ફાયર વિભાગનું એનઓસી લેવા માટે સુચના આપી હતી. આ સુચનાના પગલે અનેક સ્કૂલોએ ફાયરનું એનઓસી મેળવી લીધું હતું. જોકે, ઘણી સ્કૂલો હજુ પણ એવી હતી કે જેમણે ફાયરનું એનઓસી લીધું ન હતું. જેથી આવી સ્કૂલો સામે કાર્યવાહી કરવાનો ફાયર વિભાગે નિર્ણય કર્યો હતો.

ફાયર વિભાગ દ્વારા સ્કૂલોને એનઓસી લેવા માટે ૪થી ૫ વખત જાહેર નોટિસ આપી હતી. ત્યાર બાદ ખાતાકીય નોટિસ પણ ઈશ્યુ કરાઈ હતી અને ખ-૧૦ નોટિસ દ્વારા પણ સ્કૂલોને ફાયરનું એનઓસી લેવા માટે જણાવાયું હતું. જો કે તેમ છતાં શહેરની સ્કૂલોએ ફાયરનું એનઓસી લીધું ન હોઈ મંગળવારે ફાયર વિભાગ દ્વારા શહેરની ૨૧૨ સ્કૂલોને ક્લોઝરની નોટિસ ફટકારી હોવાનું જાણવા મળે છે. આ અગાઉ ૩૭ સ્કૂલોને ક્લોઝર નોટિસ ફટકારવામાં આવી હતી. આમ, અત્યાર સુધીમાં કુલ ૨૪૯ સ્કૂલોને ક્લોઝર નોટિસ આપી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

જે સ્કૂલોને ક્લોઝર નોટીસ અપાઈ છે તેમને ૭ દિવસનો સમય આપવામાં આવ્યો છે. ૭ દિવસમાં સ્કૂલોને ફાયરનું એનઓસી મેળવી રજૂ કરવાનુ રહેશે. જો સ્કૂલો નિયત સમયમાં ફાયરનું એનઓસી રજૂ નહીં કરી શકે તો તેમણે ૭ દિવસ પછી સ્કૂલો બંધ કરવી પડશે. જો, સ્કૂલો ફાયર એનઓસી વગર ચાલુ રાખવામાં આવશે તો તેમની સામે ફાયર વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. જેમાં પાણીનું કનેક્શન કાપવું, વીજળીનું કનેક્શન કાપવું, સ્કૂલ સીલ કરવી અને કોર્ટમાં ફરિયાદ કરવા સુધીની કાર્યવાહી થઈ શકે છે.

ફાયર વિભાગ સ્કૂલોની નોટિસને લઈને સતત શિક્ષણ વિભાગ સાથે સંપર્કમાં હોવાનું જાણવા મળે છે. જે સ્કૂલોને ક્લોઝર નોટિસ અપાઈ છે તેઓ પણ શિક્ષણ બગડ્યા વગર પાંચ દિવસમાં વિભાગનું એનઓસી મેળવી શકે છે. ફાયરના પોર્ટેબલ સાધનો જ લગાવવાના હોવાથી શિક્ષણ પર અસર થાય તેવી શક્યતા નહીવત છે. કોઈ પણ કામગીરી ક્લાસરૂમમાં જઈને કરવાની રહેતી નથી. જેથી સ્કૂલો નિયત સમયમાં ફાયરનું એનઓસી મેળવી શકે છે.

કેન્દ્રીય મંત્રીઓ ગુજરાતની મુલાકાતે

દેશના નિકાસ ક્ષેત્રમાં ગુજરાત રાજ્યનું યોગદાન ૨૦ ટકાથી વધુ : કેન્દ્રીય મંત્રી

૨૦૦૧-૦૨માં રાજ્યની નિકાસ ૧૦૦૮ કરોડ હતી જે આજે ૪.૪૮ લાખ કરોડ સુધી પહોંચી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

ગુજરાતમાં કૃષિખાદ્ય, ડેરી, રસાયણ, કપડાં આભૂષણો, જેમ્સ એન્ડ જવેલરી, ફાર્મા ખનીજ વગેરે ચીજવસ્તુઓના ઉત્પાદને હરણફાળ ભરી છે. જેના થકી રાજ્યનો સર્વાંગી વિકાસ થયો છે. દેશની નિકાસક્ષેત્રમાં ગુજરાત રાજ્યનું યોગદાન ૨૦ ટકાથી વધુ છે. એમ કેન્દ્રીય રેલવે અને કાપડ મંત્રી શ્રીમતિ દર્શના બેન જરદોશે અમદાવાદ ખાતે રાજ્યકક્ષાના વાણિજ્ય ઉત્સવનો પ્રારંભ કરતાં જણાવ્યું હતું. ભારતના ૪૦૦ બિલયન ડોલર નિકાસ લક્ષ્યાંકના વડાપ્રધાને જોયેલા સ્વપ્નને "વાણિજ્ય ઉત્સવ" થકી વેગ મળશે. તેમ જણાવી મંત્રીએ ઉમેર્યું હતુ કે, રાજ્યમાં યોજાયેલ બે દિવસીય 'વાણિજ્ય ઉત્સવ' રાજના ઉધોગકારો અને રોકાણકારોને પારસ્પરિક ચર્ચા-વિચારણા અને વિચારોના આદાન પ્રદાન કરવા એક કડીરૂપ સાબિત થશે. જેના થકી રાજ્યની ઔધોગિક શક્તિ વધુ પ્રબળ બનશે. આજે ગુજરાતનું વિકાસમોડલ દેશના અન્ય રાજ્યોએ પણ સ્વીકાર્યું છે. તાજેતરમાં જ કેન્દ્ર સરકાર દ્વારા ફાર્મા, ટેક્સટાઈલ, ટેલીકોમ ઉધોગ ક્ષેત્રે ૧૧ થી વધુ પી.એલ.આઈ.(Productivity linked incentives) સ્કીમ લોન્ચ કરીને રોકાણકારોને આકર્ષવાના પ્રયાસો કર્યા છે. આજે દેશના રોકાણકારો માટે આ ક્ષેત્રમાં રોકાણ કરવા માટેની સુવર્ણતક ઉભી કરી છે. આત્મનિર્ભર અભિયાન દેશને વિવિધ ચીજ-વસ્તુઓના

ઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભર બનાવી રહ્યું છે. જેણે રોજગારીમાં પણ વધારો થઈ રહ્યો છે. દેશમાં ઉત્પાદન થતી ચીજવસ્તુઓની નિકાસને વેગ આપવા માટે જ દેશભરના વિવિધ રાજ્યો અને જિલ્લા સ્તરે વાણિજ્ય ઉત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે. રાજ્યકક્ષાના ઉધોગમંત્રી જગદિશ વિશ્વકર્માએ આ પ્રસંગે કહ્યું કે, વર્ષ ૨૦૦૧-૦૨ માં રાજ્યમાં ૧૦૦૮ કરોડની નિકાસ હતી જે આજે ૨૦૨૧માં ૪.૪૮ લાખ કરોડ સુધી પહોંચી છે. દેશમાં ૪.૨૦ લાખ MSME ઉધોગોની નોંધણી થઈ છે, જેમાં ગુજરાતનો ફાળો ૧૦ ટકા જેટલો છે. આમ, ગુજરાત રાજ્ય અન્ય રાજ્યોના રોકાણકારો અને ઉધોગકારો માટે લેન્ડ ઓફ ઓપોર્ચ્યુનિટી તરીકે ઉભરી આવ્યું છે. મંત્રીએ વાયબ્રન્ટ ગુજરાત સમિટનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, નરેન્દ્ર મોદીએ ૨૦૦૩ માં શરૂ કરેલી વાઈબ્રન્ટ સમિટની ૯ મી સમિટનું ટૂંક સમયમાં આયોજન થશે ત્યારે અત્યાર સુધીમાં રાજ્યમાં યોજાયેલ ૮ વાઈબ્રન્ટ સમિટમાં ૧ લાખ કરતા પણ વધારે એમ.ઓ.યુ. થયા છે. જે સ્પષ્ટપણે દર્શાવે છે રાજ્યની રોકાણનીતિ દેશ-વિદેશના રોકાણકારોને આકર્ષી રહી છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના કામદારોની ૨૪ સપ્ટેમ્બરે રાષ્ટ્રવ્યાપી હડતાળ

અમદાવાદ સહિત રાજ્યમાં ઠેર-ઠેર ધરણાં અને આવેદનપત્ર પાઠવવાના કાર્યક્રમો અપાશે

અમદાવાદ, તા.૨૧

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા આરોગ્ય, પ્રાથમિક શિક્ષણ અને કુપોષણ અટકાવવા માટે આશા યોજના, આંગણવાડી અને મધ્યાન્હ ભોજન યોજના જેવી યોજનાઓ ચલાવવામાં આવે છે. આ યોજનાઓની કામગીરી સંભાળવાનું કામ મોટી સંખ્યામાં મહિલા કામદારો કામ કરે છે. આ વિવિધ યોજનામાં કામ કરતા કામદારોને કાયદા પ્રમાણે કામદારો ગણવામાં આવતા નથી તેમજ કોઈ પણ જાતની સામાજિક સુરક્ષા પૂરી પાડવામાં આવતી નથી, મામુલી માનદ વેતન ચૂકવી કામનું ભારણ વધારી શોષણ કરવામાં રહ્યું છે. દેશના ૧૦ કેન્દ્રીય મજદૂર સંગઠનોની તા.૧૬મી ઓગસ્ટના રોજ દિલ્હી ખાતે મિટીંગ મળી હતી જેમાં આ યોજનાઓમાં કામ કરતા કામદારોના થતા શોષણ અને અન્યાય સામે લડતના કાર્યક્રમો નિર્ધારિત કરવામાં આવ્યા હતા. યોજનાઓમાં કામ કરતા "કામદારોનું રાષ્ટ્રીય મંચ" બનાવી સરકાર આ વિવિધ યોજનાઓનું ખાનગીકરણ કરવા આગળ વધી રહી છે તેને રોકવા, તેમજ યોજનાઓના કામદારોને કાયમી કામદારનું દરજ્જો આપવા અને કાયમી કામદારોને મળતા પગાર અને સવલતો અપાવવા તેમજ અન્ય માંગણીઓના સમર્થનમાં ૨૪ સપ્ટેમ્બરેના દિવસે સરકારી યોજનાઓમાં કામ કરતા કામદારોની રાષ્ટ્રવ્યાપી હડતાળની હાકલ કરી છે. આ રાષ્ટ્રવ્યાપી હડતાળને સફળ બનાવવા માટે ગુજરાતમાં પણ સારી એવી તૈયારી થઈ છે અને ૨૪ તારીખે યોજનાઓમાં કામ કરતા કામદારોની માંગણીઓના સમર્થનમાં અમદાવાદમાં સાંજે ૪થી ૫ વાગ્યા સુધી કલેકટર કચેરીએ ધરણા ત્યારપછી આવેદન પત્ર અપાશે, એ જ રીતે આણંદ, ભાવનગર, રાજકોટ, મોરબી, જામનગર, સુરેન્દ્રનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પાટણ, મહેસાણા, સુરત, નર્મદા, ભરૂચ અને વલસાડ જિલ્લાઓમાં હડતાળ કરી વિવિધ કાયક્રમોનું આયોજન કરી જિલ્લા કલેક્ટરોને આવેદનપત્રો આપવામાં આવશે એમ સરકારી યોજનાઓના કામદારોનો રાષ્ટ્રીયમંચના ગુજરાતના કન્વીનર અને ઓલ ઈન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસ (આઈટુક)ના પ્રદેશ ઉપપ્રમુખ રામસાગરસિંહ પરિહારે જણાવ્યું છે.

બાળકોમાં શિક્ષણની ભૂખ જગાડતું ગ્યાસુદ્દીન શેખનું મહાઅભિયાન 'હમારા દરિયાપુર, શિક્ષિત દરિયાપુર'

ધારાસભ્યના સફળ પ્રયાસોથી દરિયાપુર અંગ્રેજી પબ્લિક સ્કૂલમાં ૧ ફેબ્રુઆરીથી પ્રવેશ પ્રક્રિયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૧

દરિયાપુરના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ રાજકીય અને સામાજિક ક્ષેત્રે તો કાઠું કાઢી જ રહ્યા છે પરંતુ બાળકોમાં શિક્ષણની જ્યોત પ્રજ્જવલ્તિ થાય તે માટે પણ અથાગ પ્રયત્નો કરતા રહે છે. ધારાસભ્યના પ્રયત્નોથી વર્ષ ૨૦૧૯માં શરૂ કરાયેલી કાલુપુર અંગ્રેજી પબ્લિક સ્કૂલ સફળતાના શિખરો સર કરી રહી છે. હવે દરિયાપુર અંગ્રેજી પબ્લિક સ્કૂલ પણ નવા રૂપ રંગ ધારણ કરી ૧ ફેબ્રુઆરી ૨૦૨૨થી શરૂ થઈ રહી છે. જુનિયર કેજીથી લઈ કે.જી. અને ધો.૧ થી ૫ ખાનગી શાળાને શરમાવે તેવી સરકારી અંગ્રેજી શાળા કાલુપુર અંગ્રેજી પબ્લિક સ્કૂલની અભૂતપૂર્વ સફળતા બાદ દરિયાપુર ડબગરવાડ રાવની સ્કૂલ ખાતે રીનોવેશનની કામગીરી પૂર્ણ થયેલ છે. દરિયાપુર ડબગરવાડ સ્થિત રાવની અંગ્રેજી પબ્લિક સ્કૂલ તો ખાનગી શાળાને પણ શરમાવે તેવી રિનોવેશન કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે જેમાં સીની. જૂની કે.જી. ધો.૧થી ૫ સહિત સરકારી અંગ્રેજી શાળા માટે ધારાસભ્ય શેખે પોતાનું બજેટ ફાળવ્યું હતું. રીનોવેશન

કામગીરી પુર્ણ થતા આજ રોજ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે સ્કૂલની મુલાકાત લીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કાલુપુર અંગ્રેજી પબ્લિક સ્કૂલ કે જેમાં ૮૩૦થી વધુ બાળકો હાલ અભ્યાસ કરે છે. કાલુપુર પબ્લિક સ્કૂલના પ્રિન્સિપલ શ્રીમતી જસ્મીન એમ. શેખને ઉત્કૃષ્ટ સેવા બદલ શિક્ષક દીન પ્રસંગે ગુજરાત સરકાર દ્વારા શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે. કાલુપુર અંગ્રેજી પબ્લિક સ્કૂલની મુલાકાત લીધી હતી. હુસેન શેખ, રફીક નાગરીવાલા, યુસુફ પેપરવાલા, ઝહીર શેખ, ડો. અસલમ, મકબુલ અન્સારી, શૌકત પટેલ, આસીફ અન્ના, યુસુફ માર્ટીન, ધ્રુવ કલાપી, ભુપેશ પ્રજાપતિ, ઈમરાન વોરા, આસીફભાઈ ચરખા, ઈલ્યાસ ખન્ના, વાહીદખાન, મુન્નાભાઈ સહિત મોટી સંખ્યામાં આગેવાનો સહિત આગેવાનોએ મુલાકાત લીધી હતી. હુસેન શેખ, રફીક નાગરીવાલા, યુસુફ પેપરવાલા, ઝહીર શેખ, ડો. અસલમ, મકબુલ અન્સારી, શૌકત પટેલ, આસીફ અન્ના, યુસુફ માર્ટીન, ધ્રુવ કલાપી, ભુપેશ પ્રજાપતિ, ઈમરાન વોરા, આસીફભાઈ ચરખા, ઈલ્યાસ ખન્ના, વાહીદખાન, મુન્નાભાઈ સહિત મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યમાં ધો. ૩થી ૫માં વિષયની તાલીમનું આયોજન કરવા આદેશ

ધોરણ-૩ અને ૪માં ગુજરાતી અને ધોરણ-૫માં પર્યાવરણ વિષયની તાલીમ યોજાશે ● તાલીમ દરમિયાન પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ લેવામાં આવશે અને પરિણામ તૈયાર કરાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

રાજ્યમાં ધોરણ-૩ અને ૪માં ગુજરાતી અને ધોરણ-૫માં પર્યાવરણ વિષયની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં માસ્ટર્સ ટ્રેનર્સ તાલીમ અને શિક્ષક તાલીમ રહેશે. આ તાલીમ દરમિયાન પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ લેવામાં આવશે. જે અંગેનું પરિણામ તૈયાર કરવા માટે પણ સૂચના અપાઈ છે. આ તાલીમનું અમુક સમયે બાયસેગથી પ્રસારણ કરવામાં આવનાર હોઈ તાલીમનું આયોજન તેવા સ્થળે જ કરવા માટે સૂચના અપાઈ હોવાનું જાણવા મળે છે. ધોરણ-૩ અને ૪માં ગુજરાતી અને ધોરણ-૫માં પર્યાવરણ વિષયની તાલીમનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ અંગે જીસીઈઆરટી દ્વારા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યોને ઉદ્દેશીને પરિપત્ર પણ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. જેમાં ધોરણ-૩ અને ૪ ગુજરાતીમાં એમટી તાલીમ ૨૩ સપ્ટેમ્બરથી ૨૪ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. જ્યારે શિક્ષક તાલીમ ૨૭ સપ્ટેમ્બરથી ૨૮ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. જ્યારે ધોરણ-૫ પર્યાવરણમાં એમટી તાલીમ ૨૯ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર દરમિયાન યોજાશે. જ્યારે શિક્ષક તાલીમ ૪ ઓક્ટોબરથી ૬ ઓક્ટોબર દરમિયાન યોજાશે. જીસીઈઆરટી દ્વારા કરાયેલા પરિપત્રમાં જિલ્લાની જરૂરીયાત મુજબ સંખ્યામાં માસ્ટર્સ ટ્રેનર્સની તાલીમનું આયોજન કરવાનું રહેશે. નક્કી કરેલા સમયે તાલુકા કક્ષાએ વધુ સંખ્યા એકત્ર ન થાય તે રીતે સરકારની કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ જુદા-જુદા સ્થળે શિક્ષક તાલીમનું આયોજન કરવાનું રહેશે. માસ્ટર્સ ટ્રેનર્સ અને શિક્ષક તાલીમ દરમિયાન અમુક સમય દરમિયાન બાયસેગથી પ્રસારણ કરવામાં આવનાર છે. જેથી બાયસેગનું પ્રસારણ જોઈ શકાય તેવા સ્થળે તાલીમનું આયોજન કરવા માટે સુચના અપાઈ છે. તાલીમ દરમિયાન પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ લેવાની રહેશે અને તે અંગેનું પરિણામ તૈયાર કરવાનું રહેશે. જે તે વિષયની તાલીમમાં જે તે વિષયનું તાલીમ મોડ્યુઅલ લાભાર્થીને આપવાનું રહેશે. આ તાલીમ પુર્ણ થયા બાદ ૭ દિવસમાં માહિતી મોકલી આપવા માટે જીસીઈઆરટીના સચિવે પરિપત્ર કરી સૂચના આપી હોવાનું જાણવા મળે છે.

જામનગરના ગેંગસ્ટર જયેશ પટેલના કેસમાં ગુજસીટોક હટાવવાની અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી

અમદાવાદ, તા.૨૧

જામનગરના ગેંગસ્ટર જયેશ પટેલ અને તેના સાગરિતો ઉપર લાગુ કરવામાં આવેલા ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ, ૨૦૧૫ એટલે કે ગુજસીટોક લગાડવા સામે થયલી અરજીઓ ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી હતી. ઉલ્લેખનીય છે કે, જયેશ પટેલ નામના નામીચા જમીન માફિયાને ઝબ્બે કરવા માટે રાજ્ય સરકારે ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી દિપેન ભદ્રનને જામનગરના પોલીસ વડા તરીકે બદલી કરી હતી. જયેશ પટેલ અને તેની ગેંગ દ્વારા અત્યાર સુધીમાં એક હજારથી વધુ જમીનોની લેવડ-દેવડ કરી હોવાના પૂરાવા મળ્યા છે અને પટેલ સામે જમીન પચાવી પાડવા, ખંડણી માંગવા, હત્યા સહિતના ૪૫ ગુના નોંધાયા છે, તે હાલમાં લંડનમાં પકડાયો છે અને તેના પ્રત્યાપ્રણની કાર્યવાહી ચાલી રહી છે. તેના કેટલાક સાગરિતોની સ્થાનિક પોલીસે ધરપકડ કર હતી, તે પૈકીના એક નિલેશ ટોળિયા દ્વારા હાઈકોર્ટમાં પિટિશન કરીને રજૂઆત કરાઈ હતી કે, પોલીસ દ્વારા કોર્ટને રિપોર્ટ કરીને ગુનામાં ગુજસીટોક ધારો લાગુ કરવાની વિનંતી કરાઈ હતી, તે કોર્ટે ગ્રાહ્ય રાખતા કેસમાં આ કાયદો લાગુ પડ્યો છે. પરંતુ આરોપીને સાંભળ્યા વગર કોર્ટ આવો હુકમ કરી શકે નહીં, તેની સામે સરકારે સખત વાંધો લીધો હતો અને રજૂઆત કરી હતી કે, કોર્ટે કાયદા મુજબ જ કામ કરેલું છે. કોર્ટમાં રજૂઆત કરાઈ હતી કે, આરોપી ઈન્ટરનેટ મારફતે કોલ કરીને ખેડૂતો, ઉદ્યોગપતિઓ અને ધંધાદારીઓને ધમકીઓ આપીને ખંડણી ઉઘરાવવાનું નેટવર્ક ચલાવે છે. અત્યાર સુધીની તપાસ દરમિયાન એક હજાર જેટલી જમીનોના ખરીદ અને વેચાણના દસ્તાવેજો મળી આવ્યા છે. એટલું જ નહીં બે ટીબી જેટલા ઈલેક્ટ્રોનિક પૂરાવા એકઠા કરીને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં તપાસ માટે મોકલી આપવમાં આવ્યા છે. તમામ રજૂઆતો સાંભળ્યા બાદ કોર્ટે અરજી ફગાવી દીધી હતી.

વિજળીના ચમકારા અને કડાકા-ભડાકા સાથે

શહેરના અનેક વિસ્તારોમાં માત્ર બે કલાકમાં બે ઈંચ જેટલો વરસાદ ખાબક્યો : વાતાવરણમાં ઠંડક

અમદાવાદમાં સિઝનનો પપ ટકા જેટલો વરસાદ નોંધાયો

અમદાવાદ, તા.૨૧

અમદાવાદમાં વહેલી સવારે ગાજવીજ સાથે ધોધમાર વરસાદ ખાબક્યો હતો. જો કે, ૩૦ મીનિટની ધમાકેદાર બેટિંગ કર્યા બાદ વરસાદ બંધ થઈ હતો. ત્યારે વહેલી સવારે અમદાવાદના ગોતા, ચાંદલોડિયા, સેટેલાઈટ, ઘાટલોડિયા, બોડકદેવ, સરસપુર, મણિનગર, એસજી હાઈવે, મકરબા, થલતેજ, ચાંદખેડા, બાપુનગર, વેજલપુર, વસ્ત્રાલ સહિતના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. કેટલાક સ્થળોએ બેથી અઢી ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જો કે, શહેરમાં મોડી રાતથી ધીમીધારે વરસાદ પડી રહ્યો હતો. અમદાવાદમાં વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. ત્યારે ગઈકાલે શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં સારો વરસાદ નોંધાયો હતો. અમદાવાદમાં મોસમનો સરેરાશ ૫૫ ટકા સાથે ૧૫ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે શહેરમાં હજુ પણ ૪૩ ટકા વરસાદની ઘટ જોવા મળી રહી છે. જો કે, હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહીમાં આગામી ૪ દિવસ શહેરમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૪ દિવસ શહેરમાં વરસાદી માહોલ જામશે. શહેરમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. ત્યારે અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે આગામી ૪ દિવસ શહેરમાં વરસાદી માહોલ વચ્ચે મહત્તમ તાપમાન ૨૫ ડિગ્રી સુધી જઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં આજથી ૪ દિવસ સામાન્યથી મધ્યમ વરસાદની હવામાન વિભાગની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત સામાન્ય વરસાદ પડી શકે છે. જ્યારે મધ્ય ગુજરાતમાં મધ્યમ વરસાદની આગાહી કરવામાંઆવી છે. જોકે, ગુજરાતમાં હજુ પણ ૧૮ ટકા વરસાદની ઘટ જોવા મળી રહી છે. અમદાવાદ મહાનગરપાલિકાના આંકડા પ્રમાણે, વિરાટનગરમાં ૧.૮૮ ઈંચ, રખિયાલમાં ૧.૮૩ ઈંચ, ઓઢવમાં ૧.૭૫ ઈંચ, દૂધેશ્વરમાં ૦.૯૮ ઈંચ, ઉસ્માનપુરામાં ૦.૯૨ ઈંચ, રાણિપ અને મોમ્કોમાં ૦.૮૮ ઈંચ અને બોપલમાં ૦.૬૧ ઈંચ વરસાદ નોંધાયો હતો. શહેરમાં વાર્ષિક સરેરાશ ૩૧.૨૯ ઈંચની સામે ૨૩.૬૨ ઈંચ અથવા ૭૫ ટકા વરસાદ નોંધાયો હતો. વરસાદ અને વાદળછાયા વાતાવરણના કારણે સોમવારે મહત્તમ તાપમાન ૩૦.૯ ડિગ્રી નોંધાયું હતું, જે સરેરાશ કરતાં ૩.૩ ડિગ્રી ઓછું હતું.

તાલિબાનના નેતા મુલ્લા બરાદર ગુમ થયા; હૈબતુલ્લાહ અખુંદઝાદાનું મૃત્યુ થયું હોવાની આશંકા : અહેવાલ

(એજન્સી) તા.૨૧

યુ.કે. સ્થિત એક સામાયિકના અહેવાલ મુજબ તાલિબાનના ટોચના બે નેતાઓ નાયબ વડાપ્રધાન મુલ્લાહ બરાદર અને સર્વોચ્ચ નેતા હૈબતુલ્લાહ અખુંદઝાદા સત્તા માટેની લડાઈ દરમ્યાન ખુબ જ ખરાબ રીતે અસરગ્રસ્ત થયા છે. તાલિબાનના સહસ્થાપક મુલ્લા બરાદર વડાપ્રધાન બનવાના હતા. પરંતુ તેમને નાયબ વડાપ્રધાન પદ આપવામાં આવ્યું. આ સામાયિકના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો. કે કાબુલના પ્રેસિડેન્સીયલ પેલેસમાં બરાદર અને ખલિલ હક્કાનીના સમર્થકો વચ્ચે સત્તાની વહેંચણી અંગે વિવાદ થયો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે આ ઝઘડા દરમ્યાન સામસામે ગોળીબાર પણ થયો હતો. આ ઝઘડા પછી બરાદર કેટલાક દિવસો સુધી ગુમ થઈ ગયા હતા. બીજી તરફ તાલિબાનના સર્વોચ્ચ નેતા આખુંદઝાદા કયાં છે તે અંગે કોઈને ખબર નથી.

એવી અફવાઓ વધી રહી છે કે તે મૃત્યુ પામ્યા છે. તાલિબાનની ટોચની નેતાગીરીમાં સર્જાયેલો આ શુન્યાવકાશ ભવિષ્યમાં તાલિબાનના વિભાજન માટે કારણભૂત બની શકે છે.

સ્ટેડિયમમાં મહિલા પ્રેક્ષકોનું કારણ આગળ ધરી તાલિબાને IPLના પ્રસારણ પર પ્રતિબંધ મૂક્યો

(એજન્સી) તા.૨૧

તાલિબાને વિશ્વ પ્રતિષ્ઠિત ક્રિકેટ ટુર્નામેન્ટ ઈન્ડિયન પ્રિમિયર લીગ (આઈપીએલ)ને અફઘાનિસ્તાનમાં પ્રતિબંધિત કરતો નવો આદેશ બહાર પાડ્યો છે. તાલિબાને આઈપીએલ દરમિયાન થતાં નૃત્ય અને સ્ટેડિયમમાં મહિલાઓની હાજરીનું કારણ આગળ ધરી અફઘાનિસ્તાનની મીડિયા સંસ્થાઓને તેને પ્રસારિત ન કરવા અંગે ચેતવણી ઉચ્ચારી છે. ગયા અઠવાડિયે તાલિબાનના ખેલમંત્રીએ કહ્યું હતું કે, અફઘાનિસ્તાનમાં ૪૦૦ જેટલી રમતોની પરવાનગી આપવામાં આવશે. જો કે, તેમણે આ વાતની પુષ્ટિ કરવાનું ટાળ્યું હતું કે, મહિલાઓ આ રમતોમાં ભાગ લઈ શકશે કે નહીં. આ અંગે પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં ખેલમંત્રી અહમદ રૂસ્તમઝાઈએ કહ્યું હતું કે, "મહેરબાની કરી મહિલાઓ અંગે વધુ પ્રશ્નો ન કરો."

છોકરીઓ 'વહેલામાં વહેલીતકે' શાળાઓમાં પરત ફરશે : તાલિબાન

(એજન્સી) કાબુલ,તા.૨૧

તાલિબાને મંગળવારે જાહેરાત કરી હતી કે શકય હશે તેટલા વહેલા છોકરીઓને શાળામાં પરત ફરવાની પરવાનગી આપવામાં આવશે. અફઘાનિસ્તાનના નાયબ શિક્ષણમંત્રી ઝબિઉલ્લાહ મુજાહિદે કહ્યું હતું કે અમે આ અંગે અંતિમ નિર્ણય તરફ આગળ વધી રહ્યા છીએ. શકય હશે તેટલી ઝડપે આ અંગે નિર્ણય લેવામાં આવશે. આ અઠવાડિયાની શરૂઆતમાં શિક્ષણ મંત્રાલયે પુરૂષ શિક્ષકો અને વિદ્યાર્થીઓને માધ્યમિક શાળાઓમાં પરત ફરવાનો નિર્દેશ આપ્યો હતો. જો કે આ નિર્દેશમાં મહિલા શિક્ષકો અને વિદ્યાર્થિનીઓ અંગે કોઈ ઉલ્લેખ કરવામાં ન આવતા છોકરીઓના શિક્ષણ અંગે ચિંતા ઉભી થઈ હતી. આ અંગે યુનેસ્કો અને યુનિસેફ દ્વારા નિવેદન બહાર પાડી કહેવામાં આવ્યું હતું કે અફઘાનિસ્તાનમાં છોકરીઓ માટેની શાળાઓ બંધ કરવાનો નિર્ણય શિક્ષણના મૂળભૂત અધિકારનો ભંગ કરે છે.



નિર્દોષ લોકોની હત્યા કર્યા પછી અમેરિકાના માત્ર સોરી કહેવાથી કામ નહીં ચાલે

(એજન્સી) તા.૨૧

અફઘાનિસ્તાનમાં અમેરિકન ડ્રોન હુમલામાં જે સામાન્ય લોકો મૃત્યુ પામ્યા હતા તેમના કુટુંબીજનોએ અમેરિકા દ્વારા માંગવામાં આવેલી માફી પૂરતી બતાવી નથી. તેમનું કહેવું છે કે સામાન્ય લોકોની હત્યા કર્યા પછી માત્ર સોરી કહેવાથી કામ નહીં ચાલે. તેમનું કહેવું છે કે, આ કાર્યવાહીના જવાબદારોને સજા આપવામાં આવે મૃત્યુ પામનારાઓના આશ્રિતોને વળતર આપવામાં આવે, માત્ર સોરી કહેવાથી તેનાથી પીછો છોડાવી શકાતો નથી. યાદ રહે કે ઓગસ્ટના અંતમાં અમેરિકન ડ્રોને કાબુલ એરપોર્ટ નજીક એક વાહન પર રોકેટથી હુમલો કર્યો હતો. અમેરિકનોનું કહેવું હતું કે, તે વાહન પર દાઈશના લોકો બેઠા હતા જેમણે કાબુલ એરપોર્ટ પર હુમલો કર્યો હતો.

આ અમેરિકન હુમલામાં ૧૨ સામાન્ય નાગરિક મૃત્યુ પામ્યા હતા. જેમાં ૬ અફઘાની બાળકો સામેલ હતા. ઉલ્લેખનીય છે કે, આ પહેલાં પણ અફઘાનિસ્તાનમાં અમેરિકન સૈનિકોના આક્રમણમાં સામાન્ય લોકો મૃત્યુ પામ્યા છે. થોડાક મહિલા પહેલા અમેરિકનોએ અફઘાનિસ્તાનમાં એક લગ્ન પ્રસંગ પર હુમલો કર્યો હતો. જેમાં મોટી સંખ્યામાં સામાન્ય લોકો મૃત્યુ પામ્યા હતા.

દાઈશે અફઘાનિસ્તાનના વર્તમાન વિસ્ફોટોની જવાબદારી સ્વીકારી

(એજન્સી) તા.૨૦

આતંકવાદી સંગઠન દાઈશે એક નિવેદન જારી કરી અફઘાનિસ્તાનમાં શનિવારે અને રવિવારે કરવામાં આવેલા વિસ્ફોટોની જવાબદારી સ્વીકારી છે. આતંકી સંગઠન દાઈશ દ્વારા જારી નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે શનિવાર અને રવિવારે કરવામાં આવેલા વિસ્ફોટોમાં તાલિબાનના ઓછામાં ઓછા ૩૫ સભ્ય તો મૃત્યુ પામ્યા અથવા ઘાયલ થયા. તાલિબાનના એક પ્રવકતા બેલાલ કરીમીએ જણાવ્યું કે, જલાલાબાદમાં તાલીબાનના વાહનોને નિશાન બનાવી હુમલા કરવામાં આવ્યા હતા. શનિવારે અફઘાનિસ્તાનના નંગરહાર રાજયના જલાલાબાદ નગરમાં ત્રણ વિસ્ફોટ થયા હતા. જેમાં બે લોકો મૃત્યુ પામ્યા અને ૧૯ ઘાયલ થયા. પ્રત્યક્ષદર્શીઓનું કહેવું

છે કે આ વિસ્ફોટોમાં કેટલીક મહિલાઓ અને બાળકો પણ ઘાયલ થયા હતા. ઉલ્લેખનીય છે કે, જ્યારથી તાલિબાને અફઘાનિસ્તાન પર પોતાનું નિયંત્રણ સ્થાપિત કર્યું છે. ત્યાર પછીથી દાઈશે અફઘાનિસ્તાનની રાજધાની કાબુલ સહિત આ દેશના અનેક વિસ્તારોમાં વિસ્ફોટ કર્યા છે. દાએશે થોડા સમય પહેલાં કાબુલ એરપોર્ટ પર હુમલો કર્યો હતો. જેમાં ૧૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા.

ઈઝરાયેલી દાદા કહે છે કે તેમણે ઈટાલીમાં પોતાના પૌત્રનું અપહરણ નથી કર્યું, પરંતુ તેને બચાવ્યો છે

(એજન્સી) તા.૨૧

ઈટાલિયન કેબલ કાર દુર્ઘટનામાં એક માત્ર બચી જનાર છ વર્ષના બાળકના દાદાએ જણાવ્યું હતું કે તેઓ તેમના આ પૌત્રને ઈટાલીમાં તેના પરિવારની ઈચ્છા વિરુદ્ધ ઈઝરાયેલ લઈ જઈને તેનું હિત અને કલ્યાણ ઈચ્છે છે. ઈટાન બિરાનના માતા પિતા, નાનો ભાઈ અને ૧૧ લોકોના આ અકસ્માતમાં મૃત્યુ થયાં હતાં. હવે આઈટન બિરાનની કસ્ટડીને લઈને વિવાદ છેડાયો છે. આ છોકરો પોતાના પૈતૃક કાકી આયા બિરાન સાથે ઉત્તર ઈટાલીમાં રહેવા ગયો છે. એક અઠવાડિયા પૂર્વે તેના નાના સમુએલ પેલેગ તેને એક પારિવારિક પ્રવાસ પર લઈ ગયા હતા પરંતુ તેઓ ક્યારેય પાછા આવ્યાં નથી. ઈટાલિયન મીડિયાએ જણાવ્યું હતું કે પેલેગ પોતાના પૌત્ર સાથે સ્વિટ્ઝરલેન્ડ સુધીની સરહદ પર કારમાં હંકારી ગયાં હતાં અને ત્યાંથી ખાનગી જેટ દ્વારા તેલઅવીવ (ઈઝરાયેલ) ચાલ્યાં ગયાં છે. ઈટાલિયન સત્તાવાળાઓએ પેલેગની આ કાર્યવાહીને અપહરણ ગણાવી છે એ બાબતે ઈઝરાયેલની ચેનલ-૧૨ પર એક ઈન્ટરવ્યૂમાં તેમણે જણાવ્યું હતું કે મારા અંગત સ્વાર્થ કરતાં આ છોકરાઓનું મારા માટે મહત્વપૂર્ણ છે. આથી મેં નિર્ણય કર્યો છે કે આ છોકરાને મારે બચાવવો પડશે અને તેને ઈઝરાયેલ લાવવો પડશે. આથી

હું કારમાં આઈટન બિરાનને લઈ ગયો હતો. સ્વિટ્ઝર્લેન્ડમાં દૂતાવાસ ખાતે પાસપોર્ટ પણ ચેક કરાયાં હતાં ત્યાર બાદ મંજૂરી મળ્યાં બાદ અમે કાયદેસર રીતે તેને ઈઝરાયેલ લાવ્યાં છીએ. દરમિયાન ઈટાન બીરાનના પરિવારે ઈટાલીમાં તેની વાપસી માટે તેલઅવીવની ફેમિલી કોર્ટમાં અરજી દાખલ કરી છે. તેમના ઈઝરાયેલી વકીલે જણાવ્યું હતું કે અદાલતે આ માટે ૨૯, સપ્ટે. સુનાવણી રાખી છે. આ મુદ્દે છ અઠવાડિયામાં ચુકાદો આપવો પડશે. કાનૂની સૂત્રોએ જણાવ્યું છે કે ઉત્તર ઈટાલીના બાવિયા શહેરમાં અપહરણની તપાસ શરૂ કરી દેવામાં આવી છે પરંતુ આ અંગે પ્રોસિક્યુટર્સ કાર્યાલયે કોઈ ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો છે. ઈઝરાયેલ પોલીસે જણાવ્યું છે કે એક સગીરનું અપહરણ કરીને તેને ઈઝરાયેલ લાવવામાં આવ્યો છે એવી ફરિયાદ મળી છે અને અમે ૫૮ વર્ષના એક વૃદ્ધને તેની સંડોવણીના શકના આધારે પૂછપરછ કરી હતી. જ્યારે પેલેગને પૂછવામાં આવ્યું કે તેમણે ઈટાલિયન કોર્ટના નિર્ણય સુધી રાહ કેમ ન જોઈ ? ત્યારે તેમણે જણાવ્યું હતું કે મે ઈટાલિયન ન્યાયતંત્રમાં વિશ્વાસ ગુમાવી દીધો છે.

અફઘાનો, અમેરિકનો, યુરોપીય લોકોની સાથે કતારની ફલાઈટ કાબુલથી રવાના

(એજન્સી) તા.૨૧

કતારના એક અધિકારીએ જણાવ્યું કે, અફઘાનિસ્તાનથી કતાર માટે નાગરિકોને લઈ જનારી ચોથી ચાર્ટર્ડ ફ્લાઈટ પાછલા મહિને અમેરિકન સેનાના પરત ગયા પછી રવિવારે કાબૂલથી ૨૩૦થી વધુ પ્રવાસીઓ સાથે રવાના થઈ, જેમાં અફઘાન, અમેરિકન અને યુરોપીય સામેલ હતા. કતાર એરવેઝ દ્વારા સંચાલિત ફ્લાઈટ જર્મની બેલ્જિયમ, આયરલેન્ડ, કેનેડા, ફ્રાંસ, ઈટાલી, બ્રિટન, ફિનલેન્ડ અને નેધરલેન્ડના નાગરિકોને પણ લઈ જઈ રહી હતી. કતરના સહાયક વિદેશ મંત્રી લોલવાહ રાશિદે જણાવ્યું. કતારના એક બીજા અધિકારીએ જણાવ્યું કે, ૨૩૬ પ્રવાસી હતા જે ૩૧ ઓગસ્ટે અમેરિકન અને સહયોગીદળોની વાપસી પછીથી આ સૌથી મોટી નિકાસી ફ્લાઈટ છે. બીજા અધિકારીએ જણાવ્યું કે, "કતાર

અફઘાનિસ્તાનમાં આંદોલનની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવાના પ્રયાસો પર આંતરરાષ્ટ્રીય ભાગીદારોની સાથે પોતાનો સહયોગ જારી રાખશે. જ્યારે દેશમાં વધુ સામાન્ય પ્રગતિની દિશામાં જમીન પર વિવિધ દળોની સાથે કામ કરી રહ્યું છે.

ઈરાનના વૈજ્ઞાનિકની રોબોટ મશીનગનથી હત્યા કરાવી હોવાનો આરોપ

તેહરાન , તા.૨૧

ટ્રકમાં રહેલી મશીનગનમાંથી એક રાઉન્ડ ફાયરિંગ બાદ ફખરીજાદેહની કાર રોકાઈ ગઈ હતી. ત્યારબાદ મશીનગનને ફરી યોગ્ય નિશાન પર ગોઠવવામાં આવી હતી અને ત્યારબાદ ફરી ત્રણ રાઉન્ડ ગોળીબાર કરવામાં આવ્યા હતા. આઉપરાંત આક્ષેપો થઈ રહ્યા છે કે અમેરિકાને પણ ઈઝરાયલના આ આયોજનની જાણ હતી.ગત ૨૭મી નવેમ્બર,૨૦૨૦ના રોજ ઈરાનના પરમાણુ વૈજ્ઞાાનિક મોહસીન ફખરીજાદેહની રહસ્યમય સંજોગોમાં હત્યા કરવામાં આવી હતી. આ હત્યા કેસમાં તાજેતરમાં આવેલા કેટલાંક રિપોર્ટમાં ખૂલાસો થયો છે કે સંખ્યાબંધ કેમેરાઓ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ધરાવતી રોબોટ મશીનગનની મદદથી ફખરીજાદેહની હત્યા કરવામાં આવી હતી અને આ હત્યાનું કાવતરૂં ઈઝરાયલની જાસૂસી સંસ્થા મોસાદ દ્વારા ઘડવામાં આવ્યું હતું. મોહસની ફખરીજાદેહની ઈઝરાયના પરમાણુ કાર્યક્રમના જનક તરીકે ઓળખવામાં આવી છે. આ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે મોસાદના સ્નાઈપર દ્વારા સ્ટેલાઈટથી મશીનગન ઓપરેટ કરી

તેની હત્યા કરી છે. આ મુદ્દે બહાર આવેલા અહેવાલો પ્રમાણે જે બંદૂકની હત્યા કરવામાં આવી હતે બંદૂક એફ.એન.-એમ.એ.જી. મશીન ગનનું સ્પેશિયલ મોડેલ હતુ, જેનું ઉત્પાદન બેલ્જીયમમાં થાય છે. જેને એક રોબોટિક ઉપકરણથી જોડવામાં આવી હતી. જેના અલગ-અલગ હિસ્સાઓ ઘણાં સમય પહેલાં ઈઝરાયલમાં લાવી તેને એસેમ્બલ કરવામાં આવ્યા હતા કારણ કે આ સમગ્ર રોબોટિક મશીન ગનનું વજન એક ટન આસપાસ થાય છે. આ મશીનગનને એક મોટા ટ્રકમાં રાખવામાં આવી હતી. ફખરીજાદેહની કારના રૂટના અભ્યાસ બાદ પણ તેમાં કેટલીક ચૂક થાય તેવી શક્યતા હતી. તેથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી આ સમસ્યાઓ દૂર કરાઈ હતી અને રોબોટનું પ્રોગ્રામિંગ કરવામાં આવ્યું હતું.

હૌથી નેતા સમદની હત્યામાં સંડોવાયેલા નવ શખ્સોને મૃત્યુદંડની સજા આપવામાં આવી

(એજન્સી) તા.૨૧

યમનના હૌથી બળવાખોરોએ શનિવારે કહ્યું હતું કે વર્ષ ૨૦૧૮માં હૌથી નેતા સાલેહ અલ-સમદની હત્યામાં દોષિત ઠરેલા નવ શખ્સોને મૃત્યુદંડની સજા આપવામાં આવી હતી. એપ્રિલ ૨૦૧૮માં સઉદીના નેતૃત્વના ગઠબંધન દળોએ યમનના પશ્ચિમી કાંઠે આવેલા શહેર હુદાયદાહ ખાતે કરેલા હવાઈ હુમલામાં સમદનું મૃત્યુ થયું હતું. તે હૌથી

સંગઠનના ટોચના નેતાઓ પૈકી એક હતા. હૌથી અધિકારીઓએ જણાવ્યું હતું કે સમદની જાસૂસી કરવા બદલ તેમજ તેમના ઠેકાણા વિશે ગુપ્ત બાતમી આપવા બદલ નવ લોકોને મૃત્યુદંડની સજા આપવામાં આવી હતી.આ દોષિતોને ફાયરીંગ સ્કવોડ સામે રાખી જાહેરમાં ઠાર કરવામાં આવ્યા હતા. હૌથીઓના કબજાવાળા સના શહેરમાં આ સજા આપવામાં આવી હતી.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .....

ગુજરાત ટુડે
બુધવાર ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૧
૧૪ સફર હિજરી ૧૪૪૩
ભાદરવા વદ એકમ સંવત ૨૦૭૭

ચરણજીત સામેના પડકારો

ચરણજીતસિંહ ચન્નીને પંજાબના મુખ્યમંત્રી બનાવી કોંગ્રેસ હાઈકમાન્ડે એક સાથે અનેક સંદેશ આપ્યા છે. પ્રથમ તો એ કે કોંગ્રેસને દલિતોની ચિંતા બીજા કરતા વધુ છે. માટે દલિતોના ઉદ્ધાર માટે ચન્નીને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. બીજો સંદેશ એ કે પાર્ટીની અંદર પરસ્પર ટાંટિયાખેંચ સમાપ્ત કરાવવાના મામલામાં કોંગ્રેસ હાઈકમાન્ડ કોઈપણ પગલું ભરવાથી ખચકાઈ રહ્યું નથી.

છેલ્લા કેટલાક મહિનાથી પંજાબ કોંગ્રેસમાં જે સ્થિતિ હતી, તે કોઈ અરાજક સ્થિતિથી ઓછી ન હતી. કેપ્ટન અમરિંદરસિંહ અને પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ નવજોતસિંહ સિધ્ધુની વચ્ચે યુદ્ધે પાર્ટીને સંકટમાં નાખવામાં કોઈ કચાસ છોડી ન હતી, તેનાથી જનતાની વચ્ચે સતત એવી હવા બનતી રહી કે હવે કોંગ્રેસ પાર્ટી આ સ્થિતિમાં પહોંચી ચુકી છે કે કોઈ હાઈકમાન્ડનું પણ સાંભળી રહ્યું નથી. પરંતુ સિધ્ધુ અને અમરિંદરસિંહ જે રીતે હાઈકમાન્ડની સલાહની અવગણના કરતા રહ્યા, તેનાથી પાર્ટીમાં સંકટ વધી રહ્યું હતું.

કોંગ્રેસ માટે એક સમયે મોટી ચિંતા પંજાબમાં પોતાને જાળવી રાખવાની છે. ચન્ની આમ તો મુખ્યમંત્રી પદની રેસમાં કયાંય ન હતા. પરંતુ તેમને કમાન સોંપી કોંગ્રેસે પોતાની સામાજિક રાજકારણની રણનીતિને નવું સ્વરૂપ આપ્યું છે. માટે ચન્નીની સામે મોટો પડકાર દલિતોને સાધવાનો છે. રાજ્યમાં દલિત વસ્તી ૩૫ ટકા છે. દલિત મતોનો આ આધાર પાર્ટીને ફરીથી સત્તામાં પહોંચાડવામાં મોટી ભૂમિકા ભજવી શકે છે. જો કે દલિતોને પોતાની તરફ આકર્ષિત કરવા માટે બીજી પાર્ટી પણ જોર લગાવી રહી છે.

પરંતુ અત્યાર સુધી કોઈએ પણ રાજયમાં દલિત સમુદાયના કોઈને મુખયમંત્રીના ચહેરા તરીકે રજૂ કર્યા નથી. ઉલ્લેખનીય છે કે પંજાબ વિધાનસભા ચૂંટણીમાં હવે વધુ સમય બચ્યો નથી. માટે જોવાની વાત એ હશે કે દલિતોના વિકાસ અને ઉદ્ધાર માટે ચન્ની શું પગલાં ભરે છે? દલિતો પર અત્યાચારના મામલામાં પંજાબનો રેકોર્ડ પણ બીજા રાજ્યોથી કોઈ અલગ નથી. આ જોવું પડશે કે દલિતોના ઉદ્ધાર માટે તે કઈ યોજનાઓ રજૂ કરે છે. જે ખરેખર આ વર્ગને સામાજિક ન્યાય અપાવવાની દિશામાં મોટું પગલું સાબિત થઈ શકે છે. આમ પણ ચૂંટણી નજીક આવતા જ રાજકીય પાર્ટીઓને દલિતોની ચિંતા થવા લાગે છે. પરંતુ ચોંકાવનારી વાત તો એ છે કે અત્યાર સુધી કોઈ પણ પાર્ટીએ કોઈ દલિતને મુખ્યમંત્રી બનાવવાની વાત કરી ન હતી. આ હિસાબથી પંજાબમાં દલિતને મુખ્યમંત્રી બનાવવાનું પગલું કોંગ્રેસને લાભ આપી શકે છે.

પ્રશ્ન એ પણ છે કે, ચન્નીને મુખ્યમંત્રી બનાવી દેવાથી પંજાબ કોંગ્રેસની અંદર બધું બરાબર થઈ જશે? માટે હવે જોવાનું એ રહ્યું કે, ભવિષ્યમાં કેપ્ટન અને સિધ્ધુની વચ્ચે વ્યવહાર કેવો રહે છે. એક રસપ્રદ વાત એ છે કે એક સમયે કેપ્ટનને કોંગ્રેસ અધ્યક્ષ બનાવવા સુધીની ચર્ચા થવા લાગી હતી, પરંતુ આજે તેમને સિધ્ધુના કારણે મુખ્યમંત્રી પદ છોડવું પડયું. ઉલ્લેખનીય એ પણ છે કે હાલમાં જ અમરિંદરસિંહે સિધ્ધુને ભારતની સુરક્ષા માટે મોટું જોખમ ગણાવી નાખ્યા. જાહેર છે ચન્નીની સામે મોટી મુશ્કેલી અમરિન્દર અને સિધ્ધુને સાથે લઈને ચાલવાની હશે. કોંગ્રેસ હાઈકમાન્ડે તમામ પરિવર્તન પંજાબની આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખી કર્યા છે. પાર્ટીએ ચન્નીને મુખ્યમંત્રીના ચહેરા તરીકે રજૂ કરવાનો નિર્ણય પણ લીધો છે. માટે હવે ચન્નીનો પ્રથમ પડકાર ચૂંટણી જીતવાનો છે.

યુનિવર્સિટી રેન્કિંગ્સ અને તે વૈશ્વિક યુગમાં શૈક્ષણિક જવાબદારી પર કેવી રીતે અસર કરે છે

યુનિવર્સિટી રેન્કિંગ માત્ર ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને ભંડોળ અને શૈક્ષણિક સ્વાયત્તતાનો ઉપયોગ કરવા માટે જ જવાબદાર નથી, પણ સંભવિત વિદ્યાર્થીઓને જાણકાર પસંદગી કરવા માટે સશક્ત બનાવે છે અને આમ, HEIને વધુ સ્પર્ધાત્મક બનવા દબાણ કરે છે

શૈક્ષણિક જવાબદારી વિશે ચર્ચાઓ - ખાસ કરીને રેન્કિંગ સિઝનમાં - વૈશ્વિક ઉત્તર અને દક્ષિણ બંનેમાં વ્યાપક છે. શૈક્ષણિક જવાબદારી, જાહેર જવાબદારીની જેમ, કરદાતા દ્વારા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ [HEI]ની કામગીરી, નીતિ-નિર્માણ અને ધારણાઓમાં અભિન્ન છે. મોટાભાગની HEIsમાં આરામદાયક સેવાની સ્થિતિને જોતાં, જવાબદારીનું સંકટ જ્યાં જાહેર અને નિયમનકારી સંસ્થાઓ જાણવા માગે છે કે સંસ્થા શું છે, ખાસ કરીને જ્યારે તે રેન્કિંગમાં સરકી જાય છે, તે કુદરતી પરિણામ છે. નિશંકપણે, રેન્કિંગ (જે ૧૯૫૦ના દાયકાના અંતમાં અને ૧૯૬૦ના દાયકાની શરૂઆતમાં HEIsના સર્વે-આધારિત પદ્ધતિસરના અભ્યાસ તરીકે ઉદભવ્યું છે) એ એક આંકલન છે જે HEIને ડરાવે છે. પ્રદર્શનના સૂચકાંકો તરીકે, રેન્કિંગમાં તેમના અસંખ્ય પૂર્વગ્રહ (ઉદાહરણ તરીકે વિજ્ઞાન માટે) અને HEIsને સ્પર્ધાના ચક્કરમાં લઈ જવા માટે ટીકા કરવામાં આવી છે - ચીનની યુનિવર્સિટીઓ નોબેલ વિજેતાઓને નોકરી આપી તેમની રેન્કિંગમાં વધારો કરે છે. પરંતુ રેન્કિંગ ચર્ચામાં અન્ય બાજુઓ પણ છે.

"વૈશ્વિક શાસન" તરીકે રેન્કિંગ

એલેક્ઝાન્ડર કૂલી ૨૦૧૫ની રેન્કિંગ ધ વર્લ્ડ: ગ્રેડિંગ સ્ટેટ્સ એઝ અ ટૂલ ઓફ ગ્લોબલ ગવર્નન્સના પરિચયમાં લખે છે કે,"રેન્કિંગ અને રેટિંગ રાજ્ય સેવાઓની જોગવાઈ અને ચૂંટાયેલા અધિકારીઓ, સ્થાનિક સરકારો, અમલદારો અને સંચાલક સંસ્થાઓની કામગીરીનું મૂલ્યાંકન કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે."

ભલે તે ભ્રષ્ટાચાર, શૈક્ષણિક સ્વતંત્રતા, વેપારમાં સરળતા, પારદર્શિતા અથવા સંયુક્ત રાષ્ટ્રના અસંખ્ય સૂચકાંકોમાંથી કોઈ એક હોય (૨૦૧૩માં, કૂલી દ્વારા તેમના પુસ્તકમાં ટાંકવામાં આવેલા એક અભ્યાસ મુજબ, ૯૫ આવી રેન્કિંગ હતી), રેન્કિંગ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ માટે નીતિનું સાધન બન્યું છે. દાખલા તરીકે, આબોહવા પરિવર્તન અને રણ વધવાના સૂચકાંકો, આમાં સામેલ છે.

"ભ્રષ્ટ" રાજ્યો જેવી પરિસ્થિતિઓ માટે સામાન્ય માપદંડ આ રેન્કિંગ મિકેનિઝમ્સનું પરિણામ છે જે પછી નીતિ બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે. જ્યારે આંકડાઓ કુખ્યાત રીતે અવિશ્વસનીય હોય, - ઉદાહરણ તરીકે, સરમુખત્યાર રાજ્યો અથવા ગરીબી, લિંગ સમાનતા, રોજગારના મુખ્ય પરિમાણોને દસ્તાવેજીકરણ કરવા માટે અનિચ્છા ધરાવતા રાજ્યોમાં - આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની રેન્કિંગ માટે વિશ્વ તે રાજ્ય અને તેના લોકોને કેવી રીતે જુએ છે તે નિર્ણાયક પરિબળો બની જાય છે.

યુનિવર્સિટી રેન્કિંગ વૈશ્વિક શાસનના નવા સ્વરૂપનો ઉપગણ છે. રેન્કિંગ, "સ્થાનિકીકરણ" કરવાના તેમના શ્રેષ્ઠ પ્રયાસો હોવા છતાં, મોટાભાગે જાહેર હિસાબી પ્રણાલીઓ તરીકે કામ કરે છે જે જટિલ ઘટનાઓને ઘટાડે છે (જેમ કે HEIની દૃષ્ટિ કે જે વિસ્તારની જરૂરિયાતો સાથે સંકળાયેલી હોઈ શકે છે.)

રેન્કિંગ અને ગ્રાહક સંસ્કૃતિ; વિદ્યાર્થીઓને શું જોઈએ છે?

ટીકાકારોએ દલીલ કરી છે કે વિદ્યાર્થીઓ અન્ય ગ્રાહક જૂથની જેમ વધુને વધુ સજાગ બની રહ્યા છે; તેઓ જાણવા માગે છે કે તેઓ જે ફી ચૂકવે છે અને તેઓ કોઈપણ HEIમાં જે સમય વિતાવે છે તે માટે તેઓ શું અપેક્ષા રાખી શકે છે. રેન્કિંગના ફાયદા અને ગેરફાયદા અંગે ચર્ચાઓ ચાલી રહી છે, હવે કોઈપણ દેશ સિસ્ટમને વધુ અવગણી શકે તેમ નથી, પછી ભલે આ કારણ માટે તેઓએ ક્વોક્વેરેલી સાયમન્ડ્સ (QS) અથવા ટાઈમ્સ હાયર એજ્યુકેશન (THE) રેન્કિંગ જેવી વૈશ્વિક રેન્કિંગ મેટ્રિક્સ સ્વીકારી હોય અથવા આંતરિક રીતે પોતાની પદ્ધતિ વિકસાવી હોય.

HEIs પણ જાહેરાત કરે છે - કેટલાક ખૂબ આક્રમક રીતે - તેમના "ઉત્પાદનો", તેમના "ગ્રાહકો" (વિદ્યાર્થીઓ)માં આપવામાં આવેલ અને વિકસિત કુશળતાનું મૂલ્યાંકન હંમેશા માહિતી તરીકે સરળતાથી ઉપલબ્ધ હોતું નથી.

કોઈપણ ગ્રાહક કંપની અને બ્રાન્ડની જેમ, HEIsને પણ હવે આવી અન્ય કંપનીઓ અને બ્રાન્ડ્સ સાથે સ્પર્ધા કરીને તેમની કિંમત સાબિત કરવાની ફરજ પડી છે અને રેન્કિંગ આ સ્પર્ધાત્મકતાની અભિવ્યક્તિ છે. સરકાર અને નિયમનકારો માટે, રેન્કિંગ HEI દ્વારા કેવી રીતે (a) ભંડોળ અને (b) શૈક્ષણિક સ્વાયત્તતાનો ઉપયોગ કરવામાં આવે છે તેની અનુક્રમણિકા પ્રદાન કરે છે. આ સંસ્થાઓ જાણવા માગે છે કે તેઓ જે યુનિવર્સિટીઓને ભંડોળ આપે છે, વાસ્તવિક દૃષ્ટિએ, નવીનતા, સામાજિક પરિસ્થિતિઓમાં સુધારો અને આર્થિક વૃદ્ધિમાં તેઓ ફાળો આપે છે કે કેમ.

વિદ્યાર્થીઓની વાત કરીએ તો, HEIs પાસેથી તેઓ શું અપેક્ષા રાખી શકે તેનું વિગતવાર ખાતું ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કોઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (OECD) દ્વારા વિકસાવવામાં આવ્યું છે અને ૨૦૧૩ના હાયર એજ્યુકેશન લર્નિંગ આઉટકમ ફીસિબિલિટી રિપોર્ટ (AHELO)ના તેના વિશાળ મૂલ્યાંકનના વોલ્યુમ ૩માં મળી શકે છે. (પરિશિષ્ટ એફ, પૃષ્ઠ ૧૦૦).

આ AHELO રિપોર્ટમાં "પ્રોફેસરોને જવાબદાર રાખવા", "આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક શિક્ષણ", "અન્ય વિદ્યાર્થીઓ/સંસ્થાઓ સાથે બેંચમાર્ક", "હું જાણવા માંગું છું કે હું વૈશ્વિક સ્તરે કેટલો સ્પર્ધાત્મક છું", "મદદ/માન્યતા મૂલ્યો મારી ડિગ્રી"ને માન્ય રાખે છે કે નહીં વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અહીં નોંધવામાં આવ્યું છે કે, નવા, વ્યાપક પરિમાણો બનાવતી વખતે AHELO રિપોર્ટ, ફેકલ્ટી, સંસ્થાઓ અને નીતિઓના વિદ્યાર્થી મૂલ્યાંકનમાં સ્પર્ધાની અનિવાર્યતા (ભંડોળ, ગુણવત્તા અને પરિણામો માટે) સ્વીકારવામાં સંકોચ અનુભવતા નથી.

રેન્કિંગ અને સ્વ-મૂલ્યાંકન

રેન્કિંગ સિસ્ટમ દ્વારા લાદવામાં આવેલા દબાણથી સંતુષ્ટ થયા વગર, અમેરિકન એસોસિએશન ઓફ સ્ટેટ કોલેજીસ એન્ડ યુનિવર્સિટીઝ (AASCU) અને એસોસિયેશન ઓફ પબ્લિક એન્ડ લેન્ડ ગ્રાન્ટ યુનિવર્સિટીઝ (APLU)એ સ્વૈચ્છિક સિસ્ટમ ઓફ એકાઉન્ટબિલિટી (VSA) શરૂ કરી છે. VSA એ વિદ્યાર્થીઓના પરિણામોનું મૂલ્યાંકન કરવા માટે HEIs પર કરવામાં આવેલા દબાણનું પણ પરિણામ હતું. VSA પ્રવેશ/નોંધણી, વિદ્યાર્થીઓને નાણાકીય સહાય, સમાપ્તિ દર (એનાયત કરેલ ડિગ્રી) અને શિસ્ત મુજબના આંકડા HEI માટે તેના પ્રદર્શનનું મૂલ્યાંકન કરવા માટે ડેટા બનાવે છે. જ્યારે (અથવા જો) સખત અને પ્રામાણિકપણે અમલ કરવામાં આવે, ત્યારે VSAએ HEIની નીતિઓ, શિક્ષણશાસ્ત્ર અને શક્તિનું શૈક્ષણિક ઓડિટ હોવાથી જવાબદારીના મુખ્ય માપદંડ તરીકે કાર્ય કરે છે.

સ્વ-મૂલ્યાંકનની રીતો, જેમ આપણે જાણીએ છીએ તેમ, ચોક્કસ વ્યક્તિઓ, શાખાઓ અને પ્રક્રિયાઓને અનુરૂપ પરિમાણોને સુધારવા માટે આંતરિક દબાણને આધિન છે. બાહ્ય દેખરેખ અને હસ્તક્ષેપની જરૂરિયાત ખૂબ સ્પષ્ટ ન હોય તેવી સ્વ-મૂલ્યાંકન રીતો આ માન્યતામાંથી ઉદભવેલી છે (જેમ કે, "જો હું તમારી રેન્કિંગમાં સ્થાન ધરાવતો નથી, તો હું મારી પોતાની રચના કરીશ અને મારી જાતને ઉચ્ચ ક્રમાંક આપીશ.")

સેન્ટ સ્ટીફન્સ કોલેજના કેમ્પસમાં વિદ્યાર્થીઓની પ્રતિકારાત્મક તસવીર.

શિક્ષણ જગત

- પ્રમોદ કે. નાયર

આ બેવડા બંધનમાં પરિણમે છે કારણ કે તે તુલનાત્મક ચકાસણીનો ઈન્કાર કરે છે, ગ્રાહકને વિવિધ સંસ્થાઓના ગુણો, પરિણામો અને વિશેષાધિકારોનું મૂલ્યાંકન કરવામાં અસમર્થ બનાવે છે અને પોતાનું મૂલ્યાંકન કરવા માટે અત્યંત સાંકડી પદ્ધતિ પૂરી પાડે છે.

OECD પણ દરખાસ્ત કરે છે સ્વ-મૂલ્યાંકનનું એક મોડેલ જે તેના AHELO મોડેલમાં HEIની વધુ મૂળભૂત ચિંતાઓ પર ધ્યાન આપે છે. આ મોડેલ કૌશલ્ય અને પરિણામ મૂલ્યાંકનના વધુ સ્તરો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

સામાન્ય કુશળતાથી શરૂ કરીને, તે શિસ્ત-વિશિષ્ટ કુશળતા પર વધુ સઘન ધ્યાન કેન્દ્રિત કરે છે. તે કુલ નોંધણી, પુરૂષ-સ્ત્રી ગુણોત્તર, શૈક્ષણિક પ્રથાઓ અને ગુણવત્તા, વિદ્યાર્થી-શિક્ષક ક્રિયાપ્રતિક્રિયા અને શૈક્ષણિક કઠોરતાના સ્તર સહિતના સંદર્ભોમાં પણ વધુ અનુરૂપ છે પણ "મનો-સામાજિક અને સાંસ્કૃતિક લક્ષણો" પર પણ ધ્યાન આપે છે. આ છેલ્લા બેમાં HEIs પ્રત્યે સમાજની અપેક્ષાઓ અને વિદ્યાર્થીઓની કારકિર્દીની અપેક્ષાઓ સામેલ છે. સામાન્ય જ્ઞાન આપવાના તાત્કાલિક ધ્યેયની બહાર પરિવર્તનશીલ, જમીન પર કૌશલ્ય વિકાસ પર ધ્યાન કેન્દ્રિત છે. HEIsએ આ જ પ્રશ્ન પૂછવાની જરૂર છે: શું આપણે સામાન્ય, શિસ્તબદ્ધ અથવા મૂલ્યવર્ધિત જ્ઞાન આપી રહ્યા છીએ?

ક્રમાંકિત HEIsથી ફ્લેગશિપ HEIs સુધી

વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટીઝ (WCU) ટેગ તે લોકો પર બંધ બેસે છે જેમણે તેને હસ્તગત કરી છે અને જેઓ પાસે નથી તેમને ત્યાં પહોંચવાનું અશક્ય લક્ષ્ય લાગે છે. આંતરરાષ્ટ્રીયકરણ અને તેના ઓછા નમ્ર, કઠોર, વૈશ્વિકીકરણ સાથે જોડાયેલ, WCUએ ઓછામાં ઓછા ૧૯૮૦ના દાયકાથી ઘણા લોકો માટે મહત્વાકાંક્ષી મોડેલ તરીકે સર્વોચ્ચ સ્થાન મેળવ્યું છે.

કદાચ ટીકાના પ્રતિભાવ તરીકે કે આવા WCUs વારંવાર સ્થાનિક અને રાષ્ટ્રીય ચિંતાઓ અને જરૂરિયાતોને નકારી કાઢે છે, ટીકાકારોએ એક નવું મોડેલ સૂચવ્યું છે: ફ્લેગશિપ યુનિવર્સિટીઓ.

ધ ન્યૂ ફ્લેગશિપ યુનિવર્સિટીમાં જહોન ઓબ્રે ડગલાસ, રાષ્ટ્રીય જરૂરિયાતો અને જરૂરિયાતો પર વધુ ધ્યાન આપવાની હાકલ કરે છે. તેમણે લખ્યું:

"ઉચ્ચ શિક્ષણની તેમની રાષ્ટ્રીય પ્રણાલીઓમાં સાચા અર્થમાં નેતૃત્વ ધરાવતી યુનિવર્સિટીઓનું નેટવર્ક તેમના પોતાના મિશનને વધુ સ્પષ્ટ રીતે આકાર આપવા અને સ્પષ્ટ કરવા, તેમના તમામ પ્રયત્નોમાં શ્રેષ્ઠતા તરફ લક્ષ્ય રાખીને તેમની આંતરિક પ્રક્રિયાઓનું નિર્માણ કરવા અને છેવટે, અર્થપૂર્ણ રીતે તેમની ભૂમિકા વધારવા માટે છે. સમાજ કે જેણે તેમને જીવન અને હેતુ આપ્યો છે.

તે આવી ફ્લેગશિપ યુનિવર્સિટીઓની ચાર લાક્ષણિકતાઓને દર્શાવે છે:

".. શિક્ષણ અને સંશોધનનાં તેમના" મુખ્ય "મિશન સાથે સંબંધિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનો વિસ્તાર (મિશન તફાવત, કાર્યક્રમોનું વિસ્તરણ); પ્રાદેશિક અને રાષ્ટ્રીય આર્થિક વિકાસ માટે જાહેર સેવા અને અભિગમોની જૂની અને નવી કલ્પનાઓ; અને ગવર્નન્સ, મેનેજમેન્ટ, અને આંતરિક રીતે મેળવેલી જવાબદારીની પદ્ધતિઓ જે નવા ફ્લેગશિપ મોડેલ માટે પાયો બનાવે છે.

NEP તેની બીજી લાઇનમાં નોંધે છે કે "ગુણવત્તાયુક્ત શિક્ષણ" આપણને "વૈશ્વિક મંચ" પર કબજો કરવા સક્ષમ બનાવશે અને યુનાઇટેડ નેશન્સનો ઉલ્લેખ કરે છે - સ્થાનિક નહીં - ટકાઉ વિકાસ લક્ષ્યો (SDG) શિક્ષણને "ફરીથી ગોઠવવા" માટે પ્રસ્થાન બિંદુ તરીકે સિસ્ટમ આપણને આ લક્ષ્યોને પૂર્ણ કરવા માટે સક્ષમ બનાવે છે. બાદમાં, NEP "દેશની સ્થાનિક અને વૈશ્વિક જરૂરિયાતો" પર ધ્યાન આપવાની પણ હાકલ કરે છે. તે "વૈશ્વિક નાગરિકતા શિક્ષણ" દ્વારા "સાચા વૈશ્વિક નાગરિક" બનાવવા માંગે છે. એક તબક્કે, શાળા શિક્ષણ પરના તેના વિભાગમાં, તે "પ્રમાણભૂત સેટિંગ માટે વૈશ્વિક શ્રેષ્ઠ પદ્ધતિઓ"નો ઉપયોગ કરવાની હાકલ કરે છે.

બહુશાખાકીય શિક્ષણ અને સંશોધન યુનિવર્સિટીઓ (MERU) માટે, NEP "ઉચ્ચતમ વૈશ્વિક ધોરણો" માટે કહે છે. વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્પર્ધાત્મક ધાર આપવાની જરૂરિયાતની માન્યતામાં, નીતિ (જે તેની સમસ્યાઓ અને ટીકાઓ વિના નથી) આપણને ફ્લેગશિપ યુનિવર્સિટીઓ વિશે પણ વિચારવાની રીત પ્રદાન કરે છે. ફ્લેગશિપ યુનિવર્સિટીઓ કે જે માત્ર ધ્યેયો અને પ્રક્રિયાઓ માટે અંદરની તરફ જોવા માંગે છે, તે તમામ સંભાવનાઓમાં, ફક્ત સ્થાનિક દબાણ અને પરિણામો સાથે કામ કરે છે અને તેમના વિદ્યાર્થીઓને વૈશ્વિક રમતના ક્ષેત્રમાં સ્પર્ધાત્મક ધાર પ્રદાન કરતી નથી. સરહદોની બહાર સારી રીતે જોવું તુલનાત્મક ચકાસણી સુધારાઓને સક્ષમ કરી શકે છે જે હિસ્સેદારોને શોધવા માટે જરૂરી છે.

એક મૂળભૂત હકીકત જે અહીં ચર્ચાનો ભાગ હોવી જોઈએ તે એ છે કે શાખાઓ - સ્થાનિક ભાષા સિવાય, કદાચ - વૈશ્વિક સ્વભાવની છે. સિદ્ધાંત, પ્રાયોગિક માહિતી, વિષય પર સાહિત્ય મૂળ, જમાવટ, વિવેચન અને જ્ઞાન-ઉત્પાદન પ્રકારમાં વૈશ્વિક છે. જેઓ આ શાખાઓમાં સ્થાનિક રહેવા ઈચ્છે છે તેઓને પણ એવા સિદ્ધાંતો પર ચાલવું પડે છે જે વૈશ્વિક બજારના વિચારોમાંથી બહાર આવે છે, તેમ છતાં તેઓ "સિદ્ધાંત" સામે "પશ્ચિમી રાક્ષસ" તરીકે દલીલ કરે છે. જહોન કેનેથ ગાલબ્રેઈથે એક વખત કહ્યું તેમ સિદ્ધાંતનો પ્રતિકાર કરનારાઓ ફક્ત જૂના સિદ્ધાંતની પકડમાં છે. આમ, વિદ્યાર્થીઓને શિક્ષણ, સંશોધન અને ગુણવત્તાયુક્ત ઈનપુટ્સ જે સ્પર્ધાત્મક રીતે પ્રાપ્ત થાય છે તે નકારવું એ વિશ્વને નકારવા બરાબર છે. ફ્લેગશિપ યુનિવર્સિટીઓ, જો તેઓ વિશ્વની શ્રેષ્ઠની તુલનામાં ચાર લાક્ષણિકતાઓ વિકસાવે, તો નિશંકપણે રાષ્ટ્રીય જરૂરિયાતોને વધુ સારી રીતે પૂરી પાડશે. બીજા શબ્દોમાં કહીએ તો, કોઈ પણ રાષ્ટ્ર, રૂપકાત્મક રીતે કહીએ તો, એક ટાપુ હોવાથી, કોઈ પણ વિદ્યાર્થી ટાપુના અસ્તિત્વ સુધી મર્યાદિત ન હોવો જોઈએ.

(સૌ. : ધ વાયર.ઈન)

શું કોંગ્રેસમાં રાજકીય વ્યૂહરચનાકારોની અછત છે?

મંતવ્ય

આજકાલ રાજકીય કોરીડોરમાં કોંગ્રેસ તરફથી ઘણા અહેવાલો સાંપડી રહ્યા છે. રાજકીય વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોરના કોંગ્રેસમાં જોડાવાથી શરૂ થઈ કનૈયાકુમાર કુમાર વિશ્વાસ પણ તે ચર્ચામાં જોડાય ગયા કે આ બંને પણ કોંગ્રેસમાં જોડાઈ શકે છે! કનૈયાકુમાર બિહારથી આવે છે, સાંભળવા મળી રહ્યું હતું કે કોંગ્રેસ બિહારમાં કનૈયાકુમારને પોતાનો ચહેરો બનાવી શકે છે, કનૈયાકુમાર યુવાન તેમજ દલિત છે, અને કોંગ્રેસ બિહારમાં કોઈપણ દલિતને પોતાનો ચહેરો બનાવવા માંગે છે. કોંગ્રેસ અને કનૈયાકુમારની વાત થઈ છે કે નહીં, પણ સભાઓનો સિલસિલો હજુ પણ યથાવત છે. અને એવી ચર્ચા પણ છે કે કનૈયાકુમાર કોંગ્રેસમાં જોડાઈ શકે છે! આ દરમિયાન, બિહારને લઈને, એક સમાચાર પણ સાંભળવા મળી રહ્યા છે કે પાર્ટી લોકસભાના ભૂતપૂર્વ સ્પીકર અને બિહારના સાસારામ લોકસભા મતવિસ્તારના કોંગ્રેસ સાંસદ શ્રીમતી મીરા કુમારને કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ તરીકે મોકલી શકે છે. આ સમાચાર રાજકીય પંડિતો માટે મોટા સમાચાર છે પરંતુ રાજકીય વિશ્લેષકો માટે આ એક એવા સમાચાર પણ છે, શું કોંગ્રેસ પાસે હવે ચૂંટણીના વ્યૂહરચનાકારો ઓછા છે કારણ કે મીરા કુમાર રાષ્ટ્રીય કક્ષાના નેતા છે, તેમનો રાજકીય પ્રભાવ રાષ્ટ્રીય સ્તરે છે, ખાસ કરીને અત્યારે કોંગ્રેસ પાસે રાષ્ટ્રીય સ્તરે પ્રભાવશાળી દલિત ચહેરો માત્ર મીરા કુમાર છે. તેમનો ઉપયોગ કોંગ્રેસે રાષ્ટ્રીય સ્તરે કરવો જોઈએ ના કે બિહાર મોકલીને! બિહારમાં યુવા રાજકારણ ચરમસીમા પર છે! તેની ઝલક ૨૦૨૦ની વિધાનસભાની ચૂંટણીમાં જોવા મળી હતી, જ્યારે આરજેડી નેતા તેજસ્વી યાદવ જેવા યુવા નેતાઓએ જેડીયુ અને ભાજપના નવનેજા પાણી લાવી દીધા અને તેજસ્વી યાદવ આરજેડીની સરકાર બનાવતા બનાવતા રહી ગયા. પરંતુ ૨૦૨૦ની વિધાનસભાની ચૂંટણીમાં પોતાના દમ પર સૌથી મોટો પક્ષ બનીને ઉભરી આવ્યા. રાષ્ટ્રીય પાર્ટી બીજેપી જેડીયુને છોડી દે તો બિહારની મોટાભાગની પાર્ટીઓમાં યુવા નેતાઓનું પ્રભુત્વ વધુ છે, તેજસ્વી યાદવ, ચિરાગ પાસવા, મુકેશ અને કનૈયાકુમાર જેવા નેતાઓ બિહારમાં ઝડપી ગતિએ આગળ વધી રહ્યા છે, તેવામાં કોંગ્રેસ મીરાં કુમારને બિહાર કોંગ્રેસનું સુકાન આપવાની ઈચ્છા રાખે છે, તો તેનો અર્થ શું છે, શું ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસને લાભ મળશે? જો આપણે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ફાયદાની વાત કરીએ તો મીરા કુમારને દલિત નેતા તરીકે સમગ્ર દેશમાં સ્થાપિત કરવા જોઈએ, જે લાભ કોંગ્રેસને બિહારમાં મળશે તેનાથી વધુ લાભ કોંગ્રેસને સમગ્ર દેશમાં મળશે કારણ કે મીરાં કુમારને દલિત નેતા તરીકે સમગ્ર દેશના દલિતો ઓળખે છે, અને તેમની ઉપર દલિતો વિશ્વાસ પણ કરે છે. તેથી મીરા કુમારને કોંગ્રેસની અંદર રાખી રાષ્ટ્રીય સ્તરે મોટી જવાબદારી સોંપી દલિતોની વચ્ચે મોકલવા જોઈએ.

-દેવેન્દ્ર યાદવ (કોટા, રાજસ્થાન)

એડલવાઈસ હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ
રજિસ્ટર્ડ કાર્યાલય : એડલવાઈસ હાઉસ, ઓફ. સી.એસ.ટી. રોડ, કલિના, મુંબઈ-૪૦૦ ૦૯૮
પ્રાદેશિક કચેરીનું સરનામું : ઓફિસ ૩૦૧-૩૦૪, ત્રીજો માળ, થર્ડ આઈ વિઝન બિલ્ડિંગ, આઈઆઈએમ, પાંજરાપોળ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫

Edelweiss Ideas create, values protect

સરફેસી એક્ટ, ૨૦૦૨ની કલમ ૮(૧) હેઠળની કબજા નોટિસ

આથી નીચે સહી કરનાર અધિકૃત અધિકારી **એડલવાઈસ હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ** સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (સેકન્ડ) ઓર્ડિનન્સ, ૨૦૦૨ (૨૦૦૨ની ઓર્ડર ૩) સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) રૂલ ૩ સહિત વાંચવું હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ કરતા નીચે મુજબની દેણદારોને ડિમાન્ડ નોટિસ ઈસ્યુ કરી હતી અને સંબંધિત દેણદારો/સહ-દેણદારોને નોટિસમાં દર્શાવેલ રકમ તમામ ખર્ચ ચાર્જીસ લાગત પેમેન્ટ ચૂકવવાની ખરેખર તારીખ સુધીના આ નોટિસ મળ્યેથી દિન ૬૦માં પરત ચૂકવવા આહ્વાન કર્યું હતું. ઉપરોક્ત દેણદારો/સહ-દેણદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી અત્રે દેણદારો/સહ-દેણદારો અને ખાસ કરીને જાહેર જનતાને નોટિસ આપવાની કે ઉપરોક્ત કાયદાની કલમ ૧૩(૪) કબજા આર/ડબ્લ્યુ રૂલ ૯ સહિતનો ઉપયોગ કરતા દર્શાવેલ મિલકતોનો દેણદારના સામે દર્શાવેલ તારીખે પ્રતિકાત્મક કબજો મેળવી લીધો છે. ખાસ કરીને દેણદાર અને જાહેર જનતાને ચેતવણી આપવાની કે મિલકત સંબંધી કોઈ સોદાબાજી કરવી નહીં અને મિલકત સંબંધી કોઈપણ સોદાબાજી **એડલવાઈસ હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ**ની વસૂલાતનો જો વિષય રહેશે. નિર્દિષ્ટ રકમ માટે ભવિષ્યના વ્યાજ, ખર્ચ, ચાર્જીસનો સંબંધિત તારીખથી લાગુ થશે.

દેણદારો, સહ-દેણદારો અને ગેરેન્ટરો, સિક્યુરિટીઝ, બાકી રકમ કલમ ૧૩(૨) હેઠળ મોકલેલ ડિમાન્ડ નોટિસની વિગતો અને દાવા કરેલ રકમ અને કંપનીની તારીખ નીચે દર્શાવેલ છે.

૧. દેણદાર, સહ-દેણદાર, ગેરેન્ટરના નામ અને સરનામું લોન એકાઉન્ટ નં. અને લોનની રકમ :
શ્રી લાલાભાઈ હીરાભાઈ પરમાર (દેણદાર) અને શ્રીમતી રમીલાબેન લાલાભાઈ પરમાર (સહ-દેણદાર)
૭૬ પરેશપાર્ક સોસાયટી, વટવા રોડ, ઈસનપુર, અમદાવાદ-૩૮૨૪૪૩
એલએએન નં.: LAHMSTH0000042768 **લોન કરાર તારીખ** : ૨૯મી માર્ચ, ૨૦૧૮ **ડિમાન્ડ નોટિસ તારીખ** : ૧૮.૦૬.૨૦૨૧
લોનની રકમ : રૂા.૧૬,૦૦,૦૦૦/- (ફક્ત રૂપિયા સોળ લાખ)
બાકી રકમ : રૂા.૧૪,૮૮,૩૬૧.૬૮/- (ફક્ત રૂપિયા ચૌદ લાખ ઈઠ્યાસી હજાર ત્રણસો એકસઠ અને અડસઠ પૈસા)
કબજાની તારીખ : ૧૬.૦૯.૨૦૨૧

સલામત મિલકતની વિગત : મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ ફલેટ નં.ઈ-૫૦૨ ક્ષેત્રફળ ૧૧૮ ચો.વાર સ્કીમ 'નીલકંઠ રેસિડેન્સી' તરીકે જાણીતી જમીન બેરીંગ સર્વે નં.૫૭૮ ફાઈનલ પ્લોટ નં.૪૪/૪ ટીપીએસ ૫૮ મોજે વટવા, તા. વટવા જિ. અમદાવાદ અને રજિ. સબ જિ. અમદાવાદ-૧૧ (અસલાલી) **નીચે મુજબ ખૂંટ : ઉત્તર** : ફલેટ નં.ઈ-૫૦૩, **દક્ષિણ** : વોટર ટેંક, **પૂર્વ** : બ્લોક નં.ડી, **પશ્ચિમ** : ફલેટ નં.ઈ-૫૦૩

૨. દેણદાર, સહ-દેણદાર, ગેરેન્ટરના નામ અને સરનામું લોન એકાઉન્ટ નં. અને લોનની રકમ :
જનકભાઈ શ્યામલજીભાઈ પંડ્યા (દેણદાર) અને કલ્પના જનકભાઈ પંડ્યા (સહ-દેણદાર)
૫૮/૬૯૫ વૈશાલી ફલેટ્સ બાપુનગર, નિકોલ રોડ, અમદાવાદ-૩૮૦૦૨૪ **જય જનજનાથ પાન અને ટી સ્ટોલ (સહ-દેણદાર)** બી/૯/એ, મનપસંદ એસ્ટેટ, બાપુનગર, બી/૪, સરદાર ડાયમંડ અને સમજુબા હોસ્પિટલ, અમદાવાદ-૩૮૦૦૨૪
એલએએન નં.: LAHMSTH0000037577 **લોન કરાર તારીખ** : ૨૪મી જાન્યુ. ૨૦૧૮ **ડિમાન્ડ નોટિસ તારીખ** : ૦૭.૦૪.૨૦૨૧
લોનની રકમ : રૂા.૧૩,૫૦,૦૦૦/- (ફક્ત રૂપિયા તેર લાખ પચાસ હજાર)
બાકી રકમ : રૂા.૧૧,૫૪,૭૮૩.૩૫/- (ફક્ત રૂપિયા અગિયાર લાખ ચોપ્પન હજાર સાતસો ત્યાસી અને પાંત્રીસ પૈસા)
કબજાની તારીખ : ૧૬.૦૯.૨૦૨૧

સલામત મિલકતની વિગત : મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ ફલેટ નં.૪૭૮, લગભગ ક્ષેત્રફળ૪૨.૪૮ ચો.મી. બીજો માળ, બ્લોકનં.૪૦ બિલ્ડિંગ 'આમ્રપાલી ફલેટ્સ' તરીકે જાણીતી મુ. ગુજરાત હા. બોર્ડ-૩૪૮, એલ.આઈ.જી. ખાતે ઊભેલ જમીન બેરીંગ સર્વે નં. ૧૦૯, ટીપીએસ ૧૧ મોજે રખિયાલ, બાપુનગર, તા.મણિનગર, જિ. અને સબ જિ. અમદાવાદ-૩૮૦૦૨૪ **સેલ ડીડ મુજબ ખૂંટ : ઉત્તર** : ફલેટ નં.૪૭૯, **દક્ષિણ** : ખુલ્લી જગ્યા, **પૂર્વ** : ફલેટ નં.૪૭૭, **પશ્ચિમ** : ખુલ્લી જગ્યા

૩. દેણદાર, સહ-દેણદાર, ગેરેન્ટરના નામ અને સરનામું લોન એકાઉન્ટ નં. અને લોનની રકમ :
શીનીવાશ નિર્મલ રાઠોડ (દેણદાર) અને જનકશ્રી શીનીવાશ રાઠોડ (સહ-દેણદાર)
બી/૩૦૪, રામદેવ નગર ફલેટ, મકરબા રોડ, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧
એલએએન નં.: LAHMSTH0000018825 **લોન કરાર તારીખ** : ૨૮મી સેપ્ટે., ૨૦૧૬ **ડિમાન્ડ નોટિસ તારીખ** : ૨૨.૦૪.૨૦૨૧
લોનની રકમ : રૂા.૭,૦૦,૦૦૦/- (ફક્ત રૂપિયા સાત લાખ)
બાકી રકમ : રૂા.૭,૨૬,૧૦૨.૯૬/- (ફક્ત રૂપિયા સાત લાખ છવ્વીસ હજાર એકસો બે અને છન્નું પૈસા)
કબજાની તારીખ : ૧૬.૦૯.૨૦૨૧

સલામત મિલકતની વિગત : મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ ફલેટ નં.ડી-૬૦૧, ક્ષેત્રફળ ૫૦.૯૩ ચો.મી. (બિલ્ટ અપ એરિયા) અને પ્રોપોરશનેટ જમીન ક્ષેત્રફળ ૧૬.૦૨ ચો.મી. 'શ્રી હરી વાટિકા' સ્કીમ તરીકે જાણીતી સ્થિત જમીન બ્લોક નં.૧૦૭+૧૦૯ કે (જૂના સર્વે નં.૯૩/૧થી ૯૩/૪ અને ૧૦૭/૧) ફાઈનલ પ્લોટ નં.૨/૩ ટીપીએસ મોજે ગામ ગેરતપુર તા. દસ્ક્રોઈ જિ. અમદાવાદ અને રજિ. સબ જિ. અમદાવાદ-૧૧ (અસલાલી) **નીચે મુજબ ખૂંટ : ઉત્તર** : ફલેટ નં.ડી/૬૦૨, **દક્ષિણ** : ખુલ્લી જગ્યા, **પૂર્વ** : જગ્યા અને પગથિયા, **પશ્ચિમ** : બ્લોક-સી

૪. દેણદાર, સહ-દેણદાર, ગેરેન્ટરના નામ અને સરનામું લોન એકાઉન્ટ નં. અને લોનની રકમ :
મુકેશકુમાર રાજપૂરોહિત (દેણદાર) અને રેખાબેન પ્રતાપસિંહ પૂરોહિત (સહ-દેણદાર)
૪૦/૪૭૯ આમ્રપાલી ફલેટ્સ ગુ.હા.બોર્ડ, વૈશાલી ફલેટની પાસે, નવા બાપુનગર, ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૨૪
એલએએન નં.: LAHMSTH0000040884 **લોન કરાર તારીખ** : ૨૮મી ફેબ્રુ., ૨૦૧૮ **ડિમાન્ડ નોટિસ તારીખ** : ૨૨.૦૪.૨૦૨૧
લોનની રકમ : રૂા.૧૭,૦૦,૦૦૦/- (ફક્ત રૂપિયા સત્તર લાખ)
બાકી રકમ : રૂા.૧૫,૨૩,૪૭૪.૦૮/- (ફક્ત રૂપિયા પંદર લાખ ત્રેવીસ હજાર ચારસો ચુમ્મોતેર અને આઠ પૈસા)
કબજાની તારીખ : ૧૬.૦૯.૨૦૨૧

સલામત મિલકતની વિગત : મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ ફલેટ નં.બી/૧૫, લગભગ ક્ષેત્રફળ ૬૫ ચો. વાર (૪૮.૪૦ચો.મી. ટેક્ષબિલ મુજબ) પહેલો માળ, બ્લોક 'બી' 'કૃષ્ણધામ' બિલ્ડિંગમાં, 'દ્વારકેશ બાપુનગર એસોસિએશન' મુ. ટીપીએસ નં.૧૨, એફપી નં૧૫૪, સબ પ્લોટ નં.૨૯/૩/ઈ, મોજે નરોડા, તા. અસારવા, જિ. અને સબ જિ.અમદાવાદ **નીચે મુજબ ખૂંટ : ઉત્તર** : ફલેટ નં.બી/૧૧, **દક્ષિણ** : સ્વામીનારાયણ મંદિર, **પૂર્વ** : ફલેટ નં.બી-૧૪, **પશ્ચિમ** : પગથિયા

૫. દેણદાર, સહ-દેણદાર, ગેરેન્ટરના નામ અને સરનામું લોન એકાઉન્ટ નં. અને લોનની રકમ :
૧. હિતેષકુમાર ચંદુભાઈ શ્રીમાળી (દેણદાર) નાની કડી, શ્રીમાળીવાસ, મહેસાણા, કડી-૩૮૨૭૧૫
૨. વિજયાબેન ચંદુભાઈ શ્રીમાળી (સહ-દેણદાર) ૨૪૯૯-૧ મારૂ ફળિયુ, સ્ટેશન રોડ પાસે, હરીજનવાસ, ભરૂચ-૩૯૨૦૦૧
એલએએન નં.: LAHMSTH0000060286 **લોન કરાર તારીખ** : ૨૯મી સેપ્ટે. ૨૦૧૮ **ડિમાન્ડ નોટિસ તારીખ** : ૦૬.૦૪.૨૦૨૧
લોનની રકમ : રૂા.૧૬,૫૦,૦૦૦/- (ફક્ત રૂપિયા સોળ લાખ પચાસ હજાર)
બાકી રકમ : રૂા.૧૯,૦૧,૬૯૪.૯૮/- (ફક્ત રૂપિયા ઓગણીસ લાખ એક હજાર છસ્સો ચોરાણું અને અઠ્ઠાણું પૈસા)
કબજાની તારીખ : ૨૦.૦૯.૨૦૨૧

સલામત મિલકતની વિગત : મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ ફલેટ નં.એ/૧૧૦, પહેલો માળ, બ્લોક નં.એ, સ્કીમ 'વ્રજ ગેલેક્ષી એપાર્ટમેન્ટ' તરીકે જાણીતી સ્થિત રેવન્યુ બ્લોક/સર્વે નં.૯૪/બી, ટીપીએસ સ્કીમ નં.૭૫, ફાઈનલ પ્લોટ નં.૩૫/૩, મોજે મુઠિયા, તા. અસારવા, જિ. અને સબ જિ. અમદાવાદ(ક્ષેત્રફળ લગભગ ૪૩.૫૨ ચો.મી. કેરેટ એરિયા) **કહેવાતા પ્લોટની નીચે મુજબ ખૂંટ : ઉત્તર** : ફલેટ નં.૧૦૫, **દક્ષિણ** : આંતરિક રોડ અને બી બ્લોક, **પૂર્વ** : ફલેટ નં.૧૦૯, **પશ્ચિમ** : પગથિયા અને જગ્યા

૬. દેણદાર, સહ-દેણદાર, ગેરેન્ટરના નામ અને સરનામું લોન એકાઉન્ટ નં. અને લોનની રકમ :
૧. પ્રિયાબેન વી. હેમનાની (દેણદાર) ૨. વિનોદભાઈ પ્રહલાદભાઈ હેમનાની (સહ-દેણદાર)
બ્લોક નં.ડી ફલેટ નં.૨૦૪, વચનામૃત રેસિડેન્સી, આર.ધરણીધર બંગ્લોજ, ન્યુ નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦
૩. મુકેશ ભગવાનદાસ લાલવાણી (ગેરેન્ટર) સી-૪૦૨, વચનામૃત એપાર્ટમેન્ટ, સુર્જન બંગ્લોઝની પાછળ, નવા નરોડા-ધરણીધર અને પાસે, અમદાવાદ-૩૮ **એલએએન નં.**: LAHMSTH0000053705 **લોન કરાર તારીખ** : ૨૯મી જુલાઈ, ૨૦૧૮
લોનની રકમ : રૂા.૧૫,૦૦,૦૦૦/- (ફક્ત રૂપિયા પંદર લાખ) **ડિમાન્ડ નોટિસ તારીખ** : ૨૨.૦૪.૨૦૨૧
બાકી રકમ : રૂા.૧૩,૯૦,૪૧૭.૯૮/- (ફક્ત રૂપિયા તેર લાખ નેવું હજાર ચારસો સત્તર અને અઠ્ઠાણું પૈસા)
કબજાની તારીખ : ૨૦.૦૯.૨૦૨૧

સલામત મિલકતની વિગત : મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ ફલેટ નં. ૧૬ ક્ષેત્રફળ૯૮ ચો.વાર, ત્રીજો માળ, 'કર્ણાવટી એપાર્ટમેન્ટ' બિલ્ડિંગમાં, શ્રી વિજય (કુબેરનગર) ઓનર્સ એસોસિએશન' મુ. સિટી સર્વે નં.૩૯૪૯ અને ૭૭૩૩ પૈકી મોજે સરદારનગર, તા. અસારવા, જિ. અને સબ જિ. અમદાવાદ **નીચે મુજબ ખૂંટ : ઉત્તર** : દીવાલ, **દક્ષિણ** : ફલેટ નં.૧૪, **પૂર્વ** : પગથિયા, **પશ્ચિમ** : ફલેટ નં.૧૫

૭. દેણદાર, સહ-દેણદાર, ગેરેન્ટરના નામ અને સરનામું લોન એકાઉન્ટ નં. અને લોનની રકમ :
૧. ભરત ત્રિવેદી (દેણદાર) ૨. પ્રતિકાબેન જે. મોડિયા (સહ-દેણદાર)
૪૦૨ શિવમ એપાર્ટમેન્ટ મેઘરજ રોડ (બાય પાસ) અરવલ્લી મોડાસા-૩૮૩૩૧૫
એલએએન નં.: LAHMSTH0000036208 **લોન કરાર તારીખ** : ૩૦મી ડિસે., ૨૦૧૭ **ડિમાન્ડ નોટિસ તારીખ** : ૦૬.૦૪.૨૦૨૧
લોનની રકમ : રૂા.૧૪,૫૦,૦૦૦/- (ફક્ત રૂપિયા ચૌદ લાખ પચાસ હજાર)
બાકી રકમ : રૂા.૧૫,૯૧,૬૬૬.૪૪/- (ફક્ત રૂપિયા પંદર લાખ એકાણું હજાર છસ્સો છાસઠ અને ચુમ્માળીસ પૈસા)
કબજાની તારીખ : ૨૦.૦૯.૨૦૨૧

સલામત મિલકતની વિગત : તમામ ભાગ અને હિસ્સાઓ ફલેટ નં. એ/૭૦૭, સાતમો માળ, બ્લોક નં.એ, શ્યામ કુટીર-૨, સ્થિત બ્લોક નં.૮૨/બી/૧ અને ૮૨/બી/૨, ટીપીએસ નં.૧૦૯ એફપી નં.૫૯/૨ પૈકી, મોજે હંસાપુરા, તા. અસારવા, જિ. અને સબ જિ. અમદાવાદ (લગભગ ક્ષેત્રફળ ૧૧૫ ચો.વાર) **કહેવાતા પ્લોટની નીચે મુજબ ખૂંટ : ઉત્તર** : ફલેટ નં.એ-૭૦૮, **દક્ષિણ** : ફલેટ નં.એ-૭૧૦, **પૂર્વ** : જગ્યા, **પશ્ચિમ** : રોડ

સ્થળ : અમદાવાદ — **સહી/- અધિકૃત અધિકારી**
તારીખ : ૨૨.૦૯.૨૦૨૧ — **વતી, એડલવાઈસ હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ**

IDFC ફર્સ્ટ બેન્ક લિમિટેડ
(અગાઉની આઈડીએફસી કેપિટલ ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી છે.
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટ્રડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૩૧.
ટેલિ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]
કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી, નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી છે** અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩ (૧૨)નાં વાંચન સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨નાં નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ નીચે દર્શાવેલ તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમ અને વધારાના વ્યાજ અને અન્ય ચાર્જીસ ડિમાન્ડ નોટિસની તારીખ સુધીના ખરેખર સુધીના પરત ચૂકવવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.
દેણદાર/સહદેણદાર/ ગેરેન્ટરો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો કબજો લેવામાં આવ્યો છે.

લોન એકાઉન્ટ નંબર	દેણદાર/રો સહદેણદાર/રો અને ગેરેન્ટરોના નામ	ગીરો મિલકતની વિગતો	ડિમાન્ડ નોટિસ તારીખ	ડિમાન્ડ નોટિસ બાકી રકમ (રૂપિયા)	તારીખ અને મેળવેલ કબજાનો પ્રકાર
3678760 & 3854008	૧. કેતન કન્સ્ટ્રકશન લિમિટેડ ૨. પરેશ અમરસિંહ બારડ ૩. વિજયસિંહ અમરસિંહ બારડ ૪. અમિત વિજયસિંહ બારડ ૫. રમેશભાઈ અમરસિંહ બારડ	**મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** મિલકત બેરિંગ સબ પ્લોટ નં.૧૨ ક્ષેત્રફળ ૭૭૪ સ્કે. યાર્ડ અને તેના પર બાંધકામ અશ્વરાજ (થલતેજ) કો.ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિ.ના સભ્ય તરીકે "અશ્વરાજ બંગ્લો-૨" તરીકે ઓળખાય છે જે મોજે થલતેજ તાલુકા અમદાવાદના સર્વે નં.૨૬૯/૨ [TPS 37 ના અંતિમ પ્લોટ નં. 45] પર સ્થિત છે. અમદાવાદ જિલ્લામાં શહેર-પશ્ચિમ અને અમદાવાદ-૯ (બોપલ)ના રજીસ્ટ્રેશન સબ ડિસ્ટ્રિક્ટ અને આ રીતે ખૂંટ : પૂર્વ ૧૨ મીટર ટીપી રોડ, પશ્ચિમ : કૃષ્ણા સોસાયટી, ઉત્તર : કૃષ્ણ બંગ્લો, દક્ષિણ : સબ પ્લોટ નં.૧૧	08-07-2021	Rs. 3,83,94,315.11/-	20-09-2021 ભૌતિક કબજો
21284560	૧. શ્રી મનસુખભાઈ ભીખાભાઈ ચૌહાણ ૨. શ્રી વિશ્ણુભાઈ ભીખાબાઈ ચૌહાણ	**મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** રો હાઉસ નં.-૦૩, શ્રેત્રફળ ૧૨૫.૪૧ ચો.મી. શ્રી રાજ ઓનર્સ એસોસિએશનમાં શિલ્પન કો.ઓ.હા.સો.ના SB PLT નં. ૦૧થી ૦૩ પર બાંધવામાં આવ્યું. હાઉસિંગ સોસાયટી લિમિટેડ સર્વે નં.૩૩૨/૨ પૈકી એફપી નં.૧૫૮ પર સ્થિત છે, જે મોજેની ટીપી નં.૪૫ના ચાંદલોડિયા, તાલુકા : સાબરમતી અને જિલ્લો : અમદાવાદ, નીચે મુજબ ખૂંટ છે. પૂર્વ : R/4, પશ્ચિમ : R/2, ઉત્તર : રીઅર માર્જિન, દક્ષિણ : સોસા. રોડ.	03-06-2021	Rs. 27,11,340.31/-	20-09-2021 ભૌતિક કબજો
2215014 & 5163177	૧. ચંદ્રેશભાઈ પી. દેવમૂરારી, ૨.પ્રદીપકુમાર એન. દેવમૂરારી.	**મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** ૨૫.૦૦ ચો.મી. મવડી ખાતે આર.એસ.નં.૩૨ ગુજરાત હાઉસિંગ બોર્ડ ટેનામેન્ટ નં.ઈ-૩૦૭ રાજકોટ, ગુજરાત અને નીચે પ્રમાણે ખૂંટ : પૂર્વ : ટેનામેન્ટ નં.ઈ-૩૦૮, પશ્ચિમ : ટેનામેન્ટ નં.ઈ-૩૦૬, ઉત્તર : ખુલ્લી જગ્યા જીએચબી, દક્ષિણ : રોડ મિલકત-૨ : બાંધેલા રહેણાંકનો તે તમામ ભાગ અને હિસ્સા મવડી આર.એસ. નં.૩૨ ગુજરાત હાઉસિંગ બોર્ડ નં.ઈ-૩૦૯ રાજકોટ, ગુજરાતમાં અને નીચે મુજબ ખૂંટ પૂર્વ : ખુલ્લી જગ્યા જીએચબી, પશ્ચિમ : ટેનામેન્ટ નં. ઈ-૩૧૦, ઉત્તર : રોડ, દક્ષિણ : ટેનામેન્ટ નં. ઈ-૩૦૯	01-06-2021	Rs. 13,00,691.68/-	18-09-2021 ભૌતિક કબજો

ખાસ કરીને દેણદાર અને સહદેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી છેના ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ** ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ
(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે અને હાલમાં આઈડીએફસી કેપિટલ ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી છે

તારીખ : 18 & 20-09-2021
સ્થળ : ગુજરાત

બ્રિટનમાં કિવી મહિલા ખેલાડીઓની સુરક્ષા વધારાઈ

ઈંગ્લેન્ડ બોર્ડને ન્યુઝીલેન્ડ ક્રિકેટ સંબંધીત ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો

લંડન,તા.૨૧, ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈસીબી)ને ન્યુઝીલેન્ડ ક્રિકેટને લઈ એક ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો છે હાલ ન્યુઝીલેન્ડની મહિલા ક્રિકેટ ટીમ ઈંગ્લેન્ડના પ્રવાસે છે ટીમ અહીયા ત્રણ ટવેન્ટી-૨૦ અને પાંચ વન-ડે મેચોની સીરીઝ રમવા પહોંચી છે ઈસીબીને મળેલા ઈ-મેઈલમાં સીધી રીતે ન્યુઝીલૈન્ડની મહિલા ક્રિકેટ ટીમને લઈ કંઈ લખવામાં આવ્યું નથી. જો કે ન્યુઝીલેન્ડ ક્રિકેટ બોર્ડ આ વાતને ઘણી ગંભીરતાથી લઈ રહ્યું છે ન્યુઝીલેન્ડની મહિલા ક્રિકેટ ટીમ આજે લેસ્ટરમાં ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ત્રીજી-વન-ડે મેચ રમવા ઉતરશે. આ મેચ પહેલા ન્યુઝીલેન્ડની મહિલા ટીમની સુરક્ષા વધારી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ન્યુઝીલેન્ડની પુરૂષ ટીમે તાજેતરમાં જ પાકિસ્તાનનો પોતાનો પ્રવાસ રદ કર્યો હતો ત્યાર બાદ ગઈકાલે ઈસીબીએ પણ જાહેરાત કરી કે ઈંગ્લેન્ડની પુરૂષ અને મહિલા ટીમો પાકિસ્તાનનો પ્રવાસ કરશે નહીં ન્યુઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે સુરક્ષાને લઈ ધમકી મળ્યા બાદ પ્રથમ વન-ડે શરૂ થવાની ઠીક પહેલા પોતાની ટીમને પાકિસ્તાનની બહાર કાઢવાનો નિર્ણય કર્યો હતો. પહેલા એવા સમાચાર આવ્યા હતા કે ન્યુઝીલેન્ડની મહિલા ટીમે સુરક્ષાના જોખમને જોતા મેચના એક દિવસ પહેલા પ્રેક્ટિસ કરી ન હતી. જો કે ન્યુઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે આ સમાચારને ફગાવી દીધા હતા. પોતાના નિવેદનમાં બોર્ડે લખ્યું હતું કે ટીમ મેચના એક દિવસ પહેલા મુસાફરી કરી રહી હતી અને આ સમાચાર સાચા નથી કે પ્રેક્ટિસને રદ કરવામાં આવી હતી.

રોહિત શર્મા નહીં રાહુલને ભાવિ કેપ્ટન તરીકે લાવી શકાય : સુનિલ ગાવસ્કર

મુંબઈ,તા.૨૧ મહાન ક્રિકેટર સુનીલ ગાવસ્કરને લાગે છે કે કેએલ રાહુલમાં કેપ્ટનશીપ સંભાળવાની કાબેલિયત છે અને તેને ભારતીય ક્રિકેટ ટીમના ભાવિ કેપ્ટન તરીકે તૈયાર કરવા જોઈએ. વિરાટ કોહલીએ ટી૨૦ વર્લ્ડકપ બાદ ૨૦ કેપ્ટનશીપમાંથી હટવાની જાહેરાત કર્યા બાદ ગાવસકરે આ ટિપ્પણી કરી. કોહલીની જગ્યાએ હવે રોહિત શર્મા ભારતની ટી૨૦ ટીમના કેપ્ટન બનવા માટે તૈયાર છે. ગવાસકરે એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે એ સારી વાત છે કે BCCI આગળનું વિચારી રહી છે. ભવિષ્ય અંગે વિચારવું મહત્વનું છે. તેમણે કહ્યું કે જો ભારત નવો કેપ્ટન તૈયાર કરવાનું વિચારી રહ્યું હોય તો કેએલ રાહુલને જોઈ શકે છે. તેણે સારું પ્રદર્શન કર્યું છે. એટલે સુધી કે ઈંગ્લેન્ડમાં સારી બેટિંગ કરી હતી.

એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ – રોકાણકાર જાગૃતિ કાર્યક્રમ
મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.
તારીખ અને સ્થળ:
બુધવાર, 22 સપ્ટેમ્બર, 2021 અને ગુરૂવાર, 23 સપ્ટેમ્બર, 2021; સાંજે 6:30 વાગ્યાથી.
બ્લુબેરીઝ રેસ્ટોરન્ટ એન્ડ બેન્કવેટ, નડિયાદ–આણંદ રોડ, નડિયાદ – 387 001.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ હર્ષ પંચાલ, મોબાઈલ : 83203 87848.
નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30થી સાંજે 6:30 સુધીનો જ રહેશે.
કાર્યક્રમ દરમિયાન કોવિડ સુરક્ષા માર્ગદર્શિકાનું પાલન કરવાનું ફરજિયાત છે.
વોક–ઈન્સને મંજૂરી નથી.
An Investor Education Initiative — HDFC MUTUAL FUND BHAROSA APNO KA
કેવાઈસી, સરનામું બદલવું, રોકાણકારોની ફરિયાદોનું નિવારણ વગેરે માટે https://www.hdfcfund.com/information/key-know-how ની મુલાકાત લો
મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને આધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો

ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

જોઈએ છે

ઘરકામ માટે મહિલાની જરૂર છે
9426500987

જોઈએ છે
પ્લોટ, મકાન, દુકાન, જમીન, જંબસર ડેપોથી મંગણાદ
8000017270

દાણીલીમડા અને શાહઆલમ વિસ્તારમાં કાપડની ફેક્ટરી ધરાવતા કંપનીમાં ટ્રેડિંગ માટે બે સેલ્સગર્લ્સ જોઈએ છે. ગ્રાહકો સાથે વાત કરવામાં નિપુણ અને સ્વતંત્ર રીતે ગ્રાહક સંભાળી શકે તેવી ગર્લ્સને આવકાર્ય. કોહીનૂર ક્રિએશન પ્રાઈવેટ લિ. દાણીલીમડા, અમદાવાદ.
મોબાઈલ : 9913368532
9825035885

વેચવાનું છે

મકાન વેચવાનું છે
તાંદલજા વિસ્તારના મહાબલિપૂરમ ગેટ નં.૧, ગ્રાઉન્ડ+૨ ફલોર, ફર્નિચર સાથે વેચવાનું છે, સંપર્ક : 9427711141

બંગલો વેચવાનો છે
ફૈઝ મોહમ્મદ સોસાયટી, પ્રાચીના સોસાયટી સામે, જુહાપુરા,
8511543313
આબીદભાઈ
(દલાલ માફ)

કાલુપુરમાં મકાન વેચવાનું છે
મો.9825020953

ફલેટ વેચવાનો છે
2 BHK કરીમી એપાર્ટમેન્ટ ફૂલ્લી ફર્નિશ્ડ, જમાલપુર,
9714048801

વેચવાનું છે
મકાન સાથે ત્રણ દુકાન જંબુસર-વડોદરા બાયપાસ.
8000017270

બંગલો વેચવાનો છે
3 BHK એટેચ બાથરૂમ ફુલ્લી ફુર્નિશડ, AC સાથે ટાઈટલ ક્લિયર મંદીના ભાવે જુહાપુરા વિદેશ જવાનું હોઈ તાત્કાલિક સંપર્ક કરો.
8511543313
આબીદભાઈ
(દલાલ માફ)

પ્લોટ વેચવાના છે
200 અને 400 વારના રૂપિયા 65000 વારના ભાવે ટાઈટલ ક્લિયર જુહાપુરામાં વિદેશ જવાનું હોઈ તાત્કાલિક સંપર્ક કરો,
8511543313
આબીદભાઈ
(દલાલ માફ)

ગાંધીનગરમાં મકાન વેચવાનું છે
વ્યાજબી કિંમતમાં ટાઈટલ ક્લિયર ખુલ્લા પ્લોટ સાથે
9998236323

મકાન અને જમીન ભાડે-વેચાણ

જમીન-પ્લોટ-ગોડાઉન-દુકાન-બંગ્લોઝ-ટેનામેન્ટ-ફલેટ-ડુપ્લેક્ષ-ભાડે તથા લે-વેચ જુહાપુરા-સરખેજ
8141837313-ગુલુચાચા

શાયન હિલ્સમાં FLATE ભાડે આપવાનો છે
2 BEDROOM, HALL, KITCHEN, PRIME LOCATION, GARDEN, EDUCATED LOCALITY, CCTV, PARKING, SECURITY
સારણી સોસાયટી પાસે, જુહાપુરા
9227200413

મુસ્લિમ વિસ્તારમાં પ્રોપર્ટી
લેવા-વેચવા તેમજ ભાડે આપવા માટે મળો
એવન પ્રોપર્ટી કન્સલટન્ટ
મતીનભાઈ
8490903000
હૈદરભાઈ 9227777881

લગ્ન વિષયક

લગ્ન વિષયક
સુન્ની મુસ્લિમ બીજા નિકાહ (લગ્ન) તલાક સુધ્ધા, વિધવા જ્ઞાતિબાધ નથી ઉંમર બાધ નથી, સિનિયર સીટીઝન ઉ.વ.૬૬, પેન્શનર,
મો.9898790383

લગ્ન વિષયક
બીજા લગ્ન માટે એક પત્ની ધરાવતા પોતાનો કારોબાર ધરાવતા એજ્યુકેટેડ ૪૧ વર્ષીય દીનદાર યુવક માટે સુંદર, સમજદાર, પાબંદ, બેવા ૩૫થી ૪૫ વર્ષીય કોન્ટેક્ટ કરો
9099555987

સમસ્ત સૈયદ સમાજના લગ્ન માટે પસંદગી અને પરિચય મેળો બરોડામાં ખાતુન મુસ્લિમ મેરેજ બ્યુરો દ્વારા
7874188748
www.khatoonmatrimonial.com

અગત્યની સૂચના
લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી.
-વ્યવસ્થાપક

વ્યવસાયીલક્ષી/અન્ય

અરજન્ટ ઈન્કમટેક્ષ રિટર્ન સર્વિસ
પાનકાર્ડ, ગુમાસ્તા, જી.એસ.ટી., એકાઉન્ટ, ઈમ્પોર્ટ-એક્ષપોર્ટ, લાયસન્સ, બંધ જી.એસ.ટી. ચાલુ કરાવવા ઘરબેઠા મળો.
8156003735
8401581761

પ્રવાસમાંથી હટયા બાદ ઈંગ્લેન્ડને પાકિસ્તાની ક્રિકેટરો, પ્રશંસકોની ફિટકાર

નવી દિલ્હી,તા.૨૧ પહેલાથી જ ન્યુઝીલેન્ડના અંતિમ મિનિટોમાં પ્રવાસ રદ કરવાના નિર્ણયથી ઝઝુમી રહેલા પાકિસ્તાન ક્રિકેટને સોમવારે વધુ એક ફટકો પડયો છે. જયારે ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈસીબી)એ પોતાની પુરૂષ અને મહિલા બંને ટીમોનો પાકિસ્તાન પ્રવાસ રદ કરી દીધો. તાજેતરના સમયમાં પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય ટીમોને દ્વિપક્ષીય સીરીઝ રમવા માટે દેશમાં પરત લાવવા માટે તમામ પ્રયાસો કરી રહ્યું છે અને ઝિમ્બાબ્વે અને શ્રીલંકા જેવા દેશોના પ્રવાસથી એવું લાગતું હતું કે વસ્તુઓ પાટા પર પાછી આવવા લાગી છે પણ ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડના પોતપોતાના પ્રવાસમાંથી ખસી જવાથી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને મોટો ફટકો પડશે. જયારે પીસીબીના નવા ચેરમેન રમીઝ રાજાએ ઈંગ્લેન્ડ પર પોતાની ક્રિકેટ જમાતના એક સભ્યને તે સમયે નિષ્ફળ બનાવવાનો આરોપ લગાવ્યો જયારે તેને તેની સૌથી વધારે જરૂર હતી ! પાકિસ્તાનના ક્રિકેટરો અને પ્રશંસકોએ સોશિયલ મીડિયા પર ઈંગ્લેન્ડ બોર્ડના નિર્ણય પર પોતાનો ગુસ્સો વ્યકત કર્યો છે. ટવીટર પર એક પ્રશંસકે લખ્યું છે કે જે રીતે ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડે પાકિસ્તાનને પીઠ બનાવી છે તે પાકિસ્તાનને વધુ મજબૂત બનાવશે. કામરાન અકમલે પણ પ્રવાસ રદ કરવાના નિર્ણયને નબળો અને અત્યંત નિરાશાજનક ગણાવ્યો છે તેણે કહ્યું કે મને ખબર છે પાકિસ્તાન અને પાકિસ્તાન ક્રિકેટ ફરી ઉઠશે અને મજબૂત થશે.

અફઘાન ક્રિકેટ ચીફને હટાવી નસીબુલ્લાહ હક્કાનીને તાલિબાને સોંપી કમાન

કાબુલ, તા.૨૧ અફઘાનિસ્તાનમાં સરકાર બનાવ્યા બાદ તાલિબાન સમગ્ર રીતે મનમાની કરી રહ્યુ છે. હવે તાલિબાને અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડના ચીફ (મુખ્ય કાર્યકારી ડિરેક્ટર) ને હટાવી દીધા છે. તેની નવા તાલિબાન સાથે જોડાયેલા સદસ્યને આ કમાન સોંપવામાં આવી છે. અત્યાર સુધી હામિક શિનવારી અફઘાન ક્રિકેટ બોર્ડના કાર્યકારી ડાયરેક્ટર હતા. તેમણે પોતાની ફેસબુક પોસ્ટમાં જાણકારી આપી છે કે તેમને તાલિબાન દ્વારા હટાવી દેવાયા છે. અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડના સત્તાકીય ફેસબુક પેજ પર પણ નસીબુલ્લાહ હક્કાનીના નવા મુખ્ય કાર્યકારી નિદેશક (CEO) બનવાનુ એલાન કરી દીધુ છે. મળતી જાણકારી અનુસાર, હામિક શિનવારીને તાલિબાનના નવા ગૃહ મંત્રી સિરાજુદ્દીન હક્કાનીના નાના ભાઈ અનસ હક્કાનીને હટાવ્યા છે. હામિદ શિનવારી લખે છે કે તેમને હટાવ્યાનુ કારણ જણાવાયુ નથી. બસ એટલુ જણાવ્યુ કે તેમની જગ્યાએ નસીબુલ્લાહ હક્કાનીને અફઘાન ક્રિકેટ બોર્ડના કાર્યકારી ડાયરેક્ટર બનાવવામાં આવશે.

IDFC ફર્સ્ટ બેન્ક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ / ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]
કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩ (૧૨)નાં વાંચન સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨નાં નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ નીચે દર્શાવેલ તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમ અને વધારાના વ્યાજ અને અન્ય ચાર્જીસ ડિમાન્ડ નોટિસની તારીખ સુધીના ખરેખર સુધીના પરત ચૂકવવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.
દેણદાર/સહ-દેણદાર/ ગેરેન્ટરો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર-સહદેણદારો-ગેરેન્ટરો અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો કબજો લેવામાં આવ્યો છે.

લોન એકાઉન્ટ નંબર	દેણદાર/રો સહદેણદાર/રો અને ગેરેન્ટરોના નામ	ગીરો મિલકતની વિગતો	ડિમાન્ડ નોટિસ તારીખ	ડિમાન્ડ નોટિસ બાકી રકમ (રૂપિયા)	તારીખ અને મેળવેલ કબજાનો પ્રકાર
26691305	૧. રાવલ રમેશભાઈ ધનાભાઈ ૨. રાવલ મીનાબેન રમેશભાઈ	**મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** બી-૪૬, ગ્રાઉન્ડ ફ્લોર, સુખ શાંતિ સમૃદ્ધિ, દશામા મંદિર પાસે, થોલ રોડ, કડી, મહેસાણા-૩૮૨૭૧૫	29-01-2020	Rs. 11,09,972.58/-	18-09-2021 પ્રતિકાત્મક કબજો
26692101	૧. બારોટ જયદીપકુમાર મહેન્દ્રભાઈ ૨. કૃનાલ બારોટ ૩. વનલીલાબેન બારોટ	**મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** બી-૬૨, સુખ શાંતિ સમૃદ્ધિ, કડી, મહેસાણા-૩૮૨૭૧૫	09-12-2019	Rs. 13,59,583.44/-	18-09-2021 પ્રતિકાત્મક કબજો
26691367	૧. પટેલ ભાવેશકુમાર ૨. નિલમબેન પટેલ	**મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** સ્થાવર મિલકતના પ્લોટ/યુનિટ નં.૪૮ સ્કીમ 'શિવ દર્શન સોસાયટી' તરીકે જાણીતી, સ્થિત બ્લોક નં.૧૦૧૬, મોજે કડી-કસ્બા, તા.કડી, જિ. અને સબ જિ. મહેસાણા, ક્ષેત્રફળ ૩૪૭.૮૭ ચો.ફૂટ અથવા ૩૮.૬૫ ચો.વાર અને નીચે મુજબ ખૂંટ પૂર્વ : અન્યનું ઘર, પશ્ચિમ : સોસાયટી રોડ, ઉત્તર : રો હાઉસ નં.૪૭, દક્ષિણ : રો હાઉસ નં.૪૯	12-06-2021	Rs. 12,59,499.24/-	18-09-2021 પ્રતિકાત્મક કબજો
9230892 અને 11059605	૧. સજ્જનસિંહ શાંતુભા સોલંકી ૨. કૃષ્ણબા સજ્જનસિંહ સોલંકી	**મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** ગ્રામ પંચાયત મિલકત નં.૧૭૯, ક્ષેત્રફળ ૭૧૧ ચો.મી. અને તેનું બાંધકામ (ઓપન પ્લોટ એરિયા ક્ષેત્રફળ ૬૪૧.૫૩ ચો.મી.) ગ્રાઉન્ડ ક્ષેત્રફળ ૬૯.૪૭ ચો.મી. અને પહેલો માળ ક્ષેત્રફળ ૬૧.૪૭ ચો.મી. ઠાકોરવાસ નામે જાણીતી સ્થિત જમીન બેરીંગ ગામતળ મોજે ગામ ભાગાપુરા તા. દેત્રોજ-રામપુરા રજિ.સબ જિ. ભાગાપુરા, તા. દેત્રોજ-રામપુરા રજિ. સબ જિ. વિરમગામ અને જિ. અમદાવાદ, ગુજરાત	20-04-2021	Rs. 17,52,334.55/-	18-09-2021 પ્રતિકાત્મક કબજો
26691187	૧. મંગલસિંહ બી. આહીરવાર ૨. શિવકુમારી બી. આહીરવાર ૩. દિનેશ બી. આહીરવાર	**મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** ૩સી-૧૦૯, પહેલો માળ, સમૃદ્ધિ રેસિડેન્સી, દશામા મંદિર પાસે, સુખ શાતિ સમૃદ્ધિ, કડી, મહેસાણા, ગુજરાત	07-03-2020	Rs. 7,29,844.77/-	18-09-2021 પ્રતિકાત્મક કબજો
26691183	૧. ઠાકોર ધીરૂભાઈ પ્રતાપજી ૨. ઠાકોર મંજુલાબેન ધીરૂભાઈ	**મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ ફલેટ નં.૩/ઈ-૨, ગ્રાઉન્ડ ફ્લોર, ક્ષેત્રફળ વિસ્તાર ૪૪૯ ચો.ફૂટ, બ્લોક નં.૩/ઈ સ્કીમ 'સમૃદ્ધિ રેસિડેન્સી' તરીકે જાણીતી બાંધકામ એન.એ. જમીન રેવન્યુ સર્વે નં. ૭૪૯ ક્ષેત્રફળ વિસ્તાર ૩૯૬૦૦ ચો.મી. મોજે ગામ કડી કસબા, સબ જિ. કડી અને જિ. મહેસાણા, નીચે મુજબ ખૂંટ : ઉત્તર : ફલેટ નં.૩/ઈ-૩ અને બ્લોક પેસેજ, દક્ષિણ : આંતરિક રોડ, પૂર્વ : સમૃદ્ધિ રો હાઉસ સી/૦૧, પશ્ચિમ : ફલેટ નં.૩/ઈ-૧ અને બ્લોક પેસેજ	10-05-2021	Rs. 6,98,057.01/-	18-09-2021 પ્રતિકાત્મક કબજો
26691461	૧. રાવલ મિતેશકુમાર ૨. ભારતીબેન મનુભાઈ રાવલ	**મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** ૨-સી/૨૦૮, શાંતિ રેસિડેન્સી, દશામા મંદિર પાસે, થોળ રોડ, કડી, મહેસાણા-૩૮૨૭૧૫	17-03-2020	Rs. 6,26,345.89/-	18-09-2021 પ્રતિકાત્મક કબજો
26691506	૧. શ્રીનામી ધનસુખ નાનકદાસ ૨. શ્રીનામી મીતાબેન ધનસુખભાઈ ૩. શ્રીનામી મીતાબેન ધનસુખ દાસ	**મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** સ્થાવર મિલકતના ફલેટ નં. એ/૨૦૬, બીજો માળ, ગીરીરાજ કોમ્પલેક્ષ, બ્લોક-એ, પ્રયાગરાજ એપાર્ટમેન્ટ, વિસ્તાર ક્ષેત્રફળ ૭૧.૦૭ ચો.મી. બાંધેલ સ્થિત અને ઊભેલ ફ્રી હોલ્ડ બિનકૃષિની જમીન સર્વે નં.૧૫૫૧/૧ પૈકી ઝોન-બી, ક્ષેત્રફળ ૨૯૨૦/૫૦ ચો.મી. મોજે કડી, કસબા, તા.કડી, જિ. મહેસાણા, રાજ્ય ગુજરાત અને આ મુજબ ખૂંટ : પૂર્વ : શેફાલીથી સ્ટેશન રોડ, પશ્ચિમ ફલેટ નં.૨૦૫, ઉત્તર : ગીરીરાજ બી-બ્લોક, દક્ષિણ : પગથિયા	12-06-2021	Rs. 9,73,686.84/-	18-09-2021 પ્રતિકાત્મક કબજો
26692538	૧. આરતીબેન નરેન્દ્રસિંહ જાડેજા ૨. જાડેજા નરેન્દ્રસિંહ નારાણસિંહ	**મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** ૧ઈ/૨૦૮, શાંતિ રેસિડેન્સી મુ.સુખ શાંતિ સમૃદ્ધિ, દશામા મંદિર પાસે, થોલ રોડ, કડી, ગુજરાત, મહેસાણા-૩૮૨૭૧૫	09-12-2019	Rs. 6,46,195.81/-	18-09-2021 પ્રતિકાત્મક કબજો

ખાસ કરીને દેણદાર અને સહદેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
તારીખ : ૧૮-૦૯-૨૦૨૧
સ્થળ : અમદાવાદ — **(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**

CGPSC ટોપર, નીર નીધિ નંદેહાએ વર્તમાન બાબતો માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કર્યો : જાણો તેની વ્યૂહરચના

(એજન્સી) તા.૨૧

રાયપુર નિવાસી નીર નીધિ નંદેહાએ રાજ્ય સેવા પરીક્ષા ૨૦૧૯ માટે છત્તીસગઢ પબ્લિક સર્વિસ કમિસન (સીજીપીએસસી) મેરિટ યાદીમાં ટોપ કર્યું છે. તેણે ૧૦૦૦માંથી ૯૮૮ ગુણ સાથે પરીક્ષામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. સીજીપીએસસી આઈએએસ ૨૦૧૯ ૧૭મી સપ્ટેમ્બરના રોજ જાહેર કરાયેલી અંતિમ મેરિટ યાદી ઉમેદવારોની કામગીરી-લેખિત પરીક્ષામાં પ્રદર્શન-પ્રારંભિક અને મુખ્ય પરીક્ષા અને ઈન્ટરવ્યૂ રાઉન્ડના આધારે જાહેર કરવામાં આવે છે. હવે કમિશનના અધિકારીઓ દ્વારા પરીક્ષાર્થીઓના સફળ દસ્તાવેજની ચકાસણી બાદ ઉમેદવારોની કાયમી ભરતી કરવામાં આવશે. જે લોકો આ પરીક્ષાની તૈયારી કરતા હોય છે તેવા ઉમેદવારો મોટાભાગે સોશિયલ મીડિયાથી દૂર રહેતા હોય છે. પરંતુ નંદેહા સોશિયલ મીડિયામાં સક્રિય રહ્યા બાદ પણ ટોપર બન્યા. તેમણે સોશિયલ મીડિયાનનો ઉપયોગ વર્તમાન બાબતોની તાજા માહિતી મેળવવા પ્રાપ્ત કર્યો હતો. સીજીપીએસસી આઈએએસ ૨૦૧૯ની અંતિમ મેરિટમાં ટોપ કર્યા પછી નંદેહાને અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિઓ અને તેમના સંબંધીઓ, મિત્રો અને શિક્ષકો તરફથી અભિનંદનનો વરસાદ થઈ રહ્યો છે. સીજીપીએસસી પરીક્ષામાં નંદેહાનો આ બીજો પ્રયાસ હતો, તે પોતાના પ્રથમ પ્રયાસમાં પ્રિલિમ પરીક્ષા પણ પાસ કરી શકયો નથી. નંદેહાએ કહ્યું કે, પ્રથમ પ્રયાસની નિષ્ફળતાએ મને સમજાવ્યું કે, પરીક્ષા પાસ કરવા માટે તેણે કેટલી મહેનત કરવી જરૂરી છે. મોટાભાગના લોકો જયારે

પહેલાં ટ્રાયલમાં પરીક્ષા પાસ ના કરી શકવાના કારણ અંગે જણાવતા કહે છે કે, મોટાભાગે લોકો મુખ્યત્વે ભૂલ એ કરતા હોય છે કે, તેઓ સમગ્ર વર્ષ દરમિયાન માત્ર પ્રિલિમ્સની તૈયારી કરતા હોય છે અને મુખ્ય પરીક્ષાની તૈયારી તરફ વધુ લક્ષ આપતા નથી. પરંતુ મેં તેનાથી વિપરીત પદ્ધતિ અપનાવી. મેં મુખ્ય અભ્યાસક્રમને વધુ સમય આપ્યો જેના કારણે મને આ સફળતા મળી. નંદેહાએ જણાવ્યું કે, તેમણે તૈયારીના માધ્યમ તરીકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કર્યો હતો. આનાથી તેમને વર્તમાન ચાલી રહેલ ચોક્કસ સ્થિતિ વિશે માહિતી પ્રાપ્ત થાય. આના કારણે તેમને કરંટ અફેર્સ પર દૈનિક અપડેટ રહેવામાં મદદ મળી હતી. નીર નિધિ નંદેહના પિતા કે.એલ. નંદેહા ઈન્દિરા ગાંધી કૃષિ યુનિવર્સિટીના કૃષિ વિભાગના વડા હતા, તેની માતા ચંપા ગૃહિણી છે તેઓ તેમના પુત્રની સફળતાથી ખુશ છે.

જે લોકોએ વેક્સિનના બંને ડોઝ લીધા હશે તેમને જ નવેમ્બર મહિનાથી અમેરિકામાં પ્રવેશ મળશે, શું ભારતીયોએ મંજૂરી ન મળેલી રસી અંગે ચિંતા કરવી જોઈએ ?

(એજન્સી) તા.૨૧

ગત સોમવારે વ્હાઈટ હાઉસમાંથઈ પ્રેસિડેન્ટ જો બાઈડને એક જાહેરનામું બહાર પાડીને વિશ્વને જણાવ્યું કે અમેરિકા, ચીન, ભારત, બ્રાઝિલ અને મોટાભાગના યુરોપના દેશો સહિત વિશ્વના ૩૩ દેશોમાંથી એરલાઈન્સમાં આવતા પ્રવાસીઓ માટે અમેરિકામાં પ્રવેશવાની છૂટ આપશે પરંતુ શરત એ છે કે આવનાર તમામ પ્રવાસીઓએ કોવિડ-૧૯ માટેના વેક્સિનના બંને ડોઝ લીધા હોવા જોઈએ. આ વર્ષના પ્રારંભમાં અમેરિકામાં પ્રવેશ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. પ્રેસિડેન્ટ જો બાઈડને કહ્યું કે, વિદેશમાંથી આવતા પ્રવાસી દ્વારા અમેરિકામાં કોવિડ-૧૯ ફરીથી પ્રસરે નહીં તે માટે કડક પ્રોટોકોલ પાલન કરાવવામાં આવશે. તેઓએ રસીકરણના બંને ડોઝ લીધા છે કે નહીં તેની પૂરતી તપાસ રાખવામાં આવશે. અને ખાતરી થયા બાદ જ તેમને પ્રવેશ આપવામાં આવશે. પણ ભારતના નાગરિકો શું કરશે. જેની વેકસિન હજી સુધી અધિકૃત નથી. આંતરરાષ્ટ્રીય પ્રવાસમાં એવા ૧૮ કિસ્સા છે જેમાં વેક્સિનને કારણે ભારતીય નાગરિકોએ સહન કરવું પડ્યું હતું. વિદેશી નાગરિક તેમનો પ્રવાસ શરૂ કરે તે પહેલા વેકસિન લીધાની સાબિતી આપવી પડશે અને તેઓ અમેરિકા પંહોચે ત્યારે તેમને ક્વોરન્ટાઈન થવાની જરૂરિયાત નહીં રહે. તેની સાબિતી આપવાની રહેશે. યુએસ સેન્ટર્સ ફોર ડિસિઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શન વિભાગ કઈ વેક્સિન અધિકૃત છે નક્કી કરશે. ભારતની કંપની કોવેક્સિન દ્વારા નિર્મિત વેક્સિનને અમેરિકાની એફડીએ કટોકટી કાળમાં ઉપયોગ લાયક ગણાવી

નહોતી. એફડીએએ ભારતીય કંપની કોવેક્સિનને અમેરિકાના બજારમાં વેચવા દેવાની અરજીને ફગાવી દીધી હતી. એફડીએએ કહ્યું કે તે પૂર્ણપણે પરીક્ષણમાંથી પાસ થઈ નથી. ભારત બાયોટેકની કોવેક્સિનની કોવિડ-૧૯ વેક્સિન હજુ પણ અધિકૃત થવા ફાફાં મારી રહી છે. ફેઝ-૩નો ટ્રાયલ ડેટા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની માન્યતા મેળવવા એટલું જરૂરી છે. હૈદરાબાદ સ્થિત ફાર્માસ્યુટીકલ કંપનીની વેક્સિનને નિકાસ કરવા માટે કોને કોને મંજૂરી આપશે તે જોવાનું રહ્યું કારણ કે તેના આધારે કોવેક્સિન પાસપોર્ટ બનશે. વૈશ્વિક વેક્સિનના લક્ષ્યને પંહોચી વળવા માટે પ્રેસિડેન્ટ બાઈડનના વહીવટી તંત્રે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વેક્સિનની નિકાસ શરૂ કરવા વિનંતી કરી. વિવિધ એરલાઈન્સ અને અન્ય ટ્રાવેલ કંપનીઓએ પ્રતિબંધો હળવા કરવાની અમેરિકાને વિનંતી કરી છે.

૧૨માંમાં મુશ્કેલીથી પાસ થયેલા રોશનકુમાર ચાર નિષ્ફળતાઓથી પણ હાર્યા નહીં, આ રીતે બન્યા IPS અધિકારી

(એજન્સી) તા.૨૧

યુપીએસસી ક્લિયર કરવાનું સ્વપ્ન દરેક ભણેલા-ગણેલા યુવાનનું હોય છે. પરંતુ અનેક વખત નિષ્ફળ થતા મનોબળ તૂટી જાય છે. આજે અમે તમને રોશનકુમારની વાર્તા બતાવીશું. રોશનકુમાર આજે ભલે જ આઈપીએસ અધિકારી બની ગયા છે, પરંતુ તેમની માટે અહીં સુધી પહોંચવું સહેજ પણ સહેલું ન હતું. રોશનકુમારથી શરૂઆતમાં બે પ્રયાસમાં પ્રીલિમ્સ પર ક્લિયર થઈ શકી ન હતી. તેની સાથે તે ફુલટાઈમ જોબ પણ કરી રહ્યા હતા. જોબ અને યુપીએસસીની તૈયારીમાં તેમને ઘણી મુશ્કેલી થઈ રહી હતી, પરંતુ તેમને પોતાની ઉપર સંપૂર્ણ વિશ્વાસ હતો. ત્યારપછી ત્રીજા અને ચોથા પ્રયાસમાં રોશનથી મેન્સ સુધી પણ ક્લિયર થઈ શકી નહીં. જો કે પાંચમાં પ્રયાસમાં તેમણે પોતાનું બાળપણનું સ્વપ્ન પૂરું કરી લીધું અને તે આઈપીએસ બનવામાં સફળ

થયા હતા. યુપીએસસી ૨૦૧૮માં રોશનકુમારે ૧૧૪મો રેંક મેળવ્યો હતો. રોશને એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, તે શરૂઆતથી જ અભ્યાસમાં સામાન્ય હતા. અહીં સુધી કે તેમને ૧૨માં ધોરણમાં માત્ર ૫૮ ટકા મળ્યા હતા, તેમાં પણ તેમને સૌથી વધુ ગુણ ફિઝિકલ એજ્યુકેશનમાં હતા. રોશન માટે યુપીએસસી તરફ જોવું પણ મુશ્કેલ થઈ ગયું હતું. ૧૨માં પછી તેમણે એન્જિનિયરીંગ કરવાનો નિર્ણય લીધો, પરંતુ ટકા એટલા ઓછા હતા કે, તેમણે આઈઆઈટી માટે પ્રયાસ પણ કર્યો નહીં. કોઈ અન્ય કોલેજથી એન્જિનિયરીંગ કરવાની સાથે જ રોશનકુમારના લગ્ન કરાવી દીધા. ત્યારપછી તેમની પર જવાબદારીઓ વધી ગઈ. બીજી તરફ તેમને યુપીએસસીમાં સતત નિષ્ફળતા મળી રહી હતી. રોશન જણાવે છે કે, જ્યારે તમે આ પરીક્ષાની તૈયારી કરો તો તે વિશે ખૂબ જ ખાસ લોકોને છોડીને કોઈને જાણ ના કરો. આ પરીક્ષા એટલી ડિમાંડિંગ હોય છે અને તેમાં સફળતા એટલી મુશ્કેલ હોય છે કે, બતાવીને તમે તેમની અપેક્ષાઓનો ભાર તેમની પર ના લાદો. રોશન જણાવે છે, 'તમારે નોકરીની સાથે જ આ પરીક્ષામાં સફળતા મેળવવી જોઈએ. કારણ કે તમને કોઈ અલગથી સમય નહીં આપે. તેમાંથી જ તમારે સમય પણ કાઢવો પડશે. માટે સૌથી સારું છે આગળ વધો અને ભાગ્ય આજમાવો અને પોતાની પર વિશ્વાસ રાખો. યુપીએસસીની તૈયારીને પોતાનું રૂટિન બનાવી લો. તમને ચોક્કસ તેમાં સફળતા મળશે.

મેટલ ડિટેક્ટરથી સજ્જ પુરાતત્ત્વવિદો દ્વારા પુરીના જગન્નાથ મંદિરમાં ખોવાયેલા ખજાનાની શોધખોળ શરૂ

અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૧૧માં પોલીસને મઠની અંદર ૧૮ ટન વજનની ચાંદીની ૫૨૨ પાટનો ખજાનો મળ્યો હતો જેની કિંમત એ વખતે રૂા.૯૦ કરોડ હતી. આ અગાઉ આ વર્ષે એપ્રિલમાં મઠની અંદર ૩૫ કિલો વજનની ચાંદીની ૪૫ વધુ પાટ મળી હતી

(એજન્સી) તા.૨૧

ઓડિશામાં પુરી સ્થિત ભગવાન જગન્નાથના મંદિરના દક્ષિણ-પૂર્વ ખૂણામાં આવેલ એમઆર મઠમાં ખજાનાની શોધખોળ શરૂ કરી દેવામાં આવી છે. મેટલ ડિટેક્ટરથી સજ્જ પુરાતત્ત્વવિદોની ટીમ ૧૨મી શતાબ્દિના મંદિરમાં દબાયેલા ખજાનાની શોધ કરી રહી છે. મંદિરના ઉત્તર-પાર્શ્વ મઠના મહંત (પ્રમુખ) નારાયણ રામાનુજ દાસના અનુરોધ બાદ ગુરુવારથી ખજાનાની તલાશ શરૂ થઈ ગઈ છે. રામાનુજ દાસ એમઆર મઠના પ્રભારી પણ છે. મઠના અધિકારીઓની સાથે સાથે ઈતિહાસકારોનું એવું માનવું છે કે મંદિર સંકુલની જમીનની અંદર કિંમતી ચીજ-વસ્તુઓનો એક સંગ્રહ દબાયેલો છે. એવો વિશ્વાસ છે કે એક ગુપ્ત કોષને ભૂમિગત રીતે દબાવવામાં આવ્યો છે અને અગાઉ મળેલા બે ખજાનાને કારણે આ વિશ્વાસ વધુ મજબૂત થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૧૧માં પોલીસને મઠની અંદર ૧૮ ટન ચાંદીની ૫૨૨ પાટનો ખજાનો મળ્યો હતો જેની કિંમત એ વખતે લગભગ રૂા. ૯૦ કરોડ હતી. આ અગાઉ પણ આ વર્ષે એપ્રિલમાં મઠની અંદર લગભગ ૩૫ કિ.ગ્રામ વજનની વધુ ૪૫ પાટ મળી હતી. એમઆર મઠથી ચાંદીની પાટ ઉપરાંત ચાંદીના વૃક્ષ અને ચાંદીના ફુલ, ૧૬ પ્રાચીન તલવારો અને એક ગાયની કાંસ્યની મૂર્તિ પણ પ્રાપ્ત થઈ હતી. આ મઠની સ્થાપના રામાનુજાચાર્યએ



ઈ.સ. ૧૦૫૦માં કરી હતી કે જ્યારે તેઓ પુરી આવ્યાં હતાં. પુરીના નાયબ કલેક્ટર ભાભતરન સાહુએ જણાવ્યું હતું કે હજુ સુધી ગુરુવારના નિરીક્ષણ દરમિયાન કોઈ સામગ્રી મળી નથી. સંકુલને સ્કેન કરનારી ટેકનિકલ ટીમના રિપોર્ટ પર અમે યોગ્ય કાર્યવાહી કરીશું. મઠથી અગાઉ મળેલ ખજાનાને હવે પુરીમાં રાજ્યના ખજાનામાં રાખવામાં આવેલ છે અને સશસ્ત્ર પોલીસ દ્વારા તેની સુરક્ષા કરવામાં આવે છે. રામાનુજાચાર્ય દ્વારા પુરીમાં રામાનુજ સંપ્રદાય સંબંધિત ૧૮ મઠની સ્થાપના કરવામાં આવી હતી. આ તમામ મઠ શ્રી જગન્નાથ મંદિર સાથે સંકળાયેલ છે અને મંદિરના અનુષ્ઠાનમાં પણ સામેલ હોય છે. નારાયણ રામાનુજ દાસે જણાવ્યું હતું કે ગુરુવારે મેટલ ડીટેક્ટર દ્વારા કેટલાક સંકેત મળ્યાં છે પરંતુ તે મૂલ્યવાન ધાતુ છે કે લોખંડ કે અન્ય ધાતુ તે અમે કહી શકીએ તેમ નથી, કારણ કે મેટલ ડીટેક્ટર જમીનની સપાટીની નીચે માત્ર દોઢ ફૂટથી બે ફૂટ સુધીની જ સામગ્રીનો પત્તો લગાવી શકે છે.

દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના ડ્રાઈવરની દીકરી પ્રીતિ હૂડાની IAS અધિકારી બનવાની પ્રેરણાદાયક સફર

(એજન્સી) તા.૨૧

એમાં કોઈ બે મત નથી કે યુપીએસસીની પરીક્ષા પાસ કરવી તે લોઢાના ચણા ચાવવા જેવું કામ છે. એકદમ કઠિન ગણાતી આ પરીક્ષા મગજનો પરસેવો પાડી નાખે તેવી અને પરીક્ષાર્થીને માટે તેની દૃઢતાની પણ પરીક્ષા લેતી આ પરીક્ષાને મધર ઓફ ઓલ એકઝામ કહી છે. ગમે તે હોય આવી કઠીન પરીક્ષામાં આપબળે અનેક વિઘ્નોનો સામનો કરીને ઘણા બધા સફળ થયાના દાખલા છે. પરંતુ મહિલા સશક્તિકરણની વાતને સાબિત કરતી પ્રીતિ હૂડાની સફળતા પ્રેરણાદાયક અને ઉદાહરણનીય છે. પ્રીતિ હૂડા, જેણે અનેક નાણાંકીય સમસ્યાઓ છતાં નિષ્ઠાપૂર્વક તનતોડ મહેનત કરીને આઈએએસની પરીક્ષા પાસ કરી. પ્રીતિ હૂડાના પિતા બસ ડ્રાઈવર હતા, પરંતુ જિંદાદિલ ડ્રાઈવર પિતાએ તેને આર્થિક

તંગીને લઈ કયારેય દીકરીના આઈએએસ બનવાના સ્વપ્નાને રોળી નાખવાનો પ્રયત્ન કર્યો નહોતો. પ્રીતિ હૂડા બાળપણથી જ ભણવામાં તેજ હતી. તેણે ૧૦માં ધોરણમાં ૭૭ ટકા પ્રાપ્ત કર્યા હતા. જ્યારે ૧૨માં ધોરણમાં તેણે ૮૭ ટકા મેળવ્યા હતા. નાણાકીય પરિસ્થતિને કારણે પ્રીતિનો પરિવાર ઈચ્છતો હતો કે, તેણે અભ્યાસને પૂર્ણવિરામ મૂકીને લગ્ન કરીને સ્થિર થવું જોઈએ. પરંતુ અભ્યાસ કરવાની પ્રબળ ઈચ્છાના કારણે પ્રીતિએ પોતાનો અભ્યાસ આગળ ચાલુ રાખવા દિલ્હીની લક્ષ્મીબાઈ કોલેજમાં પ્રવેશ લીધો અને હિંદી વિષય સાથે તે સ્નાતક થઈ. પ્રીતિ આટલેથી ના અટકતા તેણે જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીમાં પીએચ.ડી કરવાનું શરૂ કર્યું હતું. પ્રીતિ હરિયાણાના બહાદુરગઢ ગામનું ગૌરવ છે. તેના પિતા દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. પ્રીતિએ આઈએએસમાં હિંદી માધ્યમ સ્વીકાર્યુંને જોરદાર તૈયારીમાં લાગી ગઈ. તેણે હિંદીને વૈકલ્પિક વિષય તરીકે પસંદ કર્યો. પ્રીતિ અને તેના પરિવાર માટે ગૌરવની વાત એ છે કે, તે પ્રથમ પ્રયાસમાં જ યુપીએસસીની પરીક્ષામાં પાસ થઈ ગઈ. તેણે ૨૦૧૭માં ૨૮૮માં ક્રમાંક સાથે પ્રથમ સફળતા પ્રાપ્ત કરી.

UPSC સિવિલ સર્વિસ પરીક્ષા : ગ્રેજ્યુએશન દરમિયાન તેની તૈયારી કેવી રીતે શરૂ કરવી ?

(એજન્સી) તા.૨૧

સ્નાતકના અભ્યાસ દરમિયાન સિવિલ સર્વિઝ એક્ઝામની (સીએસઈ) તૈયારી કરવી એ પડકારરુપ છે અને સાથે ફાયદારૂપ પણ છે. એ પડકારરૂપ એટલા માટે છે કે પરીક્ષાર્થીએ સ્નાતકના અભ્યાસ પર પણ ધ્યાન આપવું પડે છે અને સાથે સાથે સીએસઈનો જે મોટો અભ્યાસક્રમ હોય છે તેના પર પણ ધ્યાન કેન્દ્રીત કરવું પડે છે. ખાસ કરીને સીએસઈ માટે વૈકલ્પિક વિષય તરીકે જુદા વિષયની પસંદગી કરનાર માટે આ પરીક્ષા ઘણી જ અઘરી પડે છે. આ પરીક્ષાને લઈને કેટલીક ભ્રમણાઓ પણ પ્રવર્તે છે. એક ભ્રામક માન્યતા એવી છે કે આ પરીક્ષામાં તૈયારી કરવા માટે દરરોજ ૧૬થી ૨૦ કલાક અભ્યાસ કરવો પડે છે અને સામાજિક રીતે વિમુખ થઈ જવું પડે છે. જો કે આ કોઈ ટકાઉ અને સ્વસ્થ પદ્ધતિ નથી. ઘણા લોકો ખાસ કરીને પ્રથમ વખત પ્રયાસ કરી રહેલા લોકો તેમાં ગળાડૂબ થઈ જાય છે અને સિલેબસથી પણ આગળ વધીને વિશ્વના કોઈ પણ વિષયનો અભ્યાસ કરે છે.

પરિણામે તેમને વિવિધ વિષયો પર જ્ઞાન પ્રાપ્ત થાય છે પરંતુ યુપીએસઈ દ્વારા વિષયમાં જે મહત્તમ ગહનતાની અપેક્ષા હોય છે તે સિદ્ધ થતી નથી. જો કે પ્રથમ વખત પરીક્ષા આપી રહેલ લોકોને કેટલાક ફાયદા પણ થાય છે. સૌથી મોટો ફાયદો એ છે કે તેમના પર કોઈ બેગેજ હોતું નથી એટલે કે પ્રથમ પ્રયાસ હોવાથી તેમની પાસેથી અપેક્ષા બહુ ઓછી હોય છે. બીજું પ્રથમ વખત વિષયનો અભ્યાસ કરવાથી તેમને એક નવો ખ્યાલ પ્રાપ્ત થાય છે. તમારે કેટલીક બાબત સ્પષ્ટ થઈ જવું પડે છે. પહેલા તો સિવિલ સરવન્ટ બનવા માટે તમે કેમ પ્રોત્સાહિત થયાં છો તેનો જવાબ આપવો પડશે. જો તમે નાણા કે સત્તાની દોટમાં આંધળુકીયા થઈને આગળ વધતાં હો તો તમારે તમારા વિચારની પુનર્વિચારણા કરવાની જરુર છે. જો તમે ગ્રેજ્યુએશન દરમિયાન તૈયારી શરૂ કરી રહ્યાં હો તો ધીમે ધીમે શરુઆત કરો. સીએસઈના કોચ અને ટોપર્સ સાથે પણ વાત કરો અને પરીક્ષાની બદલાતી પેટર્ન પર ધ્યાન રાખો. સાથે સાથે ધો.૬ અને ૧૨ની એનસીઈઆરટીના પુસ્તકોનો અભ્યાસ કરવાનું શરુ કરો કે જેથી તમારો પાયો મજબૂત થશે. તમે વૈકલ્પિક વિષય પસંદ કર્યો હોય તો વિષયના કેટલાક પાયાના પુસ્તકો વાંચવાનું શરૂ કરો અને વિષયનો પરિચય મેળવો. આ ઉપરાંત માત્ર પરીક્ષામાં ક્વોલિફાઈ થવાના હેતુથી વિષયોના વાંચન પ્રત્યે સંકુચિત અભિગમ ટાળો. તમે સિવિલ સર્વિસની પરીક્ષાને તમારો ૧૦૦ ટકા સમય ફાળવતાં હો તે પણ અન્ય કેટલાક પરિબળો પણ પરિણામને પ્રભાવિત કરે છે તે ધ્યાનમાં રાખો. છેલ્લે એટલું કહેવાનું કે પ્રથમ પ્રયાસ એ સર્વશ્રેષ્ઠ પ્રયાસ છે અને તેમાં તમારે તમારાથી શક્ય એવો શ્રેષ્ઠ દેખાવ કરવો જોઈએ.

આ છે ક્વાડ શિખરના એજન્ડાના પાંચ મુખ્ય મુદ્દા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વોશિંગ્ટનમાં ૨૪, સપ્ટે. ઈન્ડો પેસિફિકમાં ક્વાડ્રીલેટરલ ફ્રેમ વર્ક (ક્વાડ)ના ચાર નેતાઓ માટેની રુબરુ મુલાકાત શિખરમાં હાજરી આપશે. તેમની આ મુલાકાત મહત્વપૂર્ણ છે કારણ કે મોદી સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાને પણ સંબોધશે. અમેરિકાના પ્રમુખ જોસેફ બાઈડેને મોદી સાથે તેમજ ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કોટ મોરીસન અને જાપાનના વડાપ્રધાન યોસી હીડે સુગા સાથે વર્ચ્યુલ બેઠક માર્ચમાં બોલાવી હતી પરંતુ તેઓ સત્વરે આ બેઠક યોજવા આતુર હતાં.

નિષ્ણાતોનું કહેવું છે કે આ બતાવે છે કે અમેરિકા હવે ઈન્ડો પેસિફિક પર પ્રો-એક્ટિવ રણનીતિ સાથે પાછું મેદાનમાં આવી ગયું છે એવું દર્શાવવા માગે છે. ભલે પછી અફઘાનિસ્તાનમાંથી વાપસીને કારણે ચોમેરથી તેની ટીકા થઈ રહી હોય. એક નવો ત્રિકોણ-ઓસ્ટ્રોલિયા-યુકે-યુએસ (એયુકેયુએસ) ઊભો થવા પર આશ્ચર્ય છે. આ ગ્રુપીંગના કારણે ગત સપ્તાહે ક્વાડના ભૂ-વ્યૂહાત્મક પાસાઓ પર કેટલીક બાબતો હાવી થઈ હતી. હવે પ્રશ્ન એ છે કે ક્વાડ શિખરના મેનુ પર આખરે શું છે ? ક્વાડ શિખરના પાંચ મુખ્ય એજન્ડા છે.

મુક્ત અને ઓપન ઈન્ડોપેસિફિક

ચીન અને ક્વાડના પ્રત્યેક દેશ સાથે ખાસ કરીને તાઈવાનના મામલે અમેરિકાની વધતી વાચાળતા જોતાં આ મુદ્દે હવે કડક ભાષામાં વાત થશે. મુખ્ય એજન્ડા ઈન્ડોપેસિફિક અને તેની પેલે પાર મુક્ત, ખુલ્લા નિયમો આધારીત વ્યવસ્થા ઈચ્છે છે.

કનેક્ટિવિટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ

૨૦૧૭ની ક્વાડ બેઠકમાં ચીનના બેલ્ટ એન્ડ રોડ ઈનિશિએટીવની ચર્ચા થઈ હતી અને ચાઈના સામે એક પ્રકારનું ગ્રુપીંગ ઊભું થયું હતું. ક્વાડના નિવેદનમાં આ પ્રદેશના દેશો માટે સંયુક્ત કનેક્ટિવિટી પ્રોજેક્ટ અને પારદર્શક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડિંગનું વચન આપવામાં આવ્યું હતું. ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસને બ્લુડોટ નેટવર્ક (બીડીએન) પણ લોંચ કર્યું હતું.

કોવિડ-૧૯નો મુકાબલો : માર્ચની શિખર દરમિયાન ક્વાડ દેશોએ વેક્સિન ઈનિશિએટીવ માટે પ્લાન્સની જાહેરાત કરી હતી જેમાં અમેરિકાના ફંડિંગ અને ટેકનોલોજી સાથે જહોન્સન એન્ડ જહોન્સનની કોવિડ-૧૯ વેક્સિનના એક અબજ ડોઝનું ભારતમાં ઉત્પાદન કરવાની યોજના હતી. આ બધાં પ્લાન હજુ પણ ટ્રેક પર છે. મોદી સરકારને એપ્રિલમાં કોમર્શિયલ એન્ડ ડોનેશન વેક્સિન નિકાસ કાર્યક્રમ રદ કરવો પડ્યો હતો. આથી કોવિડ અંગેના ખાસ કરીને વેક્સિનેશન બાબતે ક્વાડમાં ચર્ચા થશે.

ક્રિટીકલ ટેકનોલોજી અને સપ્લાય ચેઈન : ક્વાડ દ્વારા ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ અને નવતર ટેકનોલોજી પર સરકાર માટે માર્ગ મોકળો કરવા ક્રિટીકલ અને ઈમર્જીંગ ટેકનોલોજી પર એક વર્કિંગ ગ્રુપ રચવામાં આવ્યું હતું. હવે ક્વાડ કેવા પ્રકારનું ૫-જી નેટવર્ક પ્રમોટ કરશે તે બાબતે સર્વાનુમતી સાધવા અંગે ચર્ચાઓ થશે. એ જ રીતે ડેટા સિક્યોરિટી સપ્લાય ચેઈન વગેરે પર પણ ચર્ચા થશે. વર્કિંગ ગ્રુપ મિટીંગના પરિણામો પણ આ શિખરમાં રજૂ કરાશે.

ક્લાઈમેટ ચેન્જ

માર્ચમાં એક બીજુ વર્કિંગ ગ્રુપ રચાયું હતું જેની નેતાઓ દ્વારા હવે ચર્ચા થશે. અમેરિકા આ વર્ષે નવે.માં ગ્લાસગોમાં યોજાનારી આગામી યુએન ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સ સીઓપી-૨૬ પૂર્વે ક્વાડ સમિતિમાંથી કેટલીક પ્રતિબદ્ધતા અને ખાતરી મેળવવા આતુર છે. આથી નેતાઓ કાર્બન ઉત્સર્જન માટે નેટ ઝીરો પ્લાન, થર્મલ પાવર પ્લાન્ટ માટે કોલસાનો ઉપયોગ બંધ કરવા માટેની સમય મર્યાદા અને રીન્યૂએબલ એનર્જી લક્ષ્યાંકો પર ચર્ચા કરશે. ભારત પણ ૨૦૩૦ સુધીમાં ૪૫૦ જીડબલ્યુ રીન્યૂએબલ એનર્જી ક્ષમતાનું નિર્માણ કરનાર છે.

એયુકેયુએસ- ફ્રાંસ અને ક્વાડ વિસ્તરણ

નવા અમેરિકા-યુકે-અમેરિકાની ત્રિપક્ષીય સંધિની ૧૬, સપ્ટે. જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ ન્યૂક્લીયર પાર્વડ સબમરીન વિકસાવવાની બાબત આ સમાહે ક્વાડ શિખરના વિધિવત એજન્ડા પર હોવાની અપેક્ષા નથી. શિખરના એક દિવસ પૂર્વે બાઈડેન અને મોરીસન વચ્ચે સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર પર ખાસ ધ્યાન કેન્દ્રીત કરાશે. ભારતે જો કે એયુકેયુએસ કરાર પર કેટલાક કારણોસર નિવેદન કર્યું નથી.

- સુહાસીની હૈદર **(સૌ. : ધહિન્દુ.કોમ)**

ભરૂચ-અંકલેશ્વર વચ્ચે ગમખ્વાર અકસ્માત

કાર ઝાડ સાથે અથડાઈ પલટી મારતાં ડ્રાઈવરનું મોત, ૭ને ઈજા

અંકલેશ્વર, તા.૨૧

અંકલેશ્વરથી અર્ટિગા કારમાં મુંબઈના ૭ પેસેન્જરોને સોમવારે મોડી રાતે ભરૂચ રેલવે સ્ટેશને છોડવા જતા ભૂતમામાની દેરી પાસે ડ્રાઈવરે સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર ઝાડમાં અથડાઈ રસ્તાની બાજુમાં ખાડામાં પલટી મારી જતા કાર ચાલકનું મોત થયું હતું. જ્યારે ૭ મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા.

અંકલેશ્વરના પીરામણ ગામે હવા મહેલ સોસાયટીમાં રહેતા ૨૮ વર્ષીય આદિલ ઉસ્માન ચૌહાણ ડ્રાઈવિંગનો વ્યવસાય કરે છે. તેઓ પોતાના સસરા આબીદ ગુલામહુસેન પઠાણની નવી અર્ટિગા કાર લઈ સોમવારે રાતે નિકળા હતા. અંકલેશ્વરથી મૂળ મુંબઈના બૈગનવાડી ખાતે રહેતા પેસેન્જરોને લઈ ભરૂચ સ્ટેશન જઈ રહ્યા હતા. ભરૂચ-અંકલેશ્વર જુના ને.હા. ૮ ઉપર છાપરા પાટિયા પાસે ભૂતમામા ડેરી નજીક આદિલે સ્ટેરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો.

કાર બાવળના ઝાડમાં અથડાઈ ખાડીમાં પલટી મારી ગઈ હતી. અકસ્માતના પગલે કારમાં સવાર ૩ મહિલા સહિત ૭ મુસાફરોએ બુમરાણ મચાવી હતી. જોકે કાર ચાલક આદિલ ચૌહાણનું માથામાં ગંભીર ઈજાને પગલે મોત થયું હતું. જમાઈ લઈને નીકળેલા કારનો અકસ્માત થયો હોવાનું ફોન કરી પાડોશીએ સસરા આબીદ પઠાણને ૧૧.૩૦ કલાકે જણાવતા તેઓ સ્થળ પર જવા રવાના થયા હતા. બીજી તરફ અન્ય વાહનચાલકો ઘટના સ્થળે ભેગા થઈ જવા સાથે ૧૦૮ અને પોલીને જાણ કરી રાહત બચાવની કામગીરી હાથ ધરાઈ હતી. પલટી મારેલી અર્ટીગા કારને સીધી કરી તેમાં ફસાયેલા ૭ ઈજાગ્રસ્તો અને ચાલકના મૃતદેહને બહાર કઢાયો હતો. ઈજાગ્રસ્તો પૈકી એક મહિલા અને એક પુરુષને વધુ સારવાર માટે સુરત જ્યારે અન્ય ૫ ઘાયલોને ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અંકલેશ્વર શહેર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



અકસ્માતમાં ઘવાયેલા ઈજાગ્રસ્તો

૧.નરગીસ રઈશ શેખ, ૨.આકિલ ચાર્લી, ૩.મુસ્તકીન શબ્બીર કુરેશી, ૪.સામિયા ઉસ્માન શેખ, ૫.નગમા શાબિર શેખ, ૬. સોનુ કમાલ સૈયદ, ૭.જીતેન્દ્ર ગજાનંદ દુર્લભ (તમામ રહે. બૈગનવાડી મુંબઈ)

મહિલાઓ દ્વારા કલેક્ટરને રજૂઆત કરાઈ

અમરેલી : સિલાઈ મશીન આપવાની યોજનામાં ગેરરીતિ થયાનો આક્ષેપ

અમરેલી, તા.૨૧

સરકાર દ્વારા મહિલાઓને પગભર થવા માટે મફત સિલાઈ મશીન આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત અમરેલી તાલુકાનાં શેડુભાર ગામે થયેલ સિલાઈ મશીન વિતરણ કાર્યક્રમમાં ભારે ગેરરીતિ આચરાઈ હોવાની મહિલાઓ દ્વારા કલેક્ટરને રજૂઆત કરવામાં આવેલ હતી.

પ્રાપ્ત વિગત મુજબ શેડુભાર ગામની મહિલાઓએ કલેક્ટરને રજૂઆત કરી જણાવેલ હતું કે, શેડુભાર ગામે ગત તા.૧૮ના રોજ સરકારની "ભારતીય હસ્ત શિલ્પ" યોજના અંતગર્ત શેડુભાર અને ચરખ ગામના લાભાર્થીઓને સિલાઈ મશીન વિતરણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. પરંતુ આ જાહેર કાર્યક્રમ હોવા છતાં પણ ગેરરીતિ આચરી લાગતા-વળગતાંઓને ઘરે બોલાવી સિલાઈ મશીન આપવામાં આવેલ હોવાનાં આક્ષેપ કરવામાં આવેલ હતો. ખરેખર લાભાર્થીઓને સિલાઈ મશીન મળવાના બદલે લાગવગશાહીના ધોરણે પગ કરી ગયા અંગે તપાસ કરી જરૂરતમંદોને સિલાઈ મશીનનો લાભ મળે તે અંગે પગલા ભરવા કલેક્ટરને રજૂઆત કરવામાં આવેલ હતી.

એક મહિનાથી સમસ્યા છતાં કોઈ નિરાકરણ નહીં

પાલનપુર હાઈવે પર ઓવરબ્રિજના બાંધકામને લઈ ટ્રાફિક સમસ્યા વકરી

પાલનપુર, તા.૨૧

પાલનપુરમાં હાઈવે પર ઓવરબ્રિજના બાંધકામને લઈ ટ્રાફિક સમસ્યા ભયાનક હદે વકરી ગઈ છે. સહુથી વધુ મુશ્કેલી ડીસા તરફથી પાલનપુરના એરોમા સર્કલ પહોંચતા વાહન ચાલકોને થઈ રહી છે. માત્ર ૨ કિલોમીટરના અંતર સુધી વાહનોની રોજે રોજ સવારે ૧૧થી ૨ અને સાંજે ૪થી ૭ વાગ્યા સુધી કતારો લાગે છે જેના લીધે ૩૦ મિનિટ કરતા વધુ સમય રોજે રોજ વેડફાઈ રહ્યો છે. પાછલા એક મહિનાથી આ સમસ્યા થવા છતાં કોઈ નિરાકરણ આવતું નથી. વાહન ચાલકોએ જણાવ્યું કે એરોમાં સર્કલ પર વાહનોને નિયમન કરવામાં ક્ષતિ આવતી હોવાથી આ મુશ્કેલી રોજે રોજ સર્જાઈ રહી છે. તો બીજીતરફ છેલ્લા કેટલાક દિવસોથી આરટીઓ સર્કલ થઈ આબુ હાઈવે પર પાલનપુર એરોમાં સર્કલ સુધી આવતા લોડિંગ ટ્રકોની સંખ્યામાં પણ વધારો થયો છે. જેના લીધે રોજ હનુમાન ટેકરી સુધી ટ્રકની કતાર લાગી જાય છે.

ભરૂચ જિલ્લામાં સાર્વત્રિક વરસાદી માહોલથી ધરતીપુત્રોમાં ખુશીની લાગણી

ભરૂચ, તા.૨૧

ભરૂચ શહેર અને જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી મેઘમહેર જામી છે, જિલ્લાના ૯ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદી માહોલ રહેતા ધરતી પુત્રો સહિત લોકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ભરૂચ જિલ્લામાં વરસાદી માહોલના આગમનથી ઠેરઠેર પાણી ભરાયા હતા, ગત રાત્રીના સમયથી સવાર સુધી જિલ્લામાં સાર્વત્રિક વરસાદી માહોલ જોવા મળ્યો હતો, મંગળવારે સવારે ૮ કલાક સુધી જિલ્લાના તમામ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં અંકલેશ્વર ૩૭(મિમી), વાલિયા ૩૨, ભરૂચ ૨૮, નેત્રંગ ૨૭, ઝઘડિયા ૨૪, વાગરા ૧૫, હાંસોટ ૧૦, આમોદ ૦૫, જંબુસર ૦૩ મી. મી વરસાદ નોંધાયો હતો. ચાલુ વર્ષે સિઝનનો કુલ વરસાદી આંક ૭૫ ટકા સુધી પહોંચી ગયો છે.

પાલનપુરમાં સુરતના શખ્સ પાસેથી ૧૪ કિલો ગાંજો કબજે કરાયો

પાલનપુર, તા.૨૧

પાલનપુર-અમદાવાદ હાઈવે પર પોલીસ ચેકીંગ દરમિયાન સુરતમાં રહેતો એક ઈસમ ગાંજા સાથે ઝડપાયો હતો. પોલીસે ૧૪.૩૧૦ કિલોગ્રામ ગાંજા સહિત કુલ રૂ.૧.૫૧,૦૫૦ના મુદ્દામાલ સાથે યુવકને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ આજે વહેલા પરોઢિયે પેટ્રોલિંગમાં હતી. ત્યારે પાલનપુરના અમદાવાદ હાઈવે પરના રેલવે ઓવર બ્રિજ ઉતરતા એક ઈસમ શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે તેની તપાસ કરતા તેની પાસે રહેલા મહક પાન- મસાલાના થેલામાંથી ગાંજો મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસે મૂળ રાજસ્થાનના અને હાલમાં સુરતના શિવાંજલિ એપાર્ટમેન્ટમાં રહેતા વિકેશ હસમુખભાઈ ત્રિવેદી પાસેથી રૂા. ૧,૪૩,૧૦૦ની કિંમતનો ૧૪.૩૧૦ કિલોગ્રામ ગાંજાનો જથ્થો અને એક મોબાઈલ મળી કુલ રૂા. ૧,૫૧,૦૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે ગાંજા સાથે ઝડપાયેલા શખ્સ સામે એનડીપીએસ એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હદીસ બોધ

જ્યારે લોકો વચ્ચે ચુકાદો આપો ઈન્સાફથી આપો.

(હદીસ બોધ)

બોધ વચન

સમયનો આપણે યોગ્ય રીતે ઉપયોગ કરવો જોઈએ અને હંમેશા એમ માનવું જોઈએ કે સારૂં કામ કરવાનો સમય હંમેશા આ જ છે.

- નેલ્સન મંડેલા

આજની આરસી

૨૨ સપ્ટેમ્બર બુધવાર ૨૦૨૧
૧૪ સફર હિજરી ૧૪૪૩
ભાદરવા વદ એકમ સંવત ૨૦૭૭
સુબ્હ સાદિક ૫-૦૯
ખત્મે ઝવાલ ૧૨-૩૩
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૨૮
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૩૭

ગુસ્સપુસિયું

પતિ : લગ્ન પહેલાં તારા કેટલા બોયફ્રેન્ડ હતા
પત્ની : ચૂપ રહી ?
પતિ : તારી આ ખામોશીને હું શું સમજું ?
પત્ની : બૂમ પાડીને : બોલતો નહી હું ગણું છું.

ઊનાના શાહ ડેસર ગામે વાવાઝોડાના અસરગ્રસ્તોને તાત્કાલિક સહાય આપવા માંગ

ઊના તાલુકામાં ૧૭ મે. ના તાઉતે વાવાઝોડુ ત્રાટકેલ હતું. આ વાવાઝોડા પછીના ચાર માસ વિતી ગયેલ છે. વાવાઝોડાના કારણે તાલુકાના શાહડેસર ગામમાં ઘણા લોકો ઘરવિહોણા, ઘરવખરી, અનાજ વિહોણા બની ગયા છે. જે અસરગ્રસ્તોને ભારે નુકસાન થયું છે તેવા લોકોને હજુ સુધી સહાય મળી નથી. આ અસરગ્રસ્ત ગરીબ પરીવારોને ધ્યાને રાખી જે લોકોના ફોર્મ ભરેલા છે તેઓનો સર્વે કરી તાત્કાલીક સહાય આપવા મહિલાઓ અને પુરૂષો સહિત શાહ ડેસર ગામના ગ્રામજનોએ મોટી સંખ્યામાં તાલુકા પંચાયત કચેરી, પ્રાંત કચેરી ખાતે આવેદન પત્ર પાઠવેલ હતું. તથા તાલુકા વિકાસ અધિકારી, ના.કલેક્ટરને રજૂઆત કરી હતી.

ડભોઈ પંથકમાં ત્રીજા દિવસે પણ મેઘમહેર યથાવત્

ઢાઢર નદીના નીર દંગીવાડા મુખ્ય માર્ગ પર ફરી વળતાં રોડ ઊંચો કરવા લોકમાંગ

ડભોઈ, તા.૨૧

ડભોઇ પંથકમાં છેલ્લા ત્રણ દિવસથી મેઘમહેર જોવા મળી રહી છે. ડભોઇ તાલુકાના દંગીવાડા અને બંબોજ સહિત ગામોમાં પાણી ભરાયા હોવાનું પણ સામે આવ્યું છે. ઢાઢર નદીમાં પાણીઆવતા પાંચ જેટલા ગામો સંપર્ક વિહોણા બન્યા છે. ઉપરવાસમાં ભારે વરસાદને પગલે નદીઓ નાળા છલકાયાં હોય ડભોઇ નજીકથી પસાર થતી ઢાઢર નદીમાં નવા નીર આવ્યા છે દંગીવાડા નજીક થી પસાર થતી આ નદી ના નીર રોડ ઊપર ફરી વળતા દંગીવાડા પછી આવેલ નારણપૂરા, બંબોજ, વીરપૂરા, મગનપૂરા સહિતના પાંચ ગામો સપર્ક વિહોણા થયા છે ત્યારે થોડા વરસાદ કે ઢાઢર નદીમાં નીર આવતા દંગીવાડા મુખ્ય માર્ગઉપર પાણી ભરવાની સમસ્યા ખૂબ જૂની હોય તંત્ર દ્વારા ૭૦૦ મીટર રોડ ઊંચો કરવા માંગ ઉઠી રહી છે. બંબોજ ગામે પણ પાણી ભરાતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે વહીવટી તંત્ર દ્વારા વહેલી તકે સમસ્યાનું નિરાકરણ લાવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

ભરૂચમાં રોડ રસ્તા પર ખાડાઓ પડતાં સમારકામ મુદ્દે કોંગ્રેસ દ્વારા કલે.ને આવેદન

ભરૂચ, તા.૨૧

ભરૂચમાં વરસાદી માહોલ બાદ રોડ રસ્તા ની સર્જાયેલી પરિસ્થિતિને પગલે હવે વાહનચાલકોથી લઈને સ્થાનિક લોકો પણ રોષે ભરાયા છે. સામાજિક કાર્યકર્તાઓની સાથે આજે વિપક્ષના સભ્યોએ ભરૂચ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી નગરપાલિકા અને પીડબ્લ્યુડીને શહેરના માર્ગોનું સમારકામ કરવા માટે હુકમ કરવા રજૂઆત કરી હતી. "રસ્તામાં ખાડા નહિ પણ ખાડામાં રસ્તો છે". આ પંક્તિ ભરૂચ શહેરમાં વરસાદી માહોલ બાદ રોડ રસ્તાની પરિસ્થિતિને લઇ સાર્થક થઇ રહી છે. ભરૂચમાં આ વર્ષે ચોમાસુ ઓગસ્ટ મહિના સુધી નબળું રહ્યું હતું. જોકે સપ્ટેમ્બર મહિનાના શરૂઆતથી મધ્ય સુધીમાં સારો એવો વરસાદ વરસતા ખેડુતોની પાકની સાથે શહેરીજનોને પૂરા પાડવા માટેની પાણીની સમસ્યા નો નિકાલ થયો છે.સામાન્ય વરસાદ વચ્ચે ભરૂચ શહેર અને બાયપાસના માર્ગો અને ડામર પાણીમાં મીઠા ની જેમ ઓગળી જતા મસ્ત ૨-૨ ચાર-ચાર ફૂટ ઊંડા ખાડા પડી ગયા છે. વાહનચાલકોને થતા નુકસાન અને કમરના ભાગી રહેલા હાડકાથી ત્રાહિમામ્ પોકારી ઉઠેલા લોકો હવે સોશિયલ મીડિયા ઉપર ટીકાની વરસાદ કરી રહ્યા છે.

આજરોજ ભરૂચના સામાજિક કાર્યકર્તાઓની સાથે નગરપાલિકા વિપક્ષના સભ્યોએ ભરૂચ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી જંબુસર બાયપાસથી મોહમ્મદ પુરા અને મોહમ્મદ પુરાથી રેલવે સ્ટેશન તેમજ બાયપાસ ચોકડીથી કંથારીયા ગામનો માર્ગ તેમજ કંથારીયાથી દેરોલને જોડતા માર્ગનું વહેલી તકે સમારકામ કરવામાં આવે તેવી માંગ કરતું આવેદનપત્ર સુપ્રત કર્યું હતું અને આગામી ૪૮ કલાકમાં રોડના સમારકામની કામગીરી નહીં શરૂ થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.ભરૂચ જિલ્લા કલેકટર કચેરી ખાતે પશ્ચિમ વિસ્તારને ન્યાય અપાવો ના બેનરો સાથે રજૂઆત કરવા ભરૂચના સામાજિક કાર્યકર્તા અબ્દુલભાઈ કામથી, નગરપાલિકા વિપક્ષના નેતા શમશાદ અલી સૈયદ, હેમેન્દ્ર કોઠીવાલા, સલીમ અમદાવાદી, ઈબ્રાહિમ કલકલ, રતિલાલ પરમાર, હુસેન પટેલ, મોહમ્મદ ઝેડ કામથી, ઈમરાન પટેલ, મુલતાની સરફરાજ સહિત શહેરના જાગૃત નાગરિકો હાજર રહ્યા હતા.

લીંબડી-અમદાવાદ હાઈવે પર ખાનગી બસ ટ્રક સાથે અથડાતાં બેનાં મોત : ૩૦ને ઈજા

સુરેન્દ્રનગર, તા.૨૧

સુરેન્દ્રનગર જિલ્લામાં અકસ્માતોની સંખ્યામાં નોંધપાત્ર રીતે વધારો થઈ રહ્યો છે તેવા સંજોગોમાં સુરેન્દ્રનગર જિલ્લાના હાઈવે રક્તરંજિત બની જવા પામ્યા હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે ત્યારે આજે વહેલી સવારે સુરેન્દ્રનગર જિલ્લાના અમદાવાદ લીમડી હાઈવે ઉપર ખાનગી ટ્રાવેલ્સ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો છે ઘટનાસ્થળે જ બે લોકોનાં મોત નિપજ્યા છે જેને લઇને ચકચાર મચી જવા પામ્યો છે. મળતી વિગત અનુસાર સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી હાઈવે ઉપર સવારે પાંચ વાગ્યે મુંબઈથી પોરબંદર તરફ જઈ રહેલી ખાનગી ટ્રાવેલ્સની બસનો અકસ્માત ટ્રક સાથે થયો છે ડ્રાઈવરને ઝોકુ આવી જતા ટ્રાવેલ્સ ચાલક દ્વારા ટ્રકની પાછળ ધડાકાભેર બસ અથડાતા ઘટનાસ્થળે બે લોકોના મોત નિપજવા પામ્યા છે બંનેને પીએમ અર્થો સુરેન્દ્રનગર જિલ્લાની લીમડી સરકારી હોસ્પિટલ ખાતે લઇ જવામાં આવ્યા છે અને અન્ય બેને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર હેઠળ લીંબડી ખાતે રાખવામાં આવ્યા છે.

લીમડી પોલીસને જાણ થતાં દોડી ગઇ હતી અને લીમડી ડીવાયએસપી ચેતનભાઇ મુંધવા પણ ઘટનાસ્થળે દોડી ગયા હતા અને રોડ રસ્તા ખુલ્લા કરાવવાની કામગીરી આરંભી હતી ત્યારે અકસ્માતના પગલે ગુનો દાખલ કરી અને આ મામલે વધુ પોલીસ તપાસ લીમડી પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે.

નાયબ કલેકટરની નોટિસ બાદ વીરપુરમાં ઠેર-ઠેર સફાઈ હાથ ધરાઈ

વીરપુર, તા.૨૧

મહિસાગર જિલ્લાના નાયબ કલેકટર ગંદકીને લઈને સ્થાનિક તંત્રને નોટિસ ફટકારતા કર્મચારી આલમમાં ફફડાટ મચ્યો હતો ત્યારે સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા યુદ્ધના ધોરણે વિરપુર પંથકમાં ઠેર-ઠેર સફાઈ આદરી છે. વિરપુર નગરમાં વર્ષોથી ઠેર-ઠેર ગંદકી જોવા મળી રહી છે સમગ્ર પંથકમાં ગટર ઉભરાવાને કારણે ગટરના પાણી જાહેર રસ્તા પર ફરી વળ્યાં છે જેના કારણે ખરાબ દુર્ગંધ અને અકસ્માત થવાની ભીતિ સેવાઈ રહી છે સ્થાનિક તંત્ર દ્વારા તકેદારી રાખવામાં ન આવતા અને યોગ્ય સમયે સફાઈ હાથ ન ધરાતાં જિલ્લા નાયબ કલેકટર એચ ટી મકવાણા દ્વારા તાલુકા વિકાસ અધિકારી બી કે કટારા, વીરપુર ગ્રામ પંચાયત સરપંચ તલાટી અને ગ્રામ પંચાયત સભ્યોને નોટિસ આપી દિન પાંચમા ખુલાસો માગ્યો હતો જે પૈકી વિરપુર ગ્રામ પંચાયત એક્શનમા આવી ઠેર-ઠેર પડેલા કચરાના ઢગ અને ગંદકી જેસીબી મશીન દ્વારા સફાઈ કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ કરતાં પંથકના વેપારીઓ અને સ્થાનિક લોકોમાં ખુશીની લાગણી પ્રસરી છે.

ભરૂચના બોરભાઠાબેટ વિસ્તારમાં વીજથાંભલો પડતાં અંધારપટ છવાયો

ભરૂચ, તા.૨૧

ભરૂચ શહેરના જાહેર માર્ગોઉપર સિમેન્ટના થાંભલા ઓ ધસી પડવાની અનેકવાર ઘટનાઓ સામે આવી રહી છે ગતરોજ વીજળીના કડાકા-ભડાકા સાથે વરસેલા વરસાદ સાથે નર્મદા બંગલો સોસાયટીના જાહેર માર્ગ ઉપર વજનદાર વીજ થાંભલો ધસી પડતા સમગ્ર વિસ્તારમાં અંધારપટ છવાયો હતો જોકે મોડી રાત્રે ઘટના સર્જાય હોવાના કારણે કોઈ જાનહાની થવા પામી ન હતી.

બનાવની મળતી માહિતી અનુસાર ભરૂચના મકતમપુર બોરભાઠાબેટ વિસ્તારમાં આવેલ નર્મદા સોસાયટીની બહાર જાહેર માર્ગ ઉપર મોડી રાત્રિએ સિમેન્ટનો થાંભલો ધસી પડતા સમગ્ર પંથક અંધારપટ છવાયો હતો જો કે થાંભલો જાહેર માર્ગ ઉપર પડ્યો હોય પણ તું મોડી રાત્રે કોઈની અવરજવર ન હોવાના કારણે કોઇ જાનહાની થવા પામી ન હતી.

બગસરાના હામાપુર ગામે કેન્સરની બીમારીથી કંટાળી પત્નીને ઝેરી દવા પીવડાવી પિતાએ ઝેર પી લીધું

સારવાર દરમ્યાન બંનેનાં મોત

અમરેલી, તા.૨૧

બગસરાના હામાપુર ગામે રહેતા અને ખેતી કામ કરતા બાબુભાઇ છગનભાઇ થાવાણી (ઉ.વ.૭૦)ને છેલ્લા પાંચેક વર્ષથી હોઠના કેન્સરની બીમારી થઈ હતી અને તેના માટે સુરત હોસપીટલ ખાતે બે વખત ઓપરેશન કરાવેલ હતા અને તેમ છતાં તેમને મોઢામાં ચાંદા પડ્યા કરતા હતા જેથી અલગ અલગ ડોક્ટરોની દવાઓ લેતા હતા તેમ છતાં આ બીમારી નહિ મટતા કંટાળી જતા ગત તા.૧૯/૯/ ની રાત્રીના ૧૦ વાગ્યે બાબુભાઇ એ તેની પત્ની મુક્તાબેન ઉવ-૬૮ ને ઉઠાડી કહેલ કે હવે આપણે જીવવું નથી સાથે મારી જવું છું તેમ કહી પત્ની મુકતાબેનનું મોઢું ખોલી અનાજમાં નાખવાનો ઝેરી ટીકડી એક નાખી પાણી પીવડાવી દીધેલ હતું અને બાદમાં બાબુભાઇ પણ ઝેરી ટીકડા પી લેતા બંનેની રાત્રીના ૧૨ વાગ્યે ઉલ્ટી ઉબકા થવા લાગતા બાજુના રૂમમાં રહેતો પુત્ર ભરતભાઈ ઉઠીને આવતા પિતા બાબુભાઇને પૂછેલ કે શું થયું ત્યારે તેમણે કશુંજ નહિ જણાવતા માતા મુક્તાબેન ને સમગ્ર હકીકત જણાવી હતી અને બંનેને અમરેલી સારવારમાં લઇ ગયા હતા.

જ્યાં બાબુભાઈનું મોત થયેલ હતું અને મુકતાબેનને ગોંડલ સારવારમાં લઇ ગયેલ હતા જ્યાં તેનું પણ સારવાર દરમ્યાન બપોરે મોત નીપજ્યું હતું, બનાવ અંગે પુત્ર ભરત થવાણી એ બગસરા પોલીસમાં તા.૨૦/૯ના રોજ પિતા બાબુભાઇ સામે તેમની માતા મુકતાબેનને મારી નાખવાની કોશિશ અંગેની ફરિયાદ નોંધાવેલ હતી પરંતુ મુક્તેબેનનું પણ મોત નિપજતા મૃતક બાબુભાઇ થવાણી સામે પોલીસ હત્યાની કલમ ઉમેરવાની તજવીજ હાથ ધરેલ છે.

દરગાહ ઉપર કોઈપણ ટેકા વગર ટકી રહેલો પથ્થર

દાંતા નજીક અંતરશા પીરની દરગાહ આવેલી છે. ભવ્ય પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે આવેલી આ પવિત્ર જગ્યા ઉપર અંદાજિત સોએક પગથિયા ઉપર ચઢ્યા બાદ જંગલ વિસ્તારમાં મોટી-મોટી પથ્થરની શીલાઓ આમતેમ પડી છે. જ્યાં એક વિશાળકાય પથ્થર ઢોળાવ વાળી જગ્યા પર કોઈ પણ ટેકા વગર અહીં ટકી રહ્યો છે. આ વિસ્તારમાં રહેતા સ્થાનિકો એને હવા પથ્થર તરીકે ઓળખે છે. ખૂબ જ ઢોળાવ હોવા છતાં વિશાળકાય પથ્થર કેમ રગડતો નથી તે સમજી શકાતું નથી. અહીં મુસ્લિમ સમાજના લોકો પીરની દરગાહ હોવાથી પવિત્ર દિવસો દરમિયાન ઉપરાંત શનિ-રવિની રજાઓમાં મોટી સંખ્યામાં ઉમટે છે. ચોમાસાના દિવસોમાં અહીંના જંગલ વિસ્તારમાં પ્રકૃતિ સોળે કલાએ ખીલી ઉઠે છે.

(તસવીર : અખ્તર ચૌહાણ, પાલનપુર)

અરવલ્લી જિલ્લામાં બુટલેગરો અને અસામાજિક તત્ત્વો સામે પોલીસની લાલ આંખ

૧૯ શખ્સો સામે ગુજસીટોક હેઠળ ગુનો દર્જ

મોડાસા, તા.૨૧

અરવલ્લી જિલ્લા પોલીસવડા સંજય ખરાતે જિલ્લામાં બુટલેગરો અને અસામાજીક તત્ત્વો સામે લાલ આંખ કરી સતત શખ્ત કાર્યવાહી કરી કરતા બુટલેગરોને જેલના સળીયા પાછળ ધકેલી દીધા છે જિલ્લામાં વિદેશી દારૂની હેરાફેરી, મારામારી, હત્યા, હત્યાનીકોશિષ, અપહરણ, રાયોટીંગમાં સંડોવાયેલ અને પોલીસને નાકે દમ લાવી દેનાર ૧૯ ગુંડાઓની ટોળકી સામે પોલીસે ગાળીયો કસ્યો છે ભિલોડા પોલીસે ખૂંખાર બુટલેગરો સામે ગુજસીટોકનો ગુન્હો નોંધી એક જ ઝાટકે કાયદાનો પાઠ ભણાવી દીધો છે.

અરવલ્લી જિલ્લામાં એલસીબી કચેરીમાં પોલીસ પર હુમલો કરનાર ફેક્ચર ગેંગ સામે ગુજસીટોકનો ગુન્હો નોંધાયા છે ત્યારે ગેરકાયદેસર ટોળકી બનાવી જિલ્લામાં વિદેશી દારૂની હેરાફેરીમાં સંકળાયેલા અને હત્યાની ઘટનાને અંજામ આપવામાં સહેજ પણ ખચકાટ ન અનુભવતા ભિલોડા પંથકના અને રાજસ્થાનના ૧૯ અસામાજીક તત્ત્વો સામે ગુન્હો નોંધ્યો છે જેમાંથી મોટા ભાગના બુટલેગરો જેલની હવા ખાઈ રહ્યા છે જયારે ૮ જેટલા અસામાજિક તત્ત્વોને ઝડપી પાડવા પોલીસ દોડાદોડી કરી રહી છે.

સુખીડેમનું લેવલ ૧૪૭.૩૦ મીટર

પાવીજેતપુરમાં પાંચ ઈંચ વરસાદ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

(તસવીર : આશીફ ખત્રી, પાવીજેતપુર)

પાવીજેતપુર, તા.૨૧

પાવીજેતપુરમાં બપોરે બે વાગ્યા સુધી પાંચ ઇંચ જેટલો વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકાર થઇ જવા પામ્યો હતો જયારે સુખી ડેમ વિસ્તારમાં વરસાદનું પ્રમાણ વધુ રહેતાં સુખી ડેમ નું લેવલ ૧૪૭.૪૦ મીટર થવા પામ્યું છે. પાવી જેતપુર પંથકમાં વહેલી સવારથી મેઘા ની પધરામણી વીજળીના કડાકા ધડાકા સાથે થઈ જતા હેલી જેવું વાતાવરણ થઇ જવા પામ્યું હતું બપોરના બે વાગ્યા સુધી ૧૨૦ એમ એમ એટલે કે પાંચ ઇંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. આગળનો ૯૨૭ એમ એમ વરસાદ નોધાયો હોય તેમજ આજરોજ ૧૨૦ એમએમ વરસાદ થતા કુલ ૧૦૪૭ એમ એમ વરસાદ થવા પામ્યો છે. બપોરે બે વાગ્યા સુધીમાં પાંચ ઇંચ જેટલો વરસાદ ખાબકતા પાવીજેતપુર નીચાણવાળા વિસ્તારો એવા બેડા ફળિયામાં, નાની બજારના નાળા ઉપર, ગુજરાતી શાળા, વાઘવા રોડ વગેરે વિસ્તારોમાં પાણી ખૂબ વધી ગયા હતા બપોર બાદ વરસાદે વિરામ લેતા પાણી ઉતરી ગયા હતા. જયારે સુખી ડેમ નું લેવલ બપોરે બે વાગ્યા સુધી ૧૪૭.૪૦ મીટર નોંધાયું હતું.

પ્રેસ કલબ સાવરકુંડલા દ્વારા સંગીત સંધ્યા કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા.૨૧

પ્રેસ ક્લબ સાવરકુંડલા દ્વારા શહેરનાં ઓપન એર થિયેટરમાં "સંગીત સંધ્યા"નો કાર્યક્રમ અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસૂરિયાના મુખ્ય સ્પોન્સર્ડ અંતર્ગત અમરેલી સાંસદ, સાવરકુંડલા લીલીયા ધારાસભ્ય, રાજુલા ધારાસભ્ય, સાવરકુંડલા પ્રેસ ક્લબના પરિવારજનો, શહેરનાં પ્રતિષ્ઠિત નાગરિકોની ઉપસ્થિતિમાં અમરેલી રાજકોટ અને અમદાવાદ શહેરનાં નામાંકિત ગાયકો અને મ્યુઝિકલ પાર્ટી દ્વારા ખૂબ જ રસમય યોજાયો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહેન્દ્રભાઈ બગડાએ ખૂબ જ અનોખી અદામાં કરીને લોકોનાં દિલ ડોલાવી દીધા. આ કાર્યક્રમમાં પ્રેસ ક્લબ પરિવારનાં "કલરવ" અને "દેવાંશે"પણ પોતાની સંગીત કલા પીરસી લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ પ્રસંગે સાવરકુંડલા પ્રેસ ક્લબનાં પ્રમુખ સૂર્યકાંત ચૌહાણ અને ઈકબાલ ગોરીનું શાલ ઓઢાડીને જાહેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

નામ -અટક બદલેલ છે

મેં મારું જૂનું નામ-અટક **રિયાજુદ્દીન ઝયનુલ આબેદિન** હતું જે બદલીને નવું નામ-અટક **સૈયદ રિયાજુદ્દીન ઝયનુલઆબેદિન** રાખેલ છે. જેની સર્વે નોંધ લેશો.

સરનામું : બી/૨૦૬૧, ઈનાયતવાદ, આર.એસ.દલાલ હાઈસ્કૂલ પાસે, ટાવર રોડ, મુ.પો.ભરૂચ. પીન-૩૯૨૦૦૧, ગુજરાત.

નામ -અટક બદલેલ છે

મેં મારું જૂનું નામ-અટક **ગુલામકાદર કાલુભાઈ ડભોઈવાલા** હતું જે બદલીને નવું પૂરું નામ-અટક **ડભોઈવાલા ગુલામકાદર ઈસ્માઈલ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેશો.

સરનામું : ખારકૂવા મસ્જિદ, મુ.પો.જંબુસર, તાલુકા, જંબુસર જિલ્લો ભરૂચ. પીન-૩૯૨૧૫૦ ગુજરાત, ઈન્ડિયા.

GUJARAT STATE WAQF BOARD
ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ

Dr.jivrajbhai Mehta Bhavan, Block No.8, Gandhinagar.
ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર ૮, ગાંધીનગર.

વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ -૩૬

વિષય :-"મદ્રેસા તાલીમુલ ઈસ્લામ મસ્જિદે આઈસા અને કબ્રસ્તાન વકફ"

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી **સાદીકભાઈ સુલેમાનભાઈ ખલીફા મુ.ખુડવેલ, જિ.નવસારી**નાઓએ મજકુર વકફના ઉદ્દેશો પૂર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલકત વકફ જંગમ/ સ્થાવર મિલકત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ -૨૦૧૩ની કલમ-૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમૂનામાં દરખાસ્ત કરેલ છે. જે મિલકતની વિગત નીચે મુજબ છે.

મુ.પો./હે/ગામ	તાલુકો અને જિલ્લો	મિલકતનો પ્રકાર	સર્વે નં./ મિલકત નં.	હે.આરે.ચો.મી.
મુ.પો.-ખુડવેલ	તા.ચીખલી,જિ.નવસારી	કબ્રસ્તાન	સર્વે નં.૪૦૯.	૦-૬૩-૭૫
મુ.પો.-ખુડવેલ	તા.ચીખલી,જિ.નવસારી	મસ્જિદ	સર્વે નં.૪૯૩.	૧૦૦X૪૨ ચો.ફૂટ

ઉક્ત જણાવેલ સ્થાવર મિલકત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધા સૂચનો હોય તો તે દિન-૭માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહીં મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નાધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ,
ગાંધીનગર.

જસ્ટિસ પરેશ ઉપાધ્યાયની મદ્રાસ હાઈકોર્ટ ખાતે બદલીની ભલામણ, કહ્યું; 'ખાલી અરજન્ટ મેટર્સ જ સાંભળીશ'

અમદાવાદ, તા.૨૧

સુપ્રીમ કોર્ટની કોલેજિયમ દ્વારા દેશના કુલ ૨૮ ન્યાયમૂર્તિઓની અન્ય હાઈકોર્ટમાં બદલી અને પુનઃ બદલી કરવાના આદેશો કરવામાં આવ્યા છે તેમાં ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ પરેશ ઉપાધ્યાયની પણ મદ્રાસ હાઈકોર્ટ ખાતે બદલી કરવાની ભલામણ કરવામાં આવી છે. તા.૧૬ સપ્ટેમ્બરના રોજ મળેલી કોલેજિયમની બેઠકમાં ન્યાયમૂર્તિઓની બદલીની ભલામણ કરવામાં આવી હતી. તાજેતરમાં સામાન્ય ગુનાઓમાં પાસા અને તડીપારના કેસો કરવા બદલ જસ્ટિસ ઉપાધ્યાય દ્વારા રાજ્ય સરકારની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢવાના કિસ્સાઓ અખબારોમાં સમાચાર બનતા હતા. દરમિયાન જસ્ટિસ ઉપાધ્યાયે સોમવારે સ્પષ્ટ કર્યું હતું કે, તેઓની બદલી થવાની હોવાથી માત્ર અરજન્ટ કેસોની જ સુનાવણી કરશે. અગાઉ વ્હોટ્સએપ ઉપર તેમની બદલી થવાની ભલામણ કરાઈ હોવાના બિનસત્તાવાર સમાચારો ફરતા થતાં તેમની બદલી થવાની વાતોને વેગ મળ્યું હતું તેને કોરાણે મૂકતા ખુદ જસ્ટિસ ઉપાધ્યાયે સોમવારે ઓપન કોર્ટમાં જ કીધું હતું કે, 'વ્હોટ્સએપ યુનિવર્સિટી અને અખબારી અહેવાલોના આધારે તર્કવિતર્ક કરવાના બદલે હું જ કહી રહ્યો છું કે, હા મારી બદલીની ભલામણ થઈ છે અને તેના કારણે હવે હું માત્ર અરજન્ટ કેસોની જ સુનાવણી કરીશ. હાલમાં મારી પ્રાથમિકતા બદલાઈ છે.'

અગાઉ ગત સપ્તાહે એવા અહેવાલો ફરતા થયા હતા કે, દેશના ૧૩ મુખ્ય ન્યાયમૂર્તિઓની નિમણૂક અને ૨૮ ન્યાયમૂર્તિઓની બદલી કરવામાં આવી રહી છે. કાનૂની આલમમાં નામ સાથેના સંદેશા ફરતા થયા હતા, જેમાં એક નામ જસ્ટિસ પરેશ ઉપાધ્યાયનું પણ હોવાથી સોમવારે તેઓએ સ્પષ્ટતા કરી હતી. પોતાની સમક્ષ સુનાવણી શરૂ થતાં જસ્ટિસ ઉપાધ્યાયે ઉપરોક્ત સ્પષ્ટતા કરી હતી કે, 'મારી સમગ્ર કારકિર્દી દરમિયાન મેં ક્યારેય કોઈ મેટર નોટ બિફોર મી કહીને સાંભળવાનો ઈન્કાર કર્યો નથી.' તેઓએ તેવી પણ સ્પષ્ટતા કરી હતી કે, તેઓને આંશિક સુનાવણી થઈ ગઈ હોય તે સિવાયની કોઈ નવી મેટર્સ હાથમાં લેશે નહીં.

જસ્ટિસ પરેશ ઉપાધ્યાયની ૨૧/૧૧/૨૦૧૧ના રોજ ગુજરાત હાઈકોર્ટના એડિશનલ જજ તરીકે નિમણૂક કરવામાં આવી હતી, તેઓએ ૬/૯/૨૦૧૩ના રોજ કાયમી જજ તરીકે શપથગ્રહણ કર્યા હતા. ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક પામ્યા પહેલાં તેઓ ગુજરાત હાઈકોર્ટમાં વકીલાત કરતા હતા અને તે અગાઉ તેઓ ગુજરાત સરકારમાં અધિકારી હતી.

વર્ષ ૨૦૧૭માં ધોળકા મત વિસ્તારમાથી ચૂંટણી જીતીને કાયદામંત્રી બનેલા ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા સામે કોંગ્રેસના ઉમેદવાર અશ્વિન રાઠોડ દ્વારા કરવામાં આવેલી પિટિશનની સુનાવણી જસ્ટિસ પરેશ ઉપાધ્યાયે કરી હતી. રાઠોડે આક્ષેપ કર્યો હતો કે, પોસ્ટલ બેલેટ વોટમાં ગોલમાલના કારણે ચૂડાસમા ખૂબ ઓછી સરસાઈથી ચૂંટણી જીત્યા હોવાથી તે રદ થવી જોઈએ. કેસની સુનાવણી ચાલુ હતી, તે દરમિયાન ચૂડાસમા દ્વારા તે વખતે સુપ્રીમ કોર્ટમાં એક પિટિશન કરીને જસ્ટિસ ઉપાધ્યાય સામે આક્ષેપો કરતા આ બાબત ભારે ચર્ચાનો મુદ્દો બન્યો હતો. આખરી સુનાવણી બાદ અશ્વિન રાઠોડની કેસ જીતી ગયા હતા. જો કે, ચૂડાસમાએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી અને હાઈકોર્ટના હુકમ સામે મનાઈ હુકમ આપવામાં આવ્યો હતો.

કલોલ ગાર્ડન સિટી સોસાયટીમાં બ્લાસ્ટ અંગે ONGCને જવાબ રજૂ કરવાનો હુકમ કરતી હાઈકોર્ટ

અમદાવાદ, તા.૨૧

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે આવેલી ગાર્ડન સિટી સોસાયટીમાં ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ઓ એ એ નજી સી) ની પાઈપલાઈનમાં થયેલા બ્લાસ્ટ અંગે થયેલી જાહેરહિતની અરજીને લઈને હાઈકોર્ટે ઓએનજીસીને પોતાનો જવાબ રજૂ કરવાનો આદેશ કર્યો હતો. અરજદાર દ્વારા રજૂઆત કરાઈ હતી કે, આ મામલે થયેલી પોલીસ ફરિયાદ ક્ષતિયુક્ત છે. દરમિયાન અરજદાર દ્વારા અન્ય પક્ષકારોને જોડવાનો વિરોધ કરવામાં આવ્યો હતો.

કેસની વિગતો મુજબ ડિસેમ્બર ૨૦૨૦માં કલોલના ગાર્ડન સિટી બંગલો રહેણાક વિસ્તારમાં અચાનક બ્લાસ્ટ થતાં ત્રણ લોકોનાં મૃત્યુ થયા હતા અને મિલકતોને નુકસાન થયું હતું. વિસ્ફોટ થવા પાછળનું મૂળ કારણ એવું કાઢવામાં આવ્યું હતું કે, સોસાયટીના મકાનો પૈકી જે-૨ નંબરના ઘરની નીચે બ્લાસ્ટ થયો છે, ત્યાં જૂની પાઈપલાઈન આવેલી હોવાના કારણે બંગલો જમીનદોસ્ત થયા છે. આ રહેણાક વિસ્તાર ONGC પાઈપલાઈનની પાસે આવેલું છે. આથી અરજદાર વિરલગીરી ગોસ્વામી દ્વારા જાહેરહિતની અરજી કરીને પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવ્યા હતા કે, જે જગ્યાએથી ONGCની પાઈપલાઈનમાં પસાર થઈ રહી હોય, તે સ્થળ પર રહેણાક વિસ્તાર ડેવલોપ કરવા માટે કઈ રીતે આપવામાં આવી ? આથી પ્લાન પાસ કરવા બદલ ઔડાના અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ.

જો કે, આ સામે અગાઉની સુનાવણી દરમિયાન રજૂ કરાયેલા સોગંદનામામાં ઔડાએ ઉલ્લેખ કર્યો છે કે, પસાર થતી પાઈપલાઈનના સ્થળ પર બાંધકામ માટેની મંજૂરીની અરજી તેમની કચેરીએ આવી નથી. શહેર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી હાઈકોર્ટમાં થયેલી જાહેરહિતની અરજીમાં પોતાનો જવાબ રજૂ કરતા જણાવ્યું હતું કે, ખેતીલાયક જમીનને બિનખેતી લાયક જમીન તબદીલ કરવા માટે જરૂરી મંજૂરીઓ આપવામાં આવી હતી, જેમાં ક્યાંય ગેરરીતિ કે બેદરકારી થઈ નથી. આ સાથે વિવાદિત જગ્યામાં પૈકીના સર્વે નં.૭૪-૧વાળી જગ્યા ઉપર ઓએનજીસીની પાઈપલાઈન પસાર નહીં થતાં હોવાનું પણ પ્રમાણિત કર્યું હોવાનો પણ દાવો કર્યો હતો.

ગાંધીનગરના જિલ્લા વિકાસ અધિકારી દ્વારા જમીનને બિનખેતી કરતી વખતે ઓએનજીસીની પાઈપલાઈન જતી હોય ત્યાં બાંધકામ નહીં કરવા અને જગ્યા છોડવાની શરતે મંજૂરી આપી હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સાથે આ જગ્યા માટે પરમિશન મેળવવા માટે કોઈ જ અરજી પણ નહીં.

હદીસ બોધ

જ્યારે લોકો વચ્ચે ચુકાદો આપો ઈન્સાફથી આપો.

(હદીસ બોધ)

બોધ વચન

સમયનો આપણે યોગ્ય રીતે ઉપયોગ કરવો જોઈએ અને હંમેશા એમ માનવું જોઈએ કે સારું કામ કરવાનો સમય હંમેશા આ જ છે.

- નેલ્સન મંડેલા

આજની આરસી

૨૨ સપ્ટેમ્બર બુધવાર ૨૦૨૧
૧૪ સફર હિજરી ૧૪૪૩
ભાદરવા વદ એકમ સંવત ૨૦૭૭
સુબ્હ સાદિક ૫-૦૯
ખત્મે ઝવાલ ૧૨-૩૩
તુલૂએ આફતાબ (સૂર્યોદય)૬-૨૮
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૩૭

ચતુરસૂચિ

પતિ : લગ્ન પહેલાં તારા કેટલા બોયફ્રેન્ડ હતા
પત્ની : ચૂપ રહી ?
પતિ : તારી આ ખામોશીને હું શું સમજું ?
પત્ની : બૂમ પાડીને : બોલતો નહી હું ગણું છું.

સામ્રાજ્ય ફાર્મહાઉસમાં જમીન દલાલની હત્યાનો મામલો

ખાવા-પીવાની પાર્ટી અંગે ઉગ્ર બોલાચાલી પ્રવીણ માલિયાની હત્યાનું કારણ બની

અમદાવાદ, તા.૨૧

ગાંધીનગર ખાતે સામ્રાજ્ય ફાર્મહાઉસમાં જમીન દલાલ પ્રવીણ માલિયા હત્યા કેસમાં પોલીસ તપાસ ચાલી રહી છે. જેમાં લેટેસ્ટ અપડેટ મુજબ સામ્રાજ્ય ફાર્મ હાઉસમાં દારૂની મહેફિલ માણવા ભેગા થયેલા મિત્રો વચ્ચે ખાવા-પીવાની પાર્ટીને લઈને બોલાચાલી થઈ હતી અને ઝઘડો ઉગ્ર બનતા પ્રવીણ માલિયાની હત્યા કરવામાં આવી હોવાનું હાલ સેવાઈ રહ્યું છે તેવું ગાંધીનગર સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના પીઆઈએ જણાવ્યું છે. સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના પીઆઈ ચૌધરીએ જણાવ્યું કે, હજી કઈ ક્લીયર નથી થયું. બે મુખ્ય આરોપી હજી પકડાયા નથી. હાલ તો ખાવા-પીવાની પાર્ટી આપવા બાબતનું કારણ જણાઈ રહ્યું છે. 'આ કઈ પાર્ટી નથી, એનાથી સારી હું આપું', તે બાબતે બોલાચાલી થતાં આરોપીઓ ઉગ્ર બન્યા અને ફાયરિંગ કર્યું હોવાનું હાલ જણાઈ રહ્યું છે. તપાસના ભાગરૂપે ફાર્મહાઉસની સીસીટીવી એફએસએલમાં મોકલ્યા છે અને ક્લીયર થઈને આવશે. વાસણા હડમતિયાના સામ્રાજ્ય ફાર્મહાઉસમાં શુક્રવારની મોડી રાત્રે ૮ મિત્રોની દારૂની મહેફિલ ચાલી હતી. જેમાં મૃતક પ્રવીણ માણિયા અને તેમના મિત્રો જયદીપસિંહ સોનુસિંહ ગોહિલ, તરૂણસિંહ અશોકસિંહ ઝાલા, હરપાલસિંહ જશવંતસિંહ સરવૈયા, જનક અનકભાઈ વિંછીયા, સંતોષ સોડાભાઈ ચોસલા, મોહિત અમરતભાઈ રબારી અને જયરાજસિંહ દિગ્વિજયસિંહ રાણા હાજર હતા. બાદમાં સામાન્ય બબાલમા જયદીપસિંહ અને તરૂણસિંહ ઝાલાએ પ્રવીણ માણીયા પર ફાયરિંગ કરીને મોતને ઘાટ ઉતાર્યા હતા. જો કે, હાલ બંને મુખ્ય આરોપીઓ પોલીસ પકડથી દૂર છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર સમગ્ર મામલે એફએસએલની ટીમ હત્યાકાંડવાળી ઓફિસની લંબાઈ પહોળાઈ માપવા માટે સામ્રાજ્ય ફાર્મ હાઉસ પર પહોંચી હતી. આ ઉપરાંત પોલીસ ફાર્મહાઉસના સીસીટીવીના આધારે પણ તપાસ કરી રહી હોવાનું જાણવા મળ્યું છે. સરગાસણમાં વૈભવી ફ્લેટમાં રહેતા પાટીદાર સમાજમાં આગવી ઓળખ ધરાવતા કોંગ્રેસ અગ્રણી પ્રવીણભાઈ માલિયાની ગોળી મારી થયેલી નિર્મમ હત્યા થતાં પરિવારજનો આઘાતમાં છે. ગાંધીનગરમાં સ્થાયી થયેલા પ્રવીણભાઈ રાજકીય રીતે કોંગ્રેસ સાથે સંકળાયેલા હતા. સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર તેઓ અગાઉ બે વાર કોંગ્રેસમાંથી ભાવનગર જિલ્લા પંચાયતની ચૂંટણી લડ્યા હતા પરંતુ તેઓ હારી ગયા હતા. તેમના પરિવારમાં પત્ની અને બે સંતાનો છે. જેમાંથી દીકરીના લગ્ન થઈ ચૂક્યા છે અને તે અમેરિકામાં સ્થાયી થયેલી છે. જ્યારે દીકરો સરગાસણમાં રહે છે. એટલું જ નહીં, તેમના ફાર્મહાઉસમાં પાટીદાર આંદોલનની બેઠકો પણ યોજાતી હતી.

FSLને સીસીટીવી મોકલાયા

શિક્ષણ બોર્ડની ચૂંટણીમાં મતદાન માટે પ્રમાણપત્રનો નિર્ણય પરત લેવાયો

હરીફ ઉમેદવારોની રજૂઆત અને મતદાન નજીક હોઈ બોર્ડે પરિપત્ર કરી પ્રમાણપત્રની જરૂર ન હોવાનું જણાવ્યું

મતદારો હવે ફોટો સાથેના ઓળખ કાર્ડની મદદથી બોર્ડની ચૂંટણીમાં મતદાન કરી શકશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીમાં મતદારોને મતદાન કરવા માટે શાળામાંથી પ્રમાણપત્ર લાવવા માટેનો નિર્ણય બોર્ડે પરત લઈ લીધો છે. હરીફ ઉમેદવારોની રજૂઆત તેમજ ચૂંટણીના આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે બોર્ડે મતદાનના દિવસે શાળામાં હોદ્દો ધરાવતા હોવા અંગેનું પ્રમાણપત્ર નહીં લેવાની જાહેરાત કરી છે. જેથી હવે મતદારો મતદાન માટે રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર દ્વારા અપાયેલા ફોટા સાથેના ઓળખપત્રનો ઉપયોગ કરીને મતદાન કરી શકશે. પ્રાપ્ત માહીતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીમાં ૨૫મીએ મતદાન થવાનું છે. મતદાનને લઈને બોર્ડ દ્વારા ૮ સપ્ટેમ્બરના રોજ પરિપત્ર કર્યો હતો. જેમાં મતદારો માન્ય ઓળખકાર્ડની મદદથી મતદાન કરી શકે તેમ જણાવાયું હતું. જોકે, ત્યારબાદ ૨૦ સપ્ટેમ્બરના રોજ મતદાનને આડે પાંચ દિવસ બાકી હતા ત્યારે મતદારોએ મતદાન માટે જે તે શાળાના આચાર્ય અથવા સંચાલક પાસેથી મતદાનના દિવસે તેઓ શાળામાં હોદ્દો ધરાવે છે તે અંગેનું પ્રમાણપત્ર લાવવા માટે પરિપત્ર કર્યો છે. આમ, બોર્ડ દ્વારા છેલ્લી ઘડીએ કરવામાં આવેલા પરિપત્રને લઈને ઉમેદવારોમાં ભારે આક્રોશ ફેલાયો હતો. આ મુદ્દે ઉમેદવારોએ બોર્ડ સમક્ષ રજૂઆત પણ કરી હતી. જેમાં છેલ્લા સમયે કરવામાં આવેલા ફેરફારના પગલે અનેક મતદારો મતદાનથી વંચિત રહી જાય તેમ હોવાનું પણ જણાવાયું હતું. આમ, બોર્ડ સમક્ષ ઉમેદવારોએ રજૂઆત કરતા બોર્ડ દ્વારા તેમને પરિપત્રમાં ફેરફાર કરવાની ખાતરી આપી હતી. દરમિયાન મંગળવારે શિક્ષણ બોર્ડ દ્વારા મતદાનને લઈને ફરી પરિપત્ર કર્યો છે. જેમાં જણાવાયું છે કે, શાળાના પ્રમાણપત્રના આધારે મતદાનના આદેશ બાદ હરીફ ઉમેદવારો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. જેમાં મતદાનના દિવસો નજીક હોવાથી આ જોગવાઈનો અમલ ન કરવા જણાવાયું હતું. જેથી બોર્ડ દ્વારા સામાન્ય ચૂંટણીઓ માટેની તારીખ નજીક હોઈ મતદાન માટે પ્રમાણપત્રની જરૂરીયાત રહેશે નહી તેવી જાહેરાત કરી છે. બોર્ડ દ્વારા ૮ સપ્ટેમ્બરના રોજ પરિપત્રમાં ઓળખના જે પુરાવા દર્શાવ્યા હતા તેની મદદથી મતદાર મતદાન કરી શકશે તેમ જણાવાયું છે.

મતદાનને લઈ ૨૫ સપ્ટેમ્બરે શાળામાં રજા જાહેર

રાજ્યમાં ૨૫ સપ્ટેમ્બરના રોજ બોર્ડના ૯ પૈકી ૭ સભ્યોની ચૂંટણીમાં મતદાન થવાનું છે. મતદાન માટે રાજ્યની શાળાના વિવિધ સંવર્ગના કર્મચારીઓ નોંધાયેલા છે. જેથી શિક્ષણ બોર્ડ દ્વારા ૨૫ સપ્ટેમ્બરના રોજ રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી નોંધાયેલા વિવિધ સંવર્ગના મતદારો મતદાન કરી શકે તે માટે ૨૫ સપ્ટેમ્બર, શનિવારના રોજ શાળાઓમાં જાહેર રજા આપવાનો નિર્ણય લીધો છે. આમ, શનિવારે સ્કૂલોમાં રજા રહેશે અને શિક્ષણ જગતમાં ચૂંટણીનો માહોલ હશે.

સંસ્થા સમાચાર

સિનિયર સિટીઝન એસોસિએશન દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું

શિક્ષણ એ સમાજની પ્રગતિનો પાયો છે મુસ્લિમ સમાજના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા સિનિયર સીટીઝન એસોસિએશન કાગદીવાડ, પાલડી દ્વારા તા. ૧૯-૯-૨૦૨૧, રવિવારના રોજ એસ.એલ. યુ.ગર્લ્સ કોલેજ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં સારા માર્કસ સાથે પાસ થયેલ સંસ્થાના સભ્યોના કુટુંબીજનોમાંથી તેજસ્વી તારલાઓને સન્માનવાનો એક કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં ૯ માસ્ટર ડિગ્રી ૪ બેચલર ડિગ્રી, ૧૨ એચએચસી (ધો.૧૨) તથા ૧૦ એસ.એસ.સી (ધો.૧૦)ના વિદ્યાર્થીઓને ટ્રોફી, સર્ટિફિકેટ તથા બુકેથી સન્માનવામાં આવ્યા. સંસ્થા ના પ્રમુખ સિરાજુદ્દીન એ. સૈયદ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું નિવૃત્ત આઈજીપી મકબુલ અહમદ અનારવાલા (આઈપીએસ) કાર્યક્રમના મુખ્ય મહેમાન હતા. અતિથિ વિશેષ મોહમ્મદ હબીબ નરમાવાલા (આઈએએસ) નિવૃત્ત ફિશરીઝ કમિશનર, ગાંધીનગર એ પણ વિદ્યાર્થીઓને મોટીવેશન ના પ્રવચન દ્વારા વિદ્યાર્થીઓને પ્રગતી માટે પ્રેરિત કર્યા. મર્હુમા ઝોહરાબાનું ઈમ્તિયાઝુદ્દીન સૈયદ એજ્યુકેશન ટ્રોફી સમારંભ ઈમ્તિયાઝુદ્દીન એ. સૈયદની સ્પોન્સરશીપ દ્વારા ઉજવવામાં આવ્યો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મુસ્લિમ સમાજના વિદ્યાર્થીઓને મોટીવેટ કરીને તેમને સન્માનવાનો હતો.

સોશિયલ એન્ટર પ્રિન્યોર ઓફ ધ યર માટે ચાર સામાજિક ઉદ્યોગ સાહસિક નોમિનેટ

અમદાવાદ,તા.૨૧

શ્વાબ ફાઉન્ડેશન ફોર સોશિયલ એનટરપ્રિન્યોરશીપ કે જે વર્લ્ડ ઈકોનોમિક ફોરમની સંલગ્ન છે અને બિન નફાકારક સંસ્થા એવી જયુબીલન્ટ ભારતીયા ફાઉન્ડેશને આજે ૧૨મા સોશિયલ એન્ટરપ્રિન્યોર ઓફ ધ યર (એસઈઓવાય) એવોર્ડ ભારત ૨૦૨૧ના ફાઈનાલિસ્ટની જાહેરાત કરી હતી. નીચે જણાવેલ પરિપૂર્ણ ઉંચી અસર ધરાવતા સામાજિક ઉદ્યોગ સાહસિકોની એસઈઓવાય એવોર્ડ-ઈન્ડિયા ૨૦૨૧ માટે પસંદગી કરવામાં આવી છે. ૧) અપર્ણા હેગડે, (અરમાન) ૨)સીમા પ્રેમ (એફઆઈએ ગ્લોબલ) ૩) પ્રાંશુ સિંધાલ (કરો સંભવઃ) ૪) શુચીન બજાજ (ઉજાલા સિગ્નસઃ) ઉદ્યોગ સંચાલકો અને વિવિધ ક્ષેત્રેની અને બેકગ્રાઉન્ડ ધરાવતી પ્રતિષ્ઠિત વ્યકિતઓને સમાવતી વિખ્યાત જયુરી એવોર્ડના આખરી વિજેતાની પસંદગી કરશે.

એચડીએફસી બેન્કે ક્રેડિટ કાર્ડ લોન્ચ કરવા માટે પેટીએમ સાથે કર્યું જોડાણ

અમદાવાદ,તા.૨૧

એચડીએફસી બેન્ક તથા ડિજિટલ ઈકોસિસ્ટમ પેટીએમએ આજે વિઝાથી સંચાલિત થતા ક્રેડિટ કાર્ડસની વ્યાપક રેન્જ લોન્ચ કરવાની તેમની યોજનાની જાહેરાત કરી હતી. આ પ્રકારના પ્રથમ ગઠબંધન પાછળનો ઉદ્દેશ્ય ૨૧મી સદીની યુવા પેઢી, વ્યવસાયના માલિકો અને વેપારીઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરી ગ્રાહકોના વિવિધ સેગમેન્ટને વિવિધ નાણાકીય સેવાઓની વ્યાપક શ્રેણી પુરી પાડવાનો છે.

ઢોરોના નિકાસ માટે ખોટા હેલ્થ સર્ટિફિકેટ આપવાના કેસમાં બે વર્ષે ફરિયાદ થતાં હાઈકોર્ટે લીધી ગંભીર નોંધ

કચ્છના અંજારમાં હજારો પશુઓની નિકાસના કેસમાં ખોટા પ્રમાણપત્રો આપવાના કેસમાં પશુ ચિકિત્સા અધિકારીઓ સામે ફરિયાદ નહીં થતાં હાઈકોર્ટમાં મામલો પહોંચેલો, ફરિયાદ દાખલ કરવાની માર્ગદર્શિકા સાથેના હુકમની નકલ તમામ પોલીસ મથકોમાં મોકલવા રાજ્યના પોલીસવડાને આદેશ

અમદાવાદ, તા.૨૧

કચ્છ જિલ્લાના અંજાર તાલુકામાં હજારોની સંખ્યામાં ઢોરોની નિકાસ કરવા માટે જરૂરી એવા બોગસ હેલ્થ અને ક્વોરન્ટાઈન સર્ટિફિકેટ જારી કરવાના કેસમાં કચ્છ પોલીસ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં બે વર્ષ જેટલો વિલંબ કરતા હાઈકોર્ટે તેની ગંભીર નોંધ લીધી હતી. વિલંબથી મળેલો ન્યાય તે ન્યાય ના મળ્યા બરાબર હોવાથી સુપ્રીમ કોર્ટ દ્વારા ફોજદારી બાબતમાં ફરિયાદ નોંધવા માટે જે માર્ગદર્શિકા જાહેર કરી છે તેનું પાલન થવું જોઈએ. કોર્ટે પોતાનો હુકમ રાજ્યના તમામ પોલીસ મથકમાં મોકલવા માટે રાજ્ય પોલીસ વડાને આદેશ કર્યો હતો, તેના કારણે ફરિયાદ દાખલ કરવા માટે સુપ્રીમ કોર્ટે આપેલી માર્ગદર્શિકાઓનું પાલન થાય.

કેસની વિગતો મુજબ કમલેશ શાહ અને એનિમલ વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા વર્ષ ૨૦૧૯માં એક પિટિશન દાખલ કરીને અંજારના પશુ ચિકિત્સા અધિકારી તથા અન્ય સહઆરોપીઓ સામે ફરિયાદ નોંધવાની અરજ કરી હતી, તેઓએ પિટિશનમાં રજૂઆત કરી હતી કે, અધિકારીઓ તથા અન્યોએ વર્ષ ૨૦૧૬માં ૨૫ હજાર જેટલા પશુઓની ટુના બંદરેથી નિકાસ સામે ખોટા હેલ્થ અને ક્વોરન્ટાઈન સર્ટિફિકેટ આપ્યા હતા, તે બોગસ હતા. જયારે પણ કોઈ પશુઓને નિકાસ માટે મોકલવાના હોય ત્યારે તેને ક્વોરન્ટાઈન કરીને તેના આરોગ્યની તપાસ કરીને તેને પ્રવાસ માટે યોગ્ય છે કે, નહીં તેનું સર્ટિફિકેટ આપવાનું હોય છે. પશુઓને કાયદા મુજબ રસી પણ મૂકવાની હોય છે.

પશુ ચિકિત્સા અધિકારી દ્વારા જારી કરવામાં આવેલા પ્રમાણપત્રોમાં ઉલ્લેખ હતો કે, પ્રાણીઓ ને ક્વોરન્ટાઈન કરવામાં આવેલા છે અને તેમને અલગ-અલગ ત્રણ પ્રકારની રસી આપવામાં આવી હોવાનું ઠરાવવામાં આવ્યું હતું. આ પ્રમાણ પત્રો તા.૪/૯/૨૦૧૬ અને તા.૫/૯/૨૦૧૬ના બે જ દિવસમાં આપવામાં આવ્યા હતા. આ પ્રમાણપત્રોના આધારે કસ્ટમ અધિકારીઓ પશુઓની નિકાસને મંજૂરી આપતા હોય છે. પરંતુ ત્યારબાદ આ સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું કે, તા.૪ના રોજ જો ૧૨,૫૪૭ પશુઓની તપાસ અને રસી અપાઈ હોય તો કાયદા મુજબ જોવા જોઈએ તો તે કામ પૂરૂ થતાં ૧૩૨ દિવસ થાય જયારે બાકીના ૧૨,૫૦૩ પશુઓને સર્ટિફિકેટ આપતા ૧૩૧ દિવસ થાય. જયારે પશુ ચિકિત્સા અધિકારીએ તો બે દિવસમાં જ આટલા પ્રમાણપત્રો આપી દીધા હતા.

આથી કચ્છના પશુ ચિકિત્સા અધિકારી ડૉ.રાજેશ પટેલ, મહેસાણાના પશુ ચિકિત્સક ડૉ.નિમેશ પટેલ તથા અન્યો સામે બોગસ પ્રમાણપત્રો જારી કરવા માટે ફરિયાદ નોંધવાનો આદેશ તા.૮/૧૨/૨૦૨૦ના રોજ હાઈકોર્ટે કર્યો હતો. પરંતુ ત્યારબાદ સરકાર દ્વારા સમયની માગણી કરવામાં આવતી હતી અને ફરિયાદ નહીં નોંધવામાં આવતા પાછો મામલો હાઈકોર્ટ સમક્ષ આવ્યો હતો. તા.૧૭ સપ્ટેમ્બરના રોજ સરકાર દ્વારા નિવેદન કરવામાં આવ્યું હતું કે, આ બાબતે ફરિયાદ થઈ ગઈ છે. આથી હવે પિટિશનનો હેતુ રહેતો નહીં હોવાથી કોર્ટે નિકાલ કર્યો હતો. પરંતુ બે વર્ષ જેટલા વિલંબની ગંભીર નોંધ લઈને કોર્ટે કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ દ્વારા લલિતા કુમારીના કેસમાં પોલીસ ફરિયાદ દાખલ કરવા બાબતે સૂંપૂર્ણ માર્ગદર્શિકા આપવામાં આવી છે. મોડા મળેલો ન્યાય તે ન્યાય ના મળ્યા બરાબર જ હોવાના ખ્યાલને આધાર રાખીને માર્ગદર્શિકા અપાઈ છે. આથી કોર્ટે લલિતા કુમારીના ચુકાદાના અંશો ટાંકીને તે આદેશની નકલ રાજ્યના પોલીસ વડાને મોકલીને તેઓને વિનંતી કરી હતી કે, તમામ પોલીસ અધિકારીઓને મોકલવામાં આવે.

જોશ વર્લ્ડ ફેમસની અમદાવાદ સેમી ફાઈનલનું સમાપન

જોશ, ભારતની સૌથી ઝડપથી આગળ વધતી વીડિયો એપ દ્વારા તેની આઈપી વર્લ્ડ ફેમસ-એક મેગા ટેલેન્ટ હન્ટ, ગુજરાતમાં તેની બીજી આવૃત્તિની શરૂઆતની જાહેરાત ગત અઠવાડિયે કરી હતી. તેની બીજી આવૃત્તિનું ત્રીજુ ચરણ આજે અમદાવાદમાં સંપન્ન થયું. આના વિજેતાઓની જાહેરાત ગ્રાન્ડ ફિનાલેમાં કરવામાં આવશે. ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ અમદાવાદ ખાતે યોજવામાં આવશે.



મકતમપુરા વોર્ડમાં આઈસ ફેક્ટરી નજીક રસીકરણ કેમ્પ યોજાયો

શહેરના મકતમપુરા વોર્ડમાં આઈસ ફેક્ટરી નજીક ઝૈદ રો-હાઉસ ખાતે અર્બન હેલ્થ સેન્ટરના સહયોગથી કોરોના રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મકતમપુરા કોંગ્રેસ માઈનોરિટી પ્રમુખ સૌકત હુસેન મલેકની વિનંતીથી યોજાયેલા આ કેમ્પને સફળ બનાવવા મ્યુનિસિપલ કાઉન્સિલર અસરારબેગ મિરઝા, ફારૂક રંગેરજ, યુનુસ મનસુરી, નુરજહાં દિવાન, અમીના શેખ, ફરહત સૈયદ, અલીફખાન, ફિરોઝખાન, લીલાભાઈ જમીલખાન, નસીમ શેખ, શમીમ ખોખર, સમીર વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક આલોક કંસલે ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસો. દ્વારા આયોજિત સંવાદસત્રમાં ભાગ લીધો

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક આલોક કંસલે ૧૯મી સપ્ટેમ્બરના રોજ ગુજરાતના ઉમરગામમાં ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન દ્વારા યોજાયેલ સંવાદ સત્રમાં ભાગ લીધો હતો. આ વેળા તેમણે ત્યાંના સાંસદ અને સ્થાનિક ધારાસભ્ય તેમજ વેપારીઓ અને ઉદ્યોગ સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે વાર્તાલાપ કર્યો હતો મહાપ્રબંધકે સુરક્ષાના માપદંડોના સંબંધમાં ચર્ચગેટ વિરાટ વિભાગનું નિરીક્ષણ કર્યું તેમજ મુંબઈ રેલવે વિકાસ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી રહેલા વિરાર-દહાનુ રોડ ચૌહરી કરણ પરિયોજનાના કાર્યની પ્રગતી તેમજ ભૂમિ અધિગ્રહણ પ્રક્રિયા વગેરે સંદર્ભમાં વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરની હાલની સ્થિતિની સમીક્ષા કરી હતી.

મમતા બેનરજી સાથેની બેઠકમાં બાબુલ સુપ્રિયોને પહેલો ટાસ્ક અપાયો

(એજન્સી) તા.૨૧

ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અને આસનસોલના સાંસદ બાબુલ સુપ્રિયો જે ટીએમસીમાં જોડાયા છે, તે સોમવારે નબાન્નમાં મુખ્યમંત્રી મમતા બેનરજીને મળ્યા. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ ડેરેક ઓ બ્રાયન અને અભિષેક બેનરજી પણ હાજર હતા. તેણે કહ્યું કે, તે હવે ખુલ્લા દિલથી કામ કરી શકશે અને ગીતા પણ ગાશે. મુખ્યમંત્રી મમતા બેનરજીએ તેમને મુક્તમને અને તેમને પ્રિય હોય તે રીતે કામ કરવાની છૂટ આપી હતી. કેન્દ્રીય મંત્રીમંડળમાં સ્થાન ન મળવાથી નારાજ બાબુલ સુપ્રિયો ટીએમસીમાં જોડાયા છે. બુધવારે તેઓ દિલ્હી જશે અને લોકસભાના અધ્યક્ષને મળશે અને આસનસોલના

સાંસદ પદેથી રાજીનામું આપશે. અગાઉ તેમણે સાંસદ પદ છોડવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, પરંતુ ભાજપના કેન્દ્રીય નેતૃત્વની વિનંતી પર રાજીનામું આપ્યું ન હતું. નબાન્નમાં મમતા બેનરજીને મળ્યા બાદ બાબુલ સુપ્રિયોએ કહ્યું, દીદીએ ફોન કર્યો હતો, એટલે જ હું મળવા આવ્યો છું. હું તેને પસંદ કરૂં છું. જેમણે મારા પર વિશ્વાસ કર્યો છે, તેનો આદર કરશે. નેતાજી જન્મ શતાબ્દી ઉજવણી દરમિયાન પણ તેમની સાથે બેઠા હતા. તેણે કહ્યું કે, હવે તે ખુલ્લા મનથી કામ કરી શકશે અને દિલથી ગીતો ગાઈ શકશે. દીદી જે ગીત ગાવાનું કહેશે તે ગીત ગાશે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, તેમને કઈ તક આપવામાં આવી રહી છે. બાબુલ સુપ્રિયોએ કહ્યું કે, આ દીદી કહેશે, ત્યાં સુધી આપણે રાહ જોવી પડશે, તે દળ અને દીદીનો આભારી છે. આટલો પ્રેમ અને વિશ્વાસ પ્રાપ્ત કરવો એ ખૂબ જ સરસ છે. તેમણે કહ્યું કે, દીદીએ પૂજા સમયે ગીત ગાવાનું કહ્યું છે. બાબુલ સુપ્રિયોએ કહ્યું કે, તેમને કોઈને કંઈ સાબિત કરવાની જરૂર નથી અને તેઓ ૨૦૧૪ માં ભાજપની ટિકિટ પર આસનસોલથી સાંસદ બન્યા ત્યારથી જમીની સ્તરની રાજનીતિ કરી રહ્યા છે. સુપ્રિયોએ કહ્યું, જાહેર જીવનમાંથી નિવૃત્ત થવાની સંભાવનાને બદલે, જિંદગીએ મારા માટે એક નવો માર્ગ ખોલ્યો છે. તેમણે કહ્યું કે, મને પાર્ટી (TMC) તરફથી ઘણો પ્રેમ અને સમર્થન મળ્યું છે જેની સાથે મારા ખરાબ સંબંધો હતા.

અમેરિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે થયેલ પરમાણુ સમજૂતીનો ઓસ્ટ્રેલિયાના લોકો ખુલ્લેઆમ વિરોધ કરી રહ્યા છે

(એજન્સી) સિડની, તા.૨૦

ઓસ્ટ્રેલિયાના નાગરિકોએ વ્યાપક વિરોધ પ્રદર્શનો કરી બ્રિટેન અને અમેરિકા સાથે થનાર ઓસ્ટ્રેલિયાની સમજૂતીની ટીકા કરી. આ વિરોધ પ્રદર્શનો ઓસ્ટ્રેલિયાના પરમાણુ કાર્યક્રમ વિરોધી જૂથો દ્વારા આયોજિત કરવામાં આવ્યા હતો, જેમાં મોટી સંખ્યામાં ઓસ્ટ્રેલિયાના લોકોએ પણ ભાગ લીધો હતો. પ્રદર્શનકારીઓ અમેરિકા, બ્રિટેન અને ઓસ્ટ્રેલિયા વચ્ચે થનાર ત્રિપક્ષીય સમજૂતીને તત્કાળ રદ કરવા માગણી કરી રહ્યા હતા. બુધવારે અમેરિકા, બ્રિટેન અને ઓસ્ટ્રેલિયાએ એક ત્રિપક્ષીય

સમજૂતી ઉપર સહીઓ કરી હતી જે હેઠળ ઓસ્ટ્રેલિયા માટે પરમાણુ ઈંધણથી ચાલનાર પનડુબ્બીઓનો નિર્માણ થશે. આ અંગેનું વિરોધ ઓસ્ટ્રેલિયાના મંત્રીમંડળના અમુક સભ્યોએ પણ કર્યો હતો. આ બાબત ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાને કહ્યું કે, આ સમજૂતી એવા અર્થ સાથે સંબંધ ધરાવે છે કે, હવે ઓસ્ટ્રેલિયા ફ્રાન્સ સાથે સામાન્ય પનડુબ્બી બનાવવાના કામને આગળ નહીં વધારી શકશે. એમના કહેવા મુજબ જો કે, ફ્રાન્સની સાથે નજીકના ભવિષ્યમાં પણ સહયોગ ચાલુ રહેશે. અમેરિકા, બ્રિટેન અને ઓસ્ટ્રેલિયા વચ્ચે થનાર ત્રિપક્ષીય સમજૂતી કરાર બાબત ફ્રાન્સે પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું કે, ઓસ્ટ્રેલિયાની સરકાર દ્વારા પેરિસ સાથે થયેલ સમજૂતી કરારનો અંત લાવવાની ઘટના દુઃખદ છે. ફ્રાન્સના જણાવ્યા મુજબ આના લીધે પેરિસને આંચકો લાગ્યો છે. આ સંદર્ભે ફ્રાન્સના વિદેશમંત્રીએ જણાવ્યું હતું કે, આ કૃત્ય અમારી પીઠમાં ખંજર ભોંકવા જેવો છે. અમોએ ઓસ્ટ્રેલિયા સાથે વિશ્વાસ સાથે સંબંધો જોડ્યા હતા અને એમણે અમારી સાથે વિશ્વાસઘાત કર્યો છે.

'દલિતોને પાયામાં રાખો, પોતે એમના ઉપર શાસન કરો', મુખ્યમંત્રી યોગીએ અનુસૂચિત જાતિને સમાજનો પાયો ગણાવી, પૂર્વ IAS અધિકારી, SP નેતાએ વળતો પ્રહાર કર્યો

(એજન્સી) લખનૌ, તા.૨૧

ચરણજીતસિંહ ચન્નીએ સોમવારે પંજાબના મુખ્યમંત્રી તરીકે સોગંદ લીધા હતા. દલિત સમુદાયથી સંબંધ ધરાવતા ચન્નીના મુખ્યમંત્રી બન્યા પછી જેટલી વાતો પંજાબમાં થઈ રહી છે એટલી જ વાતો ઉત્તરપ્રદેશમાં પણ થઈ રહી છે. યોગી આદિત્યનાથએ ચન્નીના મુખ્યમંત્રી બનાવાયા પછી દલિતો દ્વારા સમાજમાં અપાયેલ યોગદાનને લઈ કેટલાક ટ્વિટો કર્યા હતા. એમણે અનુસૂચિત જાતિઓને સમાજનો પાયો ગણાવી, જેના લીધે કેટલાક લોકો એમણે ઘેરવા લાગ્યા છે. પૂર્વ IAS અધિકારી સૂર્યપ્રતાપસિંહે કહ્યું કે, ભાજપ દલિત વિરોધી છે. પોતાના ટ્વિટર હેન્ડલ

ઉપરથી એમણે યોગીના ટ્વિટને રિ-ટ્વિટ કરતા લખ્યું તમે બધા યાદ રાખજો, અનુસૂચિત જાતિ સમાજનો પાયો છે. પાયો દેખાતો નથી પણ ભવન એમના ઉપર ટકી રહે છે. ભવનની મજબૂતી એના ઉપર જ આધાર રાખે છે. એમણે વધુમાં લખ્યું કે, 'ઓબીસી, દલિતોને પાયામાં જ રાખો, પોતે એમના ઉપર શાસન કરો, વાહ યોગીજી વાહ' સૂર્યપ્રતાપસિંહે પોતાના ટ્વિટમાં દલિત વિરોધી ભાજપના હેશ ટેગનું પણ ઉપયોગ કર્યું હતું. એમણે બીજા એક ટ્વિટમાં લખ્યું, 'મંદિરના પાયામાં સોના, ચાંદી લગાવો અને સત્તાના પાયામાં નાંખી દો ગરીબ, OBC અને દલિતોને. તમે પોતે કેમ સૂઈ જતા નથી પાયામાં, કુર્સી છોડી ગરીબોને ? યોગીના ટ્વિટને એસ.પી. નેતાએ પ્રતિક્રિયા આપતા લખ્યું, ભાજપાએ ૨૦૧૭માં મતો દલિતો, વંચિત અને પછાતોના નામે લીધા હતા અને પહાડી ઠાકુર સાહેબનું નામ બદલી મુખ્યમંત્રી બનાવી દીધું, હવે લોકો ૨૦૨૨માં મુખ્યમંત્રી બનાવનારાઓ પાસેથી પ્રશ્ન પૂછશે. કોંગ્રેસ નેતાએ ટ્વિટ કરી લખ્યું એક દલિત મુખ્યમંત્રી કેવી રીતે બની ગયું આ વાત માયાવતી અને અન્યોને પસંદ પડતી નથી અને દલિતોના પગમાં પડી એમના પગ ધોવાનું નાટક કરનાર ભાજપના મોદીજીને પણ પસંદ નથી. જો આ પગલું ભાજપાએ ઉઠાવ્યું હોત તો દિવસ રાત મોદી મીડિયા ઉપર જયજયકાર થઈ હોત.

ભારત UNGAમાં આતંકવાદ, રસી, જળવાયુ પરિવર્તન જેવા મુદ્દા ઉઠાવશે : રાજદૂત તિરૂમૂર્તિ

(એજન્સી) તા.૨૧

ભારત સંયુક્ત રાષ્ટ્રમહાસભામાં આતંકવાદ, જળવાયુ પરિવર્તન, રસીકરણ માટે ન્યાયસંગત અને સસ્તી પંહોચ, ઈંડો-પેસિફિક અને સંયુક્ત રાષ્ટ્ર સુધાર જેવા વૈશ્વિક સ્તરના મુદ્દાઓ ઉઠાવશે. યુએન એમ્બેસેડર માટે ભારતના સ્થાયી પ્રતિનિધિ ટી.એસ. તિરૂમૂર્તિએ પીટીઆઈને જણાવ્યું. આ સત્રમાં અનેક વૈશ્વિક સમસ્યો પર ચર્ચા કરવામાં આવશે. જેમાં મુખ્યત્વે કોવિડની સ્થિતિ અને વેક્સિન સંબંધિત મુદ્દા સિવાય સત્રના સેગમેન્ટમાં વૈશ્વિક સ્તરે અસર કરતી અન્ય સમસ્યાઓ જેવી કે વૈશ્વિક આર્થિક મંદી, આતંકવાદ અને સંબંધિત મુદ્દાઓ, જળવાયુ પરિવર્તન, મધ્ય-પૂર્વ અને આફ્રિકામાં ચાલી રહેલ સમસ્યા, અફઘાનિસ્તાનમાં ચાલી રહેલ સત્તાપરિવર્તન શાસન સ્થિતિ અને યુન સુરક્ષા પરિષદમાં સુધારા જેવા મુદ્દાઓ સામેલ છે. અબ્દુલ્લા શાહિદની

અધ્યક્ષતામાં આ વર્ષે યુએનજીએ સત્ર ૧૪ સપ્ટેમ્બરથી શરૂ થયું છે. આ સભામાં ૨૧મી સપ્ટેમ્બરથી ઉચ્ચ સ્તરીય સપ્તાહમાં સામાન્ય ચર્ચાની શરૂઆત થશે. જેમાં યુએસ પ્રમુખ જો બાઈડેન મંગળવારે વિશ્વના નેતાઓને સંબોધશે. જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૫ સપ્ટેમ્બરે સામાન્ય ચર્ચાને સંબોધિત કરશે. ૭૬માં યુએનજીએ સભા ભારત માટે ઘણા કારણોસર મહત્ત્વનો રહેશે. એવી અપેક્ષા છે કે, ભારત યુએન સુરક્ષા પરિષદના વર્તમાન સભ્ય તરીકે વૈશ્વિક મુદ્દાઓને વધુ ભાર આપવા અવાજ ઊઠાવશે. જેમાં જળવાયુ પરિવર્તન, ટકાઉ વિકાસ લક્ષ્યો, વેક્સિનની ઉપલબ્ધતા માટે ન્યાયપૂર્ણ અને સસ્તુ પ્રવેશ, ગરીબી નાબૂદી અને આર્થિક સ્તરે પુનઃ પ્રાપ્તિ, મહિલા સશક્તિકરણ અને આતંકવાદ, શાંતિ જાળવણી, શાંતિ નિર્માણ, ઈન્ડો-પેસેફિક અને યુએન સુધારાઓ સામેલ છે. તિરૂમૂર્તિ કહે છે આપણે નિશ્ચિતપણે સહયોગ દ્વારા સમસ્યાનો ઉકેલ લાવી શકીશું. અમે યુએન સુરક્ષા પરિષદ દ્વારા ૩૦ ઓગસ્ટના રોજ એક મહત્ત્વપૂર્ણ ઠરાવ પસાર કર્યો હતો જે ઘણી રીતે અફઘાનિસ્તાનની પરિસ્થિતિ માટે માપદંડ નક્કી કરે છે. ભારતીય રાજદૂતે કહ્યું, અમે ચોક્કસપણે આ મુદ્દાઓને આંતરરાષ્ટ્રીય સમુદાય સાથે સંયુક્તપણે તેની જરૂરિયાત અને અસરકારકતા અંગે ને ચર્ચા કરીશું. જળવાયુ પરિવર્તન અંગે શ્રી તિરૂમૂર્તિએ કહ્યું કે, ભારત એકમાત્ર જી-૨૦ દેશ છે જે પેરિસના લક્ષ્યોને પૂર્ણ કરવા માટે આગળ વધી રહ્યો છે. તેમણે કહ્યું અમે જળવાયુ પરિવર્તન સમસ્યા સામે લડવામાં કોઈથી પાછળ નથી અને તેનો ઉકેલ લાવવા વધુ પ્રયાસ કરીશું. સુરક્ષા પરિષદમાં અત્યાર સુધી કેટલાક ગંભીર શાંતિ અને સુરક્ષા મુદ્દાઓ પર અમારા વિચારો અને અનુભવ લાવવા માટે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. અમે વિરોધી મંતવ્યને એકસાથે લાવવા માટે સેતુ તરીકે પણ સેવા આપી છે, તેમ શ્રી તિરૂમૂર્તિએ ઉમેર્યું.

દિલ્હી : કથિત નાના ગુના માટે કસ્ટડીમાં રહેલ મુસ્લિમ મહિલાએ પોલીસ અધિકારી પર નિર્દયતાથી માર મારવાનો આરોપ લગાવ્યો

(એજન્સી)

નવી દિલ્હી, તા.૨૧

પૂર્વોત્તર દિલ્હીની અપંગતા ધરાવતી ૩૭ વર્ષીય મુસ્લિમ મહિલાએ આરોપ લગાવ્યો છે કે, દયાલપુર પોલીસ સ્ટેશનના સ્ટેશન હાઉસ ઓફિસર (એસએચઓ) ગિરીશ જૈન દ્વારા કસ્ટડીમાં તેને નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો. તેણીએ ૩૦ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ તેના પડોશીઓ અને તેના ભાડૂત વચ્ચેની તકરારમાં દરમિયાનગીરી કરી હતી. હમીદા ઈદ્રીસીએ ૩ સપ્ટેમ્બરના રોજ ઉત્તર-પૂર્વ દિલ્હીના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસની સીલમપુર કચેરીમાં એસએચઓ ગિરીશ જૈન વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી અને અધિકારીએ તેના પર 'શારીરિક અને જાતીય નિર્દયતા' સાથે વર્તન કરવા બદલ તેની વિરૂદ્ધ કડક કાર્યવાહીની માંગ કરી હતી. આ ફરિયાદની નકલ દિલ્હી પોલીસ કમિશનર, દિલ્હી માનવાધિકાર પંચ અને દિલ્હી લઘુમતી પંચને મોકલવામાં આવી છે. હમીદા ઈદ્રીસી જન્મથી જ એક પગમાં ખોટ ધરાવે છે અને તે અપંગ છે. હમીદા અને તેના પતિ મુમતાઝ ઈદ્રીસી, નહેરૂ વિહાર, કરવલ નગર ખાતે એક માળનું મકાન ધરાવે છે અને આ મકાનનો એક ભાગ કરીમને ભાડે આપ્યો છે, જેના પુત્રો સુહેલ અને સુહેબ તેનો ઉપયોગ પીણા વેચવા માટે દુકાન તરીકે કરે છે. દુકાનમાંથી ભાડું દંપતીની આવકનો એકમાત્ર સોત છે. ૩૦ ઓગસ્ટની સાંજે સુહેબ અને હમીદાના ચાર પાડોશીઓ સોની, આરીફ, સુહેલ અને શાહરૂખ વચ્ચે ઝઘડો થયો હતો. જ્યારે દલીલ લડાઈમાં ફેરવાઈ રહી હતી, ત્યારે હમીદાએ મધ્યસ્થી કરવા માટેનો પ્રયાસ કરીને આ બે જૂથોને અલગ કર્યા હતા. ત્યાર બાદ દુકાન બંધ થઈ

ગઈ અને સુહેબ તેના ઘરે ગયો હતો. પરંતુ થોડા સમય પછી દયાલપુર પોલીસ સ્ટેશનના એસએચઓ, ગિરીશ જૈન અને અન્ય પોલીસ કર્મચારીઓ મારા ઘરમાં ઘૂસી ગયા હતા અને મને મારા ભાડૂત સાથે લીઝ કરાર અને ચકાસણી ફોર્મ રજૂ કરવા કહ્યું હતું. મેં તરત જ ૧૧ મહિનાનો લીઝ કરાર દર્શાવ્યો હતો. પછી તેઓએ મને મારા ભાડૂતના ઘરે લઈ જવા કહ્યું, પરંતુ મારા પતિ ઘરે ન હોવાથી મેં ના પાડી દીધી હતી. જૈન સાથે પાંચ પોલીસકર્મીઓ હતા, તેમાંથી ત્રણ યુનિફોર્મમાં અને બે સાદા કપડામાં હતા. તેમની વચ્ચે કોઈ મહિલા પોલીસ કર્મચારી ન હતી. હમીદાએ આગળ કહ્યું કે, 'પોલીસકર્મીઓ મને તેમની જીપમાં ખેંચીને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. સોની, જે મારા પાડોશીનો પુત્ર છે એ તેમની સાથે હતો. અમે પોલીસ સ્ટેશન પહોંચ્યા પછી, તેઓએ મને ૧૦ વાગ્યા સુધી ત્યાં બેસાડી રાખી હતી અને પછી કોમલ નામની લેડી કોન્સ્ટેબલે મારા હાથ બાંધીને મને એક નાના રૂમમાં ધકેલી દીધી હતી. ત્યારબાદ એસએચઓ ગિરીશ સફાઈ માટે ઉપયોગમાં લેવાતી પ્રકારની લીલી પાઈપ લઈને પહોંચ્યા અને મારી જાંઘ અને પીઠ પર જોરશોરથી માર મારવાનું શરૂ કર્યું હતું. તેણે મારા ધર્મને નિશાન બનાવતા અપશબ્દો અને કોમી અપશબ્દોનો ઉપયોગ કર્યો હતો અને આગામી બે કલાક સુધી મને માર મારવાનું ચાલુ રાખ્યું હતું. હમીદાએ દાવો કર્યો હતો કે, જૈને તેનો દુપટ્ટો ખેંચી લીધો હતો અને તેની ચામડી પર ઉઝરડા પડી ગયા ત્યાં સુધી તેને પાઈપ વડે માર માર્યો હતો. આ બનાવના ૧૫ દિવસ પછી પણ મારા શરીરમાં હજુ પણ અધિકારી દ્વારા મારી સાથે કરવામાં આવેલ નિર્દયતાના સ્પષ્ટ નિશાન દેખાય છે. હમીદાએ ઉમેર્યું હતું કે, તેણીએ તેમને ૫૦૦૦ રૂપિયાની લાંચ આપ્યા બાદ જ તેમને મુક્ત કર્યા હતા. તેઓ વધુ નાણાં ઈચ્છતા હતા, પરંતુ મારી પાસે આટલા જ રૂપિયા હતા. જ્યારે હમીદા ઘરે આવી ત્યારે તેણે જોયું કે તેના ઘર અને કરીમની દુકાનમાં પોલીસે તોડફોડ કરી હતી અને સોફા સહિતની ઘણી કિંમતી વસ્તુઓ નાશ પામી હતી. હમીદા અને કરીમે આરોપ લગાવ્યો હતો કે, જૈને તેને તેના પડોશીના પુત્ર સોનીના કહેવા પર કસ્ટડીમાં રાખ્યા હતા અને માર માર્યો હતો, કારણ કે, સોનીનો પરિવાર ઈદ્રીસે કરીમને ભાડે આપેલી દુકાન મેળવવા ઈચ્છતો હતો. આ બંનેએ સોની પર હમીદાને પકડવા અને મારવા માટે પોલીસને ૫૦,૦૦૦ રૂપિયાની લાંચ આપવાનો આરોપ લગાવ્યો હતો. જો કે, દયાલપુર પોલીસ સ્ટેશનના એસએચઓ ગિરીશ જૈને હમીદાના આ દાવાને નકારી કાઢ્યા હતા. તેમણે કહ્યું કે, 'તેના દાવા ખોટા છે, હું તેને પોલીસ સ્ટેશન લઈ ગયો હતો પરંતુ માત્ર પૂછપરછ કરીને તેણીને જવા દીધી હતી. હમીદાની સામે તેની ફરિયાદ અંગે પૂછવામાં આવતા જૈને કહ્યું કે, હમીદા તેને 'ષડ્યંત્રમાં સામેલ કરી રહી છે.' કારણ કે, તેઓ આ વિસ્તારમાં ગુનાને નિયંત્રણમાં લાવી રહ્યા છે. પરંતુ પૂર્વોત્તર દિલ્હીના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ સંજીવકુમાર સિંહે જણાવ્યું હતું કે, 'હમીદાની ફરિયાદને એક વરિષ્ઠ અધિકારી દ્વારા સાંભળવામાં આવી હતી અને તેને જાહેર ફરિયાદ સેલમાં ચિનહ્નિત કરવામાં આવી છે અને તપાસ ચાલી રહી છે. તપાસ બાદ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.' ગયા ફેબ્રુઆરીમાં પૂર્વોત્તર દિલ્હીમાં ભડકેલી કોમી હિંસાથી, આ વિસ્તારના મુસ્લિમ રહેવાસીઓ પોલીસ દ્વારા પરેશાન કરવામાં આવે છે અને તેઓને નિશાન બનાવવામાં આવે છે. હમીદાના ભાડૂઆત કરીમ પણ માને છે કે, પોલીસે તેની ધર્મના કારણે ધરપકડ કરી હતી, તે કહે છે કે, ૨૦૨૦માં દિલ્હીની ઘટના બાદ પોલીસ પૂર્વોત્તર દિલ્હીના મુસ્લિમો પ્રત્યે વધુ પ્રતિકૂળ બની ગઈ છે. ગણવેશધારી પુરૂષો દ્વારા કોઈ પણ મુસ્લિમ વ્યક્તિને ઉપાડીને જેલમાં ધકેલી દેવું સામાન્ય બની ગયું છે. દિલ્હી અલ્પસંખ્યક આયોગના ભૂતપૂર્વ અધ્યક્ષ ઝફરૂલ ઈસ્લામ ખાન, હમીદાના કેસમાં પોલીસની કથિત નિર્દયતા અને મુસ્લિમો પ્રત્યેની તેમની દુશ્મનાવટ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરે છે. ખાને ધ વાયર સાથેની વાતચીતમાં કહ્યું કે, નિરાશ મુસ્લિમો પર હુમલાની આવી કોઈ ઘટના વિના કોઈ દિવસ પસાર થતો નથી. પરંતુ હમીદા પર હુમલો વધુ ભયજનક હતો કારણ કે, તેને પોલીસ સ્ટેશન લઈ જવાનું એકમાત્ર કારણ એ હતું કે તે તેના ભાડૂતની ખરાઈ કરવામાં નિષ્ફળ રહી હતી. પોલીસ તેને 'ગંભીર ગુનો' માને છે તેના માટે તેણીને દંડ અથવા તો થોડા દિવસો માટે જેલમાં મોકલવામાં આવી શકે છે. પરંતુ વિકલાંગ મહિલાને બિનજરૂરી રીતે નિર્દયતા સાથે મારવા માટે આ બહાનું વાપરવું એ નિર્ભયતા નથી અને તે માનવતાનો તિરસ્કાર છે.'

(સૌ. : ધ વાયર.ઈન)

મુઝફ્ફરનગર રમખાણો : મસ્જિદો અને ઘરોને કોણે આગ લગાવી હતી ? કોઈએ નહીં !!!

(એજન્સી) તા.૨૧

સોમવારે મુઝફ્ફરનગરની એક નીચલી અદાલતે ૨૦૧૩ ના મુઝફ્ફરનગર રમખાણોના કેસમાં પુરાવાના અભાવે ૨૦ લોકોને નિર્દોષ જાહેર કર્યા હતા. તેઓ વ્યક્તિગત સંપત્તિને નુકસાન પહોંચાડવા, સ્થાનિક વિસ્તારના ઘણાં મકાનો અને મસ્જિદોને આગ લગાડવાના અને મુઝફ્ફરનગરના ફુટબી ગામમાં મુસ્લિમ વિરોધી સૂત્રોચ્ચાર કરવાના આરોપોનો સામનો કરી રહ્યા હતા. આ ગામ કેન્દ્રીય મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી રાજ્ય મંત્રી સંજીવ બલીયાનના સંસદીય ક્ષેત્ર હેઠળ આવે છે. આ સાથે, મુઝફ્ફરનગર રમખાણ કેસમાં અત્યાર સુધી નિર્દોષ જાહેર થયેલા લોકોની સંખ્યા ૧,૧૩૭ થઈ ગઈ છે. નિર્દોષ જાહેર થયા પછી, હવે સવાલ એ છે કે, જો બધા જ આરોપીઓને નિર્દોષ છોડી મૂકવામાં આવી રહ્યા છે તો, સપ્ટેમ્બર ૨૦૧૩ માં થયેલા રમખાણો દરમિયાન મકાનો અને મસ્જિદને કોણે આગ લગાવી હતી. આ કેસથી પરિચિત લોકોએ જણાવ્યું હતું કે મુઝફ્ફરનગરમાં અધિક જિલ્લા સત્ર ન્યાયાધીશ બાબુરામે તમામ સાક્ષીઓ ફરી ગયા બાદ આ લોકોને નિર્દોષ છોડી મૂક્યા હતા. આ કેસમાં કોઈ સાક્ષી ન હતા અને આમ

આ લોકોની હુલ્લડમાં સંડોવણી સાબિત થઈ શકી ન હતી. રમખાણો માટે વિશેષ વકીલ નરેન્દ્ર શર્માએ જણાવ્યું હતું કે આ કેસ રમખાણો દરમિયાન કુટબી ગામમાં થયેલી હિંસા સાથે જોડાયેલો છે. રમખાણોના કેસોની તપાસ કરી રહેલી વિશેષ તપાસ ટીમે (એસઆઈટી) ભારતીય દંડ સંહિતાની કલમો ૩૯૨, ૪૩૬, ૨૯૫, ૧૪૭, ૧૪૮ અને ૧૪૯ હેઠળ આરોપીઓ સામે ૮ સપ્ટેમ્બર, ૨૦૧૩ ના રોજ સ્થાનિક મસ્જિદ સહિતની જાહેર સંપત્તિને કથિત રીતે તોફાનો દરમિયાન સળગાવી દેવા બદલ ચાર્જશીટ દાખલ કરી હતી. ઉત્તરપ્રદેશના પશ્ચિમ વિસ્તારમાં ૨૦૧૩ માં કોમી રમખાણો થયા હતા. ૨૦૧૪ ની મહત્વની સામાન્ય ચૂંટણીના કેટલાક મહિનાઓ પહેલા થયેલા આ રમખાણોને કારણે નરેન્દ્ર મોદી કેન્દ્રમાં સત્તામાં આવ્યા હતા. આ કોમી હુલ્લડો હિન્દુ જાટ અને મુસ્લિમો વચ્ચે થયા હતા જેમાં ૬૦ થી વધુ લોકો માર્યા ગયા હતા અને હજારો લોકો બેઘર બન્યા હતા. તત્કાલીન અખિલેશ યાદવ સરકારે ૫૧૦ કેસ નોંધ્યા હતા અને ૧,૪૮૦ લોકોની ધરપકડ કરી હતી. ઉત્તર પ્રદેશ પોલીસની વિશેષ તપાસ ટીમ (SIT) એ ૧૭૫ કેસોમાં ચાર્જશીટ દાખલ કરી હતી. આ રમખાણોના સાત વર્ષ પછી પણ, કેસ ચાલી રહ્યા છે અને નીચલી અદાલતોએ અત્યાર સુધી ૧,૧૩૭ લોકોને પુરાવાના અભાવે નિર્દોષ છોડી મૂક્યા છે. આ અગાઉ, ૨૦૧૯ માં યોગી આદિત્યનાથ સરકારે મુઝફ્ફરનગર રમખાણો દરમિયાન ૪૦૦ થી વધુ લોકોને આગ લગાડવા, હુલ્લડ કરવાના આરોપ સાથેના જૂની સરકારે તેમની સામે દાખલ કરેલા ૭૫ કેસ પાછા ખેંચવાની ભલામણ કરી હતી. મુઝફ્ફરનગરના ભાજપના ધારાસભ્ય ઉમેશ મલિકે જણાવ્યું હતું કે લોકોને કોર્ટમાં નિર્દોષ છોડી મૂકવામાં આવી રહ્યા છે કારણ કે ૯૩ કેસોમાં તત્કાલીન સમાજવાદી પાર્ટીની સરકારે લગભગ ૪૫૦ હિન્દુઓ સામે આગ લાગાડવા, હુમલો કરવા અને તોડફોડના ખોટા આરોપો લગાવ્યા હતા. મેં એક વર્ષ પહેલા આ યાદી બનાવી હતી અને તેને લખનૌમાં અમારી સરકારને મોકલી હતી. સરકારે આવા ૭૫ કેસો પાછા ખેંચવાનો આદેશ આપ્યો છે જ્યારે અન્ય પાંચ કેસ કોર્ટમાંથી નિર્દોષ છૂટ્યા છે.

જસ્ટિસ પરેશ ઉપાધ્યાયની મદ્રાસ હાઈકોર્ટ ખાતે બદલીની ભલામણ, કહ્યું; 'ખાલી અરજન્ટ મેટર્સ જ સાંભળીશ'

અમદાવાદ, તા.૨૧

સુપ્રીમ કોર્ટની કોલેજિયમ દ્વારા દેશના કુલ ૨૮ ન્યાયમૂર્તિઓની અન્ય હાઈકોર્ટમાં બદલી અને પુનઃ બદલી કરવાના આદેશો કરવામાં આવ્યા છે તેમાં ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ પરેશ ઉપાધ્યાયની પણ મદ્રાસ હાઈકોર્ટ ખાતે બદલી કરવાની ભલામણ કરવામાં આવી છે. તા.૧૬ સપ્ટેમ્બરના રોજ મળેલી કોલેજિયમની બેઠકમાં ન્યાયમૂર્તિઓની બદલીની ભલામણ કરવામાં આવી હતી. તાજેતરમાં સામાન્ય ગુનાઓમાં પાસા અને તડીપારના કેસો કરવા બદલ જસ્ટિસ ઉપાધ્યાય દ્વારા રાજ્ય સરકારની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢવાના કિસ્સાઓ અખબારોમાં સમાચાર બનતા હતા. દરમિયાન જસ્ટિસ ઉપાધ્યાયે સોમવારે સ્પષ્ટ કર્યું હતું કે, તેઓની બદલી થવાની હોવાથી માત્ર અરજન્ટ કેસોની જ સુનાવણી કરશે. અગાઉ વ્હોટ્સએપ ઉપર તેમની બદલી થવાની ભલામણ કરાઈ હોવાના બિનસત્તાવાર સમાચારો ફરતા થતાં તેમની બદલી થવાની વાતોને વેગ મળ્યું હતું તેને કોરાણે મૂકતા ખુદ જસ્ટિસ ઉપાધ્યાયે સોમવારે ઓપન કોર્ટમાં જ કીધું હતું કે, 'વ્હોટ્સએપ યુનિવર્સિટી અને અખબારી અહેવાલોના આધારે તર્કવિતર્ક કરવાના બદલે હું જ કહી રહ્યો છું કે, હા મારી બદલીની ભલામણ થઈ છે અને તેના કારણે હવે હું માત્ર અરજન્ટ કેસોની જ સુનાવણી કરીશ. હાલમાં મારી પ્રાથમિકતા બદલાઈ છે.'

અગાઉ ગત સપ્તાહે એવા અહેવાલો ફરતા થયા હતા કે, દેશના ૧૩ મૂખ્ય ન્યાયમૂર્તિઓની નિમણૂક અને ૨૮ ન્યાયમૂર્તિઓની બદલી કરવામાં આવી રહી છે. કાનૂની આલમમાં નામ સાથેના સંદેશા ફરતા થયા હતા, જેમાં એક નામ જસ્ટિસ પરેશ ઉપાધ્યાયનું પણ હોવાથી સોમવારે તેઓએ સ્પષ્ટતા કરી હતી. પોતાની સમક્ષ સુનાવણી શરૂ થતાં જસ્ટિસ ઉપાધ્યાયે ઉપરોક્ત સ્પષ્ટતા કરી હતી કે, 'મારી સમગ્ર કારકિર્દી દરમિયાન મેં ક્યારેય કોઈ મેટર નોટ બિફોર મી કહીને સાંભળવાનો ઈન્કાર કર્યો નથી.' તેઓએ તેવી પણ સ્પષ્ટતા કરી હતી કે, તેઓને આંશિક સુનાવણી થઈ ગઈ હોય તે સિવાયની કોઈ નવી મેટર્સ હાથમાં લેશે નહીં.

જસ્ટિસ પરેશ ઉપાધ્યાયની ૨૧/૧૧/૨૦૧૧ના રોજ ગુજરાત હાઈકોર્ટના એડિશનલ જજ તરીકે નિમણૂક કરવામાં આવી હતી, તેઓએ ૬/૯/૨૦૧૩ના રોજ કાયમી જજ તરીકે શપથગ્રહણ કર્યા હતા. ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક પામ્યા પહેલાં તેઓ ગુજરાત હાઈકોર્ટમાં વકીલાત કરતા હતા અને તે અગાઉ તેઓ ગુજરાત સરકારમાં અધિકારી હતી.

વર્ષ ૨૦૧૭માં ધોળકા મત વિસ્તારમાથી ચૂંટણી જીતીને કાયદામંત્રી બનેલા ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા સામે કોંગ્રેસના ઉમેદવાર અશ્વિન રાઠોડ દ્વારા કરવામાં આવેલી પિટિશનની સુનાવણી જસ્ટિસ પરેશ ઉપાધ્યાયે કરી હતી. રાઠોડે આક્ષેપ કર્યો હતો કે, પોસ્ટલ બેલેટ વોટમાં ગોલમાલના કારણે ચૂડાસમા ખૂબ ઓછી સરસાઈથી ચૂંટણી જીત્યા હોવાથી તે રદ થવી જોઈએ. કેસની સુનાવણી ચાલુ હતી, તે દરમિયાન ચૂડાસમા દ્વારા તે વખતે સુપ્રીમ કોર્ટમાં એક પિટિશન કરીને જસ્ટિસ ઉપાધ્યાય સામે આક્ષેપો કરતા આ બાબત ભારે ચર્ચાનો મુદ્દો બન્યો હતો. આખરી સુનાવણી બાદ અશ્વિન રાઠોડની કેસ જીતી ગયા હતા. જો કે, ચૂડાસમાએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી અને હાઈકોર્ટના હુકમ સામે મનાઈ હુકમ આપવામાં આવ્યો હતો.

કલોલ ગાર્ડન સિટી સોસાયટીમાં બ્લાસ્ટ અંગે ONGCને જવાબ રજૂ કરવાનો હુકમ કરતી હાઈકોર્ટ

અમદાવાદ, તા.૨૧

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે આવેલી ગાર્ડન સિટી સોસાયટીમાં ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ઓ એ ન જી સી) ની પાઈપલાઈનમાં થયેલા બ્લાસ્ટ અંગે થયેલી જાહેરહિતની અરજીને લઈને હાઈકોર્ટે ઓએનજીસીને પોતાનો જવાબ રજૂ કરવાનો આદેશ કર્યો હતો. અરજદાર દ્વારા રજૂઆત કરાઈ હતી કે, આ મામલે થયેલી પોલીસ ફરિયાદ ક્ષતિયુક્ત છે. દરમિયાન અરજદાર દ્વારા અન્ય પક્ષકારોને જોડવાનો વિરોધ કરવામાં આવ્યો હતો.

કેસની વિગતો મુજબ ડિસેમ્બર ૨૦૨૦માં કલોલના ગાર્ડન સિટી બંગલો રહેણાક વિસ્તારમાં અચાનક બ્લાસ્ટ થતાં ત્રણ લોકોનાં મૃત્યુ થયા હતા અને મિલકતોને નુકસાન થયું હતું. વિસ્ફોટ થવા પાછળનું મૂળ કારણ એવું કાઢવામાં આવ્યું હતું કે, સોસાયટીના મકાનો પૈકી જે-૨ નંબરના ઘરની નીચે બ્લાસ્ટ થયો છે, ત્યાં જૂની પાઈપલાઈન આવેલી હોવાના કારણે બંગલો જમીનદોસ્ત થયા છે. આ રહેણાક વિસ્તાર ONGC પાઈપલાઈનની પાસે આવેલું છે. આથી અરજદાર વિરલગીરી ગોસ્વામી દ્વારા જાહેરહિતની અરજી કરીને પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવ્યા હતા કે, જે જગ્યાએથી ONGCની પાઈપલાઈનમાં પસાર થઈ રહી હોય, તે સ્થળ પર રહેણાક વિસ્તાર ડેવલોપ કરવા માટે કઈ રીતે આપવામાં આવી ? આથી પ્લાન પાસ કરવા બદલ ઔડાના અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ.

જો કે, આ સામે અગાઉની સુનાવણી દરમિયાન રજૂ કરાયેલા સોગંદનામામાં ઔડાએ ઉલ્લેખ કર્યો છે કે, પસાર થતી પાઈપલાઈનના સ્થળ પર બાંધકામ માટેની મંજૂરીની અરજી તેમની કચેરીએ આવી નથી. શહેર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી હાઈકોર્ટમાં થયેલી જાહેરહિતની અરજીમાં પોતાનો જવાબ રજૂ કરતા જણાવ્યું હતું કે, ખેતીલાયક જમીનને બિનખેતી લાયક જમીન તબદીલ કરવા માટે જરૂરી મંજૂરીઓ આપવામાં આવી હતી, જેમાં ક્યાંય ગેરરીતિ કે બેદરકારી થઈ નથી. આ સાથે વિવાદિત જગ્યામાં પૈકીના સર્વે નં.૭૪-૧વાળી જગ્યા ઉપર ઓએનજીસીની પાઈપલાઈન પસાર નહીં થતાં હોવાનું પણ પ્રમાણિત કર્યું હોવાનો પણ દાવો કર્યો હતો.

ગાંધીનગરના જિલ્લા વિકાસ અધિકારી દ્વારા જમીનને બિનખેતી કરતી વખતે ઓએનજીસીની પાઈપલાઈન જતી હોય ત્યાં બાંધકામ નહીં કરવા અને જગ્યા છોડવાની શરતે મંજૂરી આપી હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સાથે આ જગ્યા માટે પરમિશન મેળવવા માટે કોઈ જ અરજી પણ નહીં.

જામનગરના ગેંગસ્ટર જયેશ પટેલના કેસમાં ગુજસીટોક હટાવવાની અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી

અમદાવાદ, તા.૨૧

જામનગરના ગેંગસ્ટર જયેશ પટેલ અને તેના સાગરિતો ઉપર લાગુ કરવામાં આવેલા ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ, ૨૦૧૫ એટલે કે ગુજસીટોક લગાડવા સામે થયલી અરજીઓ ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી હતી. ઉલ્લેખનીય છે કે, જયેશ પટેલ નામના નામીચા જમીન માફિયાને ઝબ્બે કરવા માટે રાજ્ય સરકારે ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી દિપેન ભદ્રનને જામનગરના પોલીસ વડા તરીકે બદલી કરી હતી. જયેશ પટેલ અને તેની ગેંગ દ્વારા અત્યાર સુધીમાં એક હજારથી વધુ જમીનોની લેવડ-દેવડ કરી હોવાના પૂરાવા મળ્યા છે અને પટેલ સામે જમીન પચાવી પાડવા, ખંડણી માંગવા, હત્યા સહિતના ૪૫ ગુના નોંધાયા છે, તે હાલમાં લંડનમાં પકડાયો છે અને તેના પ્રત્યાપ્રણની કાર્યવાહી ચાલી રહી છે. તેના કેટલાક સાગરિતોની સ્થાનિક પોલીસે ધરપકડ કર હતી, તે પૈકીના એક નિલેશ ટોળિયા દ્વારા હાઈકોર્ટમાં પિટિશન કરીને રજૂઆત કરાઈ હતી કે, પોલીસ દ્વારા કોર્ટને રિપોર્ટ કરીને ગુનામાં ગુજસીટોક ધારો લાગુ કરવાની વિનંતી કરાઈ હતી, તે કોર્ટે ગ્રાહ્ય રાખતા કેસમાં આ કાયદો લાગુ પડ્યો છે. પરંતુ આરોપીને સાંભળ્યા વગર કોર્ટ આવો હુકમ કરી શકે નહીં, તેની સામે સરકારે સખત વાંધો લીધો હતો અને રજૂઆત કરી હતી કે, કોર્ટે કાયદા મુજબ જ કામ કરેલું છે. કોર્ટમાં રજૂઆત કરાઈ હતી કે, આરોપી ઈન્ટરનેટ મારફતે કોલ કરીને ખેડૂતો, ઉદ્યોગપતિઓ અને ધંધાદારીઓને ધમકીઓ આપીને ખંડણી ઉઘરાવવાનું નેટવર્ક ચલાવે છે. અત્યાર સુધીની તપાસ દરમિયાન એક હજાર જેટલી જમીનોના ખરીદ અને વેચાણના દસ્તાવેજો મળી આવ્યા છે. એટલું જ નહીં બે ટીબી જેટલા ઈલેક્ટ્રોનિક પૂરાવા એકઠા કરીને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં તપાસ માટે મોકલી આપવમાં આવ્યા છે. તમામ રજૂઆતો સાંભળ્યા બાદ કોર્ટે અરજી ફગાવી દીધી હતી.

દક્ષિણ ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ : સૌથી વધુ બારડોલી-મહુવા તાલુકામાં ૪ ઈંચ મેઘમહેર

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૧

દક્ષિણ ગુજરાતમાં વિતેલા ૨૪ કલાક દરમિયાન સર્વાધિક બારડોલી અને મહુવા તાલુકામાં ૪ ઈંચ વરસાદ નોંધાતા સર્વત્ર પાણી જ પાણી કરી થઈ ગયું હતું. આ ઉપરાંત નવસારી અને વલસાડ તેમજ ડાંગ જિલ્લામાં પણ નોંધપાત્ર વરસાદ નોંધાયો છે.

બારડોલી તાલુકામાં ચાર ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જ્યારે તેને અડીને આવેલા વનવિસ્તાર સમા મહુવા તાલુકામાં પણ ૯૩ મી.મી. એટલે કે ચાર ઈંચ વરસાદી પાણી પડ્યું હતું. જ્યારે કામરેજ તાલુકામાં ૨૧ મી.મી., માંડવી તાલુકામાં અઢી ઈંચ, વરસાદ નોંધાયો હતો. માંગરોળમાં બે ઈંચથી વધુ, ઉમરપાડામાં ૮૮ મી.મી., સુરત સિટીમાં સામાન્ય હળવો ૫ મી.મી., ઓલપાડ અને ચોર્યાસી તાલુકાને મેઘરાજાએ બાકાત રાખતા કોરાધાકોર રહ્યા હતા. નવસારી ફલડ વિભાગના જણાવ્યા મુજબ ખેરગામમાં ૧૪ મી.મી., ગણદેવીમાં બે ઈંચથી વધુ, જલાલપોર ૮ મી.મી., વાંસદામાં ૮ મી.મી., નવસારીમાં અડધો ઈંચથી વધુ ૧૪ મી.મી. વરસાદ નોંધાયો છે વલસાડ જિલ્લાની વાત કરવામાં આવે તો ઉમરગામ ૬ મી.મી, કપરાડા દોઢ ઈંચથી વધુ, ધરમપુર એક ઈંચ પારડીમાં પોણો ઈંચ, વલસાડ ૫ મી.મી, વાપી ૫ મી.મી, વરસાદ નોંધાયો હતો. ડાંગ જિલ્લાની વાત કરવામાં આવે તો જિલ્લાના મુખ્ય મથક આહવામાં દોઢ ઈંચ, વઘઈમાં એક ઈંચ, સુબિરમાં ૯ મી.મી. અને ગિરિમથક એવા સાપુતારામાં દોઢ ઈંચ એટલે કે ૩૭ મી.મી. વરસાદ નોંધાતા સર્વત્ર ખુશીની લહેર જોવા મળી હતી. તાપી જિલ્લા ફલડ કંટ્રોલના જણાવ્યા મુજબ વ્યારામાં ૧૦ મી.મી., સોનગઢમાં ૬ મી.મી., વાલોડમાં અડધો ઈંચ એટલે કે ૧૨ મી.મી., ડોલવણ માં ૭ મી.મી, ઉચ્છલમાં એક ઈંચ, કુકરમુંડા માં સવા ઈંચ અને નિઝરમાં ૯ મી.મી. વરસાદ વરસ્યો હતો. ગુજરાતમાં પાંચ દિવસ માટે અમૂક સ્થળોએ ભારે વરસાદ અને બાકીના સ્થળોએ કરવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે હવામાન ખાતાના જણાવ્યા મુજબ ઈસ્ટ રાજસ્થાનમાં ગઈ કાલે સવારે લો પ્રેશર સર્જાયું હતું આ ઉપરાંત બંગાળની ખાડીમાં અને અરબી સમુદ્રમાં સાયક્લોનિક સરક્યુલેશન ઊભું થયું છે અને આ પરિસ્થિતિના કારણે આગામી પાંચ દિવસ સુધી ગુજરાતમાં વરસાદની સંભાવના વધી ગઈ છે હવામાન ખાતા દ્વારા કરવામાં આવેલી આગાહી હાલ તો યથાર્થ ઠરી રહી હોવાનું માનવામાં આવી રહ્યા છે.

ઉકાઈ ડેમમાં ૩૬ હજાર ક્યૂસેક નવા નીરની આવક

ઉકાઈ ડેમમાં સતત પણે નવા પાણીની આવક થતા આજે બપોરે ૧ કલાકે ઉકાઈ ડેમમાં પાણીની આવક ૩૬,૦૨૩ ક્યુસેક નોંધાઈ છે જ્યારે ડેમનું જળસ્તર ૩૪૫ ફૂટ જાળવી રાખવા માટે ડેમમાંથી ૧૧૦૦ ક્યુસેક પાણી તાપી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. ડેમની ભયજનક સપાટી ૩૪૬ ફૂટ છે. ઉપરવાસમાં છેલ્લા બે દિવસથી વરસાદ નોંધાયો નથી પરંતુ ડેમના ઉપરવાસમાં મહારાષ્ટ્રની હદમાં આવેલા હથનુર ડેમની સપાટી આજે સવારે ૨૧૩.૧૯ મિટર નોંધાઈ છે અને ડેમમાંથી ૧૬,૩૮૬ ક્યુસેક પાણી તાપી નદીમાં છોડવામાં આવી રહ્યું છે.

આણંદ શહેર-જિલ્લામાં ભારે વરસાદથી અનેક વિસ્તારોમાં પાણી ભરાયા

સોજીત્રામાં બે, આણંદમાં સવા ઈંચ મેઘમહેર : જિલ્લામાં સિઝનનો ૯૦ ટકા વરસાદ થતાં રાહત

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૨૧

આણંદ જિલ્લામાં છેલ્લા ૧૪ કલાકથી સતત વરસાદ વરસી રહ્યો છે. જેના પગલે જિલ્લામાં વરસાદની ઘટ પૂર્ણ થવા આવી છે. અત્યાર સુધીમાં આણંદ જિલ્લામાં ૯૦ ટકા ઉપરાંત વરસાદ વરસી ચૂક્યો છે. છેલ્લા ચોવીસ કલાકમાં આણંદમાં સતત પડી રહેલા વરસાદને પગલે ઠેર-ઠેર પાણી ભરાયા છે.

(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

આણંદ શહેરમાં અને ઉમરેઠમાં મોડી રાત્રે એક વાગ્યાના અરસામાં પવનના સુસવાટા વચ્ચે સતત વીસ મીનીટ સુધી ભારે વરસાદ વરસ્યો હતો. જ્યારે સોજીત્રામાં તો રાત્રે મન મુકીને વરસાદ પડતા બે ઈંચ જેટલો વરસાદ વરસી ચૂક્યો હતો. જેથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. આ ઉપરાંત ખંભાતમાં પણ એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે.

આણંદ જિલ્લામાં મંગળવારે વહેલી સવારથી વરસાદનું જોર વધ્યું છે. સાથે સાથે આણંદ શહેરમાં તો સવારે બે કલાકમાં સવા ઈંચ વરસાદ નોંધાઈ ચુક્યો છે. હજુ પણ વરસાદ ધીમી ધારે વરસી રહ્યો છે. જ્યારે તારાપુર, સોજીત્રા અને ખંભાતમાં હાલમાં વરસાદ ચાલુ છે. આમ આણંદ શહેર સહિત જિલ્લામાં સતત વરસી રહેલા વરસાદને કારણે બોરસદ અને આંકલાવ તાલુકાને બાદ કરતા તમામ તાલુકામાં ૮૫ ટકા વરસાદ વરસી ચુક્યો છે. આણંદ શહેરમાં સતત પડી રહેલા વરસાદને કારણે સો ફુટ રોડ, ૮૦ ફુટ રોડ, વિદ્યાનગર રોડ, નવા બસ સ્ટેન્ડ રોડ, ગણેશ ચોકડી સહિતના વિસ્તારોમાં માર્ગો ધોવાઈ જતા મોટા મોટા ગાબડા પડી ગયા છે. જ્યારે શહેરના ઈસ્માઈલનગરમાં સતત વરસાદના પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા લોકોને અવર જવર કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે.ગામડી ગામનું મોટું તળાવ ઓવરફલો થતા શહેરમાં ઈસ્માઈલનગર કબ્રસ્તાન પાછળ આવેલા હિના પાર્કમાં તળાવનું પાણી પ્રવેશી જતા લોકોને પાણી ડહોળીને અવરજવર કરવી પડે છે,તેમજ તળાવમાં ગટરનાં પાણી મિશ્રિત પાણી કાદવ કિચડ સાથે સોસાયટીમાં પ્રવેસી જતા દૂર્ગંધ ફેલાઈ રહી છે,અને રોગચાળો પ્રસરવાની ભીતી રહેલી છે. આણંદ શહેર સહિત જિલ્લામાં ચાલુ માસમાં સરેરાશ ૧૬ ઈંચ વરસાદ નોંધાયો છે.

ભાવનગરમાં વેક્સિન સર્ટી વિના મનપા કચેરી સહિત જાહેર સ્થળોએ પ્રવેશ પ્રતિબંધ

ભાવનગર, તા.૨૧

કોરોના મહામારીને ડામવાના ભાગરૂપે ભાવનગર મહાપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરમાં રસીકરણ અભિયાન જોરશોરથી ચલાવાઈ રહ્યું છે. સાથોસાથ કમિશનર દ્વારા મહાપાલિકા કચેરી સહિત જાહેર સ્થળો પર વેક્સિનના બંને ડોઝ લીધા વિના વ્યક્તિઓને પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ જેનો આજે તા.૨૧ને મંગળવારથી પ્રારંભ કરવામાં આવ્યો છે. આજે સવારથી જ મહાપાલિકા કચેરી ખાતે અંદર જતા કર્મચારીઓ, અધિકારીઓ તેમજ મુલાકાતીઓને દરવાજે અટકાવી વેક્સિન સર્ટીફીકેટ તપાસવામાં આવ્યા હતા અને પછી પ્રવેશ આપવામાં આવેલ જો કોઈએ વેકસીન ન લીધી હોય તેઓ સ્થળ પર જ વેક્સિન આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના મેમ્બરે વિરમગામ વિરપુર પાંજરાપોળની મુલાકાત લીધી

વિરમગામ, તા.૨૧

વૈશ્વિક સ્તરે જળ, જંગલ, જમીન, જનાવર અને ગુજરાતની ૨૪૨ પાંજરાપોળને સ્વાવલંબન બનાવવા માટે કાર્યરત એવી સેવા સંસ્થા સમસ્ત મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના મેમ્બર ગીરીશભાઈ શાહ વિરમગામ શહેરની ૧૭૫ વર્ષ જૂની ખોડાઢોર પાંજરાપોળ સંસ્થાના વિરપુર ખાતે આવ્યા હતા. વિરપુરમાં અંદાજિત ૪૦૦ દેશી વૃક્ષોનું તેમના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે વિરમગામ શહેરના જૈન સમાજના શ્રાવક શ્રાવિકાઓ ઉપસ્થિત રહ્યા હતા. વિરમગામ ખોડાઢોર પાંજરાપોળ સંસ્થા તેમજ મહાવીર જીવદયા મંડળના સભ્યો દ્વારા ગીરીશભાઈ શાહનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગારિયાધારના આરોગ્ય કેન્દ્રને ત્રણ એમ્બ્યુલન્સ અર્પણ

ભાવનગર, તા.૨૧

ગારીયાધાર તાલુકા પંચાયતના ગ્રાઉન્ડમાં ત્રણ એમ્બ્યુલન્સનો લોકાર્પણ કાર્યક્રમ તાલુકા પંચાયત પ્રમુખ ધનજીભાઈ કથીરીયા, રાજ્યભાના સાંસદ શક્તિસિહ ગોહીલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, પીએમ ખેની સહીતના આગેવાનો અને સબંધીત વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. આ ત્રણ એમ્બ્યુલન્સ તાલુકાના ત્રણ આરોગ્ય કેન્દ્ર મોટીવાવડી, માનગઢ, વેળાવદર આરોગ્ય કેન્દ્રને ફાળવવામાં આવશે તેમ જાણવા મળી રહ્યું છે. આ કાર્યક્રમમાં ધારાસભ્ય પુંજાભાઈ વંશ, કનુભાઈ બારૈયા, કેશુભાઈ નાકરાણી, ઋત્વીકભાઈ મકવાણા, રાજેશભાઈ ગોહિલ, માજી ધારાસભ્ય ડૉ. કનુભાઈ કળસરિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સુરતમાં ખ્વાજા ગરીબ નવાઝ OPD સેન્ટરમાં મફત વેક્સિનેશન કેમ્પ યોજાયો

સુરત, તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૧માં જન્મદિવસે સવારે ૭થી રાત્રે ૧૧ વાગ્યા સુધી સુરત મહાનગરપાલિકાના સહયોગથી ખ્વાજા ગરીબ નવાઝ ઓપીડી સેન્ટરમાં વેક્સિન કેમ્પ રાખવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ૨૩૨ ભાઈ-બહેનોએ રસીકરણ કરાવ્યું હતું, જેમાં વોર્ડ નં.૨૧ના કોર્પોરેટર વ્રજેશભાઈ ઉનડકત હાજર રહ્યા હતા. આ કેમ્પને ખ્વાજા ગરીબ નવાઝ વેલ્ફેર ટ્રસ્ટના પ્રમુખ આસીફભાઈ ચીડીમાર, ઉપપ્રમુખ શબ્બીરભાઈ દડા, સેક્રેટરી ફૈયાઝભાઈ ચીડીમાર, જલીલ ચીડીમાર, અબ્બાસભાઈ શેખ, અજ્જમ શેખ, સુલતાનભાઈ શેખ, કાદરભાઈ શેખ, બકુલભાઈ પાટીદાર, બુસરા શેખએ સફળ બનાવ્યો હતો.

ખેડા-નડિયાદ રોડ પર કાર-આઈસર અથડાતા સબ ટ્રેઝરર ઓફિસરનું મોત

નડિયાદ, તા.૨૧

ખેડા નજીક નડિયાદ રોડ પર આજે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં ઈકો કાર અને આઈસર બને સામસામે અથડાતાં ઈકો કારમાં સવાર એક મહિલાનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું છે. મૃતક મહિલા ખેડા હતી અને તે નોકરીએ આવતાં અકસ્માત થતાં મોતને ભેટી છે. આ અંગે ખેડા ટાઉન પોલીસે ફરિયાદના આધારે અકસ્માતનો ગુનો નોંધ્યો છે.

મળતી માહિતી મુજબ આણંદ જિલ્લાના બાકરોલ ખાતે વિનુકાકા માર્ગ પર આવેલ દીવાક્સી રેસીડેન્સીમાં રહેતા નિલેશ દામોદર ભટ્ટની પત્ની માંધવીબેન ભટ્ટ (ઉ.વ.૪૫) પોતે ખેડા સબ ટ્રેઝરર ઓફીસર તરીકે ફરજ બજાવે છે. આજે તેઓ ઈકો કાર નં. GJ 23 CA 5371માં બેસી ખેડા નોકરીએ આવી રહ્યા હતા. આ દરમિયાન સવારે ખેડા નજીક નડિયાદ રોડ પર ગેબનશાહ દરગાહ પાસે આ ઈકો કારને અકસ્માત નડ્યો છે. જેમાં સામેથી પુરપાટે આવતાં આઈસરના ચાલકે ઈકો કારને ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયંકર હતી કે ઈકો કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. જ્યારે આઈસર ટ્રક રોડની સાઈડમાં આવેલ ઝાડીમાં ઘૂસી ગઈ હતી.

આ અકસ્માતમાં ઈકો કારમાં સવાર માધવીબેન ભટ્ટને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું છે. જ્યારે ઈકો કારચાલક રાકેશ પ્રતાપ સરગરાને શરીરે ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માત બાદ આસપાસના લોકો દોડી આવ્યા હતા. ખેડા ટાઉન પોલીસને જાણ કરતાં પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. આ અકસ્માત સંદર્ભે પોલીસે નિલેશ ભટ્ટની ફરિયાદના આધારે આઈસર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી દીધી છે.

હારીજના ઝાપટાપરા વિસ્તારના રહીશો દ્વારા પ્રાથ. સુવિધા મામલે કલે.ને આવેદન

પાટણ, તા.૨૧

હારીજ શહેરના વોર્ડ નંબર ચારમાં આવેલ ઝાપટાપરા વિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષથી ભૂગર્ભ ગટર ઊભરાવવાની સમસ્યા રહીશો માટે માથાના દુઃખાવા સમાન બની છે. રોજબરોજ ગટરના ગંદા અને દૂષિત પાણી ઊભરાઈને વિસ્તારમાં ફેલાઈ રહ્યા છે જેને લઈ આ વિસ્તારના રહીશોને અનેક હાલાકી ભોગવવી પડે છે. અહીં રહેતા રહીશોના આરોગ્ય સામે પણ ખતરો ઊભો થયો છે અને રોગચાળાની ભીતિ સેવાઈ રહી છે. અહીં પીવાનું શુદ્ધ પાણી પણ આવતું નથી, પાણીની લાઈનમાં ભૂગર્ભ ગટરનું પાણી મળતું હોવાને કારણે પાણી દૂષિત આવી રહ્યું છે. આ બાબતે વિસ્તારના રહીશોએ નગરપાલિકાના સત્તાધીશોને અનેકવાર રજૂઆતો કરવા છતાં પણ નગરપાલિકાના સત્તાધીશોએ આજદિન સુધી આ સમસ્યાના નિકાલ અંગે કોઈ જ પ્રકારની કામગીરી ન કરતા નાછૂટકે આ વિસ્તારના રહીશો આજે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આવી પહોંચ્યા હતા અને જિલ્લા કલેક્ટરને ઉદ્દેશીને આવેદનપત્ર આપી આ સમસ્યા ઉકેલવા માંગ કરી હતી. જિલ્લા કલેક્ટર સુપ્રીતસિંગ ગુલાટીએ આ સમસ્યાનું એક અઠવાડિયામાં નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી.

કાર્યક્રમ

આજે ભાવનગરમાં શિશુવિહાર બુધસભાની બેઠક યોજાશે

ભાવનગર ખાતે વર્ષ ૧૯૮૦થી અવિરત ચાલતી શિશુવિહાર બુધસભાની ૨૧૪૪મી બેઠક તા.૨૨/૯/૨૦૨૧ના રોજ સાંજે ૬:૧૫થી ૭:૩૦ સુધી યોજાશે, જેમાં ડૉ.પથિક પરમારના સંચાલનમાં આ માસના કવિ સન્માન અંતર્ગત કવિ શામજીભાઈ ચૌહાણનું સન્માન કરાશે અને કવિ દાન વાઘેલા દ્વારા દિવંગત કવિ કરસનદાસ લુહારને શ્રદ્ધાંજલિ પાઠવાશે.

તૃણમૂલે બાંકુરામાં નાગરિકતા મુદ્દે વિરોધ-પ્રદર્શનો યોજ્યા

(એજન્સી) તા.૨૧

આસામના ડિટેન્શન કેમ્પમાં ત્રણ વર્ષ બાદ બુધવારે બાંકુરાના રાધનનગર ગામમાં પરત આવેલા ૩૩ વર્ષીય પ્રવાસી કામદાર ગંગાધર પ્રમાણીકની દુર્દશાએ શનિવારે રાજકીય વળાંક લીધો હતો અને તૃણમૂલે દેખાવ કરવા તેના વતનમાં રેલી યોજી હતી, જેમાં તે ઉજાગર કરવા માંગતી હતી કે, કેવી રીતે સામાન્ય નાગરિકને વિદેશી બનાવી ભાજપ શાસિત રાજ્યમાં યાતનાનો સામનો કરવો પડ્યો હતો.

તૃણમૂલના કાર્યકરોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના પૂતળા પણ બાળ્યા હતા અને ભાજપને સત્તામાં રહેશે તો આવું ડરનો માહોલ રહેશે તેવા સૂત્રોચ્ચાર કર્યા હતા. રાજ્ય સરકારના અધિકારીઓએ ગંગાધરની ભારતની જમીન અને શાળાનો રેકોર્ડ જેવા પ્રાથમિક દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ ભારતીય નાગરિકતાની પુષ્ટિ કર્યાના એક દિવસ પછી તૃણમૂલે રેલી કાઢી હતી. તૃણમૂલના નેતાઓએ કહ્યું કે, વિરોધનો ઉદ્દેશ રાધનનગરના લોકોને મોદી અને શાહની જોડી રાષ્ટ્ર માટે ખતરારૂપ છે તે અંગે જાગૃત કરવાનો હતો. આ વિરોધ રાજકીય રીતે મહત્ત્વનો છે કારણ કે, બાંકુરા એ જંગલ મહેલનો એક ભાગ છે જ્યાંથી ભાજપે આ વર્ષે ૧૨માંથી ૮ વિધાનસભા બેઠકો જીતી છે. જો કે, ભાજપના બિષ્ણુપુરના ધારાસભ્ય તનમય ઘોષે હમણા જ ભાજપ છોડી તૃણમૂલ તરફ વળ્યા છે અને તેઓ રાધનનગરના વિરોધમાં હાજર રહ્યા હતા. ગંગાધર એક ભારતીય નાગરિક અને બાંકુરાનો પુત્ર છે. ભાજપની આગેવાની હેઠળની આસામ સરકારે ગંગાધરની અટકાયત પહેલાં તેના મૂળભૂત દસ્તાવેજોની ચકાસણી કરી નહોતી. ભાજપે તેની તપાસ કર્યા વગર અટકાયત કરી અને ત્યાં તેને શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો હતો. આ યુવાનની આપવીતી પરથી જાણી શકાય કે, ભાજપ શાસિત રાજ્યોમાં અન્ય રાજ્યોના લોકો સાથે કેવું વર્તન થાય છે. મુખરજીએ જણાવ્યું હતું કે, પાર્ટીએ આ વિરોધ પ્રદર્શનને જિલ્લાના અન્ય વિસ્તારોમાં લઈ જવાની યોજના બનાવી હતી કે ભાજપ દેશ માટે કેવી રીતે ખતરારૂપ છે. મુખરજી વધુમાં કહે છે કે, આ ઘટના રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર (એનઆરસી) લાગુ કરવા સામેના અમારા મુખ્યમંત્રીના વિરોધને યોગ્ય ઠેરવે છે.

મુખ્યમંત્રી મમતા બેનરજી આસામમાં એનઆરસીના અમલ બાદથી અવાજ ઊઠાવી રહ્યા છે. તેણીએ બંગાળના લોકોને વારંવાર ખાતરી આપી છે કે, તે તેને બંગાળમાં આવવા દેશે નહીં. તેણીએ ઓગસ્ટ ૨૦૧૮માં સાંસદોની એક ટીમ પડોશી રાજ્યમાં મોકલી હતી. પરંતુ તૃણમૂલ નેતાઓને સિલ્ચર એરપોર્ટની બહાર પગ મૂકવાની મંજૂરી નહોતી. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન આસામની ધુબરીની મુલાકાત દરમિયાન મમતાએ એનઆરસીને ભાજપ શાસિત કેન્દ્ર દ્વારા કાવતરૂં ગણાવ્યું હતું.

નેપાળના પૂર્વ વડાપ્રધાને ભારત પર આરોપ લગાવ્યા

નેપાળનું બંધારણ જાહેર ન કરવા ધમકી અપાઈ હતી

સંવિધાનને ભારતના સૂચનો વિરૂદ્ધ બનાવાશે તો નહીં સ્વીકારાય એમ કહ્યું હોવાનો કે.પી.શર્મા ઓલીનો આક્ષેપ

(એજન્સી) કાઠમંડુ, તા.૨૧

નેપાળના પૂર્વ વડાપ્રધાન કે પી શર્મા ઓલીએ ભારત પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમનો દાવો છે કે પીએમ નરેન્દ્ર મોદીના વિશેષ દૂત એસ જયશંકરે નેપાળની પોલિટિકલ લીડરશિપને ધમકી આપી હતી કે તેઓ પોતાના બંધારણની જાહેરાત ના કરે. કેપી શર્માએ એ પણ કહ્યુ કે એવુ કહેવામાં આવ્યુ હતુ કે જો સંવિધાનને ભારતના સૂચનો વિરૂદ્ધ બનાવવામાં આવે તો તેને અપનાવવામાં આવશે નહીં. ઉલ્લેખનીય છે કે નેપાળની બંધારણ સભાએ પોતાનું નવું બંધારણ જાહેર કર્યુ હતું. આ બંધારણને સપ્ટેમ્બર ૨૦૧૫માં પહેલીવાર ચૂંટાયેલા પ્રતિનિધિ નિકાય દ્વારા તૈયાર કરવામાં આવ્યા હતા. જોકે આ બંધારણ વિરૂદ્ધ ભારતથી નજીક દક્ષિણ નેપાળના જિલ્લામાં ઘણુ વિરોધ પ્રદર્શન પણ જોવા મળ્યું હતું. કેપી શર્મા ઓલીએ કમ્યુનિસ્ટ પાર્ટી ઑફ નેપાળ-યુએમએલની સ્થાયી સમિતિને કેટલીક રાજનીતિક દસ્તાવેજના સેટ મોકલ્યા હતા. આ દસ્તાવેજોમાં તેમણે એ વાતનો ખુલાસો કર્યો છે. તેમણે ૧૯ સપ્ટેમ્બરે આ ડોક્યુમેન્ટ્સ મોકલ્યા હતા અને આ દિવસે નેપાળે પોતાનો સાતમો સંવિધાન દિવસ મનાવ્યો હતો. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે તત્કાલીન વિદેશ સચિવ જયશંકરે કાઠમાંડુનો પ્રવાસ કર્યો હતો અને પુષ્પા કમલ દહલ પ્રચંડ સહિત કેટલાક રાજકીય દળના નેતાઓ સાથે મુલાકાત કરી હતી. આ રિપોર્ટમાં એ પણ દાવો કરવામાં આવ્યો છે કે ભારત સરકારે અસંતોષ વ્યક્ત કર્યો હતો કે આ બંધારણમાં તેમની ચિંતાઓને દૂર કરવામાં આવી નથી અને આ બંધારણની ડ્રાફ્ટિંગ બાદથી જ નેપાળ સરકાર પર દબાણ બનાવવામાં આવી રહ્યુ છે કે આને ના અપનાવે. ઉલ્લેખનીય છે કે નેપાળની મધેસ આધારિત પાર્ટીઓએ આ બંધારણને લઈને છ મહિના લાંબો વિરોધ કર્યો હતો. આ પ્રદર્શનકારીઓએ કહ્યુ હતુ કે તેઓ નેપાળના દક્ષિણ તરાઈ વિસ્તારના નિવાસીઓના હિતનું પ્રતિનિધિત્વ કરી રહ્યા હતા અને તેમની માગને પૂરી કરવા માટે સંવિધાનમાં સંશોધનનું સરકાર પર દબાણ નાખી રહ્યા હતા. આ પ્રદર્શનકારીઓની માગમાં, પ્રાંતીય સીમાઓને ફરીથી બનાવવી, ક્ષેત્રીય ભાષાઓને માન્યતા આપવી, નાગરિકતા સાથે જોડાયેલા મુદ્દાને સંબોધિત કરવી અને નેશનલ એસેમ્બલીમાં પ્રતિનિધિત્વ જેવી કેટલીક ડિમાન્ડ સામેલ હતી. આ પ્રદર્શનમાં ૬૦ લોકોનાં મોત થઈ ગયા હતા.

પંજાબમાં કટોકટી વચ્ચે રાજસ્થાનમાં ફેરબદલની ચર્ચા કરવા રાહુલ ગાંધી સચિન પાયલટને મળ્યા

પંજાબની જેમ રાજસ્થાન અને છત્તીસગઢમાં પણ નેતૃત્વ ફેરબદલની માગણી બળવત્તર બનતા કોંગ્રેસ મોવડીમંડળ ડેમેજ કંટ્રોલ મોડમાં આવ્યું હોવાના અહેવાલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

પંજાબમાં નેતાગીરી બદલવાના મામલે મુખ્યમંત્રી અમરિંદરસિંહે રાજીનામું આપ્યાના એક દિવસ પહેલાં ૧૭મી સપ્ટેમ્બરે પાર્ટીના નેતા સચિન પાયલટે રાહુલ ગાંધીની મુલાકાત લીધી હતી. આ બેઠકમાં બંને નેતાઓ વચ્ચે રાજસ્થાનમાં બદલાતી સ્થિતિ વચ્ચે ગેહલોત સરકારમાં મોટા ફેરબદલ કરવા મુદ્દે ચર્ચા થઈ હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે તેમ એક અહેવાલમાં જણાવાયું હતું. પાયલટ જુલાઈ ૨૦૨૦ સુધી રાજસ્થાનના ડેપ્યુટી મુખ્યમંત્રી અને રાજ્યના કોંગ્રેસ પ્રમુખ હતા. જો કે, તેમણે અશોક ગેહલોત સામે બળવો કર્યા બાદ તેમની પાસેથી બંને પદો છીનવી લેવાયા હતા. પાયલટ સતત કેબિનેટમાં ફેરબદલની માંગ કરી રહ્યા છે અને પોતાના વફાદાર ધાસાસભ્યોને સમાવેશ કરવાની માગણી કરી રહ્યા છે. આ ઉપરાંત તેઓ વિવિધ બોર્ડમાં રાજકીય વરણીઓ અને રાજ્યમાં કોર્પોરેશનમાં પણ તેમના લોકોની વરણી કરવાની માગણી કરી રહ્યા છે.

રાજસ્થાનમાં કોંગ્રેસના મહાસચિવ ઈન્ચાર્જ અજય માકને રાજ્યની મુલાકાત લીધી હોવાની જાણકારી મળી છે અને ધારાસભ્યો સાથે વાત પણ કરી છે તેમ છતાં હજુ સુધી ફેરબદલનો કોઈ નિર્ણય લેવાયો નથી. જો કે, હવે પાયલટને એવું આશ્વાસન અપાયું છે કે, ફેરબદલ વહેલી તકે થશે, તેમ અહેવાલોમાં જણાવાયું હતું. પંજાબમાં નેતાગીરીની દખલ અને પરિવર્તન બાદ પાયલટ છાવણી પણ પંજાબની જેમ રાજસ્થાનમાં પરિવર્તન કરવાની માગણી કરી રહી છે. આ દરમિયાન કોંગ્રેસના કેટલાક ટોચના નેતાઓનું માનવું છે કે, રાજસ્થાન અને છત્તીસગઢની સ્થિતિ પંજાબ કરતાં અલગ છે. રાજસ્થાન અને છત્તીસગઢમાં ગેહલોત અને ભૂપેશ બઘેલ મોટાભાગના ધારાસભ્યોનું સમર્થન ધરાવે છે. પરંતુ વિરોધી છાવણી બંને રાજ્યોમાં ફેરબદલ વિશે કેન્દ્રીય નેતાગીરી પર દબાણ કરી રહી છે. પંજાબમાં કોંગ્રેસમાં આંતરિક બળવાને પગલે કેપ્ટન અમરિંદરસિંહે પોતાના પદ પરથી રાજીનામું આપ્યા બાદ કોંગ્રેસ નેતાગીરીએ ચરણજીતસિંહ ચન્નીને નવા મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કર્યા છે. જેમણે ૨૦મી સપ્ટેમ્બરે પદના શપથ લીધા હતા.

એર માર્શલ વી.આર. ચૌધરી એર સ્ટાફના નવા પ્રમુખ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

એર માર્શલ વિવેક રામ ચૌધરી એર સ્ટાફના નવા પ્રમુખ તરીકેનો હોદ્દો સંભાળશે, તેઓ ૩૦મી સપ્ટેમ્બરે નિવૃત્ત થઈ રહેલા એર ચીફ આર.કે.એસ. ભદોરિયાના અનુગામી બનશે. ચૌધરી હાલ ભારતીય હવાઈ દળમાં એર સ્ટાફના ઉપપ્રમુખ તરીકે ફરજ નિભાવે છે. ચૌધરી ૨૯ ડિસેમ્બર ૧૯૮૨ના રોજ ભારતીય હવાઈ દળમાં જોડાયા હતા. આ કાર્યકાળ દરમ્યાન તેમની હવાઈ દળમાં વિવિધ પદો પર નિમણૂક કરવામાં આવી હતી. તેમની ફરજ દરમ્યાન ભદોરિયાને પરમ વિશિતા સેવા મેડલ, અતિ વિશિષ્ઠ સેવા મેડલ અને વાયુ સેના મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૩૦ સપ્ટેમ્બરે થનારી બઢતીના બરાબર બે વર્ષ બાદ એર ચીફ માર્શલ ભદોરિયા પોતાના પદેથી નિવૃત્ત થશે. એર માર્શલ ચૌધરી ૩૮૦૦ કલાકનો ફલાયિંગ અનુભવ ધરાવે છે તેઓ મીગ-૨૯ વિમાન ઉડાવવામાં નિષ્ણાત છે. તેઓ વેસર્ટન એર કમાન્ડના ચીફ તરીકે પણ સેવા બજાવી ચૂક્યા છે.

ટિકૈત એક 'ડાકૂ', ખેડૂતોના વિરોધ-પ્રદર્શન માટે વિદેશથી ભંડોળ મળી રહ્યું છે : ઉત્તરપ્રદેશના ભાજપ સાસંદ

(એજન્સી) તા.૨૧

બહરાઈથી ભાજપના સાંસદ અક્ષયવર લાલ ગોન્ડેએ અત્યારે ખેડૂત નેતાનું બિરૂદ મેળવનાર રાકેશ ટિકૈત પર પ્રહાર કરતાં તેને ડાકૂનું ઉપનામ આપ્યું. લાલ ગોન્ડેએ ટિકૈતને ડાકૂ ગણાવ્યા અને આરોપ લગાવ્યો છે કે, ટિકૈત આંદોલનકારી તરીકેનો દેખાવો કરી વિદેશમાંથી ભંડોળ મેળવી રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી ખેડૂતો સરકારે પારિત કરેલ ત્રણ કૃષિ કાયદાનો વિરોધ કરી રહ્યા છે. આ વિરોધ તેમણે અનેક રીતે દર્શાવ્યો છે. ખેડૂતો ત્રણ કૃષિ કાયદાઓ સામે દિલ્હીની સરહદો પર વિરોધ કરી રહ્યા છે કેમ કે તેમને ડર છે કે, તેઓ લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી) પ્રણાલીને દૂર કરી દેશે અને તેમને મોટા કોર્પોરેશનોની દયા પર છોડી દેવામાં આવશે એટલે કે, તેઓ મોટી કંપનીઓ પર નિર્ધારિત રહેવું પડશે. રાજ્યમાં ભાજપના સત્તાના સાડાચાર વર્ષ પૂરા થવા પર રવિવારે અહીં પત્રકારો સાથએ વાત કરતા ગોન્ડેએ કહ્યું, રાકેશ ટિકૈત એક ડાકૂ છે, તે ખેડૂત તરફથી લડવાનો દેખાડો કરી રહ્યા છે. ખરેખર તો ખેડૂતો દ્વારા કોઈ આંદોલન ચલાવવામાં આવ્યું નથી. જે ખરેખર ખેડૂતો હોય તે આ વિરોધમાં સામેલ થયા નથી જો તેઓ વિરોધ કરી રહ્યા હોત તો શાકભાજી તેમજ કઠોળના ભાવ આસમાને હોત. ટિકૈતને વિરોધમાં જે સાથ આપી રહ્યા છે તે ખેડૂત નહીં પરંતુ તે શીખીસ્તાની અને પાકિસ્તાનથી પ્રેરિત લોકો છે. કેનેડા સહિત અન્ય દેશોમાંથી વિદેશી ભંડોળ આવી રહ્યું છે. આ નાણાંનો ઉપયોગ ટેરર ફંડિંગ માટે થાય છે અને એજન્સીઓ તેની તપાસ કરી રહી છે. ગોન્ડે કહ્યું કે, લોકો પ્રદર્શનકારીઓની વાસ્તવિકતા જાણી ગયા છે.

કૃષિ કાયદાનો વિરોધ વાસ્તવિક ખેડૂતો કરી રહ્યા હોત તો ખાદ્યચીજોની અછત જોવા મળત. શાકભાજી, દૂધ, અનાજ અને ફળો બજારોમાં પહોંચ્યા ના હોત.

પોતાના વકીલ દ્વારા ભારત સરકારના અધિકારીઓને લાંચ અપાયાના આરોપો અંગે એમેઝોન દ્વારા તપાસ

એમેઝોન દ્વારા છેલ્લા બે વર્ષમાં કાનૂની ફી પેટે કુલ રૂા.૮૫૦૦ કરોડની ચૂકવણી કરવામાં આવી છે, હવે આ તમામ રકમનો હિસાબ મેળવવામાં આવશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

ઓનલાઈન વેચાણ કરતી એમેઝોન કંપનીએ જાહેરાત કરી હતી કે, તેઓ વ્હીસલબ્લોઅર દ્વારા કંપનીના વકીલે ભારત સરકારના અધિકારીઓને લાંચ આપી હોવાના આરોપોની તપાસ કરશે. વ્હીસલબ્લોઅર દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી કે, એમેઝોન દ્વારા લીગલ ફી તરીકે અપાતી રકમનો કંપનીના કાનૂની પ્રતિનિધિઓ દ્વારા ગેરઉપયોગ કરવામાં આવ્યો છે. આ અંગેના અહેવાલમાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે, ભારત સરકારના અધિકારીઓએ પણ જણાવ્યું છે કે, જો આ પ્રકારની કોઈપણ ગેરરિતી આચરવામાં આવી હશે તો શૂન્ય સહિષ્ણુતા સાથે આવા ભ્રષ્ટ અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. સત્તાવાર રીતે જાણવા મળ્યું હતું કે, એમેઝોન દ્વારા છેલ્લાં બે વર્ષમાં કાનૂની ફી પેટે કુલ રૂા.૮૫૦૦ કરોડની ચૂકવણી કરવામાં આવી છે. હવે એ વિચારવાનો સમય આવી ગયો છે કે, આ બધી રકમ ક્યાં ખર્ચ કરવામાં આવી હતી.

અહેવાલમાં એ વાતની પણ નોંધ લેવામાં આવી હતી કે, જ્યારે આંતરિક તપાસ ચાલી રહી છે ત્યારે કંપનીના સિનિયર વકીલને રજા પર ઉતારી દેવામાં આવ્યા છે. આ લીગલ કાઉન્સિલ અને દિલ્હીના અન્ય સ્વતંત્ર વકીલો સહિતના તપાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. એમેઝોનના પ્રવક્તાએ એક સમાચાર સંસ્થાને જણાવ્યું હતું કે, ભ્રષ્ટાચારના આ આરોપો અંગે કડક કાર્યવાહી કરવામાં આવશે. જો કે, તેમણે આ આરોપો અંગે કોઈ ચોક્કસ ટિપ્પણી કરી ન હતી. તેમણે હાલ તપાસની શું સ્થિતિ છે તે અંગે પણ કોઈ ખુલાસો કર્યો ન હતો. અમેરિકન ફોરેન કર્પ્ટ પ્રેક્ટિસ એક્ટ હેઠળ ભ્રષ્ટાચારના આ આરોપોની તપાસ કરાશે, જેમાં અમેરિકા સ્થિત કંપનીઓને બિઝનેસ હિતો માટે વિદેશી સરકારી અધિકારીઓને લાંચ આપવા પર રોક લગાવવામાં આવી છે.

લગ્નના વચન પરથી પાછા ફરવા માટે જ્યોતિષીય અસંગતતા બહાનું ન હોઈ શકે : હાઈકોર્ટ

(એજન્સી) મુંબઈ, તા.૨૧

બોમ્બે હાઈકોર્ટે ૩૨ વર્ષીય વ્યક્તિની અરજી નકારી કાઢી હતી, જેમાં એમણે પોતાને બળાત્કાર અને છેતરપિંડીના કેસમાંથી મુક્ત કરવા માગણી કરી હતી. હાઈકોર્ટે નોંધ્યું હતું કે, અરજદાર મહિલાને આપેલ લગ્નના વચનમાંથી ફરી જવા માટે જ્યોતિષ અસંગતતાનું કારણ રજૂ કરી રહ્યો છે જે માની શકાય નહીં. હાઈકોર્ટે અરજદાર અવિશેક મિત્રાની બળાત્કાર અને છેતરપિંડીના કેસમાંથી ડિસ્ચાર્જ કરવાની માગણી કરતી અરજી રદ કરી હતી. એમની સામે બોરીવલી પોલીસ સ્ટેશનમાં એક મહિલાએ બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. મિત્રાના વકીલે રજૂઆત કરી હતી કે, ફરિયાદી અને આરોપી વચ્ચે લગ્નના સંબંધો જ્યોતિષીય અસંગતતાના લીધે આગળ ચલાવી શકાય નહીં. એમણે કહ્યું કે, આ કેસ લગ્નના ખોટા વચન આપી શારીરિક સંબંધ બાંધવાના લીધે બળાત્કાર અને છેતરપિંડીનો નથી પણ વિશ્વાસ ભંગનો છે. જજે વકીલની આ દલીલ સ્વીકારવા ઈન્કાર કર્યો હતો. જજે કહ્યું કે, અરજદારનો શરૂઆતથી જ લગ્ન કરવાનો કોઈ ઈરાદો ન હતો. એમણે ખોટા લગ્નના વચનો આપી શારીરિક સંબંધ બાંધ્યા હતા જે પીડિતાની સંમતિનો દુરૂપયોગ કહી શકાય. અરજદાર અને મહિલા ૨૦૧૨ના વર્ષથી એક બીજાને ઓળખતા હતા અને એ સાથે શારીરિક સંબંધો પણ ધરાવતા હતા. અરજદારે મહિલાને લગ્નનું વચન આપ્યું હતું અને સંબંધો ચાલુ રાખ્યા હતા. ૨૦૧૩ના વર્ષમાં મહિલા ગર્ભવતી થતાં એને અરજદારને લગ્ન કરવા કહ્યું હતું પણ અરજદારે ઈન્કાર કર્યો હતો જેથી મહિલાએ પોલીસમાં બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ નોંધાયા પછી પોલીસે અરજદારને બોલાવ્યો હતો અને કાઉન્સેલિંગ કર્યું હતું જે વખતે પણ અરજદારે પોલીસ સમક્ષ કહ્યું હતું કે, તે લગ્ન કરશે. પણ એ પછી અરજદાર ફરી ગયો હતો અને લગ્ન કરવા ઈન્કાર કર્યો હતો અને એ માટે જ્યોતિષીય અસંગતતાનો બચાવ રજૂ કર્યો હતો.

NIAએ કાશ્મીર ખીણમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા, એક શખ્સની અટકાયત

(એજન્સી) તા.૨૧

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ મંગળવારે કાશ્મીર ખીણના અનેક સ્થળો પર દરોડા પાડ્યા હતા. સૂત્રોને જણાવ્યું હતું કે, એનઆઈએના અધિકારીઓએ શ્રીનગરના લાસ્જાનમાં આવેલા મોહંમદ શફી વાનીના ઘરે દરોડો પાડ્યો હતો. તેમણે કહ્યું હતું કે, એનઆઈએના અધિકારીઓ વાનીના ઘરે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમ્યાન વાની અને તેના પુત્રનો ફોન લઈ લેવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને પૂછપરછ માટે અટકાયતમાં લઈ પંથા ચોક પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યો હતો. સૂત્રોએ કહ્યું હતું કે, કુલગામમાં વંચીય અહમદ દાર, અનંતનાગમાં બશીર અહમદ પાડેર અને બારામુલ્લામાં ગુલામ મોહિયુદ્દીન વાનીના ઘરે પણ દરોડા પાડવામાં આવ્યા હતા.

દુનિયા અનેક પ્રકારના જોખમનો એકસાથે સામનો કરી રહી છે

(એજન્સી) તા.૨૧

હાલમાં દુનિયામાં અનેક સમસ્યાઓ જોવા મળી રહી છે. દુનિયા એકસાથે અનેક જોખમનો સામનો કરી રહી છે જેમાં હિંસા, આંતક અને અનેક પ્રકારની મહામારી જેવી સમસ્યાઓ સામેલ છે. અલબત્ત આ તમામ જોખમોની ચિંતાઓ વચ્ચે સૌથી વધુ જે સમસ્યા તોળાઈ રહી છે તે છે જળવાયુ સંકટ. આ એક વૈશ્વિક સમસ્યા છે જેનો ઉકેલ લાવવા તમામ દેશોએ એકબીજાને સહયોગ આપવાની વાતો તો કરી છે પરંતુ જ્યારે જવાબદારીની વાત આવે ત્યારે એકબીજા પર ઢોળી દેવામાં આવે છે. આ એક બેજવાબદારભર્યો વ્યવહાર કહેવાય જે આગામી સમયમાં સૌને વધુ મુશ્કેલીમાં મૂકી શકે છે. આ અંગે અનેક અભ્યાસ હાથ ધરવામાં આવ્યા છે જે એ બતાવે છે કે, આગામી કેટલાક વર્ષોમાં ઉચિત અને અસરકારક ઉપાય નહીં કરવામાં આવે તો દુનિયામાં જીવન જીવવું ઘણું મુશ્કેલ બની જશે. ત્યારે વિકાસ અને વૈજ્ઞાનિક સૂઝનો કોઈપણ દાવો આપણી મદદમાં નહીં આવે. અત્યારે સ્થિતિ એ છે કે, જળવાયુના બદલાયેલા લક્ષણ અને પ્રભાવના કારણે વિભિન્ન દેશોની આબાદીનો ઘણો બધો ભાગ બેઘર થવાના આરે છે. શરણાર્થી સમસ્યા અને જળવાયુ સંકટની સમસ્યા એક સાથે સંકળાવું એ એક મોટી પડકારરૂપ સમસ્યા છે, જેના પર વૈશ્વિક મંચ પર હજુ સુધી યોગ્ય રીતે વાતચીત થઈ નથી. આ વાતને અલગથી કહેવા-સમજવાની જરૂરત નથી કે, જળવાયુ પરિવર્તનની સમસ્યા આજે પહેલાંની સરખામણીએ વધુ ગહેરી થતી ગઈ છે. આ સમસ્યા દુનિયાના ફક્ત એક ભાગ પર નહીં પરંતુ તમામ ભાગો પર એકસાથે જોવા મળી રહી છે. બદલાતી ઋતુ અને જળવાયુના બદલાતા રૂપના કારણે દુનિયાભરના દેશો સમક્ષ જળવાયુ શરણાર્થીની સમસ્યાનો ઉકેલ લાવવા અલગ રીતે સોચ-વિચાર કરવો પડશે અને વ્યવસ્થિત રણનીતિ બનાવવી પડશે. જળવાયુ સમસ્યાને બાકી શરણાર્થીઓની સમસ્યા સાથે જોડી સરલીકૃત રીતે દેખી શકાય નહીં. ખરેખર જળવાયુ શરણાર્થી એ લોકો છે જેને જળવાયુ પરિવર્તન અને વૈશ્વિક તાપમાન વૃદ્ધિના કારણે પોતાના મૂળ વિસ્તાર, સમુદાય અથવા પ્રદેશ છોડીને ક્યાંક બીજે રોજગાર મેળવવા ફરવું પડે. દુનિયાનો પ્રથમ જળવાયુ શરણાર્થી સમૂહ પાપુઆ ન્યૂ ગિનીના કાર્તરેટ દ્વીપના તે ચાલીસ પરિવાર છે જેની કુલ જનસંખ્યા બે હજાર છે. ૨૦૦૯થી અત્યાર સુધી એ વિસ્તારમાં સમુદ્ર જળસ્તરમાં ખાસ્સો વધારો થયો છે. જો કે, એ લોકોએ પણ અનેક વખત પોતાની સમસ્યા માટે અવાજ ઊઠાવ્યો છે. પરંતુ તેમની માગણીઓ પર ૨૦૧૩ સુધી કોઈ ખાસ ધ્યાન આપવામાં નથી આવ્યું. આખરે ૨૦૧૪માં તેઓએ ત્યાંથી સ્થળાંતર કર્યું. આના પરથી આપણે એ અનુમાન લગાવી શકીએ દુનિયામાં ધીરે-ધીરે પાણીનો વિસ્તાર વધવા લાગ્યો છે એટલે કે દુનિયામાં રહેવા માટે સુરક્ષિત સ્થાનોની અછત થવાની શરૂઆત થઈ ગઈ છે. જળવાયુ પરિવર્તન પર અંતર-સરકારી પેનલ (આઈપીસી)ના અનુમાન મુજબ ૧૯૯૦ અને ૨૧૦૦ વચ્ચે સમુદ્રનું જળ સ્તર ૦.૧૮થી ૦.૬ મીટર સુધી વધ્યું છે. આનો અર્થ એ કે, બાંગ્લાદેશ જેવા દેશ પોતાની જમીનના કુલ ૧૭ ટકા હિસ્સો ૨૦૫૦ સુધીમાં ગુમાવી દેશે અને બાંગ્લાદેશમાં જળવાયુ શરણાર્થી ઉત્પન્ન થશે. જળવાયુ શરણાર્થી, જળવાયુ પરિવર્તનની સમસ્યા સિવાય અન્ય સમસ્યાઓનો પણ સામનો કરતા હોય છે, જેમાં રાજનીતિક રીતે જોઈએ તો હંમેશા એવું જોવા મળે છે કે, આ પ્રકારના શરણાર્થીઓ પાસે અન્ય દેશોમાં વસવાટ કરવા માટે કોઈ કાનૂની અધિકાર ના હોવાના કારણે તેમને તેમની મૂળ જગ્યા પર જવા મજબૂર કરવામાં આવે છે.

'તેને આટલી ખરાબ રીતે મારશો નહીં' : કેમેરા પર રેકોર્ડ થયું, UPની મહિલાને પતિએ માર માર્યો, મહિલાનું મોત

(એજન્સી) લખનૌ, તા.૨૧

પશ્ચિમી ઉત્તરપ્રદેશના બુલંદશહેર જિલ્લામાંથી મોબાઈલ ફોન દ્વારા લેવાયેલ વીડિયો ફૂટેજ બહાર આવ્યા છે, જેમાં એક મહિલાને એમના પતિ દ્વારા કુટુંબીજનોની હાજરીમાં ખૂબ જંગાલિયત રીતે માર મારવામાં આવી રહ્યો છે. મહિલાને આ જ રીતે બીજા દિવસે પણ માર મારવામાં આવ્યો હતો જેના લીધે મહિલાનું મૃત્યુ થયું હતું. બે દિવસ પહેલાંની ઘટના છે પણ હજુ સુધી પોલીસે કોઈની ધરપકડ કરી નથી. મહિલાના પતિ સાથે અન્ય લોકો પણ ભાગી ગયા છે.

વીડિયો ફૂટેજ અરેરાટી ઉપજાવે એવા છે, જેમાં મહિલા પોતાની માતાને બોલાવી રહી છે. મહિલા લોહીથી તરબોળ થયેલ જોવાઈ રહી છે અને એમના મોંમાંથી ફીણ પણ વહી રહ્યું છે. જે અન્ય મહિલાનો અવાજ સંભળાય છે એ કદાચિત એની માતાનું હોઈ શકે. જે કહી રહી છે આમ જંગાલિયત રીતે માર નહીં મારો. એ સ્પષ્ટ નથી કે, વીડિયો કોણે બનાવ્યો છે પણ મરનાર મહિલાની બહેને મીડિયાને વીડિયો આપ્યો હોવાનું કહેવાય છે. યુપી પોલીસ હજુ શકમંદોને પકડી શકી નથી પણ જિલ્લા પોલીસે પુષ્ટિ કરી હતી કે, હાશીમ નામના આરોપીએ પત્નીને માર માર્યો છે. પોલીસે મહિલાના પિતાની ફરિયાદના આધારે દહેજ ત્રાસ અને હત્યાનો કેસ નોંધ્યો છે. મહિલાની બહેને મીડિયાને કહ્યું કે, અમને બહેન માટે ન્યાય જોઈએ છે. આ વ્યક્તિએ મારી બહેન સાથે એક મહિના પહેલાં લગ્ન કર્યું હતું અને બહેનને વિશ્વાસ આપ્યો હતો કે, એ પોતાની પહેલી પત્નીને તલાક આપશે. પણ તે બહેનને રોજ માર મારતો હતો. આવી ઘટના અન્ય મહિલા સાથે નહીં બનવી જોઈએ આરોપીને પકડી સજા કરવી જોઈએ. ભારતમાં ખૂબ મોટી વસ્તી ધરાવતા ઉત્તરપ્રદેશમાં મહિલાઓ સામેના ગુનાઓની સંખ્યા અતિ વધુ છે. NCRBના રિપોર્ટ પ્રમાણે ઉત્તરપ્રદેશમાં ૨૦૨૦ના વર્ષમાં મહિલાઓ સામેના ૪૯,૩૮૫ ગુનાઓ નોંધાયા હતા. એના પછી બંગાળ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ આવે છે.

સાંસદ અસદુદ્દીન ઓવૈસીના બંગલા ખાતે તોડફોડ

પોલીસે પાંચ લોકોની અટકાયત કરી, તોડફોડ કરવા પાછળનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

એઆઈએમઆઈએમના પ્રમુખ અને હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસીના દિલ્હીના અશોકા રોડ બંગલા ખાતે તોડફોડ કરવામાં આવી હતી. એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, તેમના બંગલાનો દરવાજો તોડી પાડવામાં આવ્યો હતો. જેમાં નેમ પ્લેટ, ટ્યુબલાઈટ વગેરે વસ્તુઓનું નુક્સાન થયું હતું. આ મામલે દિલ્હીના સંસદ માર્ગ પોલીસ સ્ટેશન દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે, હુમલોખોરો કોણ હતા અને શા માટે આ તોડફોડ કરવામાં આવી હતી. દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે, હૈદરાબાદના સાંસદ અને એઆઈએમઆઈએમના પ્રમુખના બંગલા ખાતે થયેલી તોડફોડ મામલે પાંચ લોકોની અટકાયત કરવામાં આવી છે.

હિજાબ પહેરેલા ફોટા ફોર્મમાં આપવા અમારો બંધારણીય અધિકાર : મુસ્લિમ મહિલા ઉમેદવારો

પશ્ચિમ બંગાળમાં હિજાબ સાથેના ફોટો સાથે આવતાં ૧૦૦૦ મુસ્લિમ યુવતીઓની નોકરી માટેની અરજીઓ ફગાવી દેવાઈ

પોલીસમાં મહિલા અને પુરૂષ કોન્સ્ટેબલની ભરતી માટે બહાર પડાયેલા ફોર્મમાં મુસ્લિમ યુવતીઓના હિજાબ સાથેના ફોટાને બોર્ડ દ્વારા નિયમો વિરૂદ્ધ ગણાવ્યા

(એજન્સી) કોલકાતા, તા.૨૧

પશ્ચિમ બંગાળ પોલીસ ભરતી બોર્ડ દ્વારા ૧૦૦૦થી વધુ મુસ્લિમ યુવતીઓની નોકરી માટેની અરજી ફગાવી દેવાઈ છે કારણ કે, પોતાના અરજી ફોર્મમાં તેમણે જોડેલા ફોટાઓ હિજાબ પહેરીને પડાવ્યા હતા. આ ઉમેદવારોની અરજીઓ રદ થતાં સરકારના નિર્ણયથી અનેક પ્રતિભાગીઓની નારાજગીથી વિવાદ સર્જાયો છે. જો કે, પશ્ચિમ બંગાળ પોલીસ ભરતી બોર્ડ દ્વારા ૩૦,૦૦૦થી વધુ પુરૂષ અને મહિલા પોલીસ ભરતીના અરજી ફોર્મ રદ કર્યા છે. બોર્ડે જણાવ્યું હતું કે, ફોર્મમાં જોડાયેલી તસવીરોમાં હિજાબ અથવા સ્કાર્ફ પહેરવા સહિતના સ્વરૂપોમાં 'ભૂલો'ને કારણે આવું કરવામાં આવ્યું હતું. બોર્ડની ગાઈડલાઈનમાં કહેવાયું છે કે, ફોટોમાં કોઈપણ રીતે અરજદારનો ચહેરો ઢંકાયેલો ના હોવો જોઈએ. તેમાં કહેવાયું કે, અરજદારને ફોટો અને સહીના બદલે અન્ય વસ્તુઓના ફોટા અપલોડ નહીં કરવાની સલાહ અપાય છે. ચહેરો/માથું ઢંકાયેલા ફોટા સાથેનો ફોટો, સનગ્લાસ/ટીન્ટેડ ગ્લાસથી ઢંકાયેલી આંખોવાળું ફોર્મ સ્વીકારાશે નહીં. ગ્રુપીસ અથવા સેલ્ફીવાળા ફોટો ચકાસણી દરમિયાન ગેરમાન્ય ગણાશે. પશ્ચિમ બંગાળ પોલીસ ભરતી બોર્ડ આ પરીક્ષા ૨૬મી સપ્ટેમ્બરે લેવાનું છે અને તે માટેના એડમીટકાર્ડ તેણે જારી કરી દીધા છે.

સમાચાર એજન્સીએ જે મુસ્લિમ યુવતીઓના ફોર્મ રદ થયા છે તેમની સાથે વાત કરી હતી. તેમણે કહ્યું કે, હિજાબ પહેરવું તેમનો બંધારણીય અધિકાર છે. તેમાંથી એક ૨૪ પરગણા ખાતે રહેતી સોનામુની ખાતુને કહ્યું કે, મેં કેટલીક સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં હિજાબ પહેરીને પડાવેલા ફોટા રાખ્યા હતા. અહીં મારૂં ફોર્મ રદ કરાયું છે. પોલીસ ભરતી બોર્ડ મારા ધાર્મિક અધિકારથી વંચિત રાખે છે. મુર્શિદાબાદની સુમૈયા યાસ્મીને પૂછ્યું કે, જ્યારે મારો ધર્મ પાળવાની ભારતનું બંધારણ આઝાદી આપે છે ત્યારે બોર્ડ મારી અરજી કેવી રીતે રદ કરી શકે છે. અન્ય અરજદાર તુહિના ખાતુને કહ્યું કે, બોર્ડના અધિકારી સાથે મળવાનો પ્રયાસ કર્યો પરંતુ તેમણે ઓફિસમાં પ્રવેશ માટે મંજૂરી આપી ન હતી. નારાજ ઉમેદવારોએ બોર્ડના ચેરમેનને પત્ર લખ્યો છે અને જે રીતે સિખ સમાજને છૂટછાટ આપવામાં આવી છે તેવી છૂટછાટ અમને પણ આપવામાં આવે. તેમણે એવી પણ દલીલ કરી હતી કે, હિજાબ પહેરવું તેમના ધર્મનો ભાગ છે અને રાજ્યમાં તેમના સમાજ દ્વારા સાંસ્કૃતિક પ્રથા અનુસરવામાં આવે છે. તેમણે પત્રમાં લખ્યું કે, અમારૂં માનવું છે કે, ભારતીય લોકશાહીનો દાયરો તમામ ધાર્મિક શ્રદ્ધાઓ અને માન્યતાઓને સમાવવા માટે પૂરતો વિશાળ છે. ભરતી બોર્ડના સભ્ય સુબ્રતા ગાંગુલી સાથે સમાચાર એજન્સીએ વાત કરી હતી જેમણે જણાવ્યું કે, બોર્ડ એક પુસ્તકને અનુસરે છે. ગાઈડલાઈનમાં સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે, ઉમેદવારનો ફોટો માથાને ઢાંક્યા વિના સ્પષ્ટ રીતે દેખાવું જોઈએ.

બાળકોને શાળાઓમાં મોકલવા માટે 'ન્યાયિક આદેશ' નહીં આપી શકાય : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું હતું કે, હજુ સુધી કોરોનાની ત્રીજી લહેરની શકયતા ગઈ નથી એવામાં અમે બાળકોને શાળાઓમાં મોકલવા માટે વાલીઓને આદેશ આપી નહીં શકીએ. સુપ્રીમ કોર્ટે ૧૨માં ધોરણના વિદ્યાર્થી દ્વારા દાખલ કરાયેલ જાહેરહિત અરજી રદ કરી હતી, વિદ્યાર્થીએ માગણી કરી હતી કે, દેશભરમાં ભૌતિક શિક્ષણ શરૂ કરવામાં આવે. કોર્ટે કહ્યું કે, આ બાબત સરકારની વિચારણા માટે છે કારણ કે, આ શાસકીય મુદ્દો છે. કોર્ટે દિલ્હી નિવાસી ૧૭ વર્ષીય અરજદાર વિદ્યાર્થીને કહ્યું કે, તમે બંધારણીય સુધારાઓની માગણીના બદલે તમારૂં ધ્યાન ભણવામાં રાખો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, વિદ્યાર્થીઓએ આવી બાબતોમાં માથું નહીં મારવું જોઈએ. એના બદલે વિદ્યાર્થીઓ રાજ્ય સરકાર સમક્ષ રજૂઆતો કરી શકે છે. કોર્ટે કહ્યું કે, કલમ ૨૧-એ અમલમાં લાવ્યા પછી રાજ્ય સરકારોને ૬થી ૧૪ વર્ષની વયના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની જવાબદારી છે. તમે જુઓ સરકારો આખરે જવાબદાર છે. બાળકોને શાળાઓમાં પાછા જવાની જરૂરિયાત અંગે પણ તેઓ ચિંતિત છે, તે શાળાઓનો હેતુ છે. અમે ન્યાયિક નિર્દેશ દ્વારા એમ કહી શકતા નથી કે તમે તમારા બાળકોને શાળામાં પાછા મોકલો. દેશ હમણા જ બીજી કોવિડની લહેરમાંથી બહાર આવ્યો છે પરંતુ હજી પણ વાયરલ ચેપનો સંભવિત વધારો થવાનો ભય છે, એમ કોર્ટે જણાવ્યું હતું. કોર્ટે વધુમાં જણાવ્યું કે, અમે એમ નથી કહેતા કે ત્રીજી લહેર જરૂરી આવશે અથવા તે સમાન રીતે વિનાશક હશે. સદ્નસીબે, હવે અમારી પાસે એવા અહેવાલો છે જે સૂચવે છે કે, સંક્રમણમાં વધારો તે પ્રકૃતિનો રહેશે નહીં જે પહેલાં હતું. રસીકરણ થઈ રહ્યું છે પણ બાળકોને રસી આપવામાં આવતી નથી, ઘણા શિક્ષકોએ પણ રસીકરણ કર્યું નથી. અમે બધા બાળકોને શાળાઓમાં મોકલીએ એમ કહી શકતા નથી.

મુઝફ્ફરનગર રમખાણો : યુપીના પૂર્વમંત્રી અને ૯ અન્યો વિરૂદ્ધ આરોપો ઘડવા કોર્ટે તારીખ નક્કી કરી

(એજન્સી) મુઝફ્ફરનગર, તા.૨૧

મુઝફ્ફરનગર રમખાણોના કેસમાં કોર્ટે યુપીના પૂર્વમંત્રી સઈદુઝમા અને અન્ય નવ વિરૂદ્ધ આરોપો ઘડવા માટે ૨૪ સપ્ટેમ્બરની તારીખ નક્કી કરી છે. ૨૦૧૩માં ઉશ્કેરણીજનક ભાષણોથી કોમી તંગદિલી ભડકાવવાના આરોપી પૂર્વ સાંસદ કાદીર રાણા, પૂર્વ ધારાસભ્ય મૌલાના જમીલ અને સાત અન્યો સાથે યુપીના પૂર્વમંત્રી પણ સામેલ છે. આરોપીઓમાંથી આઠ લોકો કોર્ટમાં ઉપસ્થિત થઈ ગયા હોવાથી સ્પેશિયલ જજ ગોપાલ ઉપાધ્યાયે આરોપો ઘડવાની તા.૨૪મી સપ્ટેમ્બર નક્કી કરી લીધી છે. આ કોમવાદી રમખાણોમાં ૬૦થી વધુ લોકોનાં મોત થયા હતા જ્યારે ૪૦,૦૦૦થી વધુ લોકો વિસ્થાપિત થયા હતા.

મહિલા કેડેટો માટે NDA પ્રક્રિયા હેઠળ, મે મહિનાથી પરીક્ષાઓ યોજાશે : કેન્દ્રની સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂઆત

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

કેન્દ્ર સરકારે આજે સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂઆત કરતા જણાવ્યું હતું કે, નેશનલ ડિફેન્સ એકેડેમી (NDA)માં મહિલા કેડેટોને પ્રવેશ આપવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. મહિલાઓ મે ૨૦૨૨થી પ્રવેશ પરીક્ષામાં બેસી શકશે. સુપ્રીમ કોર્ટ મહિલાઓ સાથે NDAમાં પ્રવેશમાં ભેદભાવ નહીં રાખવા સરકારને તાકિદ કરી હતી જેના જવાબમાં સરકારે આ પ્રકારે રજૂઆતો કરતા સોગંદનામું દાખલ કર્યું હતું. મંત્રાલયે કોર્ટને જણાવ્યું હતું કે, મહિલા ઉમેદવારોના પ્રવેશ અને શિક્ષણને સુનિશ્ચિત કરવા માટે નક્કર યોજના સાવચેતીથી તૈયાર કરવામાં આવી રહી છે. સરકારે કોર્ટ સમક્ષ અમુક સૂચનો રજૂ કર્યા હતા. ડિરેક્ટોરેટ જનરલ ઓફ આર્મ્ડ ફોર્સિસ મેડિકલ સર્વિસિસ અને નિષ્ણાતોનું એક મંડળ ત્રણેય સંરક્ષણ સેવાઓ માટે મહિલા ઉમેદવારો માટે તબીબી ધોરણો તૈયાર કરશે, જેમાં તેમની ઉંમર, તાલીમની પ્રકૃતિ તેમજ ભારતીય સેના, નૌકાદળ અને વાયુસેનાની કાર્યકારી/ઓપરેશનલ કામગીરીનો સમાવેશ થાય છે વગેરે જરૂરિયાતો જેવા વિવિધ પાસાઓ ધ્યાનમાં લેવામાં આવશે. ઈનટેકની તાકાત કેડર રેશિયો, ચોક્કસ સેવા એકેડમીની ઈનટેક કેપ્ચર કરવાની ક્ષમતા, ઈચ્છિત કેડર માળખું અને તેની ડાઉનસ્ટ્રીમ અસર, સંબંધિત સંરક્ષણ સેવાઓ દ્વારા કલ્પના કરેલ જરૂરિયાત અને રોજગાર, એટલે કે ઓપરેશનલ, બજેટરી અને વહીવટી પરિમાણો દ્વારા નક્કી કરવામાં આવશે. મહિલા ઉમેદવારોની તાલીમ માટે કોઈ સમાંતર ધોરણો અસ્તિત્વમાં ન હોવાથી, અભ્યાસક્રમ અને આઉટડોર ટ્રેનિંગ (ODT) માટેના પરિમાણો જેમાં કવાયત, સમીકરણ, સ્વિમિંગ, રમતો વગેરેનો સમાવેશ થાય છે, તે પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, શારીરિક તાલીમ અને સેવા વિષયને ઘટાડવાનો કોઈપણ સ્વરૂપ સશસ્ત્ર દળોની લડાઈ ક્ષમતા પર પ્રતિકૂળ અસર કરશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ જરૂરિયાતોના સંદર્ભમાં સોગંદનામામાં જણાવવામાં આવ્યું છે કે, કાયમી યોજના અમલમાં ન આવે ત્યાં સુધી આવાસની જરૂરિયાતો સમય જતાં વિસ્તૃત કરવામાં આવશે. વિવિધ સુરક્ષા અને ગોપનીયતા વ્યવસ્થાઓ, વહીવટી અને તબીબી સુવિધાઓ પણ વધારવામાં આવશે જેના માટે વધારાના પ્રોજેક્ટ્સનું આયોજન કરવામાં આવશે.

ભાદરવો સાચે જ ભરપૂર બનવા ભણી

પંચમહાલના જાંબુઘોડામાં પાંચ કલાકમાં ૬ ઈંચ વરસાદથી જળબંબાકારની સ્થિતિ

● છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૪૧ તાલુકાઓમાં નોંધનીય વરસાદ ● આગામી ૨૮થી ૩૦ સપ્ટેમ્બર દરમ્યાન ભારે વરસાદની આગાહી

અમદાવાદ, તા.૨૧

ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ધોધમાર વરસાદની આગાહી પર સાચા ઉતરતા મેઘાએ આજે અનેક સ્થળોએ દેકારો બોલાવ્યો હતો. જેને પગલે રાજ્યમાં ૧૪૧ તાલુકાઓમાં મધ્યમથી લઈ ૬ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. પંચમહાલ અને તેની આસપાસના પંથક પર મેઘો મહેરબાન થતાં માત્ર ૪ કલાકના સમયગાળામાં જ ૬ ઈંચ વરસાદ ખાબકતાં સર્વત્ર પાણી-પાણી થઈ ગયું હતું. જ્યારે આગામી ૨૬થી ૩૦ સપ્ટેમ્બર દરમ્યાન અનેક સ્થળોએ મધ્યમથી ભારે વરસાદ પડવાની સંભાવના છે. ગુજરાતમાં ફરી એકવાર મોનસૂન સિસ્ટમ એક્ટિવ થતાં વરસાદી માહોલ જામ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૧ તાલુકાઓમાં વરસાદ થયો છે. હજું પણ વરસાદી માહોલ યથાવત રહેશે તેવું હવામાન

વિભાગ જણાવી રહ્યું છે. હવામાન વિભાગ દ્વારા વડોદરા, પંચમહાલ, છોટાઉદેપુર, આણંદમાં ભારે વરસાદની આગાહી છે. તો બે દિવસ બાદ દક્ષિણ ગુજરાતમાં પણ વરસાદની તોફાની બેટીંગ જોવા મળી શકે છે. સૌરાષ્ટ્રમાં પણ છૂટા છવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે.

પંચમહાલના જાંબુઘોડામાં સોમવારથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ત્યારે મંગળવારે મળી ૪ કલાકમાં ૬ ઈંચ વરસાદ ખાબકતા સર્વત્ર પાણી પાણી થઈ ગયું છે. ભારે વરસાદથી નદી,નાળામાં નવા નીરની આવક થઈ છે. જિલ્લાના ચેરાપુંજી કહેવાતા જાંબુઘોડા તાલુકામાં જાણે આભ ફાટ્યું હોય એવો ઘાટ સર્જાયો છે. બીજી બાજુ તમામ નદી-નાળા છલકાય ઉઠ્યાં છે. નારુકોટ, ઝંડ હનુમાન, હાથણી માતા સહિતના વિસ્તારોમાંથી પસાર થતી નદીઓમાં પૂરની સ્થિતિ જોવા મળી છે. છોટાઉદેપુર જિલ્લામાં પણ વહેલી સવારથી જ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ભારે વરસાદના કારણે રજાનગર વિસ્તારમાં જાણે નદી વહી રહી હોય એવો ઘાટ સર્જાયો છે. આજે વલસાડ જિલ્લાના કપરાડા તેમજ ઉપરવાસમાં ભારે વરસાદ નોંધાયો છે. કપરાડાના ફતેપુર ગામે લો લેવલનો કોઝ-વે પાણીમાં ગરકાવ થયો છે. બીજી બાજુ ઉત્તર ગુજરાતના અરવલ્લીની વાત્રક નદીમાં ભારે વરસાદના કારણે નવા નીર આવ્યા છે. સૂકી ભટ ભાસતી વાત્રક નદી ખડ ખડ વહેવા લાગી છે. મેઘરજ પાસેની વાત્રક નદી પરનો ચેકડેમ ઓવરફ્લો થયો છે. નવસારી શહેરમાં સવારથી વરસાદ શરૂ થયો છે. જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. છોટાઉદેપુરના કવાંટ, સુરતના બારડોલી અને મહુવામાં પોણા ચાર ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે ખેડા-નડિયાદ, છોટાઉદેપુરના બોડેલી અને છોટાઉદેપુરમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૮ તાલુકામાં બે ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો છે. જ્યારે ૪૨ તાલુકામાં ૧ ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો છે. જ્યારે આગામી ૨૬થી ૩૦ સપ્ટેમ્બર સુધી ગુજરાતમાં વરસાદી માહોલ જોવા મળશે. જેમાં ૨૮થી ૩૦ દરમિયાન ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

ગીર સોમનાથ અને અમરેલી જિલ્લાના અનેક ગામોમાં ભૂકંપનો આંચકો

૩.૪ની તીવ્રતાના આંચકાનું કેન્દ્રબિંદુ ઉનાથી ૩૦ કિ.મી. દૂર હોવાનું નોંધાયું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

ગીર સોમનાથ અને અમરેલી જિલ્લાના કેટલાક ગામોમાં આજે બપોરે ભૂકંપનો આંચકો અનુભવાતા ગ્રામજનો ભયના માર્યા બહાર દોડી ગયા હતા. ભૂકંપની તીવ્રતા ૩.૪ રિક્ટર સ્કેલની તેમજ આંચકાનું કેન્દ્રબિંદુ ઉનાથી ઉત્તર-પશ્ચિમ દિશામાં ૩૦ કિ.મી. દૂર જમીનની ૬.૪ કિ.મી. નીચે નોંધાયું છે. બપોરે ૨:૩૦ વાગ્યાની આસપાસ આવેલા આ આંચકાથી જાનમાલની નુકસાનીના કોઈ અહેવાલ નથી. અમરેલીથી પ્રાપ્ત વિગત અનુસાર ખાંભામાં તેમજ તેના ગ્રામ્ય વિસ્તારોમાં આજે બપોરે ૨:૩૨ વાગ્યાના સમયે અચાનક ભૂકંપનો આંચકો અનુભવાતા લોકો ભયભીત થઈ ઘરની બહાર દોડી ગયા હતા. ખાંભાના બોરાળા, ઘુંઘવાના, પચપચિયા, ખડાધાર, હનુમાનપરા અને ડેડાણ સહિતના ગામોમાં ભૂકંપનો



આંચકો અનુભવાયો હતો. જ્યારે ગીર સોમનાથ જિલ્લાના ઉના-ગીરગઢડા તાલુકાના ૧૫ ગામો કે જે જંગલ બોર્ડર વિસ્તારમાં આવેલા છે. તે ગામોની ધરતી બપોરે ૨ વાગ્યાને ૩૨ મિનિટે અનેક સેકન્ડ સુધી એકાએક ક્રુજી ઉઠી હતી. જેના પગલે ગ્રામ્ય વિસ્તારના લોકો ગભરાટના માર્યા ઘરની બહાર દોડી આવ્યા હતા. ઘડીભર માટે લોકોને કંઈ સમજાતું ન હતું કે એકાએક શું થયું. અણધાર્યા આવેલા ભૂકંપના આંચકાને લઈ લોકોમાં ગભરાટની લાગણી પ્રસરી ગઈ હતી. ગીરગઢડા નજીક આવેલ જસાધાર રેન્જની ગીર બોર્ડરના ગીરગઢડા અને ઉના તાલુકાના નીટલી, વડલી, ફાટસર, શાણા-વાંકીયા સહિતના ૧૫ જેટલા ગામોમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા હોવાનું જાણવા મળેલ છે. જ્યારે સ્થાનિક તંત્ર અજાણ હોવાનું સ્થાનિકો પાસેથી જાણવા મળેલ છે. જો કે જાનમાલને નુકસાન થયું નથી. જો કે, ઘણા સમય બાદ ગીર સોમનાથમાં ભૂકંપનો આંચકો આવતા ગ્રામજનોમાં ગભરાટની લાગણી પ્રસરી ગઈ હતી.

ST નિગમના ૪૦ હજાર કર્મીઓની માસ સીએલ પર જવાની ચીમકી

જો માગણીઓ નહીં સ્વીકારાય તો આગામી ૭ ઓક્ટોબર રાત્રિથી ST બસના પૈડાં થંભી જશે

ST નિગમના કર્મચારીઓની માગણીઓને લઈ ત્રણેય યુનિયનો મેદાનમાં

અમદાવાદ, તા.૨૧

રાજ્ય સરકાર સામે અવાર-નવાર આંદોલન ઊભા થાય છે. ત્યારે આ વખતે એસટી નિગમના કર્મચારીઓએ સરકાર અને નિગમ સામે આંદોલન છેડ્યું છે. જો પડતર માગણીઓ નહીં સ્વીકારાય તો એસટી નિગમના ૪૦ હજાર કર્મચારીઓ ૭ ઓક્ટોબરથી માસ સીએલ પર જવાની ચીમકી ઉચ્ચારી છે. જો એવું થાય તો રાજ્યભરની એસટી બસોના પૈડા થંભી જવાની શક્યતા છે. એસટી નિગમના કર્મચારીઓની માંગણીને લઈ ત્રણેય યુનિયનો મેદાને ઉતર્યા છે. એસટી નિગમના ૪૦ હજાર કર્મચારીઓ એક સાથે માસ સીએલ પર જવા ચીમકી ઉચ્ચારી છે. સરકાર અને એસટી નિગમ દ્વારા કર્મચારીઓની પડતર માંગણી સ્વીકારશે નહી તો ૭ ઓક્ટોબરની મધ્યરાત્રીથી માસ સીએલ પર જવા ૪૦ હજારમાંથી ૨૨ હજાર કર્મચારીઓએ રજા રિપોર્ટ સબમિટ કરી દીધો છે. અલગ અલગ કાર્યક્રમ કરીને કર્મચારીઓ વિરોધ નોંધાવી રહ્યા છે. જોકે પહેલા ૨૩ સપ્ટેમ્બરે માસ સીએલ પર જવાના હતા પરંતુ રાજકીય પરિસ્થિતિ અને ભારે વરસાદના કારણે હવે ૭ ઓક્ટોબરની મધરાત્રિથી માસ સીએલ પર જવાનું નક્કી કર્યું છે. એસટી નિગમના ઈનટુક યુનિયનના મહામંત્રી ધીરેન્દ્રસિંહ સોલંકીએ જણાવ્યું છે કે એસટી નિગમના ત્રણેય યુનિયન દ્વારા નક્કી કરાયું છે કે કર્મચારીઓને મળતા લાભ આપવામાં આવે. આ મુદ્દે અનેક વખત રજૂઆત કરવામાં આવી છે પરંતુ કોઈ જવાબ આપવામાં આવતો નથી. કર્મચારીઓ દ્વારા અલગ અલગ કાર્યક્રમ કરવામાં આવ્યા છે. કાળી પટ્ટી બાંધી વિરોધ કરવામાં આવ્યો છે તેમજ દરેક જિલ્લા કલેકટરને પણ આવેદન આપવામાં આવ્યું છે. તેમ છતાં એસટી નિગમના અધિકારીઓ કે સરકાર તરફથી વાતચીત કરવા બોલાવવામાં આવ્યા નથી. અમે ગુજરાતની જનતાને બાનમાં લેવા માંગતા નથી પણ ના છૂટકે અમારે માસ સીએલ પર જવું પડશે. એસટી બસમાં રોજના લાખોની સંખ્યામાં પ્રવાસીઓ પ્રવાસ કરે છે. કોઈપણ પરિસ્થિતિમાં એસટી નિગમના ડ્રાઈવર અને કંડકટર સક્ષ હોય છે. તો પછી મળતા લાભમાં કેમ પાછળ રાખવામાં આવે છે. તેવો સવાલ કર્મચારીઓ કરી રહ્યા છે. એસટી નિગમના વર્ગ ૩ અને ૪ ના કર્મચારીઓએ પોતાને મળતા લાભ મેળવવા માટે પણ આંદોલન કરવું પડે છે. છેલ્લા ૧૦ વર્ષમાં ૨ વખત માસ સીએલ પર ઉતર્યા અને ત્યાર બાદ કર્મચારીઓની માંગણી સ્વીકાર આવી હતી. ત્યારે ફરી એસટી નિગમના કર્મચારીઓ માસ સીએલ પર જવા મજબૂર બન્યા છે. એસટી નિગમના કર્મચારીઓની માંગ છે કે મોંઘવારી ભથ્થું, એરિયર્સ, ઓવર ટાઈમ, કોરોના વોરિયર્સ જાહેર કરી મળતા લાભ તેમજ જે સેટલમેન્ટ આપવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે. ત્યારે જોવાનું એ છે કે એસટી નિગમ કર્મચારીઓ માંગણી પૂરી કરશે કે પછી કર્મચારીઓ માસ સીએલ પર જશે.

ગુજરાત સરકાર પાસે અપેક્ષા રાખી શકાય નહીં

ભાજપની નવી સરકાર પાસે ન તો ભણતર છે ન ગણતર : હાર્દિક પટેલ

દિલ્હીથી બેઠા-બેઠા ગુજરાત ચલાવનારી સરકાર આગળ નહીં ચાલે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

ગુજરાતમાં ભાજપ શાસિત નવી સરકાર પાસે કોઈ અપેક્ષા રાખી શકાય નહીં કારણ કે નવી સરકારમાં ન તો ભણતર છે ન તો ગણતર છે. ઉત્તરાખંડ જેવી સ્થિતિ સર્જાય તો નવાઈ નહીં. કદાચ એક મહિના પછી ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી ન પણ હોય તેવી ભવિષ્યવાણી ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલે રાજકોટ ખાતે પત્રકાર પરિષદમાં સંબોધન કરતા કરી હતી. કોંગ્રેસ દ્વારા હાલ રાજ્યમાં કોવિડ-૧૯ ન્યાયયાત્રા ચાલી રહી છે તે અંતર્ગત આજરોજ રાજકોટની મુલાકાતે આવેલા હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, અમારી ન્યાયયાત્રા દરમિયાન આજદિન સુધી ૩૧,૮૫૦ કરતા વધુ મૃતકોના પરિવારજનોએ ફોર્મ ભરીને આપ્યા છે. તેનો સીધો અર્થ એ થાય છે સરકાર કોરોનાથી સત્તાવાર મૃત્યુઆંક ૧૦,૦૮૧ બતાવે છે તેનાથી ત્રણ ગણા વધુ છે. સરકારની બેદરકારી, અણઆવડત અને નિષ્ફળતાને કારણે અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. આ જ કારણે ગુજરાતના મુખ્યમંત્રી અને મંત્રીઓ બદલવાની જરૂર પડી છે. દિલ્હીથી બેઠા-બેઠા ગુજરાત ચલાવનારી સરકાર હવે આગળ નહીં ચાલે. રાજ્ય સરકારની ઘોર નિષ્ફળતા અને અણઘડ વહીવટને કારણે અનેક પરિવારોએ જે યાતનાઓ ભોગવી છે એનું પ્રત્યક્ષ પ્રમાણ પણ કોંગ્રેસને અમારી ન્યાયયાત્રા દરમિયાન પ્રાપ્ત થયું છે અને હવે ચૂંટણી આવી છે એટલે તેના હાઈકમાન્ડે ચહેરો બદલાવીને પોતાના અસલ ચરિત્રને છુપાવવાની કોશિશ કરી છે. ચહેરો બદલવાથી પાપ ધોવાઈ નહીં જાય, ૩ લાખ લોકોનાં મૃત્યુ થયા તે પાછા નહિ આવી જાય. કોવિડ-૧૯ ન્યાયયાત્રાનો મતલબ સ્પષ્ટ છે કે કોરોના મહામારીમાં જે લોકોએ સામનો કર્યો હતો તે પરિવારને ન્યાય મળે. જે પરિવારે મેડિકલના નામે સહાય માગી હતી તેમને સહાય મળવી જોઈએ. લાખો રૂપિયાના ખર્ચા મેડિકલમાં થયા છે તે પરિવારને સહાય આપવા માટે સરકારે ચિંતા કરવી જોઈએ. આપણું બંધારણ કહે છે કે શિક્ષણ અને મેડિકલમાં કોઈપણ પ્રકારનો ખર્ચો ન હોવો જોઈએ. આ સરકાર લોકોની સેવા કરવા માટે નિષ્ફળ ગઈ છે. લોકોને ગુમરાહ કરવાનો પ્રયાસ કર્યો છે. સરકારની ખોટી નીતિને કારણે લાખો લોકોનાં મૃત્યુ થયાં છે. ૨૫ વર્ષથી શાસન કરતી સરકાર પાસે હોસ્પિટલમાં બેડ ન હોય તો લોકો માટે શું કરશે ? અંતમાં કોંગ્રેસ પક્ષ અંગે હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી વહેલીતકે નવા પ્રભારીની નિમણૂક કરશે. જેઓ તુરંત જ ગુજરાતના ગામે ગામ પહોંચી આગામી ચૂંટણીને ધ્યાને રાખી મેદાનમાં ઉતરશે. આમ હાર્દિક પટેલ સૌરાષ્ટ્રમાં કોંગ્રેસની સ્થિતિ મજબૂત કરવાના પ્રયાસમાં લાગી ગયા છે.

કચ્છના ખીદરત બેટ નજીકથી સંદિગ્ધ હાલતમાં એક બિનવારસી પેટી મળી આવતાં ખળભળાટ

● સુરક્ષા એજન્સીઓ બની સતર્ક ● ડોગ સ્કવોડ અને બોમ્બ સ્કવોડની મદદથી તપાસ શરૂ કરાઈ

અમદાવાદ, તા.૨૧

મુન્દ્રા પોર્ટ પરથી ઝડપાયેલા હજારો-કરોડના હેરોઈનના જથ્થાના કારણે હાલ કચ્છ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ચર્ચામાં છે. એવા સમયે જખૌ નજીક ખીદરત બેટ પરથી એક સંદિગ્ધ પેટી મળી આવતા સુરક્ષા એજન્સીઓ વધુ સતર્ક બની છે. ડોગ સ્કવોડ અને બોમ્બ સ્કવોડની મદદ લઈ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

સૂત્રો પાસેથી મળીતી વિગતો મુજબ અબડાસા તાલુકાના જખૌ બંદર નજીક ખીદરત બેટ પર સંદિગ્ધ હાલતમાં એક પતરાની પેટી પડી હોવાનું સુરક્ષા એજન્સીઓના ધ્યાન પર આવ્યું હતું. ઘટનાની જાણ થતા આઈબી, બીએસએફ, કોસ્ટગાર્ડ અને મરીન પોલીસ સહિતની સુરક્ષા એજન્સીઓ સતર્ક બની છે. હાલ પેટીને જે તે સ્થળ પર જ રાખવામા આવી છે. પતરાની પેટીમાં કોઈ ભયજનક પદાર્થ કે વસ્તુ છે કે નહીં તેની તપાસ માટે ડોગ સ્કવોડ અને બોમ્બ સ્કવોડની મદદ લેવાનો નિર્ણય કરાયો છે. કચ્છના ખીદરત બેટ પાસેથી જે સંદિગ્ધ હાલતમાં પેટી મળી આવી છે તે અંગેની વધુ વિગતો હાલ સુરક્ષા કારણોસર જાણવા મળી નથી. આ પેટીને લઈ વધુ વિગતો તમામ સુરક્ષા એજન્સીઓની સંયુક્ત તપાસ બાદ સામે આવી શકે છે. જે ખીદરત બેટ પરથી આજે પતરાની સંદિગ્ધ પેટી મળી આવી છે તે જ બેટ વિસ્તારમાંથી થોડા દિવસ પહેલા સુરક્ષા એજન્સીઓને નશીલા પદાર્થનું એક પેકેટ પણ મળી આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છના મુન્દ્રા પોર્ટ પર આવેલા બે કન્ટેનરમાંથી ૩૦૦૦ કિલો હેરોઈનનો જથ્થો મળી આવતા હાલ કચ્છ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ચર્ચામાં છે. DRI દ્વારા હજારો-કરોડના ડ્રગ્સના આ જથ્થા મામલે અલગ અલગ રાજ્યમાં તપાસ હાથ ધરવામા આવી રહી છે.

ગુજરાત વિધાનસભાના કાર્યકારી અધ્યક્ષ તરીકે ભરૂચના દુષ્યંત પટેલની વરણી

પંકજ દેસાઈ મુખ્ય દંડક જ્યારે રમેશ કટારાની દંડક તરીકે નિયુક્તિ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

ગુજરાત વિધાનસભાના પ્રોટેમ સ્પીકર પદેથી ધારાસભ્ય નીમાબેન આચાર્યએ રાજીનામુ આપ્યા બાદ આજે વિધાનસભાના કાર્યકારી અધ્યક્ષ તરીકે ભરૂચના ધારાસભ્ય દુષ્યંત પટેલની વરણી કરવામાં આવી છે. રાજ્યપાલ આચાર્ય

દેવવ્રતે આજે દુષ્યંત પટેલને ગુજરાત વિધાનસભાના કાર્યકારી અધ્યક્ષ પદ પર નિયુક્તિ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીનો નવા મંત્રીમંડળમાં સમાવેશ કરાતા તેમણે રાજીનામુ આપતા ડો. નીમાબેન આચાર્યને પ્રોટેમ સ્પીકર કોઈ એક પ્રસંગ પુરતા જ કામચલાઉ અધ્યક્ષ તરીકે હોય છે તેમજ જે જવાબદારી સોંપવામાં આવે તે કામ પૂર્ણ થયા બાદ સ્પીકર રહેતા નથી જેને અંગ્રેજીમાં પ્રોટેમ સ્પીકર કહેવામાં આવે છે. ડો. નીમાબેન આચાર્યએ પ્રોટેમ સ્પીકર પદેથી રાજીનામુ આપતા નવા કાર્યકારી સ્પીકરની વરણી કરવામાં આવી છે. જેમાં ભરૂચના ધારાસભ્ય દુષ્યંત પટેલની ગુજરાતની વિધાનસભાના કાર્યકારી અધ્યક્ષ તરીકેવરણી કરવામાં આવી છે. જેઓ આગામી તા.૨૭ અને ૨૮ સપ્ટેમ્બરના રોજ યોજાનાર વિધાનસભાના બે દિવસીય ચોમાસુ સત્રનું સંચાલન કરશે. જ્યારે મુખ્ય દંડક તરીકે પંકજ દેસાઈ અને દંડક તરીકે રમેશ કટારાની નિયુક્તિ કરવામાં આવી છે.

રાઘવજી પટેલની જીભ લપસી કે કોંગ્રેસી આત્મા જાગ્યો...?

સરકારે વર્ષો પુરાણા સહાયના ધોરણો સુધારવા પડશે : કૃષિમંત્રી

પૂરથી ખેડૂતોના પાક અને જમીનના થયેલ નુકસાનીનો સર્વે કર્યા બાદ સહાય અપાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

કોંગ્રેસમાંથી ભાજપમાં ગયેલા અને નવી સરકારમાં કૃષિમંત્રીનો હવાલો સંભાળનાર રાઘવજી પટેલનો મૂળ કોંગ્રેસી આત્મા આજે બોલી ઉઠ્યો હતો. જામનગર જિલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત બાદ ભાજપના કાર્યકરો સાથેની બેઠકમાં કૃષિમંત્રીએ જણાવ્યું હતું કે બાબા આદમના જમાનાના સહાયના ધોરણ બદલવા પડશે તો જ લોકોને લાગશે કે સરકારે કંઈક મદદ કરી. ૨૦૧૫માં બહાર પાડેલા ખેતી સહાય પરિપત્રને સુધારવા અધિકારીઓને તાકીદ કરી હતી. ગુજરાતમાં છેલ્લા ૨૫ વર્ષથી શાસન કરતી પોતાની ભાજપ સરકાર અંગે રાઘવજી પટેલે કહ્યું હતું કે બાવા આદમના સમયનાં સહાયનાં ધોરણો સુધારવાં પડશે. પશુપાલકોને અત્યારસુધી ૩ પશુનાં મોત સુધી સહાય મળતી હતી, જે હવે ૫ પશુ સુધી મળશે. તેમણે કહ્યું હતું કે મેં સહાયની રકમમાં વધારો કરવાની દરખાસ્ત કરતાં કેટલાક અધિકારીઓએ એ શક્ય ના હોવાની વાત કરી હતી, પરંતુ મેં તેની સામે કહ્યું હતું કે તાઉ-તે વાવાઝોડા સમયે જવાહર ચાવડા માછીમારોની સહાયની રકમમાં વધારાનો પરિપત્ર કરી શકતા હોય તો પછી ખેડૂતો માટે કેમ ના થાય ? અંતમાં કૃષિમંત્રીએ જણાવ્યું કે પૂરને કારણે ખેડૂતોના ઊભા પાકને અને જમીનને વ્યાપક પ્રમાણમાં નુકસાન થયું છે. આ બંને નુકસાનીનો સર્વે કરાયા બાદ સરકાર તરફથી સહાયની ચુકવણી કરાશે.

ખોરાક-ઔષધ નિયમનતંત્રને મુખ્યમંત્રીએ અભિનંદન પાઠવ્યા

સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્ષમાં સમગ્ર દેશમાં ગુજરાતને સતત બીજા વર્ષે પ્રથમ ક્રમાંક

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

ગુજરાતે ફૂડ એન્ડ સેફટી સ્ટાન્ર્ડડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ભારત સરકાર દ્વારા આપવામાં આવતા સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્ષમાં દેશભરના રાજ્યોમાં બેસ્ટ પરફોર્મિંગ સ્ટેટ તરીકે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે.

ગુજરાતે ૨૦૨૦-૨૧ના સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્ષમાં ૭૨ ટકા મેળવીને દેશના મોટા રાજ્યોમાં પ્રથમ ક્રમ હાંસલ કરવાની આ સિદ્ધિ મેળવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ખોરાક ઔષધ નિયમનતંત્ર અને આરોગ્ય વિભાગને આ ગૌરવસિદ્ધિ પ્રાપ્ત કરવા માટે અભિનંદન પાઠવ્યા છે. ભારત સરકાર દ્વારા સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્ષ માટેના જે માપદંડો-ધારાધોરણો નિયત કરવામાં આવ્યા છે તેમાં ઓવરઓલ પર્ફોમન્સ ઓન ફૂડ સેફટીના આધારે રાજ્યોને શ્રેષ્ઠતાના ક્રમ આપવામાં આવે છે. આ માપદંડોમાં ફૂડ સેમ્પલિંગ, ટેસ્ટિંગ, લેબોરેટરી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કોમ્પલાયન્સ, ટ્રેનિંગ, લાયસન્સ અને રજિસ્ટ્રેશન અને રાજ્યમાં મળતા ખોરાકની ગુણવત્તા ઉપર ભાર મૂકવામાં આવે છે. ગુજરાતે આ બધા જ માપદંડ અને ધારાધોરણોમાં શ્રેષ્ઠતા પૂરવાર કરીને ભારત સરકાર દ્વારા આપવામાં આવતો આ એવોર્ડ મેળવ્યો છે. ગુજરાતે આ પ્રથમ ક્રમ સતત બીજા વર્ષે પણ જાળવી રાખ્યો છે અને ૨૦૧૯-૨૦ના સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્ષમાં પ્રથમ ક્રમ મેળવ્યા બાદ ૨૦૨૦-૨૧માં પણ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ નવી દિલ્હીમાં આયોજિત સમારોહમાં ગુજરાતને આ એવોર્ડ અને પ્રમાણપત્ર એનાયત કર્યા હતા.

હેબતખાન મસ્જીદ ટ્રસ્ટ

રજી.બી/૮૬

હેબતખાન મસ્જીદ ટ્રસ્ટની એક દુકાન હરાજી થી ભાડે આપવાની છે.

હરાજીની તા. ૨૪-૦૯-૨૦૨૧ શુક્રવારે સાંજે અસરની નમાઝ પછી ૬ વાગે રાખેલ છે.

દુકાનનું સરનામુ : દુ.નં. ૧૬૮૧/૫, રીયાઝ હોટલની પાછળ, જમાલપુર, અહમદઆબાદ-૩૮૦૦૦૧.

હરાજીનુ સ્થળ : હેબતખાનની મસ્જીદ, જમાલપુર.

હરાજીની શરતો સ્થળ ઉપર વાંચીને સંભળાવવામાં આવશે.

ટ્રસ્ટી - રફીક અહેમદ પઠાણ : ૯૮૯૮૨૦૬૮૩૧

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily @Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS